વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૬મું
નવેમ્બર - ૨૦૨૧
અંક - ૫૨૨

મંગલ મંદિર ● નવેમ્બર-૨૦૨૧ ● ૧
(કુલ પાના : ૧૩૨)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

**માસ્ક પહેરો ● હાથને વારંવાર સાફ કરો ● પરસ્પરનું અંતર જાળવો ● કોરોના વેક્સિન અભિયાનને સફળ બનાવો**

## 'સાહિત્ય સરગમ'
## દીપોત્સવ વિશેષાંક



દીપોત્સવ પ્રસંગે દરેકને હાર્દિક શુભેચ્છા.....

મુખ્ય કાર્યાલય :-
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાળા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kuthchijainahd.org

તંત્રી મંડળ :
પ્રતાપ નારાણજી દંડ - મુખ્ય તંત્રી
દિનેશ આર. મહેતા - સહતંત્રી

॥ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ અજરામર ગુરવે નમઃ ॥

ચાલક ભવાની માતાની અસીમ કૃપા વરસી રહો....

**ધી ભુજ મર્કેન્ટાઇલ કો.ઓપ. બેંક લિ.ના ફાઉન્ડર ચેરમેન તથા MJV એલમ્ની એસોસિએશન (કચ્છ)ના ફાઉન્ડર પ્રેસિડેન્ટ અને KJSS - અમદાવાદ પરિવારના સભ્ય CA મહેન્દ્ર હરજીવન મોરબીઆ અને ઇન્દુબેનના ટ્વિન સંતાનો કેવલ અને CA કેયુરીને ૨૪ વર્ષની નાની વયે જ્વલંત સફળતા મેળવવા બદલ....**

# અભિનંદન અને શુભેચ્છા....

## કેવલ મહેન્દ્ર મોરબીઆ



- ★ University Topper – B.E. Comp. (Hons.) from Bits Pilani, Hyderabad
- ★ First Rank with 100 Percentile – M.S. Comp. (A.I.) USA From Uni. of Illinois at Urbana Champaign (Among World's Top 5 Uni.)
- ★ Internship from Microsoft Research & Amazon, USA
- ★ Research Paper Presentation on Artificial Intelligence at USA Conference
- ★ Presently with Bloomberg, LP. New York as Sr. A.I. Research Engineer

અમેરિકામાં અનુભવ મેળવીને રોજગારીની તકો સર્જવા સ્ટાર્ટ અપ શરૂ કરી ભારતમાં સ્થાયી થવાની આપની મહેચ્છા પૂર્ણ કરી *KJSS* જૈન સમાજ અને મોરબીઆ પરિવારનું ગૌરવ વધારો તેવી હાર્દિક શુભકામના....

## CA કેયુરી મહેન્દ્ર મોરબીઆ – CA Final Ranker

સખત મહેનત, નિશ્ચય અને અદ્‌ભુત લગન સાથે *CA*ના ત્રણેય લેવલ ફર્સ્ટ ટ્રાયલમાં ફર્સ્ટ ક્લાસ સાથે પાસ કરીને ચાર્ટર્ડ એકાઉન્ટન્સીની ફાઈનલ પરીક્ષામાં ઓલ ઈન્ડિયા રેન્ક મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન....

કેયુરીએ હાલે વિશ્વની ખ્યાતનામ ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ કંપની *J.P. Morgan Chase & Co.* સાથે પ્રોફેશનલ કેરિયરની શરૂઆત કરી છે. પ્રગતિનાં સોપાન સર કરી વડીલો, પરિવાર, *VBC* જૈન સમાજ તથા સમગ્ર કચ્છ અને અમદાવાદનું નામ રોશન કરો એ જ શુભકામના....

### • શુભેચ્છકો •

Bhujodi Heart of Kutch
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ.
M. : 9586 377 477
@bhujodi_hok

- ◆ CA Smit Morabia – Paragi
- ◆ નિર્મલ મોરબીઆ – ડૉ. સુરભી
- ◆ BMCB School & Nursing College
- ◆ Sanskar School & Colleges
- ◆ Morabia Group of Companies - Ahmedabad. (M) 9638 308 432

છેલ્લા ૪૫ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**

**સહ તંત્રી**

**દિનેશ આર. મહેતા**

**મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા


- શુભ દીપાવલી પ્રસંગે અને નૂતન વર્ષના મંગલમયી પ્રભાતે સર્વેને હાર્દિક શુભ કામના ........... ૬
- ઋણ સ્વીકાર ........... ૬

**તંત્રી લેખ :**

- આનંદ, ઉલ્લાસ અને પ્રકાશના પર્વ – દિવાળી પ્રસંગે શુભેચ્છા તથા નૂતન વર્ષાભિનંદન........ **દિનેશ આર. મહેતા** ...... ૭
- ભારત : અગત્યના રાષ્ટ્રીય દિન ● વિશ્વ : અગત્યના દિન ........ ૮

**સોનેરી કિરણો**

- સોનેરી કિરણો દ્વારા પ્રસારિત સદ્ વિચારો ........ ૮

**દીપશીખા**

- યોગ્ય કર્મ કરો, યોગ્ય બદલો મેળવો ● લક્ષ્ય પ્રાપ્તિ અને ફોકસિંગ
- બહુ મોટા ન બનો, કે નાના દૂર રહે ........ **ડૉ. પૂજા કોટક** ...... ૯

**પ્રાસંગિક**

- નૂતન વર્ષ : સંબંધોની પ્રીતનું ગાણું ગાવાનો મંગલ દિવસ ........ **વિપિન પંડ્યા** .... ૧૦
- તહેવારોની શૃંખલામાં ઝગમગતી દિવાળી આવી ........ **બાલેન્દુશેખર જાની** .... ૧૨
- એ દિવાળી અને આ દિવાળી... ........ **બકુલા ઘાસવાલા** .... ૧૩
- દીપોત્સવી ........ **ડૉ. શ્રદ્ધા ત્રિવેદી** .... ૧૪
- પંચ પર્વના વધામણા... જીવનમાં ઉજાશ રેલાવીએ ........ **હરિદાસ કે. ઠક્કર** .... ૧૬
- દીપશીખા કોઈ પ્રબલ – પ્રચંડ! ........ **ચંદ્રકાંત પટેલ 'સરલ'** .... ૧૮
- લાભ પાંચમનો મહિમા ........ **ભરત અંજારિયા** .... ૨૦

**ગઝલ / કાવ્ય સૃષ્ટિ (દિવાળી વિષયક)**

- ઝળહળ દિવાળી : **ડૉ. નટુભાઈ પ્ર. પંડ્યા** ● સાલ મુબારક (ગઝલ) : **સાહિલ** ...... ૨૧
- દીવો : **સતીષ જે. દવે** ● અજવાળું કરે : **ડૉ. નિરંજન રાજ્યગુરુ** ........ ૨૧
- કાયમી દિવાળી : **દિનેશ દેસાઇ** ● વરસે વરસે નવું વરસ : **ડૉ. અનિલ. દ્વિવેદી** ... ૨૨
- દિવાળીએ : **સંધ્યા ભટ્ટ** ● દીપાવલીમાં... : **રમેશ પટેલ** ........ ૨૨
- દીપાવલી (ગઝલ) : **ભૂપેન્દ્ર શેઠ 'નીલમ'** ● તહેવાર ઘરમાં : **મુસાફિર પાલનપુરી** .. ૨૩
- કંકુ ને શ્રીફળ દિવાળી : **હસમુખ શાહ 'બેઝાર'** ● ચહેરા ફરી મલકાવવા : **હરીશ પંડ્યા** ..... ૨૩

**કચ્છ**

- કચ્છના નાના રણમાં મોટું સરોવર બને? ........ **ડૉ. યાસીન દલાલ** .... ૨૪
- કચ્છને નવ પલ્લવિત કરતું ધોળાવીરા ક્ષેત્ર ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૨૬
- 'ગોબર ક્રાફ્ટ' : સો ટકા સ્વદેશી અને સાવ દેશી કળા ........ **ડૉ. પૂર્વી ગોસ્વામી** .... ૨૭
- કચ્છી ભાષાને ભારતના બંધારણમાં વૈકલ્પિક ભાષા તરીકે સમાવેશ કરવાનો હેતુ ........ **મહેન્દ્ર દોશી** .... ૨૮

**ચિંતન**

- સુખ વિશેનું સાદું સત્ય ........ **ડૉ. કાલિંદી પરીખ** .... ૨૯
- મન વશ કરીને જોતાં ........ **ડૉ. ભાવેશ જેતપરિયા** .... ૩૦

**દિવ્ય તેજ**

- 'સત કેરી વાણી'ના પદોમાં ગુરુ મહિમા ........ **ડૉ. જિજ્ઞેશ રાદડિયા** .... ૩૨
- મંજુસરના સંતો ........ **ગૌતમ વકાણી** .... ૩૫

**ઇતિહાસ કથા**

- જોગીડા જંગે ચડ્યા ........ **નટવર હેડાઉ 'વનવિહારી'** .... ૩૭

**લોક સાહિત્ય**

- ચારણોની આત્મબલિદાન પરંપરા : એક સાંસ્કૃતિક અભ્યાસ... **ડૉ. બલરામ ચાવડા** .... ૩૮

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**“પદાધિકારીશ્રીઓ”**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હીરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭



**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦


**‘મંગલ મંદિર’ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


### ગુલશન (ચાલુ શ્રેણી) (મણકો-૧૨)

● “દિલની જબાન” :
શબ્દોનું માઈલ સ્ટોન : રમેશ પારેખ .................... **ચંદ્રકાંત પટેલ ‘સરલ’, સાહિત્યકાર** ..... ૪૧

### નારી ગૌરવ ગાથા : ૮

● કચ્છી ભરતકામના અમરેલીના કલાકાર :
શ્રીમતી મંગળાબહેન ચાવડા .................. **મહેન્દ્રભાઈ જોષી, પૂર્વ શિક્ષણ નિયામક** .... ૪૫

### સંસ્કૃતિ

● વરઘોડો : પરંપરા અને ગીતો ........................................ **ડૉ. જે.કે. ઉમરેઠિયા** .... ૪૬
● ગામડું સ્વયં કવિતા હતું.......................................... **ડૉ. મણિલાલ હ. પટેલ** .... ૪૮
● એક વસમી પળ ............................................................. **જયેશ ઠક્કર** .... ૪૯

### રહસ્ય

● એક અંધારી રાતે ................................................**મનહર રવૈયા, કોલમિસ્ટ** .... ૫૧

### શિક્ષણ

● શિક્ષણનું ભારતીયકરણ ............................................ **ડૉ. પૂજા બી. જોશી** .... ૫૨
● આજે સંતાનોના શિક્ષણમાં, ઘડતરમાં પિતાની ભૂમિકા ............... **નટવર આહલપરા** .... ૫૩

### અભ્યાસ

● મોભીના મૂલ ..............................................................**પ્રભુદત્ત ભટ્ટ** .... ૫૫
● ભાષા, સંવેદના અને શિક્ષણ .......... **પ્રા. સંધ્યા ભટ્ટ, એસોસિએટેડ પ્રોફેસર (અંગ્રેજી વિભાગ)** ..... ૫૭
● ગોત્ર... પ્રવર... વેદ... ............................................ **જયંતી જોશી ‘શબાબ’** .... ૫૯

### નવલિકા

● જગદંબા.............................................................. **ગોરધન ભેસાણિયા** .... ૬૨

### વ્યંગ હાસ્ય

● ભગલાએ ભાંગરો વાટ્યો ........................................ **ડૉ. એમ.પી. કાકડિયા** .... ૬૫
● વંદાને ભગાડવાના હાથવગા ઉપાયો .................................. **ડૉ. અમૃત કાંજિયા** .... ૬૬
● લગ્ન પ્રસંગો અને કૌટુંબિક પ્રસંગોમાં હાસ્ય નિરુપણ ............... **ડૉ. દિનેશ જોશી** .... ૬૭
● હોસ્ટેલ લાઈફ ..................................................... **ગોપાલકુમાર ધકાણ** .... ૭૦

### રસ નિર્ઝર

● કવિ ભૂપેન્દ્ર શેઠની કવિતામાં “પ્રેમરસ” ........................ **જિજ્ઞેશ પટેલ, પત્રકાર** .... ૭૨

### પર્યાવરણ

● ગ્લોબલ વોર્મિંગની ગ્લોબલ વોર્નિંગ ................................ **નવીન વી. વાછાણી** .... ૭૪

### પ્રવાસ નિબંધ

● રાવલ ડેમ........................................................... **પ્રવીણ સરવૈયા** .... ૭૫

### યાદગીરી (સંકલન : બલવીરસિંહ જાડેજા)

● સુમિ રે... બલબીરા : સ્મૃતિપટ પર સંભારણા
ઘર આંગણે ચેરિટી ............................................... **તુષારભાઈ દેસાઇ** .... ૭૬
● ‘મારો અવિસ્મરણીય અનુભવ ............................... **રક્ષા એ. ચોટલિયા ‘ઘટા’** .... ૭૭
● પંખીડા રે ઉડી જાજો... (પંખી વિયોગ) ................................ **દિનકર વી. ભટ્ટ** .... ૭૯

### ચરિત્ર

● પાનબાઈ – આધ્યાત્મિક ઘટના.............................. **ભૂપતરાય ઠાકર ‘ઉપાસક’** .... ૮૦



Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

**નાટક**

● ગંગા સ્નાન (એકાંકી) ........ **ડૉ. ભરત કાનાબાર, એસોસિએટ પ્રોફેસર** ..... ૮૧

**વિચાર મંચ**

● ઘૂઘરો જીવનનો ભાર હળવો કરે છે ........ **ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ** ..... ૮૫
● ઉઠામણાંની ફેશન યાને ફેશનેબલ ઉઠામણાં ........ **ડૉ. નવીન પારેખ** Ph.D. (Jainology) ........ ૮૬

**સ્વાસ્થ્ય**

● ૧૨મી નવેમ્બર : "વિશ્વ ન્યુમોનિયા દિવસ" ........ **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૮૮

**કારકિર્દી**

● ડેપ્યુટી કલેક્ટર કે Dy.S.P.ની ડ્રીમ પોસ્ટ માટે એપ્લાય કરો ........ **હીરેન દવે** ..... ૯૦

**પરિવાર**

● દીપોત્સવની પરિવારમાં ઉજવણી ........ **મેહા સંઘવી** ..... ૯૧
● "હું અને મારો પરિવાર" ........ **યોગેશ નટવરલાલ ભટ્ટ** ..... ૯૨
● સંસ્કાર ........ **સુનિતા એ. શાહ** ..... ૯૪
● કેસર કેરીના કલમી આંબા (સત્ય ઘટના પર આધારિત) ........ **એમ. ડી. સોલંકી** ..... ૯૫
● મારી – તમારી વાત ........ **ડૉ. અલ્કા એ. શાહ** ..... ૯૮

**નોલેજ બેંક**

● ગુજરાતી સાહિત્ય નોલેજ બેંક – (૬) તથા સામાન્ય જ્ઞાન (વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી) ........ **રમેશ પટેલ** ..... ૯૯

**સંસ્થા / વ્યક્તિ વિશેષ**

● સાધુ ટી.એલ. વાસવાણી : એક સામાજિક સંસ્થા ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ... ૧૦૧
● ગરીબ દર્દીઓને દવા પહોંચાડતી ડ્રગ બેંક ........ **ડૉ. નાનક ભટ્ટ** ... ૧૦૩

**લઘુકથા**

● મૂર્તિ / ખૂણો : **પ્રેમજી પટેલ** ● ભેટ : **હરિવદન જોશી** ........ ૧૦૫
● રસથાળ : **હરીશ મહુવાકર** ● દીકરી તો... હંમેશાં દિવાળી... : **જસ્મીન દેસાઇ 'દર્પણ'** ........ ૧૦૬

**બાળ વિભાગ**

● દીવા દોડ્યા દડબડ... દડબડ... ........ **ભારતીબેન ગોહિલ** ... ૧૦૭

**YOUTH CLUB**

● Some Golden Thoughts ........ Presentation : Dinesh R. Mehta ..... ૧૦૮

**વૈવિધ્ય**

● આંજો કાગર ● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૧૦૯

**ગેમ્સ ગેલેરી**

● ક્રોસ વર્ડ... યોગ્ય વિકલ્પ... શબ્દ ચોકડી : **શ્રીમતી કિરણ ઠક્કર** ● કિટી પાર્ટીની જાન : **ભાવના એ. ઝવેરી** ........ ૧૧૪

**મનોરમ્ય**

● આપણું ગુજરાત : **જયસુખ કુછડિયા 'ત્રિવેદી'** ● અધૂરા પ્યાલા : **જસ્મીન દેસાઇ 'દર્પણ'** ........ ૧૧૬
● દોસ્તો : **ડૉ. નટુભાઈ પ્ર. પંડ્યા** ● નવ વર્ષે : **સુધા ઝવેરી** ........ ૧૧૬
● કાવ્ય : **રણજિતસિંહ રાણા** ● લઘુ કાવ્યો : **અરુણા અરુણ ઠક્કર 'માધવી'** ● હાઇકુ : **કિશોર આર. ટંડેલ** ........ ૧૧૭

**ચિત્રપટ**

● કલાકારોના અસલી નામ અને ફિલ્મી નામ ........ ૧૧૮

**નિયમિત વિભાગો**

● *Nano Nine* શબ્દ રમત-૧૭૬ ● *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૩૪) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ... ૧૧૯
● બાલુડેં જ્યું ગાલિયું ........ **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** ... ૧૨૨

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**સંસ્થા સમાચાર**

● સમાજ દર્પણ ........ ૧૨૩
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : ટ્રસ્ટ મંડળના સભ્યોની યાદી ● કારોબારી સમિતિના સભ્યોની યાદી ........ ૧૨૪
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : કારોબારી હેઠળની સમિતિઓ (વર્ષ ૨૦૨૧-૨૨) ........ ૧૨૬
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : કચ્છના વિકાસ કાર્યો અંગેની ચિંતન શિબિર ........ ૧૨૮

શુભ દીપાવલી પ્રસંગે
અને નૂતન વર્ષના મંગલમયી પ્રભાતે
સર્વેને હાર્દિક શુભ કામના....



**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી**

**ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સર્વે સભ્યશ્રીઓ**
**તથા 'મંગલ મંદિર' પરિવાર**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**



## ઋણ સ્વીકાર



*દીપકના પ્રકાશથી ઝગમગતા દીપોત્સવ પર્વમાં વાચકવર્ગના હર્ષોલ્લાસમાં હિસ્સેદાર બનવા 'મંગલ મંદિર'નો આ વર્ષનો દીપોત્સવી વિશેષાંક – વિવિધ વિષયો પર લખાવવામાં આવેલા ખાસ લેખો અને પ્રાસંગિક ગઝલ / કાવ્યો વગેરેના મનપસંદ ઉપહાર સાથે "સાહિત્ય સરગમ"ની થીમ હેઠળ પ્રકાશિત કર્યો છે. જેમાં પ્રતિષ્ઠિત લેખકશ્રીઓની રસપ્રદ લેખન-સામગ્રી તથા તજ્જ્ઞ કવિશ્રીઓની રચનાઓની શૃંખલા વિશેષ રૂપે પ્રગટ કરી છે. આ પ્રકારના દીપોત્સવના ઉપહારથી વાચકવર્ગના તન-મન જરૂરથી તલ્લીનતાની અનુભૂતિ કરશે એવી શ્રદ્ધા છે. આ અમારા નમ્ર પ્રયાસમાં સાથ-સહકાર આપનાર તજ્જ્ઞ લેખક-કવિશ્રીઓ તથા સંબંધિત સર્વેજનોનો હૃદયપૂર્વક આભાર માનીને નૂતન વર્ષની સર્વે શુભેચ્છાઓ પાઠવીએ છીએ.*

**– તંત્રી મંડળ**

તંત્રી લેખ

# આનંદ, ઉલ્લાસ અને પ્રકાશના પર્વ – દિવાળી પ્રસંગે શુભેચ્છા તથા નૂતન વર્ષાભિનંદન



દિનેશ આર. મહેતા

દીપોત્સવ અને નવા વર્ષના પર્વો એટલે દીપ ઉત્સવના પર્વ, આનંદના પર્વ, આશા-ઉમંગના પર્વ તથા શક્તિના સંચારના પર્વ. વર્ષનો મુખ્ય તહેવાર દિવાળી છે. તે વિક્રમ સંવતનો છેલ્લો દિવસ છે. દીપોત્સવ પર્વ સૌથી મોટો ઉત્સવ છે. ભારતીય સંસ્કૃતિમાં દિવાળી પર્વને આનંદ ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવે છે. માનવ માત્રના જીવનમાં પર્વો, ઉત્સવો અને તહેવારો મનમાં નવી તાજગી તથા ચેતના પ્રદાન કરે છે.

પ્રાચીનકાળથી જ દિવાળીના સમયે લક્ષ્મી પૂજન - સરસ્વતીનું પૂજન કરવામાં આવે છે. તે સાથે ચોપડા પૂજન પણ કરવામાં આવે છે. આ એક પરંપરા છે. ભગવતી લક્ષ્મી ધન સંપત્તિની અધિષ્ઠાત્રી છે. દશ મહા વિધાઓમાં એ કમળમાં બિરાજમાન છે. ભગવતી લક્ષ્મી ત્રણે લોક - ચૌદ ભુવનમાં સર્વત્ર વ્યાપ્ત છે. એની ઉત્પત્તિ સમુદ્રમાંથી થઈ છે. પૌરાણિક કથા અનુસાર એક વખત લક્ષ્મીની પ્રાપ્તિ માટે દેવતા અને દાનવોએ સમુદ્રમંથન કર્યું. એમાંથી ચૌદ રત્નો નીકળ્યા એટલે લક્ષ્મીજીનું પ્રાગટ્ય પણ એક રત્નના રૂપમાં સમુદ્રમાંથી થયું.

ઉપરની ભૂમિકામાં દિવાળીના દિવસે દેવી લક્ષ્મીની પૂજા કરવામાં આવે છે. તેમની સાથે ગણેશજીનું પણ પૂજન કરવામાં આવે છે. **લક્ષ્મી અતુલ સંપત્તિ અને ઐશ્વર્યાની દેવી છે. ગણેશજી વિઘ્ન વિનાશક દેવ છે.** દીપાવલીના શુભ દિવસે દીવા પ્રગટાવવામાં આવે છે. દીવાનો પ્રકાશ થતાં તેની જ્યોતિ મનને ખૂબ જ ગમે છે. જ્ઞાનનું પ્રતીક એટલે દીવો. બીજી રીતે, અજ્ઞાનતા દૂર થવાથી જ્ઞાન મળે છે. તેથી જ કહેવાયું છે... **'તમસો મા જ્યોતિર્ગમયે.'**

આ રીતે જોઈએ તો આસો અમાસનો દિવસ એટલે દિવાળી. જૈનોના ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીનો નિર્વાણ દિવસ પણ એ જ છે.

દિવાળી, એ હિંદુઓનો સૌથી મહત્ત્વનો તહેવાર છે. આમ છતાં આ તહેવાર માત્ર હિંદુ ધર્મનો જ નથી અને ભારત પૂરતો સીમિત પણ નથી. વિશ્વના ઘણા દેશો અને અલગ - અલગ ધર્મોના લોકો આ તહેવાર ધામધૂમથી ઉજવે છે. તે ઉપરાંત દીપોત્સવ પર્વ માત્ર એક દિવસ માટે ઉજવાતું પર્વ નથી. ગુજરાતમાં તો આસો વદ અગિયારસ - રમા એકાદશીથી કારતક સુદ પાંચમ - લાભ પાંચમ સુધી દીપોત્સવના ઉત્સવો ચાલે છે. રમા એકાદશી, વાઘ બારસ, ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી, બેસતું વર્ષ, ભાઈબીજ, લાભ પાંચમ — એમ સતત ઉત્સવની હારમાળા ઉજવાય છે.

**આ શુભ સમયે આપણે સૌ આપણા આંતરદીપને પ્રગટાવીએ અને સમાજના હિતમાં અને સમાજ પરિવારજનોની પ્રગતિ માટે મજબૂત શક્તિનું સર્જન કરીએ.** આ શુભ અવસરે પ્રકાશના પુંજનું સર્જન થાય એવી અભ્યર્થના સેવીએ. એ રીતે નૂતન વર્ષના પ્રથમ દિને પૃથ્વી પર છવાતા સૂર્યના સોનેરી કિરણો કોરોના સંક્રમણ પહેલાની સ્થિતિનું નિર્માણ કરશે તેવી પ્રાર્થના કરીએ.


હે પ્રભુ! નૂતન વર્ષે સમગ્ર પરિવારજનો પર અમીદૃષ્ટિ કરીને સનાતન સુખ, શાંતિ પ્રદાન કરજો!!

સર્વે જનોને દિવાળીની શુભેચ્છા તથા નૂતન વર્ષ શુભ ફળ આપનારું યશસ્વી અને સુખમય નીવડે અને સર્વજનોને પ્રગતિના શિખરો તરફ લઈ જાય એવી શુભ કામના!

*૩૦૨, મર્લિન અર્હમ્, ૧૧, વિશ્વકુંજ સોસાયટી, નારાયણનગર રોડ,*
*પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. • મો. ૯૯૨૪૩ ४२६२८*

## ભારત : અગત્યના રાષ્ટ્રીય દિન

### માસ : નવેમ્બર



૦૭ રાષ્ટ્રીય કેન્સર જાગરુકતા દિન
૦૯ રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિન
૧૧ શિક્ષા દિન
૧૪ બાલ દિન (જવાહરલાલ નેહરુ જન્મદિન)
૧૬ રાષ્ટ્રીય પત્રકારિતા દિન
૨૦ બાળ અધિકાર દિન
૨૪ એન.સી.સી. સ્થાપના દિન
૨૬ રાષ્ટ્રીય કાયદા દિન


### માસ : ડિસેમ્બર

૦૧ બીએસએફ સ્થાપના દિન
૦૨ પ્રદૂષણ નિવારણ દિન
૦૪ નૌસેના દિન
૦૬ નાગરિક સુરક્ષા દિન
૦૭ સશસ્ત્ર સેના ધ્વજ દિન
૦૮ મંદબુદ્ધિનાં બાળકો માટેનો દિન
૦૯ બાલિકા દિન
૧૪ ઊર્જા સંરક્ષણ દિન
૧૫ સરદાર પટેલ પુણ્યતિથિ
૨૩ કિસાન દિન (ચૌધરી ચરણસિંહ જન્મદિન)
૨૪ રાષ્ટ્રીય ગ્રાહક દિન
૩૧ ઈસુના નવા વર્ષની પૂર્વ સંધ્યા



## વિશ્વ : અગત્યના દિન

### માસ : નવેમ્બર



૦૯ વિશ્વ ઉર્દૂ દિન
૧૪ વિશ્વ ડાયાબિટીસ દિન
૧૯ વિશ્વ શૌચાલય દિન
૨૦ વિશ્વ બાળ અધિકાર દિન
૨૭ વિશ્વ મહિલા હિંસા નિવારણ દિન

### માસ : ડિસેમ્બર

૦૧ વિશ્વ એઈડ્સ દિન
૦૩ વિશ્વ વિકલાંગ દિન
૦૮ મંદબુદ્ધિનાં બાળકો માટેનો દિન
૦૯ બાલિકા દિન
૧૦ વિશ્વ માનવ અધિકાર દિન
૧૧ યુનિસેફ દિન
૩૧ ઈસુના નવા વર્ષની પૂર્વ સંધ્યા





## સોનેરી કિરણો દ્વારા પ્રસારિત સદ્‌વિચારો....

★ "દિનમેં એકબાર અપને આપ સે બાત કર લિયા કરો. નહીં તો આપ દુનિયા કે સબસે અચ્છે ઇન્સાન સે મિલનેકા મૌકા ગવાં દોગે."

★ શબ્દકોશમાં બીજા બધા શબ્દોનો અર્થ મળી શકે, પણ જીવનનો અર્થ તો જીવન જીવીને જ શોધવો પડે.

★ આજ ખુદા સે મુલાકાત હુઇ. થોડી હી સહી પર બાત હુઇ. મૈંને આપકે બારેમેં પૂછા. "યે ઇન્સાન કૈસા હૈ?" ખુદા બોલા : "સંભાલ કે રખના, બિલકુલ મેરા જૈસા હૈ!"

★ થાય એટલું કામ કરીએ અને કરીએ એટલું કામ થાય – આ બંને વાક્યોનો તફાવત જેને સમજાય તેની પ્રગતિ થાય!!

★ 'સમય' શીખવાડે છે ને 'શિક્ષક' પણ શીખવાડે છે. પણ બંનેમાં ફર્ક એ છે કે શિક્ષક શીખવાડીને પરીક્ષા લે છે અને સમય પરીક્ષા લઈને શીખવાડે છે.

★ સરસ અને સમજવા જેવું : 'મનુષ્યને બોલવાનું શીખતા લગભગ બે વરસ લાગે છે. પણ શીખ્યા પછી શું બોલવું એ શીખતા આખી જિંદગી વીતી જાય છે.'

★ 'બધાનું કલ્યાણ થાય' એવી ભાવનાથી પ્રથમ પોતાનું જ કલ્યાણ થાય છે.

★ "એકવાર તમારી પાસે જે 'નથી' તેની ચિંતા છોડશો તો જે તમારી પાસે 'છે' તેનો આનંદ મેળવી શકશો."

★ પ્રાર્થનાથી પરિસ્થિતિ નથી બદલાતી પણ અભિગમ જરૂર બદલાય છે અને બદલાયેલો અભિગમ પરિસ્થિતિ જ નહીં પણ સમગ્ર જીવનને બદલી નાખે છે.

★ એક ચિત્રકાર કો દિલકે દરવાજે કી તસ્વીર બનાને કો કહા ગયા. ઉસને બહુત હસીન ઘર બનાયા ઔર ઉસમેં છોટાસા ખૂબસુરત દરવાજા લગાયા... લેકીન ઉસકા હેન્ડલ નહીં થા. કિસીને પૂછા – 'હેન્ડલ ક્યું નહીં લગાયા?' તો વો બોલા : 'દિલ કા દરવાજા અંદર સે ખોલા જાતા હૈ, બહારસે નહીં!'

★ જિંદગી હસાવે ત્યારે સમજવું કે સારા કર્મોનું ફળ આવ્યું. જ્યારે રડાવે ત્યારે સમજવું કે સારા કર્મ કરવાનો સમય આવ્યો.

★ જિંદગીમાં ખુશ રહેવા ફક્ત એક મંત્ર યાદ રાખવો : ઈશ્વર માનવીને લાયકાત કરતા વધારે સુખ નથી આપતો અને સહનશક્તિ કરતા વધારે દુઃખ પણ નથી આપતો.

## યોગ્ય કર્મ કરો, યોગ્ય બદલો મેળવો

'કર્મણ્યે વા ધિકારસ્તે, મા ફલેષુ કદાચન' એવું આપણે જાણીએ છીએ. ભલે આપણી ફરજ કાર્ય કરવાની હોય, પણ ફળ મળશે જે તેવી આશા અસ્થાને નથી. **દરેક વ્યક્તિને યોગ્ય કાર્ય કરવાથી તેનો યોગ્ય બદલો (વળતર) અવશ્ય મળે જ છે.** આ તો સંસાર ચક્ર છે. 'Give and Take.'

આપણે બે તત્ત્વોથી બનેલા છીએ. એક દૈવીતત્ત્વ અને બીજું ભૌતિક તત્ત્વ. આપણો આત્મા દૈવી તત્ત્વનો ભાગ છે જ્યારે મન ભૌતિક તત્ત્વ સાથે જોડાયેલું છે. શરીર બંનેનું મિશ્રણ છે. મન ચંચળ છે અને તેને બધું જ નિરંકુશપણું જોઈએ છે. તેથી મન ભાવિ વિશે વિચારે છે. ક્યારેક ભૂતકાળ વાગોળે છે, પણ વર્તમાનમાં ઓછો રસ લે છે. જો કે પ્રવર્તમાન કર્મ કર્યે જાય છે, પણ તેની ભાવના વળતર (Reward)ની વધુ હોય છે, કેમકે તેને વિવિધ જવાબદારીઓ હોય છે. આ કર્મ સાથે શારીરિક શ્રમ સંકળાયેલ છે. જેટલું કે જેવું કાર્ય કરો તેમ વળતર મળે તેવી અપેક્ષા રાખો એ ઉચિત છે. કર્મનું મહત્ત્વ એ છે કે તેની ચિંતા કે તેનો યોગ્ય વિચાર આવશે તો જ તેને પરિશ્રમની સાર્થકતા સમજાશે. જો કે શાસ્ત્રો ફળ બદલામાં આસક્તિ ન રાખવા કહે છે, પણ હવેના માહોલમાં બદલો (Reward) પહેલાથી જ નિર્ધારીત થાય છે અને તે યોગ્ય પણ ગણાય. જો યોગ્ય સફળતા કોઈ પરિશ્રમ માટે ન મળે તો માનવીનું મન વિચલિત થઇ જાય છે. બદલાની ભાવના ન હોય તો પણ વળતર જોઈએ જ.

અભ્યાસરત વિદ્યાર્થીઓ કે રોજગારવાંચ્છુ પરીક્ષાર્થીઓએ આ બાબતે એ સાર લઈ શકાય કે વધુ અને યોગ્ય મહેનત કરવાથી આપણે સારી રીતે ફળદાયી થઈશું. સારી કેરિયર બનશે.

## લક્ષ્ય પ્રાપ્તિ અને 'ફોકસિંગ'

**ગત 'ઓલિમ્પિક્સ'માં ભારતના રમતવીરોની સિદ્ધિ અને તેમને પ્રાપ્ત સન્માનથી આપણે પરિચિત છીએ.** આ ભવ્ય સિદ્ધિ પાછળનું એક મહત્ત્વનું પરિબળ જાણો છો? તે છે 'ફોકસિંગ.' આ વીરલાઓ કે વીરાંગનાઓએ તેમના ક્ષેત્રમાં લક્ષ્ય પ્રાપ્તિ ઉપર સખત ધ્યાન કેન્દ્રિત કર્યું હતું અને તેવી જ મહેનત કરી. પરિણામે જ્વલંત સફળતા મળી. આ છે 'ફોકસ.'

'ફોકસ'ની એક જાણી-અજાણી પ્રક્રિયા છે. તે વ્યક્તિગત છે. કોઈપણ ધ્યેય નિયત થાય એટલે તેને લગતી દરેક બાબત મહત્ત્વની બને છે અને તેથી મુખ્ય ધ્યેય સિવાયની બિનજરૂરી પ્રવૃત્તિ ઘટાડવી પડે છે. અત્રે પોતાની નબળાઈઓ જાણી લીધા બાદ શક્તિ ઉપર ધ્યાન કેન્દ્રિત (ફોકસ) કરવું પડે છે. અહીં ૮૦/૨૦નો સિદ્ધાંત કામ કરે છે. અર્થાત્ જો વ્યક્તિ ૨૦% મહત્ત્વની પ્રવૃત્તિ ઉપર ફોકસ કરે તો ૮૦% પરિણામ હકારાત્મક મળે છે. પ્રયાસ કદી છોડવા નહીં, પણ ધ્યેય મોટો હોય તો તેને વિભાજિત કરી તેના ઉપર કામ કરવાથી સરળતા અને સફળતા મળે છે. અગત્યના કામોને પ્રાથમિકતા આપવાથી ટાઇમ મેનેજમેન્ટ પણ જળવાશે. સારા વિચારોને અપનાવવા.

**આ 'માહિતી'નો યુગ છે. ઘણું બધું ચારે દિશામાંથી સફળતા માટેનું જ્ઞાન મળે છે, પણ તેમાંથી કામનું ગ્રહણ કરવાથી લાભ થાય છે. સાચી અને અધિકૃત માહિતીનો આગ્રહ રાખવો પડે છે.** ઈ-મેઈલ, મેસેજિંગ, બ્લોગ, વોટ્સએપ વગેરે, એ 'આઈ.ટી.'ની દેન સારી છે, પણ તેના ઉપર સ્વયં નિયંત્રણ રાખવું પડે છે. મહત્ત્વના કાર્યની સીમા (લક્ષ્મણ રેખા) બાંધવી પડે છે. **વિલંબ એ પ્રગતિનો દુશ્મન છે. તેને ટેવ ન બનાવીએ.** સતત આરામ આળસ બની જાય છે, તે ધ્યાનમાં રાખવું પડે છે. પ્રશંસાનો અતિરેક ટાળો. મૂળ જે કામ હાથ ધરેલ હોય તેના ઉપર વધુ ધ્યાન રાખવાથી (ફોકસિંગ દ્વારા) જ ઉત્તમ સફળતા મળે છે.

## બહુ મોટા ન બનો, કે નાના દૂર રહે...


દરેક વ્યક્તિના જીવનમાં પ્રગતિનો માહોલ આવતો હોય છે. તાજેતરમાં IAS - IPS થયેલા વિદ્યાર્થીઓનો એક સન્માન સમારંભ માણ્યો. તેમાં જાણ્યું કે જે વિદ્યાર્થીઓએ ઉચ્ચ સફળતા મેળવી છે, તેમણે પ્રારંભ બહુ નાની કક્ષાથી કર્યો હતો. જો કે તેમની મહેનત પણ એવી જ હતી, પણ તેઓ તેમની પ્રારંભની જિંદગી ભૂલ્યા નથી, એ સારી વાત છે. તેથી આ સફળ ઉમેદવારોના માર્ગદર્શન માટે પડાપડી થયેલ.

ઘણા વર્ષો પહેલાની એક ઘટના જાણીએ. ૧૫થી ૨૦ હજારની વસ્તીના એક નાનકડા ગામડાંમાંથી 'કાર્ડિયોલોજિસ્ટ' થયેલા ડોક્ટરના સન્માનમાં સ્વાગત - અભિવાદન પ્રોગ્રામ હતો. કાર્યક્રમમાં ડોક્ટરનું સ્વાગત કરી વિવિધ વક્તાઓએ તેમની સિદ્ધિ બિરદાવી અને ડોક્ટરને વક્તવ્ય માટે અનુરોધ કરાયેલ.

આ સાથે સૌના આશ્ચર્ય વચ્ચે ડૉક્ટર સ્ટેજ ઉપરથી નીચે ઉતરીને ઓડિયન્સમાં છેવાડે બેઠેલી એક વૃદ્ધ અને સામાન્ય વ્યક્તિ પાસે જાય છે અને તેના ચરણ સ્પર્શ કરે છે. કાર્યક્રમમાં થોડી હલચલ થઇ. જોકે એકત્ર સમુદાયે આ બાબતને તાળીઓથી વધાવી લીધી. જેમના ચરણ સ્પર્શ થયા તે વ્યક્તિ ઊભા થઇને ડૉક્ટરને ભેટી પડ્યા અને કહ્યું કે, 'ના દીકરા ના, મને પગે ના લગાય. આ તો તારી મહેનતનું પરિણામ છે.' આ ઘટનાના સાક્ષી ત્રાહિત વ્યક્તિએ ત્યારે જણાવ્યું કે આ વિસ્તારના આટલા ઊંચા ભણતરવાળા આ પહેલા ડૉક્ટર છે અને જેમના ચરણ સ્પર્શ થયા તે ગૃહસ્થ પ્રાથમિક શાળાના નિવૃત્ત શિક્ષક છે. **પણ આટલી મોટી સિદ્ધિ પ્રાપ્તિ બાદ પણ આ ડોક્ટર તેમના આ પ્રાથમિક શિક્ષકને ભૂલ્યા નથી!** પછીથી આ ડૉક્ટરે પોતાની પ્રગતિ માટે જણાવેલ કે આ સિદ્ધિમાં સૌનો ફાળો છે, પણ મોટો ફાળો મારા આ 'પ્રાઈમરી ટીચર'નો છે!


આ ઘટનાનો સાર એ છે કે મોટા થાઓ, પણ કદી એટલા મોટા ન બનો કે નાના માણસો તમારાથી દૂર ભાગે, નમ્રતા રાખો.

***– ડૉ. પૂજા કોટક***



પ્રાસંગિક

# નૂતન વર્ષ : સંબંધોની પ્રીતનું ગાણું ગાવાનો મંગલ દિવસ!



વિપિન પંડ્યા

ખરેખર મનુષ્યો ઉત્સવપ્રિય હોય છે. તેથી જ આપણા દેશમાં લોકો વિવિધ પ્રકારના ઉત્સવો ઉજવી પોતાનો આનંદ વ્યક્ત કરે છે.

ઉત્સવનો મુખ્ય હેતુ વ્યક્તિના વ્યક્તિત્વનું ઊર્ધ્વીકરણ કરવાનો છે, **વ્યક્તિગત આનંદની સાથે સામૂહિક આનંદ માણવાનો છે.** આપણા આનંદમાં બીજાને પણ ભાગીદાર બનાવવાના છે. એટલું જ નહીં, સ્નેહ, સંપ અને સહકારની ૩૦ ભાવનાને ઉજાગર કરવાનો છે.



દરેક ઉત્સવ માનવ સમુદાયને એક સંદેશ અવશ્ય આપે છે. નૂતન વર્ષ એટલે જ જીવનને આનંદથી માણવાનો સંદેશ! નૂતન વર્ષ એટલે સંબંધોની પ્રીતનું ગાણું ગાવાનો મંગલ દિવસ!

**નૂતન વર્ષ એટલે સ્નેહના સરવાળા, ભૂલચૂકની બાદબાકી, સહકારના ગુણાકાર અને વેરઝેરના ભાગાકાર કરવાનો પવિત્ર દિવસ!**

આસો વદ અમાસની રાત્રિના ગાઢ અંધકાર પછી નૂતન વર્ષનું પરોઢ થતા જ સૂર્યના શીતળ કિરણો હજુ નભોમંડળમાં ડોકાવાની કોશિશ કરી રહ્યા છે ત્યારે જ સમગ્ર ભારતના લોકોમાં જાણે ચેતનાનો નવો સંચાર ફૂટે છે. કોઈ રૂડા અવસરમાં મહાલવા જવાનું હોય તેમ સૌ શય્યા છોડી સફાળા જાગી ઊઠે છે. આજે કોઈને વહેલા ઉઠાડવા ટકોરવા પડતા નથી કારણકે આબાલ વૃદ્ધ સૌમાં નૂતન વર્ષનો આનંદ લૂંટવાની એક ગજબની મસ્તી હોય છે અને જ્યાં મસ્તી હોય, ત્યાં આળસને કોઈ સ્થાન જ ન હોય.

સૌ વહેલા ઊઠી પ્રાતઃકર્મ બાજગતિએ આટોપી લઈ દેવદર્શને જાય છે. ''જેહને જે ગમે તેહને તે'' એ નિયમ મુજબ સૌનો આદર રાખીને જેને જે ગમે છે તે પ્રમાણે **'જય મહારાજ, જય જિનેન્દ્ર, જય શ્રીકૃષ્ણ, જય માતાજી, જય જલારામ, જય સ્વામિનારાયણ, જય યોગેશ્વર, હેપ્પી ન્યુ યર'** જેવા મીઠા અને ભાવસભર લહેકાથી એકબીજાનું અભિવાદન કરે છે. આમ નૂતનવર્ષ એટલે પ્રેમથી એકબીજાનું અભિવાદન કરવાનો શુભ દિવસ.

નૂતન વર્ષના દિવસની ખુશી જ કંઈ ઓર હોય છે. અમીર હોય કે ગરીબ, ઉચ્ચ મધ્યમવર્ગના હોય કે નિમ્ન મધ્યમવર્ગના, તમામ કોમ અને તમામ વર્ગના લોકોના હૈયામાં જાણે આનંદનો મહાસાગર ઊમટે છે. **આમ કેટલાક ભલે ધનપતિ ન હોય પણ આજે તો તેઓ આનંદપતિ બની જ જતા હોય છે. એ જ આ પર્વનું મહત્ત્વ નથી શું?**

ભૂલકાંઓ નવાં નવાં વસ્ત્રોમાં ફૂલ જેવા નિર્મળ, નિર્દોષ અને મનોહર લાગે છે, તો યુવાપેઢી અને વૃદ્ધો પણ **નવીન પોશાકમાં** સજ્જ થઈને હસમુખા અને આકર્ષક લાગે છે. જેમ પોશાકમાં નાવીન્ય ભાસે છે તેમ વ્યક્તિઓમાં પણ આજે નાવીન્યનો ભાસ થયા વિના રહેતો નથી.

બહેનો આજના શુભ દિને આંગણામાં **રંગબેરંગી રંગોળી** પૂરે છે. ઊમરા પર **સાથિયા** દોરી મનમાં રહેલી શુભ ભાવનાઓને પ્રગટ કરે છે, તો કેટલાક **તોરણ** બાંધી, **દીવા** પ્રગટાવી પોતાનું ઘર નૂતન વર્ષે નૂતન જ ભાસે તેવા પ્રયત્નો કરે છે.

નૂતન એટલે જ નવું! આજના દિવસે બધું જ નવીન ભાસે, પછી ઘર હોય કે મંદિર, પોળ હોય કે ચોક, મિત્ર હોય કે અ–મિત્ર!

અરે! આજે તો કેટલાક વાહનચાલકો પોતાનાં વાહનોને પુષ્પના હારથી સુંદર રીતે શણગારે છે, પછી તે બસ હોય કે મેટાડોર, ટ્રક હોય કે રીક્ષા, સ્કુટર હોય કે બાઇક!

અરે! શ્રમજીવીઓની ખુશીનો પણ આ દિવસે કોઈ પાર હોતો નથી. ઊંટગાડીવાળા પોતાની ઊંટગાડી શણગારે તો લારીવાળા પોતાની લારી. આમ, નૂતન વર્ષે અત્ર, તત્ર અને સર્વત્ર ખુશીનો જ માહોલ જોવા મળે છે. **'જિંદગી એક સફર હૈ સુહાના...'** એ ગીતના શબ્દો જાણે આ દિવસે સાર્થક થતા ભાસે છે.

લોકો એકબીજાના ઘરે જઈ એકબીજાને નૂતન વર્ષની શુભ કામનાઓ પાઠવે છે. બાળકો વડીલોને પાયલાગણ કરી આશીર્વાદ મેળવે છે, તો વડીલો પણ પગે લાગતાં બાળકોને અંતરના આશીર્વાદ આપતાં હરખાઈ ઊઠે છે. સમવયસ્કો એકબીજા સાથે હસ્તધનૂન કરી પ્રેમથી એકબીજાને ભેટીને પોતાનો આનંદ વ્યક્ત કરે છે. **આમ, નૂતન વર્ષ એટલે આપણે જેવા છીએ તેવા ખુલ્લા થઇ આનંદ વ્યક્ત કરવાનો અવસર!**

આ દિવસે દરેકના ઘરે પ્રસાદ, મગસ – મઠિયાં – ચોળાફળી વગેરેનો આગ્રહ કરાય છે. એટલું જ નહીં, પણ મીઠાઈની જેમ એકબીજાનું જીવન પણ મીઠાશમય બને તેવી અંતરની ભાવના વ્યક્ત કરાય છે. આજના દિવસની જેમ દિલથી એકબીજાને સમગ્ર વર્ષ દરમિયાન આવકારીએ તો આપણા જીવનમાં મીઠાશ આવે જ આવે, ખરું ને!

'મધર ઈન્ડિયા'ના ગીત **'દુઃખ ભરે દિન બીતે રે ભૈયા, આજ સુખ દિન આયો રે... રંગ જીવનમેં નયા લાયો રે...'**ની જેમ નૂતન વર્ષના દિવસે સૌના હૈયામાં ગજબનો આનંદ ડોકાય છે. આજે તો જાણે સૌને દિવ્ય અનુભૂતિ થઈ હોય તેવો આનંદ પ્રવર્તે છે.

*'ખુશી ખુશી ખુશી, બસ ખુશી હોય છે,*
*નૂતન વર્ષ બધે જ બસ ખુશી હોય છે.'*

આજે માનવીય સંબંધો ખરે જ રસભીના લાગે છે. લોકોના નેત્રોમાં અમી અને ઉત્સાહ ભાસે છે. એકબીજા સાથે ઘડીક સંગ કરવાનું ગમે છે. મંદિરોમાં તો જાણે મિલનમેળા યોજાય છે. જ્યાં સૌ હેતની ગંગા વહાવી નવપલ્લવિત થાય છે અને સ્મિત વેરીને પ્રેમનો પુણ્ય પમરાટ પ્રસરાવે છે. તેથી જ કવિ નિરંજન ભગત હર્ષથી ગાઈ ઊઠે છે :

*"ક્યાંય ન માય એટલો*
*આજ તો ઉરનો થાય ઉમંગ!"*

આજે તો આનંદની કોઈ સીમા હોતી નથી. સ્વર્ગની સરિતાએ જાણે આનંદના કિનારાઓને છલકાવી દીધા છે અને આનંદનું ઘોડાપૂર જાણે પૃથ્વીની મુસાફરીએ નીકળી પડ્યું છે. આ નૂતનવર્ષનો પ્રતાપ નહીં તો બીજું શું?

સંત ફ્રાન્સિસની પ્રાર્થના આજે આપણે સૌ પરમકૃપાળુ પરમાત્માને સાચા અંતરથી કરીએ.

*"હે ભગવાન!*
*મને તારી શાંતિનું માધ્યમ બનાવ,*
*જ્યાં ધિક્કાર હોય ત્યાં હું પ્રેમ વાવું,*
*જ્યાં વિસંવાદ હોય ત્યાં હું એકતા પ્રગટાવું,*
*જ્યાં શંકા હોય ત્યાં હું શ્રદ્ધા જગાડું,*
*જ્યાં હતાશા હોય ત્યાં હું આશા જગાડું,*
*જ્યાં અંધકાર હોય ત્યાં હું પ્રકાશ પ્રગટાવું,*
*જ્યાં વિષાદ હોય, ત્યાં હું આનંદના ઓઘ રેલાવું."*

*આ સાથે પ્રભુને પ્રાર્થીએ કે :*

*'શમી જશે કલેશો સકલ તનના-મનના*
*અને રાગ દ્વેષો પુરાણા જીવનના,*
*થશે દૂર ઓથારો ધરતી ગગનના,*
*ને ગુંજવતું વિશ્વ પ્રીતનું ભાલું,*
*નવું વર્ષ બનજે નવા યુગનું વહાલું,*
*હાથ લંબાવેલો કાયમ નહીં મળે, દોસ્તો,*
*આજે મોકો છે, કર મિલાવી દે."*

***"નિર્મળ સ્મિત", ૧૧, શિવશક્તિ સોસાયટી,***
***મંગળપુરા રોડ, ગણેશ સર્કલ પાસે, આણંદ.***
***મો. ૯૪૨૬૪ ૬૭૭૯૦***






પ્રાસંગિક

# તહેવારોની શૃંખલામાં ઝગમગતી દિવાળી આવી...



બાલેન્દુશેખર જાની



આપણી ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવોનું અનેરું મહત્ત્વ રહ્યું છે. તહેવારનો દિવસ સૌને ગમે છે કારણકે આપણાં નોકરી ધંધાના કાર્યમાંથી એક દિવસ છુટ્ટી મળતાં થોડી રાહત સાથે ભરપૂર આનંદ મળે છે. એટલે જ આવા તહેવાર જીવનમાં ઉત્સાહનું સિંચન કરે છે.

આસો વદ અમાસ એટલે પ્રકાશનું પર્વ દિવાળી. ઘેર ઘેર દીવડા પ્રગટાવવાની આ પ્રથા સદીઓથી ચાલતી આવી છે. ત્યારે એવો પ્રશ્ન થાય, કે આજે હેલોજન કે ફ્લડ લાઇટના યુગમાં દીવડાંઓની રોશનીનો શું મતલબ? સવાલ રોશનીનો નથી, બલકે પ્રતીકનો છે. **દીવડારૂપી જ્યોતથી અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરવાની શીખ છે.**

દીપોત્સવનો આ તહેવાર એટલે ઘર, બહાર, ગલી કે ચોકમાં દીવા પ્રગટાવાય એ તો ખરું પરંતુ **દિલમાં પણ રોશની પ્રગટાવવાનો આ અવસર છે.** આપણા મનમાં રહેલા અહં, ઈર્ષ્યા, અજ્ઞાન, શંકા અને પૂર્વગ્રહો દૂર થઈ જાય તો જીવન સ્વર્ગ બની શકે અને બધા અનિષ્ટો દૂર થઈ ગયા છે તેવું માની લઈ તેની ખુશીમાં ફટાકડા ફોડીએ છીએ.


**દિવાળીનું પર્વ એટલે એક સાથે તહેવારોની શૃંખલા.** ધનતેરસ એટલે લક્ષ્મીને પ્રસાદી ગણી તેનું પૂજન કરવાનો દિવસ. તેના પછીનો દિવસ એટલે કાળી ચૌદસ. મતલબ કે જીવનમાંથી અનિષ્ટોને તિલાંજલી આપવાની વેળા.

દિવાળી એટલે સમગ્ર જીવનમાં જ્ઞાન, વિવેક, સમજણ, માનવતા, દયાનો ઝગમગાટ પ્રગટાવવાની તક. **તો નવું વર્ષ મતલબ કે બેસતું વર્ષ એટલે ગીલા-શીકવા ભૂલી, કોઈ સારો સંકલ્પ કરવાનો દિવસ.** ભાઈબીજ એટલે ભાઈ-બહેનના નિર્મળ પ્રેમ સાથે સમસ્ત નારી જગતને માનની દૃષ્ટિએ જોવાનો નિર્દેશ. 'પંચ ત્યાં પરમેશ્વર' તેમ એક સાથે આવતા આ પાંચ તહેવારોનો સમૂહ આનંદ સાથે કેટલી બધી શીખ આપી જાય છે!

દિવાળી એટલે પૂરા થનાર વર્ષનો અંતિમ દિવસ. **વર્ષ દરમિયાન આપણે કરેલાં કાર્યોનું સરવૈયું કાઢવું જોઈએ.** કેટલું સારું કર્યું, કેવી ભૂલો કરી – એ બધું યાદ કરી, ફરી આપણાથી કોઈ ભૂલ ન થાય, બીજાનું દિલ ન દુભાઈ જાય તેવો સંકલ્પ કરવો જોઈએ. આમ જોઈએ તો નવરાત્રિ પછી દિવાળીનું કાઉન્ટડાઉન શરૂ થઈ જાય છે. મકાનોની દીવાલોને નવા રંગરૂપ ચડાવાય, ઘરમાં ધૂળ-ઝાળાની સાફસફાઈ થાય છે. નવી વસ્તુઓ, વસ્ત્રોની ખરીદી થાય છે અને ચોમેર હર્ષ છવાઈ જાય છે. પણ હા, દિવાળીને અનુલક્ષી જેમ ઘરની સાફસફાઈ પાછળ જેટલી ચીવટ રખાય છે, **તેટલી કાળજી વર્ષ દરમિયાન આપણા અંતરને ઉજાળવામાં રખાય છે ખરી?**

કારતક સુદ એકમ એટલે નવા વર્ષનો પ્રથમ દિવસ. અવનવી આશા અને અરમાનોનો સૂરમો આંખમાં આંજી ઉમંગભેર પરસ્પર શુભેચ્છા પાઠવવામાં આવે છે. સૌના વદન ઉપર સ્મિતની આભા ચમકતી હોય છે. કોઈ સારા સંકલ્પ પણ કરે છે. વ્યસન કે કોઈ કુટેવ હોય તો તેને છોડવાનો નિર્ણય પણ લેવાય છે. વડીલોના આશીર્વાદ લેવાય છે. સારું સારું ખવાય છે. આખો દિવસ ઉલ્લાસ - આનંદ સાથે પસાર થાય છે. આપણે 'એક દિનકા બાદશાહ'ની જેમ કેવા ડાહ્યા ડમરા બની રહીએ છીએ? ક્યારેક આપણને ખુદનેય નવાઈ લાગે કે, લે આ હું જ છું? પણ હા, 'રાત ગઈ સો બાત ગઈ'ની જેમ ફરી પાછા આપણે હતા એ ના એ બની જઈએ છીએ! તો શું, કાયમ આવી રીતે ન રહી શકીએ? અને હા, જો આવું થઈ શકે તો દરેક નવો દિવસ નૂતન વર્ષ જેવો બની રહે, ખરુંને?

*નંદભૂમિ ટાવર, ફ્લેટ નં. - ૮૩૪,*
*ટી.એન. રાવ કોલેજ સામે, યુનિવર્સિટી કેમ્પસ પાસે,*
*રાજકોટ-૩૬૦ ૦૦૫.*



પ્રાસંગિક

# એ દિવાળી અને આ દિવાળી...



બકુલા ઘાસવાલા

*"ઈલા, દિવાળી! દીવડા કરીશું;*
*તારા સર્યા વ્યોમ થકી અહીં શું?*
*કેવા ફટાકા આ અહીં ફૂટે છે,*
*આ કાનના તો પડદા તૂટે છે.*

*સુણ્યા નથી તેં વીજના કડાકા?*
*એ સ્વર્ગમાંના ફૂટતા ફટાકા!*
*ત્યાં વાદળ વાદળીઓ અફાળી*
*સૌ દેવબાલો ઊજવે દિવાળી.*

*તું બ્હેન જ્યારે કદી લે અબોલા,*
*ઝીલું ન તારાં વચનો અમોલા;*
*મૂંગા ફટાકા દિલમાંહી ફૂટે,*
*ને એ સમે તો ઉરતંતુ તૂટે."*

*– ચંદ્રવદન મહેતા*



નાનાં હતાં ત્યારે ચં.ચી. મહેતાના 'ઇલા કાવ્યો' ભણેલા અને આકાશના તારા દીવડા બનીને ધરતીએ ઉતર્યા એવી કવિની કલ્પના ઘરને ઉંબરે દીવા પ્રગટાવતા મુગ્ધમનને સાકાર થતી લાગતી. **આજથી પંચાવન-સાઠ વર્ષ અગાઉની દિવાળીનો ઠસ્સો અને રોનક જુદા.** કવિએ વર્ણવ્યો એવો જ ભાઈ-બહેનોનો સંબંધ. છોકરીઓ-સ્ત્રીઓ માટે દિવાળી એટલે તોરણ, રંગોળી અને સેવ-સુંવાળી-ઘુઘરા વચ્ચે ઘુમવાનો અવસર, તો છોકરાઓ-પુરુષો માટે ફટાકડા, વેપારી હોય તો વર્ષભરની ઉઘરાણી અને ચોપડા-પૂજનની ગતિવિધિ.

દિવસો અગાઉ મા-કાકી ઘરસફાઈ ચાલુ કરે. કબાટમાંથી સાડીઓ અને રેશમી કપડાં નીકળે, જેને તડકો ખવડાવાય. એ વસ્ત્રો જોવાનો અને ક્યારેક અમને પણ એ પહેરવા મળશે તેનો વિચાર કરવાનો આનંદ અનેરો. પુસ્તકોના કબાટોની સફાઈ થાય ત્યારે ગમતાં પુસ્તકોને ફરી ઉથલાવવાનાં, સ્વચ્છ કપડાંથી સાફ કરી લીમડાનાં પાન મૂકી ફરી ગોઠવવાના. જાળા પાડવાનું, ઘરની લાદીને સાબુ-પાણીથી ઘસી ઘસીને સાફ કરવાની અને લાઈટ-પંખા સહિતની સફાઈ કરવાની અમારી વચ્ચે હોડ જામતી. ઘરકામ સહાયકો હોય તો પણ ઘરના બધા સભ્યો મંડી પડે. તે જ રીતે દિવાળીએ ખડખડિયા, મઠિયા, થાપડાં, ઘુઘરા, સેવ-પાપડ, ચેવડા જેવી અનેક વાનગીઓ મા-કાકી બનાવે અને અમે સાથે શીખીએ. ઘુઘરાને કાંગરી પાડવાની કલા શીખવી જરૂરી હતી. તે રીતે સેવ ઝીલવાનું કામ પણ કસબીનું ગણાતું. સેવનો સંચો ઘરના છોકરાઓ કે પુરુષો ફેરવી આપે અને નીચે બેસી ચારણા પર મા કે કાકી ઝીલે. અમે દોડતાંક જઈને એ ચારણા પર ઝીલાયેલી સેવને તડકે સૂકવી આવીએ. તેવું પાપડ-પાપડીનું. **દરેક કામ જાતે જ કરવાનો સામૂહિક આગ્રહ બરકરાર.** અલબત્ત, મહોલ્લા કે શેરીની સ્ત્રીઓ ભેગી થઈને અરસપરસને મદદ કરીને કામ કરતી એ સાચું. ખાસ કરીને વાનગીઓ બનાવતી વખતે ઘર ભરાઈ જતું અને જીવંત થઈ જતું. દુનિયાભરની વાતોનાં વડા સાથે હાથ ચાલતા અને કામ નિપટાઈ જતું. હજી પણ દિવાળીએ ઘરસફાઈ અને વાનગીઓનો ઉપક્રમ તો છે પરંતુ હવે મોટાભાગે સફાઈ માટે સવેતન સહાયકોને બોલાવાય. ગૃહિણી કામે લાગે પરંતુ સેવ-પાપડ કે મઠિયા-ઘુઘરા સિક્કે વેચાતા આવે! ઘરે બનાવવાનું ચલણ ઓછું થતું ગયું છે. મહોલ્લાઓ હવે સોસાયટીઓમાં કે એપાર્ટમેન્ટમાં બદલાઈ રહ્યા છે કે બદલાઈ ગયા છે એટલે પુરાણાં શેરી-મહોલ્લાની રોનક ઝાંખી પડી રહી છે.

દિવાળી અગાઉ સાતમના દિવસે **સારા નક્ષત્ર-મુહૂર્તમાં ચોપડા-પૂજન માટે ચોપડા લેવા જવાનો રીવાજ!** માથે ટોપી પહેરી, ઘરનો દીકરો કે મોભી ચોપડા લેવા જાય અને તે દિવસે કંસારનાં આંધણ મૂકાય. બારણે તોરણ અને ઉંબરે સાથિયાની શરૂઆત તો નવરાત્રિથી થઈ ચૂકી હોય. લાઇટનાં ટમટમિયાં પણ ટીંગાડી દેવાયા હોય. સામાન્ય રીતે ચોપડા-પૂજન દિવાળીની સાંજે કે નવ વર્ષની સવારે કરવાની પરંપરા છે. જો કે હવે કમ્પ્યુટર આવી ગયા છે અને હિસાબી વર્ષની શરૂઆત પણ એપ્રિલથી થાય છે, છતાં ચોપડા-પૂજન તો પરંપરા પ્રમાણે દિવાળીએ જ થાય છે. સામાન્ય રીતે દિવાળીની શરૂઆત આસો વદ અગિયારસથી થાય. 'વાક્ બારસ' જેને કેટલાક **'વાઘ બારસ'** કહે છે. આદિવાસીઓમાં વાઘનું મહત્ત્વ છે તે સમજી શકાય છે. આ દિવસે વાગીશ્વરી સરસ્વતીનું પૂજન થાય છે. **ધનતેરસે** 'લક્ષ્મીપૂજન',

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૫ ઉપર)



પ્રાસંગિક

# દીપોત્સવી



ડૉ. શ્રદ્ધા ત્રિવેદી



દિવાળી એટલે બાળકો માટે નવું નવું ખાવું, સરસ સરસ પહેરવું અને બસ મજા જ મજા કરવાના દિવસો. દિવાળીની રજાઓમાં નિશાળ અને ઘરકામ ભૂલાઈ જાય. પણ... એક પછી એક દિવાળી પસાર થાય ને બાળક મોટું થાય, નોકરીએ લાગે, ઘરબારવાળો ગૃહસ્થ થાય ને બસ... એક પછી એક જવાબદારીઓમાંથી વીંટાતો જાય. છતાંય દિવાળી આવે ત્યારે મન પ્રફુલ્લ થઈ જાય. દિવાળી આવવાની હોય એટલે ગૃહિણી સાફ-સફાઈ કરે. **દિવાળી ઘરની સફાઈ કરવાનું પર્વ તો છે જ પણ મનને પણ શુદ્ધ - પવિત્ર કરવાનું પર્વ છે.** ઘરના દેવ પાસે કે આંગણામાં ઘી-તેલના દીવા થાય તેમ મનમાં જ્ઞાનના દીવાથી મનને ઝળાહળાં કરવાનું છે. અંધકાર - અજ્ઞાન ઘરમાંથી ને મનમાંથી દૂર કરવાનું પર્વ એટલે દિવાળી. દીવાઓનો ઉત્સવ - દીપોત્સવી!

દિવાળીના પાંચ દિવસ ગણાય — વાઘબારસ/વાક્ બારસ, ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી અને બેસતું વરસ. હવે ઓફિસોમાં તો દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ — એમ ત્રણ જ રજા પડે છે. જો કે બાળકો માટે પંદર-વીસ દિવસનું વેકેશન હોય છે. દરેક દિવસનું ખાસ મહત્ત્વ હોય છે. વાઘબારસે ગાયની વાછરડા સાથે પૂજા થાય છે. ધનતેરસે લક્ષ્મીપૂજન. ખેડૂતો પશુધનની પૂજા કરે છે. દેવોના વૈદ્ય ધન્વંતરીનો જન્મ દિવસ છે. કાળી ચૌદસે સાધકો સાધના કરે છે. આ પર્વ સાથે નરકાસુરની કથા જોડાયેલી છે. મહાકાળીની ઉપાસનાનો મહિમા છે. દિવાળીના દિવસે શારદા પૂજનનો મહિમા છે. રામ રાવણનો વધ કરીને અયોધ્યા આ દિવસે પાછા ફરેલા. દીવા થાય, ફટાકડા ફોડાય ને આનંદ આનંદ થાય. આ દિવસે દેવ દર્શનનો મહિમા છે. ને પછી આવે બેસતું વર્ષ — નવું વર્ષ. વહેલી સવારે સબરસ (મીઠું) વહેંચાય, ગોળથી ગળ્યું મોં કરાય, દેવદર્શન થાય, વડીલોના - ગુરુજનોના આશીર્વાદ લેવાય, સંબંધીઓ અને સ્નેહીજનોને **'સાલ મુબારક'** કહી શુભેચ્છાઓ અપાય. ભાઈબીજ એટલે રક્ષાબંધન જેવો ભાઈ-બહેનનો તહેવાર. તે દિવસે બહેન પોતાને ત્યાં ભાઈને જમવા માટે નિમંત્રે અને તેનું કલ્યાણ - માંગલ્ય વાંછે. પછી આવતી પાંચમ એટલે લાભ પાંચમ કે જ્ઞાન પાંચમ. સારું મુહૂર્ત ગણાય - ધંધાની શરૂઆત આ દિવસથી થાય. **જૈનો દ્વારા ગ્રંથોની પૂજા પણ થાય છે,** ને માણસોની દિવાળી પછી આવે દેવોની દિવાળી.

આ વાત તો થઈ આપણા વ્યવહાર જગતની દિવાળીની. રંગ વગર હોળી ન હોય તેમ દીવા વિના દિવાળી ના હોય. હવ મજાની વાત તો એ છે કે દિવાળી આવે અમાસે. વર્ષનો છેલ્લો દિવસ આસો વદ અમાસ! અમાસ હોય એટલે આકાશમાં ચાંદામામાની ગેરહાજરી! આકાશમાં નર્યો અંધકાર હોય! પણ આપણે ચંદ્રને મામા કહીને આપણને તેમનાં ભાણા-ભાણી બનાવી દીધા. તો મામા ભલે આકાશમાં ના હોય, તેથી પૃથ્વી પર ચાંદની ના હોય, પણ ભાણાઓએ એટલા બધા દીવા પ્રગટાવ્યા કે દિવાળીની રાત વધુ ઝગમગી ઊઠી! આકાશમાં તારા ને ધરતી પર ટમટમતા દીવા! વળી જુઓ, શારદાપૂજન તે જ દિવસે. અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશમાં લઈ જતી જ્ઞાનની દેવીનું દીવાઓ તથા અન્ય સુગંધિત સામગ્રી દ્વારા પૂજન! દીવાઓને **'પરબ્રહ્મ'** તરીકે ઓળખાવ્યા છે તે કંઈ અમસ્તું નહીં! દીપ તો આપણા પાપ હરી લે છે. ટૂંકમાં **દીપ દ્વારા જ્ઞાનદીપ અને 'આત્મદીપ' પ્રકટાવવાની જ વાત છે.** દીપ તો એનું પ્રતીક છે.



નાનપણમાં અનેકવાર સાંભળ્યું છે કે, 'મામાનું ઘર કેટલે?' — તો જવાબ મળતો 'દીવો બળે એટલે.' અત્યારે તો સમય ઘણો બદલાઈ ગયો છે. મામાનું ઘર બહારગામ કે પરદેશમાં પણ હોય.

છતાંય મામાનું – (જેમાં બે વાર 'મા' 'મા' આવે છે) ઘર એમ કહેતાં જ એક પ્રકારની આત્મીયતા - પોતાપણાનો લાગણીનો સંબંધ હૃદયને ભાવભીનું કરી દે છે. દીપાવલીમાં તો એક દીવાની નહીં, દીવડાઓની હાર હોય! એટલે રમણીયતા અનેકગણી વધી જાય. મનને અને આંખને ગમે ને ભીંજવી દે પણ!

દિવાળી એટલે એક અર્થમાં જીવનના એ પસાર થયેલા વર્ષનું સરવૈયું કાઢવાનું પર્વ! ગયા વર્ષની ભૂલોને સુધારવાનું પર્વ! **હવે રહેલા જીવનને શુભ વિચારો - આચારોથી ધન્ય કરવાના સંકલ્પનું પર્વ. દિવાળીનો એક એક દીવો આપણામાં દૈવત પ્રગટાવે છે.** એ દૈવતને જાણી-સમજી, તે પ્રમાણે જીવવાનો પ્રયત્ન કરવામાં જ દિવાળીના પર્વની સાચી ઉજવણી કરી શકાય. નાનકડો દીવો ભલે વીજળીના દીવા જેટલું અજવાળું ન પાથરે, પણ જ્યારે વીજળીના દીવા ના હોય ત્યારે નાનકડો દીવો અજવાળું પાથરી આપણને માર્ગદર્શન જરૂર આપે છે. **આપણે પણ કોડિયામાંના નાના દીવા બની રહીએ તોય જીવનની સાર્થકતા જ છે.**

દરેક દિવાળી આપણામાં વર્ષો ઉમેરે છે. આપણે ગયા વર્ષે ક્યાં હતા અને આ વર્ષે કેટલો માનસિક વિકાસ કર્યો, ષડ્‌રિપુમાંથી કેટલાને ઓછા કર્યા, કેટલું દાન-ધર્મ કે ઈશ્વર સ્મરણ કર્યું, કેટલાને મદદ કરી, ક્યાં લુચ્ચાઈ કરી, ક્યાં હતા ને આજે ક્યાં છીએ તેની તપાસ કરવાનો સમય! આપણે જો ખુદતપાસ કરીએ તો જ હવેના જીવનને વધુ સારી રીતે, સાત્ત્વિક આનંદથી માણી શકીએ. ટૂંકમાં, દિવાળી એટલે ખુદ તપાસનો દિવસ! કવિ - નિબંધકાર શ્રી ચંદ્રકાંત શેઠની આ પંક્તિઓ દ્વારા સૌને દીપોત્સવી પર્વની શુભેચ્છાઓ પાઠવું છું અને એની શરૂઆત મારાથી થાય તેવી પ્રભુને પ્રાર્થના કરું છું:

*"દેહ મહીં જે દેવ બતાવે એ સાચુકલા દીપ;*
*એ દીપ દેતી દીપોત્સવી જે, તે હો સર્વ સમીપ!"*

*બી/૨૦૩, સૂર્યલોક ફ્લેટ્સ, સોરાબજી કમ્પાઉન્ડ,*
*જૂના વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩.*
*મો. ૯૮૯૮૩ ૬૯૮૭૨*


## એ દિવાળી અને આ દિવાળી...

**(અનુસંધાન : પાના નં. – ૧૩ ઉપરથી ચાલુ)**

ધણતેરસ-પશુધનનું મહત્ત્વ અને ધન્વંતરિ - પૂજન પણ કરવામાં આવે. જેઓ આયુર્વેદ જ્ઞાતા અને ચિકિત્સક હતા. આ દિવસ 'રાષ્ટ્રીય આયુર્વેદ દિન' ગણાય છે. ધનતેરસે સેવ કે કંસાર બનાવાય છે. **કાળી ચૌદસ**ને 'નરક ચતુર્દશી' પણ કહેવાય છે, જે દિવસે શ્રીકૃષ્ણે નરકાસુરનો વધ કરેલો. આ દિવસે સેવનો દૂધપાક અને વડાં બનાવવાની પ્રથા છે. **દુર્ગુણો પર સદ્‌ગુણોનો વિજય એ દિવાળીનું મહત્ત્વનું પાસું છે.** ભારતમાં એની ઉજવણીમાં વૈવિધ્ય છે. રામ રાવણ પર વિજય મેળવી અયોધ્યા આવ્યા, તેની ઉજવણીનો તહેવાર એટલે દિવાળી. દીવા, રંગોળી, તોરણો, ફટાકડા અને અન્નકુટથી ઉમંગભેર ઉજવણી થાય છે. અમારે ત્યાં ખાસ કરીને પૂરણપોળી અને પાતરાનું ભોજન બનાવાય. દિવાળીની સાંજે શ્રમિકોના સંતાનો 'એરિયું-મેરિયું' (કોડિયામાં દીવા) લઈને એનું ગીત ગાતાં નીકળે અને ઘરે ઘરે ફરીને લાગો ઉઘરાવે. વર્ષનો અંતિમ દિન અને બીજી સવાર તે **નવું વર્ષ.** લોકો એકબીજાને શુભેચ્છા પાઠવે છે. આ દિવસે તળેલું ફરસાણ બનાવાય છે. માન્યતા એવી કે વરસ તરતું રહે. મીઠાઈમાં લાપસી, બીરંજ કે બાસુંદી હોય. નવા વર્ષે ગોવર્ધન સ્થાપનનું મહત્ત્વ છે. ખાસ કરીને ખેતી સાથે સંલગ્ન લોકો ગોવર્ધન સ્થાપન કરે. **આ દિવસે શુકનમાં 'સબરસ' એટલે કે 'મીઠું' ખરીદવાનો રિવાજ પણ છે. બીજો દિવસ ભાઈબીજ!** જ્યારે ભાઈ, બહેનના ઘરે જમવા જાય અને ભેટસોગાદ આપે. ભાઈને ભાવતાં ભોજન બનાવાય. યમ અને યમની પ્રેમ-સંબંધની કથા છે. દિવાળીના તહેવારનું સમાપન **લાભ પાંચમ કે જ્ઞાન પંચમીથી થાય.** આ દિવસથી રોજિંદા કાર્યોનો વિધિવત આરંભ થાય. આ દિવસનું જ્ઞાનભંડાર - પુસ્તકાલય ગોઠવણી અંતર્ગત મહત્ત્વ છે.

**હવે અનેક પ્રથાઓ રહી નથી. ઉજવણી રહી છે.** લોકો સગાવહાલાંને મળવાને બદલે દિવાળી સમયે પ્રવાસે પણ ચાલી જાય છે. જો કે છેલ્લા બે વરસથી કોરોનાએ ફરી પરિસ્થિતિ બદલી છે. એટલે ઘર-પરિવારનું મહત્ત્વ વધેલું જણાય છે. મારે કહેવું જોઈશે કે અમારે ત્યાં કેટલોક બદલાવ આવ્યો છતાં હજી પરંપરાગત દિવાળી ઉજવાય છે. વડીલોના આશીર્વાદનું મહત્ત્વ રહ્યું છે. રંગોળી, તોરણ અને પરંપરાગત વાનગીઓનું મહત્ત્વ યથાવત છે. ચં.ચી.નું 'ઈલાકાવ્ય' હજી મને પોતીકું લાગે છે. હજી લાગે છે કે દીવડા રૂપે તારા આકાશેથી સરીને આવ્યા, કાન બહેરા કરે એવા ફટાકડા હજી ફૂટે છે. ભાઈ-બેનના રીસામણા-મનામણા હજીયે કુટુંબ જીવનની હૂંફને જાળવી રાખે છે. આ તહેવારો જીવનને ઉત્સાહ, હર્ષ, પ્રેમથી સભર કરી દે છે. મારે તો એ પણ કબૂલવું જોઈશે કે મને તહેવારોની ઉજવણી કરીને એનો સાચો આનંદ માણતા મારી પુત્રવધૂ હેતલે શીખવ્યું. સૌ વાચકોને દિવાળીની શુભેચ્છા અને સાલ મુબારક.

*"આદિરાજ", જલારામ મંદિરની પાછળ,*
*હાલાર રોડ, વલસાડ-૩૯૬ ૦૦૧.*
*ફોન : (૦૨૬૩૨) ૨૫૧૯૪૬, મો. ૯૮૨૫૧ ૩૩૬૨૬*



પ્રાસંગિક

# પંચ પર્વના વધામણા... જીવનમાં ઉજાશ રેલાવીએ



હરિદાસ કે. ઠક્કર

હે દીપ જ્યોતિ, તું અમારું શુભ કરનાર, કલ્યાણ કરનાર, આરોગ્ય ને ધનસંપદા આપનાર, શત્રુબુદ્ધિનો વિનાશ કરનાર છે. દીપ જ્યોતિ તને નમસ્કાર, કે દીપજયોતિ તું પરબ્રહ્મ છે, તું જનાર્દન છે...



આપ સૌ વાચક મિત્રોને હેપ્પી દીપાવલી... આજે આપ સૌને થતું હશે કે વીજળીના યુગમાં દીવડાની વાતો ક્યાં કરો છો? પણ **એક નાનકડો દીવડો હજારો દીપને પ્રગટાવી શકે પણ વીજળીનો એક બલ્બ એક પણ ગોળો પ્રગટાવી શકતો નથી.** આમ દીવા પાસેથી માણસે ઘણું શીખવા જેવું છે.

દીપોત્સવી એટલે આનંદનો, ઉલ્લાસનો, પ્રસન્નતાનો અને પ્રકાશનો ઉત્સવ. દીપાવલી કેવળ ઉત્સવ નથી પણ જાણે ઉત્સવોનું સંમેલન છે. સમજપૂર્વક આ ઉત્સવ ઉજવવામાં આવે તો જીવનનું સ્પષ્ટ દર્શન સાંપડે.

એક સમય હતો – આપણા પ્રાચીન લોકો દીવાની વાટ જોતા, તેના આગમનપૂર્વે કેટલીય તૈયારીઓ થતી – ઘરની સાફસફાઈ, નવા કપડાં, મીઠાઈઓ – બધું દીપાવલીના દિવસોમાં ઉત્સાહપૂર્વક થતું. કહેવાનો મતલબ એ નથી – આજે આ નથી થતું, પણ **આજે લોકો દરરોજ મીઠાઈ ખાય છે અને નવા કપડાં પહેરે છે. પણ દિવાળીનો સાચો ભાવ ખોવાઈ ગયો છે.** ઉત્સાહ લોકોમાં મરી પરવાર્યો છે બધું યંત્રવત્ થઈ રહ્યું છે.


આજના ભૌતિકતાવાળા યુગમાં માનવી ભોગ પાછળ પાગલ બન્યો છે. દરેક વાતોનું મૂલ્ય નાણાંના એરણે મૂકાય છે. સંબંધોને પૈસાના ત્રાજવે તોલાય છે. કુટુંબના દરેક સભ્યો વચ્ચેના સંબંધોમાંથી ભાવ ઘટતો ગયો છે. ટેકનોલોજી, વિજ્ઞાનના યુગમાં આજે સૌને ભૌતિક વિકાસમાં કેટલા આગળ વધ્યા તેની ફિકર છે.

**સમગ્ર વિશ્વને માર્ગદર્શન આપી શકીએ તેવી અણમોલ વિરાસત સમી ભારતીય સંસ્કૃતિ આપણી પાસે છે.** પણ પશ્ચિમી વાયરાના આંધળા અનુકરણમાં આપણો અમૂલ્ય ખજાનો ભૂલાતો જાય છે તે દુઃખદ ઘટના છે.

આજના ભીડભાડ, સંસારરૂપી વિવિધ સમસ્યાઓથી ઘેરાયેલો માનવી શાંતિ, આનંદ તથા ખુમારીપૂર્વક જીવન જીવી શકે તે માટે ભારતીય સંસ્કૃતિ માર્ગદર્શક બની શકે.

**વિશ્વેશ્વરે તમામ જીવસૃષ્ટિમાં શ્રેષ્ઠ એવા માનવને કંઈક વધુ આપ્યું હોય તો તે બુદ્ધિની ભેટ આપી.** આ બુદ્ધિથી વિશ્વના તમામ ક્ષેત્રોમાં વિકાસ સાધ્યો છે. પણ એક વિચાર કરવા જેવો ખરો કે, જેણે આપણને જન્મ આપ્યો તે સૃષ્ટિકાર પ્રત્યે કોઈ કૃતજ્ઞતા દાખવવી જરૂરી કે નહીં? આપણે માનવ દેહનો વિકાસાર્થે કોઈ ઉપયોગ કર્યો? સામાજિક કાર્યો, ફરજો તો નિભાવવાની જ છે. સાથોસાથ આત્મ વિકાસના બારામાં આગળ વધ્યા? **ઇશ્વરના પ્રતિનિધિ તરીકે આપણે શું ફરજ બજાવી? તેનું મૂલ્યાંકન કરવાનો દિન એટલે દીપાવલી.**

દીપાવલીના તહેવારમાં બહાર તો દીવડા પ્રગટાવવાના જ છે પરંતુ ખરો દીવો ઉરમાં પ્રગટવો જોઈએ. દિલમાં અંધાર હોય તો બહારનો પ્રકાશ નિરર્થક બની રહેશે. આજે સમગ્ર માનવજાત સામે અશાંતિ, આતંકવાદ, માનસિક તણાવ, વિશ્વશાંતિ સામે જોખમ ઊભું થયું છે. કુદરતની સમતુલા ખોરવવાનો ભય છે. ત્યારે માણસે કામ, ક્રોધ, મોહ, લોભ જેવા અનિષ્ટો બાળવા જ્ઞાનરૂપી દીપ પ્રગટાવવાની જરૂર છે.



નાનું કોડિયું ભલે હોય પણ તેમાં ઈશ્વરે તેજ ભર્યું છે. બે પૈસાનું માટીનું

કોડિયું આપણને પ્રેરણા આપે છે કે, તું બળવાની તૈયારી રાખ, હિંમત દેખાડ, તું પણ પ્રકાશ રેલાવી શકીશ. આમ, દીવડાનું કર્તવ્ય બજાવી જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવી **અન્યના જીવનમાં પણ પ્રકાશ ફેલાવવાનો પ્રયત્ન કરીએ તો દીપાવલી જીવનમાં પ્રગટીને ઉજવી કહેવાય.**

માનવ જીવનની ઘટમાળ આવ્યા કરે છે. તડકો અને છાંયડો, સુખ અને દુઃખ, પાનખર અને વસંત — દરેકનો સમય હોય છે અને એ સમયમાંથી આપણે પસાર થયે જ છૂટકો અને એમ જ હોવું જોઈએ. આપણી હિંદુ સંસ્કૃતિની એ જ તો ખાસિયત છે. એક પછી એક આવતા ધાર્મિક તહેવારોની ઉજવણીમાં માનવ મન વ્યસ્ત બને છે અને તેમાં તમામ દુઃખ - ગમ ભૂલાઈ જાય છે.

પર્વ એટલે ઉલ્લાસનો અવસર. જેવું પર્વ, તેવી તેની ઉજવણી. દિવાળી એટલે ધાર્મિક તહેવારોનો શિરમોર ઉત્સવ. અંધકાર પર પ્રકાશનો વિજય અને અનિષ્ટ પર ઈષ્ટની જીતના પ્રતીક સમા આ પર્વનો મહિમા તો જુઓ, છેક બ્રિટનની સંસદમાંય દિવાળીના દીપકનું તેજ રેલાતું જોવા મળ્યું છે. **ભારત પાસે સંસ્કૃતિની ભવ્ય અને દિવ્ય ઇમારત છે. જીવન તરફ જોવાની ચાવી છે.** સાચી સંસ્કૃતિ હતાશાને આશામાં અને નિરુત્સાહને ઉત્સાહમાં પલટાવી નાખે છે. ધર્મ અને સંસ્કૃતિના આ પ્રવાહમાં માનવીઓએ તણાવું જોઈએ. સંસ્કૃતિના વિવિધ પાસાં પર પ્રકાશ પાડનારા તહેવારો ઉજવવા જ જોઈએ.

દિવાળી પછીના દિવસે નૂતનવર્ષ શરૂ થાય છે. **એ દિવસે કોઈ સંકલ્પ કરીને જિંદગીમાં ત્યાગ કે શિસ્ત લાવવાનો આપણે પ્રયાસ કરી શકીએ.** દિવાળી નિમિત્તે સુંદર વસ્ત્ર પરિધાન કરીએ, વિવિધ વાનગી - મિષ્ટાન્ન આરોગીએ, પરસ્પર સ્નેહમિલન યોજીએ, ભેટ-સોગાદોની આપ-લે કરીએ, ભૌતિક સુખ-સગવડોની ખરીદી કરીએ એમાં કશું ખોટું નથી. એ પણ માનવ જીવનનો એક અભિન્ન હિસ્સો છે. નૂતન વર્ષની પરોઢે સકન સકનની બૂમ પાડતો ફરતો કુંભાર ઘરના આંગણે આવે અને તેની પાસેથી ચપટી નમક લેવાની સાથે જ મનમાં ગાંઠ મારીએ કે આજથી શરૂ થયેલું જીવનનું વધુ એક વર્ષ પરોપકારના કાર્યો કરીને બીજાઓને - જરૂરિયાતમંદોને સહાયભુત થઈને યાદગાર બનાવીશું. જીવનમાં 'લેવા' કરતાં આપવાનો આત્મસંતોષ વિશેષ હોય છે. **તેમ પોતા પાસેની વધારાની ચીજ જેની પાસે નથી એવી વ્યક્તિને આપી જોજો... ત્યારે જ અંતરને આનંદની અનુભૂતિ થશે.**

દિવાળીના પવિત્ર દિવસે આપણે રંગબેરંગી રંગોળીથી ઘરના આંગણાને સજાવીએ છીએ. **રંગોળી, આપણા જીવનમાં અને મન પર માનવતાની ભાત અંકિત કરવાનો સંદેશો આપે છે.** મનડા પર રંગોળી કરતાં પહેલાં મનને સાફ કરવાની જરૂર છે. એમાં રહેલા કચરાને વાળી-ઝુડી સાફ કરવાનો છે. કોઈ પ્રત્યે ક્રોધ, પૂર્વગ્રહ, દુઃખરૂપી ખાડા-ટેકરાને ક્ષમાભાવથી પૂરીને મનને સમતોલ કરવાની જરૂર છે. રાગ દ્વેષ, બીજાની નિંદા, ખુશામત દૂર થયા પછી ફરી પાછા અવગુણો ન પ્રવેશી જાય એ માટે મનને સાવધ અને આત્માને જાગૃત રાખજો. તો જ તમારું મન એવું પ્રકાશમય બની જશે કે સાક્ષાત્ પરમાત્માને તેમાં વાસ કરવાનું મન થશે.

દિવાળી સમર્પણનોય ઉત્સવ છે. બલિ રાજાએ પોતાનું મસ્તક નમાવી સમગ્ર અસ્તિત્વને શ્રીકૃષ્ણના ચરણે ધર્યું. બલિના આ દાનશૌર્યની યાદગીરી તરીકે ભગવાન વિષ્ણુએ બલિના નામે ત્રણ અહોરાત્રનો તહેવાર નક્કી કર્યો, એ જ દિવાળી બની.


આપણે પણ રાજા બલિને અનુસરીને અવગુણો શ્રીકૃષ્ણને ચરણે સમર્પિત કરીએ અને જીવનમાં સત્ય, નિષ્ઠા, સાદગી, પવિત્રતા, ભાઈચારા અને ભક્તિનો ઉજાસ રેલાવીએ. દિવાળીની ઉજવણી ત્યારે જ સાર્થક થઈ લેખાશે.

**સૌને નવા વર્ષની શુભ કામના...**

*શ્રી ગણેશ નિવાસ, બસ સ્ટેન્ડ સામે,*
*શ્રી સત્ય નારાયણ મંદિરની બાજુમાં,*
*મસ્કા, તા. માંડવી, કચ્છ-૩૭૦ ૪૭૧.*



**પત્ની અરીસામાં જોઈને જીભ પર કંકુ ચોખા કરતી હતી.**
**પતિ: આ શું કરી રહી છે?**
**પત્ની : આજે દશેરા છે એટલે શસ્ત્ર પૂજન કરું છું.**




પ્રાસંગિક

# દીપશીખા કોઈ પ્રબલ – પ્રચંડ!



ચંદ્રકાંત પટેલ 'સરલ'

પ્રકાશ જ માનવ જીવનને સજાવે છે, સંવારે છે અને દેદીપ્યમાન બનાવે છે. પ્રકાશ વિનાનું જીવન અંધકારમય ભાસે છે. જીવનમાં જો અંધકાર હોય તો પારકાં કે પોતીકાં, કોઈ આપણી પાસે ફરકતું નથી. જો પ્રકાશ હોય તો જ લોકો દોડી આવે છે. જેમ અંધકારમાં એક દીવો પ્રગટાવતા અસંખ્ય કીટકો ત્યાં દોડી આવે છે. જો અંધારું હોય તો એકપણ કીટક ત્યાં આવતું નથી.



દીપકને આપણા શાસ્ત્રોએ અગ્નિદેવની સાક્ષી તરીકે વર્ણવ્યો છે. **શુભ કાર્યને સફળ બનાવવા અને નિર્વિઘ્ને પાર પાડવા માટે દીવડાને પ્રગટાવવામાં આવે છે.** આપણા પ્રાચીન પૂર્વજો પોતાની સુખાકારી અને આરોગ્યની જાળવણી માટે દરરોજ ઉત્તર, પૂર્વ અને પશ્ચિમ દિશા – એમ ત્રણ બાજુ દીવડાઓ પ્રગટાવતા હતા.

ઉત્તર દિશા બાજુ દીવો સળગાવવાથી ધનપ્રાપ્તિ થાય છે. પૂર્વ દિશા બાજુ દીવો સળગાવવાથી આયુષ્યની વૃદ્ધિ થાય છે અને પશ્ચિમ દિશા બાજુ દીવો સળગાવવાથી સર્વ પ્રકારના લાભો થાય છે અને જીવનની ઉન્નતિ થાય છે એમ પૂર્વજો માનતા હતા. દક્ષિણ દિશા, એ યમરાજાની દિશા હોવાથી તે દિશા બાજુ દીવો રખાતો ન હતો, કે પ્રગટાવાતો પણ ન હતો.

સ્કંદ પુરાણમાં તમામ જ્યોતિ, જેવી કે સૂર્ય જ્યોતિ, ચંદ્ર જ્યોતિ અને અગ્નિ જ્યોતિ વગેરે જ્યોતિથી પણ 'દીપક જ્યોતિ'ને સર્વોત્તમ ગણાવાઈ છે.

કોડિયામાં પ્રગટાવેલો દીવડો પ્રકાશ રેલાવતો હોય છે ત્યારે મંદ મંદ હવાની લહેરખીઓ સાથે દીવાની જ્યોત આમતેમ ડોલતી હોય છે. જ્યોતિના ડોલન સાથે આસપાસનો પ્રકાશ પણ ડોલતો હોય છે. એ દૃશ્ય અનુપમ લાગે છે, આંખોને ગમે છે.

સવારનો સૂર્યનો પ્રકાશ સૃષ્ટિને અજવાળે છે, ઊંઘતા લોકોને જગાડે છે. સાંજનો અસ્તાચળ માણસને ઊંઘ તરફ લઈ જાય છે ને ચંદ્રનો પ્રકાશ રાત્રિના વાતાવરણને આહ્લાદક બનાવે છે.

મનુષ્યના જીવનનું પણ આવું જ છે. તેમના જીવન પર અજ્ઞાન અને અહમ્‌નો અંધકાર છવાયેલો છે. જ્યારે સત્ય સમજાતાં તેમનું મન ભૌતિકતાનું આવરણ હટાવી પરમાત્મા તરફ વળે છે ત્યારે શીતળ જ્ઞાનનો ચંદ્ર ઉદય પામી જીવનને પ્રકાશમય બનાવે છે.

સંતોએ દીવડામાંથી શીખ લઈને પોતાના સત્ત્વસિદ્ધાંતો જગતને આપ્યા છે ને જગતમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવ્યો છે.

*ઈસ તનકા દીવા કરો, વાતા મેલ્યું જીવ*
*લૌહા સીચોતેલ જયં કવ મુખ દેખો પીવ.*

દીવો સળગે છે ત્યારે જ જ્યોતિનો આવિર્ભાવ થાય છે. સાધક પણ જ્યારે પોતાની જાતને કષ્ટ આપે છે ને બહુ કઠિન તપ કરે છે ત્યારે જ તેના દિલમાં દીવો થાય છે ને તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

આપણા મહાજ્ઞાની સંત કબીરે પણ સ્વીકાર્યું છે કે ગુરૂ વિના જ્ઞાનનું અજવાળું થતું નથી. **જો મને ગુરૂ ન મળ્યા હોત તો મારામાં રહેલો અજ્ઞાનનો પરદો ખસ્યો ન હોત.** ગુરૂની કૃપાથી મેળવેલા જ્ઞાનનો દીપક જ મારા માટે સૌથી મોટી ભેટ છે. જ્ઞાનદીપની જ્યોતિ જ માયાના અંધકારને ચીરીને બ્રહ્મના સાચા સ્વરૂપનું દર્શન કરાવે છે.

*ભગવદ્ ગીતામાં ભગવાન કહે છે કે –*

*न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।*
*तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विन्दति ॥*

આ વિકટમય અને અંધકારમય સંસારમાં જ્ઞાનના જેવું પવિત્ર કરનારું નિ:સંદેહ બીજું કશું જ નથી; એ જ્ઞાનને ઘણા સમય સુધી કર્મયોગના આચરણ દ્વારા શુદ્ધાન્ત:કરણ થયેલો માણસ આપમેળે જ આત્મામાં પામે છે.

**જીવનને જ્યોતિમય કરવું એટલે આત્માને ઢંઢોળી - જગાડી તેને જાણવો.** આત્માને જાણવો એ બહુ કઠિન અને અઘરી વસ્તુ છે અને જેઓ આત્માને ઓળખી ગયા છે તેઓને ભૌતિક

પ્રકાશની જરૂર નથી રહેતી. તેના દિલમાં જ દીવા ઝળહળી ઉઠ્યા હોય છે. એ પ્રકાશ તેના આત્મદીપનો જ હોય છે.

*આંબલીના સંત ભગત રણછોડ ભગતે ગાયું છે :*

*દાસ રણછોડ ઘર સંભાળ્યું,*
*જડી કૂંચી ને ઊઘડ્યું તાળું.*
*થયું ભોમંડળમાં અજવાળું રે,*
*દિલમાં દીવો કરો, રે દીવો કરો.*

ઘર બંધ હોય. સાંકળ, આગળિયે તાળું માર્યું હોય તો ઘરમાં પ્રવેશવા માટે પ્રથમ તાળું ખોલવું પડે. પણ કૂંચી ન હોય તો તાળું કેમ ઉઘડે? કૂંચી જડે તો જ તાળું ઉઘાડી શકાય. આ કૂંચી એ કૌઈ ભૌતિક તાળાની કૂંચી નથી, પણ જ્ઞાનની કૂંચી છે. જો તે જડી જાય તો અજ્ઞાનરૂપી તાળું ઉઘાડી શકાય. તાળું ઉઘડ્યા પછી સમસ્ત ભોમંડળમાં જ્ઞાનના પ્રકાશના મોજાં ફરી વળે. આના માટે દિલમાં દીવો કરવો પડે.

સત્ત્વ, રજસ અને તમસ – એ ત્રણ તત્ત્વો શરીરમાં ફેરફાર લાવે છે. આ ગુણોની અસર મન ઉપર પડતી હોય છે. આળસ એ મનની તામસી નિકૃષ્ટ અવસ્થા છે. ઉચ્ચગુણો, આદર્શ એ મનની સાત્ત્વિક અવસ્થા છે, જ્યારે રાજસિક અવસ્થામાં માણસ વધારે અહંકારી હોય છે. જાણે પોતે જ સર્વેનો કર્તા હોય એવા ભાવ સાથે એ ફરતો હોય છે, ને સત્ય પ્રકાશથી દૂર દૂર હોય છે.

નિકૃષ્ટ તામસિક સ્થિતિમાંથી રાજસિક સ્થિતિમાં (અવસ્થામાં) આવવા માટે પ્રવૃત્તિમય જીવન એ આવશ્યક ચીજ છે. પ્રારંભમાં થોડી તકલીફ પડે, પણ ધીમે ધીમે ટેવાઈ જવાય છે. જીવનમાં નવો જ વળાંક આવે છે. મનમાંથી સમતા ચાલી ગઈ હોય એટલે કે ત્રણ ગુણોની વિષમતા હોય ત્યારે આપણે તમોગુણને રજોગુણથી અને રજોગુણને સત્ત્વગુણથી જીતી શકીએ ને આપણી કાબૂ હેઠળના સભાન મનમાં ફેરફાર લાવી નવો જ પ્રકાશ જન્માવી શકીએ છીએ અને જીવનમાં ઉપસ્થિત થતી સમસ્યાઓને સત્ત્વગુણના પ્રકાશને આધારે ઉકેલવા જેટલા સક્ષમ બનીએ છીએ.

વર્તમાન સમયમાં રોશની કરવા માટે અસંખ્ય દીવડાઓને સળગાવવાને બદલે લોકો ઈલેકટ્રિક લાઈટોનો ઉપયોગ ભલે કરતા હોય, પણ ઘરના ટોડલે તો તેલયુક્ત દીવો જ સળગાવે છે. **ધાર્મિક કાર્યો વખતે પણ દીવો પેટાવાય છે કારણકે જ્ઞાન જ્યોતિની પરિકલ્પના સાથે જ બ્રહ્મ પુરોહિતો, સંતો અને મહાપુરુષોએ શુભ કાર્યો સમયે દીવાને બ્રહ્મજ્યોતિરૂપે સ્થાપિત કર્યો છે** અને અભિવ્યંજના પણ ભરપૂર કરેલ છે.

ગુરૂ નાનકે તો સૂર્ય, ચંદ્ર અને તારલાઓને આકાશમાં જલતા દીવા ગણાવ્યા છે. તો જ્ઞાનના અને પ્રકાશના દાતા તરીકે શ્વેતાશ્વતાર ઉપનિષદમાં અગ્નિદેવ, વાયુદેવ, સૂર્યદેવ અને ચંદ્રદેવ વગેરેને વર્ણવ્યા છે.

નવા વર્ષના નવલા દિવસોમાં આપણે મશાલમાં તેલ ન પૂરી શકીએ તો કંઈ નહીં, પણ **સમાજમાં એવા કેટલાય લોકો છે કે જે બે છેડા માંડ માંડ ભેગા કરી શકે છે. તેવા ગરીબ અને નિરાધાર માનવ દીવડાઓના કોડિયામાં મદદરૂપી તેલના ટીપાથી તેના જીવનને અજવાળાય તો એ પણ મહાપુણ્યનું કાર્ય લેખાશે.**

*"સંસ્કૃતિ દર્શન" કાર્યાલય,*
*રતનપરા શેરી નં.-૧, નીલકંઠ બંગલાની સામે,*
*બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩૦. (જિ. જુનાગઢ)*
*મો. ૮૭૩૫૯ ૦૨૪૨૪*



પ્રાસંગિક

# લાભ પાંચમનો મહિમા



ભરત અંજારિયા

આપણો દેશ એટલે પર્વો તથા ઉત્સવોનો દેશ. દિવાળી બાદ આવતું પર્વ એટલે લાભ પાંચમ. કારતક સુદ પાંચમનો દિવસ શુભ તથા પવિત્ર મનાય છે. લાભ પાંચમના દિવસથી વેપારીઓનું મિનિ વેકેશન પૂરું થાય છે. નવા વર્ષના ધંધા વ્યવસાયની શરૂઆત લાભ પાંચમથી કરવામાં આવે છે.

આપણે ત્યાં પાંચનો મહિમા અનોખો છે. જેમ કે પંચાગ્નિ, પંચ મહાભૂત, પંચાજીરી (પંજરી), પંચામૃત, પંચવૃક્ષ, પંચાયતન, પંચાંગ, પંચકલ્યાણી, પંચમહાયત વગેરે. પાંચ ઉપરથી કેટલીક કહેવતો પણ છે : પંચ ત્યાં પરમેશ્વર, પાંચે આંગળીએ પૂજવા વગેરે.



આપણા વિવિધ તહેવારોમાં કેટલાક પાંચમના રોજ આવે છે જેમકે વસંત પંચમી, નાગ પંચમી, ઋષિ પાંચમ (સામા પાંચમ), શ્રીપંચમી, રંગ પંચમી વગેરે.

**દિવાળીમાં ચોપડા પૂજન સમયે ચોપડામાં શ્રી સવા તથા લાભ-શુભ લખાય છે. લાભ અને શુભ, એ બંને ગણપતિના પુત્રો છે.** લાભ પાંચમનો દિવસ એ વણપૂછ્યું મુહૂર્તનો દિવસ છે. આ દિવસે નવા વાહનની ખરીદી, નવા ઉદ્યોગ - ધંધાનું ઉદ્‌ઘાટન, સગપણ - સગાઈ, વાસ્તુ, કુંભ સ્થાપન ઈત્યાદિ માટે શુભ દિવસ છે.

લાભ હોય ત્યાં શુભ થાય જ છે. લાભ-શુભ એક સિક્કાની બે બાજુ છે. આપણે ત્યાં એક કહેવત પણ છે કે 'લાલો લાભ વગર લોટે નહીં.' ઘણા લોકો પોતાના લાભમાં કે નફામાં પણ નુકસાન જોતા હોય છે. લાભમાં લોભ ન હોવો જોઈએ. અન્યના લાભ માટે કે હિત માટે આપણે બને તેટલું સત્કાર્ય કરવાની જરૂર છે. લાભ પાંચમે ભૂમિપૂજન થાય છે અને નવા વર્ષના લીધેલા સંકલ્પો પૂરા કરવાની શરૂઆત પણ થાય છે. લાભ પાંચમે બોણી કરીને ઉદ્યોગ - ધંધામાં પુનઃ નવા વરસના કામકાજો શરૂ થાય છે.

માર્કેટિંગ યાર્ડમાં નવા પાકો, જણસ, શાકભાજી, અનાજ આવવા લાગતાં બોલી કરીને ભાવ બોલાય છે અને વેચાણ થાય છે. આ દિવસ લાભ પાંચમનો હોય છે. આપણે ત્યાં માતાજીની આરતીમાં પણ **'પંચમે પંચ ઋષિ, પંચે તત્ત્વોમાં...'** શબ્દો આવે છે.

'લાભ' અને 'શુભ'ના અક્ષરો આપણે ઘરનાં બારણે કે ઉંબરે લગાડીએ છીએ. આસો મહિનાની એકાદશીથી શરૂ થયેલ દિવાળી ઉત્સવ કારતક માસની એકાદશીએ પૂરો થાય છે તેમાં લાભ પાંચમનું ખાસ મહત્ત્વ છે. **દિવાળી બાદ લાભ પાંચમથી ધંધા - વ્યવસાયની પુનઃ શરૂઆત કરવામાં આવતી હોવાથી આ દિવસ સૌ માટે મહત્ત્વનો છે.**

લાભ પાંચમના શુભ દિનની સર્વે વાંચકોને મંગલ કામનાઓ. નૂતન વર્ષના અભિનંદન સહ સાલ મુબારક.

***'આસોપાલવ', ઇન્કમટેક્સ સોસાયટી,***
***રૈયા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૭.***
***મો. ૯૪૨૬૪ ૧૭૮૫૪***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે...**

**એકાઉન્ટ નામ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ**
**Account Name : Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad**
**બેંકનું નામ : કેનેરા બેંક – પાલડી બ્રાંચ, અમદાવાદ**
**Bank Name : Canara Bank, Paldi Branch, Ahmedabad.**
**A/C No. : 70072010016032 • IFSC : CNRB0017007**

*જ્યારે પણ રકમ મોકલાવવામાં આવે ત્યારે તેની જાણ મેનેજરને વૉટ્સએપ નંબર : ૯૯૨૪૦ ૮૭૬૫૪ પર કરવી જરૂરી છે.*

# દિવાળી વિષયક ગઝલ / કાવ્ય સૃષ્ટિ

## ઝળહળ દિવાળી

પ્રશ્ન એવો થાય છે કે, છે ખરે ઝળહળ દિવાળી?
ભૂખનો ભરડો લીધેલા, પેટમાં સળવળ દિવાળી.

*બ્હાર તો ઉજાસ છે, પણ ભીતરે અઢળક અંધારું,*
*સત્ય છૂપાઈ ગયું ને દંભનું વાદળ દિવાળી.*

આંગળે રંગોળી નવલી, પણ જીવન હોળી સમા છે,
લાગતું મૃગજળની માફક, છે સુવાળું છળ દિવાળી.

કૈંક લાવે કૈંક ખૂટે, એક સાંધે તેર તૂટે,
કેમ તાળો મેળવે? કેવળ બની અટકળ દિવાળી.

ખૂબ છે જડતાના જાળા, વિકૃતિના ચેનચાળા,
કઈ રીતે પ્રગટે પ્રકાશિત જ્યોત થઈ પળપળ દિવાળી?

ના દિવાળીની સમજ, ક્યાં ભાન નવલા વર્ષનું છે?
ખાઈ, પી, પહેરીને ખાલી, વહી જતી ખળખળ દિવાળી.

ભેદભાવો દૂર થાયે, પ્રેમનું સામ્રાજ્ય 'નટવર'
એક, નેક બની રહીએ, તો ખરી સમથળ દિવાળી.

***ડૉ. નટુભાઈ પ્ર. પંડ્યા - ભાવનગર***
***મો. ૯૪૨૭૫ ૫૮૦૫૩***

## સાલ મુબારક (ગઝલ)

છંદ બંધારણ : ગાગા, ગાગા, ગાગા, ગાગા, ગાગા

ભૂચર - જળચર ખેચરને છે સાલ મુબારક,
મનને મન સચરાચરને છે સાલ મુબારક.

જીવતર સાથે જીવવાની સમજણ પણ આપે,
નતમસ્તક એ રાહબરને છે સાલ મુબારક.

વાણીથી દેવાયે ના દેવાયે તો શું
આંખે દીધાં આદરને છે સાલ મુબારક.

સાંજ પહેલાં ઘરને મારગ વાળી દેતી,
રસ્તાની હર ઠોકરને છે સાલ મુબારક.

ના દઈએ તો બેઉ વચ્ચે ફેર રહ્યો ક્યાં,
પથ્થર જેવા ઈશ્વરને છે સાલ મુબારક.

હોય ઘટ્યું દોરાવા મનને મનની વચ્ચે
એવા સઘળા અંતરને છે સાલ મુબારક.

*વાદ વિવાદો - હુંશાતુંશીને દફનાવી,*
*'સાહિલ' માણસ માતરને છે સાલ મુબારક.*

***સાહિલ - રાજકોટ • મો. ૯૪૨૮૭ ૯૦૦૬૯***

## દીવો (ગઝલ)

છંદ બંધારણ : ગાગા ગાગા ગાગા ગાગા

ના મારો ના તારો દીવો,
છે સૌનો સહિયારો દીવો.



કેડી છો અમજાણ, અંધારી,
મારે તો સથવારો દીવો.

હરપળ એવું જીવી જાઓ,
સમજણનો ઝબકારો દીવો.

રોજ દિવાળી માની લેજો,
રોજ તમે શણગારો દીવો.



અજવાળું અજવાળું થાશે,
આ ગઝલને ધારો દીવો.

***સતીષ જે. દવે - અમરેલી***
***મો. ૯૯૭૯૦ ૫૦૩૫૭***

## અજવાળું કરે

છંદ બંધારણ : ગાલગાગા, ગાલગાગા, ગાલગાગા, ગાલગા

શબ્દ અજવાળું કરે, રણકાર અજવાળું કરે,
ભીતરી ભંડારનો ચમકાર અજવાળું કરે.

ફૂંક મારે કોક ને તણખા ઝરે રગ રગ મહીં,
જીવતર તણા અંધાર આરપાર અજવાળું કરે.

શું દરદ, શું દગડાઈ દિલની, ભાંગીને ભરભર થતાં,
સહજ સાવ પુકાર, તારેતાર અજવાળું કરે.

સાવ સ્તબ્ધ દશા, ખીલી કળિયું ખુલી ફૂલપાંખડી,
પમરાટનો અંતર ભર્યો આગાર અજવાળું કરે.

ઉજ્જવળ થતાં ભળભાંખળું, સૌ અર્થ વિરમ્યા પ્રણવમાં,
શ્વાસે સમાયો શૂન્યમાં, સૂનકાર અજવાળું કરે.

બાપડો બેહાલ થઈ ગયો ન્યાલ પરખી પરમને,
અણદીઠેલી ભોમનો અણસાર અજવાળું કરે.

આમ કાં આજે અચાનક ઊંઘ ઉડી સૂર્યની,
સંધ્યા સમે ઝાલર તણા ઝણકાર અજવાળું કરે.

લ્યો, નવી બે-ચાર ક્ષણ, મુજ સાંઈને ચરણે ધરું,
સહેલ થાતો ખેલ, ખાંડા-ધાર અજવાળું કરે.

***ડૉ. નિરંજન રાજ્યગુરુ - ઘોઘાવદર (રાજકોટ)***
***મો. ૯૮૨૪૩ ૭૧૯૦૪***

## કાયમી દિવાળી

છંદ બંધારણ : ગાગાલગા, ગાગાલગા, ગાગાલગા, ગા

સબરસ બને જો આદમી, કાયમ દિવાળી,
હો જિંદગીમાં સાદગી, કાયમ દિવાળી.

પકવાન લાખો ના મળે તો ચાલશે, બસ;
છે ડુંગળીને ભાખરી, કાયમ દિવાળી.

જપ-તપ ફક્ત દેખાવ, મનમાં દાવપેચો,
દિલમાં કરી દો આરતી, કાયમ દિવાળી.

આ રંગરોગાનો કરીને ઢાંકશો શું?
ભીતર ભરી દો ગુલછડી, કાયમ દિવાળી.

*મેલું રહે છે મન, ભલેને ઉજળું તન,*
*સબરસ બને જો આદમી, કાયમ દિવાળી.*

*દિનેશ દેસાઇ - અમદાવાદ*
*મો. ૮૩૨૦૪ ૧૯૦૭૭*





## વરસે વરસે નવું વરસ

(કવિતા ગાન)

વરસે વરસે નવું વરસ, હે નૂતનતાના ધામ!
આજે અમ જીવિતમાં નવતા લાવો શ્યામા-શ્યામ!

સંવત્સરના પ્રથમ પરભાતે, કરજો એક જ કામ;
સૂરજ સાથે તમ રશ્મિ પણ દેજો, શ્યામા-શ્યામ!

અમે પરભાતે કે મધ્યાહ્ને કે ઢળતી હો શામ;
પળપળ પ્રેમાળ જળ વરસાવો અઢળક શ્યામા-શ્યામ!

વિત્ત અમારું, શક્તિ અમારી, માત્ર તમારું નામ;
આખું વરસ રહે સ્મરણે એ કરજો શ્યામા-શ્યામ!

વર્ષો ને મહિનાઓ વીત્યા, વીતે ના આ-યામ;
હવે અમારા, વિના તમારા, મારા શ્યામા-શ્યામ!

નવ વર્ષે તમ પગલે કરજો મંગલમય આ ધામ,
તરસી આંખે રાહ તમારી જોતાં શ્યામા-શ્યામ!

*ડૉ. અનિલ ર. દ્વિવેદી - જામનગર*
*મો. ૯૯૨૫૩ ૫૪૩૩૫*

## દિવાળીએ....

(મન્દાક્રાન્તા)

દિવાળી તો મનભર કંઈ મોદ લઇ આવી ગઈ છે
ચાંદો પેલો ગગન પરથી થાય જો ક્ષીણ ધીરે
એ યુતિને સરભર કરે દીપની શાંત માળા
કોઈ ચૂલે ભડભડ કરે ભૂખની તીવ્ર જ્વાળા.

ખૂણે ખૂણે ઘરઘર બધે જામતાં ખૂબ જાળાં
વાળી ઝુડી ઘસઘસ કરી સ્વચ્છતા કંઈક લાવ્યા.
તોયે કાંઈ કણકણ અહીં રહી જતું કેમ જોઉં
એ વાતોને અવગણું અને મોતી કોઈ પરોવું.

આવી લક્ષ્મી રૂમઝુમ કરીને પછી આમ ગઈ છે
રાતો કાળી ઘણુંબધું ભલા કાખમાં લઇ ગઈ છે
દીવાનું આ સહજ અજવાળું હવે શાંતિ દે તો...
અંતર્જ્યોતિ નભતમસને યે હટાવી શકે તો...

વર્ષો વીત્યાં, નવવરસને આશથી આવકારું;
બીજું તો શું, પરહરી શકું થોડુંયે તારું-મારું.

*સંધ્યા ભટ્ટ - સુરત*
*મો. ૯૮૨૫૩ ૩૭૭૧૪*

## દીપાવલીમાં....

(ગઝલ)

છંદ બંધારણ : ગાગાલગા, ગાગાલગા, ગાગાલગા

દીપાવલી છે ઉંબરો જોતો રહે,
દીવો કરીને ટોડલો જોતો રહે!

અંધાર ઘરનો કેટલો ઓછો થયો?
ઊંચો થઈને ગોખલો જોતો રહે.

આનંદનું વાતાવરણ છે હર ઘરે;
ઘરમાં ખુશીની હરક્ષણો જોતો રહે.

ધબકાર ઘરનો કેમ સળવળતો રહે,
પરસાળમાંથી ઓટલો જોતો રહે!

*ઈચ્છા વગરનું એક ઘર ખાલી થયું –*
*સરકી ગયેલા પ્રસંગો જોતો રહે.*

નૂતન વરસ છે, એક અવસર આંગણે,
દીપક જુઓ ઝળહળ થતો જોતો રહે.

*રમેશ પટેલ - સુરત*
*મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫*

## દીપાવલી (ગઝલ)

છંદ બંધારણ : ગાલગાગા લગાલગા ગાલગા

ફૂલ મ્હેંકી સવાર દીપાવલી,
છે મનોહર બ્હાર દીપાવલી.

રોશની દીપથી ઝબકતું નગર,
ઝળહળે રોફદાર દીપાવલી.

રોશની માણતી બજારે મળી,
– મારતા રે લટાર દીપાવલી.

રંગ-નવરંગના તિખારે થતી,
દમ-બ-દમ આર-પાર દીપાવલી.

થાય સૌની, ગમી જગતને અસલ,
પ્રેમમય યાદગાર દીપાવલી.

ભાઈચારો લગાવ આલિંગને,
ઉત્સવી આવકાર દીપાવલી.

*ભૂપેન્દ્ર શેઠ 'નીલમ' - જામનગર*
*મો. ૯૮૧૦૧ ૨૯૪૧૯*



## તહેવાર ઘરમાં

છંદ બંધારણ : લગાગા, લગાગા, લગાગા, લગાગા

છલોછલ છે અક્ષરના અંબાર ઘરમાં,
વસંતોની છે જાણે વણઝાર ઘરમાં.

ઘડીભર તો નવરાશ લઈને પધારો,
ઘડીભર તો ઉજવાય તહેવાર ઘરમાં.

ફરિશ્તાઓ આવે ને કુરનિસ બજાવે,
થયા છે અનુભવ ઘણીવાર ઘરમાં.

બધું છે, નથી એક તુલસીનો ક્યારો,
પછી કેમ ના લાગે સુનકાર ઘરમાં.

***તમે જે દરદ લઈને ભટકો છો જ્યાં ત્યાં,***
***હકીકતમાં છે એનો ઉપચાર ઘરમાં.***

ગઝલ કોઈ સ્ફુરે છે ત્યારે 'મુસાફિર'
મળે છે નવો જાણે અવતાર ઘરમાં.

*મુસાફિર પાલનપુરી - પાલનપુર*
*મો. ૮૮૬૬૨ ૩૬૪૨૧*

## કંકુ ને શ્રીફળ દિવાળી

(મન્દાક્રાન્તા)

છે અમીરી તેજથી ઝળહળ દિવાળી;
ને ગરીબોને કરે વિહવળ દિવાળી.

દીવડા ઝાઝા બળે કે ના બળે પણ;
સાવ ખાલી કોડિયે છે પોકળ દિવાળી.



***આંસુનાં તોરણ ને રંગોળી જખમની;***
***ઉત્સવી આભાસ છે કેવળ દિવાળી.***

જિંદગી બેતાલ ને બેસૂર બનતાં,
બે ઘડીનું છે ફરેબી છળ દિવાળી.

એક તણખો આગ પ્રગટાવી સિધાવ્યો;
ભૂંજવે ભેંકાર ભૂતાવળ દિવાળી.

લાક્ષનો આવાસ ને વેરણ વધાયો;
દાઝ કાઢે દુષ્ટ દાવાનળ દિવાળી.

પર્વનો પરિવેશ છે રૂઢિ પ્રમાણે;
કિંમતી ને કુદરતી અંજળ દિવાળી.

કાળજે ટાઢક વળે અજવાસ જોઈ;
લઈ વધાવો કંકુને શ્રીફળ દિવાળી.

*હસમુખ શાહ 'બેઝાર'*
*મો. ૯૪૨૮૯ ૦૩૧૪૪*

## ચહેરા ફરી મલકાવવા (ગઝલ)

આશ નવલી ને ઉમંગો સાથમાં લાવી દિવાળી,
આ અમાસી રાતના દળ હાંકતા ફાવી દિવાળી.

ગત સમયના ઘાવને ભૂલ્યા હજી આજે નથી જે,
એમનાં ચહેરા ફરી મલકાવવા આવી દિવાળી.

કોઈનાં સપનાં અધૂરાં ના થયા પૂરાં હજી જો,
એમનાં કાજે નવાં સંદેશને લાવી દિવાળી.

રંગથી ફળિયું સજાવે, ઉંબરામાં લાભ-શુભ છે,
ટોડલે મોતી-મયૂરો લે જ ટહુકાવી દિવાળી.

વેર-નફરત આગ એવી ભીતરેથી બાળવાની,
ભાઈચારાનો રહે સંદેશ પ્રસરાવી દિવાળી.

*હરીશ પંડ્યા - ભાવનગર*
*મો. ૯૪૨૮૪ ૦૧૬૨૭*

કચ્છ

# કચ્છના નાના રણમાં મોટું સરોવર બને?



ડૉ. યાસીન દલાલ

ગુજરાતના તમામ જિલ્લાઓમાં સૌથી આગવી સંસ્કૃતિ અને વાતાવરણ ધરાવતો કચ્છ જિલ્લો ગુજરાતનો સૌથી મોટો જિલ્લો છે. સૌરાષ્ટ્રને કચ્છ સાથે જોડતો એ એક જ માર્ગ છે અને આ માર્ગ હરકિયા ક્રીક પર આવેલો સૂરજબારી પૂલ છે. **સૌરાષ્ટ્ર અને કચ્છને જોડતી સૂરજબારી ક્રીક ઉપર ચાર પૂલ બન્યા છે.** જેમાં સૌથી પહેલો પૂલ પચાસ વર્ષ પહેલાં બન્યો હતો. એ પછી રેલવેનો બીજો પૂલ બન્યો. હાલ ત્રીજો પૂલ નવેસર બન્યો છે. પ્રથમ પૂલ ક્ષતિગ્રસ્ત હોવાથી વપરાશમાં લેવાતો નથી. લગભગ પાંચ દશકા અગાઉ બનેલા અને ક્ષતિગ્રસ્ત હોવાથી બિનઉપયોગી થઈ ગયા છે એ બ્રિજ અને બીજા ત્રણ બ્રિજ સૂરજબારી ક્રીકમાં ભરતી ઓટ દરમિયાન આવતા જતા દરિયાના ખારા પાણી પર ઊભા છે. દરિયામાં ભરતી આવે ત્યારે બ્રિજના થાંભલાઓ વચ્ચેની પાણી વહેવાની જગ્યામાં ખારા પાણી ત્રણ હજાર કિ.મી. સુધી ફેલાય છે. જે સુરેન્દ્રનગરના પાટડી, ધ્રાંગધ્રા, હળવદથી છેક પાટણ સુધી પહોંચે છે. આ યોગ્ય વાત નથી.

યોગ્ય નિર્ણય અને જરૂરી પગલાં લેવાય તો કચ્છનું નાનું રણ આખું મીઠા પાણીના સરોવરમાં ફેરવી શકાય અને એશિયાનું સૌથી મોટું રણ સરોવર બની શકે. કચ્છમાં બે રણ છે : એક મોટું અને બીજું નાનું. મોટા રણમાં રેતી પથરાયેલી છે પરંતુ નાના રણમાં રેતી નથી. ત્યાં કાંપવાળી ખારી જમીન છે. આખો વિસ્તાર એરપોર્ટના રન-વે જેવો સપાટ છે. ઉનાળામાં ત્યાં બસ્સો કિલોમીટરની ઝડપથી વાન ચાલે છે. માનવ વસાહત વગરની હજારો કિ.મી. જમીનમાં સૂકીભઠ્ઠ અને બંજર છે. **આ નાનું રણ અંદાજે બાર લાખ એકર જમીનમાં પથરાયેલું છે.** અમદાવાદથી ૧૩૦ કિ.મી. અને ભુજથી ૧૫૬ કિ.મી. દૂર આવેલા નાના રણમાં પાણી ભરાય ત્યારે ચાલીસ એકરથી માંડીને ચાર હજાર એકરના ૭૫થી વધુ બેટ બને છે.

લગભગ ૪૦ ટકા વિસ્તારમાં ગાંડા બાવળનું સામ્રાજ્ય છે. ૭૪ પૈકીના એક જ બેટ ઉપર માનવ વસાહત તેમજ ખેતર છે. **સરકારે કચ્છના નાના રણને જાન્યુઆરી ૧૯૭૩માં ઘુડખર અભયારણ્ય જાહેર કર્યું છે. ભારત સિવાય ક્યાંય જોવા ન મળે તેવું આ અભયારણ્ય છે.** તેથી એની મુલાકાતે ઘણા પ્રવાસી આવે છે. આ ઉપરાંત બીજા બે પાસા મહત્ત્વના છે. એક છે મચ્છીમારી, બીજું છે મીઠું પકવવાનો ઉદ્યોગ. આ બંને ઉદ્યોગ ખારા પાણી સાથે સંકળાયેલા છે. આપણને થાય કે રણમાં પાણી ક્યાંથી? તો જવાબ એ છે કે, ૧૨ લાખ એકરમાં પથરાયેલું નાનું રણ નવથી વધુ જિલ્લાઓને સ્પર્શે છે. આ જિલ્લાઓમાં મોટી નદીઓ જેવી કે બનાસ, સરસ્વતી, રૂપેણ, કંકાવટી, બાભણી, મચ્છુ, ચંદ્રભાગા ઉપરાંત મુખ્યત્વે અગિયાર નદીઓ ઉપરાંત નાની મોટી ૧૧૦ નદીઓ વોંકળા ચોમાસામાં ઉભરાય ત્યારે તેના પાણી કચ્છમાં નાના રણમાં ભેગા થાય છે. એક ડઝન જેટલી મોટી અને ૧૧૦ જેટલી નાની નદીઓ ઠલવાઈ છે. પરિણામે ચોમાસામાં નાનું રણ ત્રણથી પાંચ ફૂટ મીઠું પાણી ભરેલું સરોવર બની જાય છે. ડિસેમ્બર અને જાન્યુઆરીમાં કાળું થઈ જાય છે. ચોમાસામાં દરિયાના ખારા પાણીનું ભેળસેળ થઇ જાય છે.

કચ્છ સૌરાષ્ટ્રને જોડતા બ્રિજ જેના પર બન્યા, એ સૂરજબારી પાસેની હરકિયા ક્રીકમાંથી હાઈટાઇડ વખતે બમણી માત્રામાં દરિયાનું ખારું પાણી મીઠા પાણીમાં ભળી જાય છે. આને લીધે ખારા અને મીઠા પાણીના સંગમથી દસ હજાર ટન જથ્થામાં મચ્છીમારી થાય છે. હાઇટાઇડ દરમિયાન કચ્છના નાના રણમાં આવતા ખારા પાણીના પ્રવાહથી અહીં મીઠા ઉદ્યોગ પણ સારો એવો વિકસ્યો છે. **લગભગ પચાસ હજાર અગરિયા અહીં મજૂરી કરીને ૨૮ લાખ ટન મીઠું પકવે છે.** આ જથ્થો ગુજરાતના કુલ મીઠા ઉત્પાદન કરતા ૩૧% અને દેશના કુલ ઉત્પાદન કરતાં ૨૧% થાય છે.

ચોમાસામાં નાનું રણ પાણીથી છલકાઈ જાય ત્યારે ઘુડખરોએ પોતાના અસ્તિત્વ માટે કેવી મથામણ કરવી પડે છે. નાના રણની સૂકી કાંપવાળી જમીન જેમ જેમ ગળાડૂબ થાય તેમ તેમ આ બેટ પર સ્થળાંતર કરીને જીવન ટકાવી રાખે છે. કચ્છના અખાતનું ખારૂં પાણી હરકિયા ક્રીકમાંથી સૂરજબારી પૂલના પીલર્સ વચ્ચેની જગ્યામાંથી ધસી આવીને નાના રણમાં એકઠા થયેલા મીઠા પાણીને ખારૂં બનાવે છે. દરિયાના ખારા પાણીને કચ્છના નાના રણમાં પ્રવેશતું રોકવા માટે પીલર્સ વચ્ચેના નાળા બંધ કરવામાં આવે તો કચ્છના અખાતનું ખારૂં પાણી રણમાં

પ્રવેશતું અટકે અને નાના રણમાં સંગ્રહ થયેલું મીઠું પાણી દરિયામાં ભરાતું અટકે અને વિશાળ મીઠા પાણીના સરોવરની રચના થશે. આમ, દરિયાના ખારા પાણીને કચ્છના રણમાં ઘુસપેઠ કરતું રોકવામાં આવે તો કેટલી બધી વસ્તુઓ બને. સૂરજબારી પૂલ ઉપર અત્યારે ચાર પૂલ છે. અત્યારે પહેલો પૂલ ઉપયોગ વગરનો પડ્યો છે. આ પૂલની નીચેના બે પૂલ વચ્ચેની જગ્યામાંથી હાઈટાઈડ વખતે નાના રણમાં દરિયાનું ખારું પાણી ૫૦-૬૦ કિલોમીટર સુધી ઘૂસે છે અને ચોમાસામાં એકઠા થયેલાં મીઠા પાણીને પણ નકામું બનાવી દે છે. **આ ખામી દૂર કરવા બે પીલ્લર વચ્ચેની જગ્યા ભરી દઇને દીવાલ બનાવી દઈએ એટલે આડબંધ તૈયાર થઈ જાય.**

સૂરજબારીના આ બિનઉપયોગી બ્રિજને આડબંધ બનાવવો, એ વધુ સમય અને ખર્ચ માંગી લે તેમ નથી. એક વરસથી ઓછા સમયગાળામાં આ કામ રૂપિયા ૫૦થી ૧૦૦ કરોડમાં પૂરું થઈ જાય. એનો એક છેડો કચ્છમાં અને બીજો છેડો સૌરાષ્ટ્રમાં આવે. **આ વાત કોઈ તરંગ તુક્કા જેવી નથી પણ સરળ, સચોટ અને સમાજ ઉપયોગી છે.**

સામાન્ય રીતે આડબંધ નાની સાઇઝનો હોય છે અને એ આખો બનાવવો પડે છે. જ્યારે અહીં તો સૂરજબારીનો બિનઉપયોગી પૂલ તૈયાર મળે છે. માત્ર તેના પીલ્લર વચ્ચેની જગ્યા પૂરી દેવી પડે. કચ્છના નાના રણનો વિસ્તાર એકદમ સપાટ હોવાથી દરેક ચોમાસે અહીં એક ડઝન મોટી નદી અને ૧૧૦ જેટલી નાની નદી અને વોંકળાનું પાણી ૪,૯૦૦ કિ.મી.માં પથરાયેલું મીઠા પાણીનું સરોવર કાયમી ધોરણે બની જાય. વિસ્તારની દૃષ્ટિએ આ સરોવર એશિયાનું સૌથી મોટું રણ સરોવર હશે. રાજકોટથી વેરાવળ અને રાજકોટથી વિરમગામ જેટલું મોટું સરોવર ગુજરાતને મળે, જે નળ સરોવર કરતાં ૩૦ ગણું મોટું હોય. બાય ધ વે, આ પાણીનો જથ્થો નર્મદા ડેમ જેટલો હશે. આ સરોવરનો સૌથી મોટો પ્લસ પોઇન્ટ એ છે કે કુદરતી રીતે સપાટ રકાબી જેવા આકારમાં ૪,૯૦૦ સ્ક્વેર કિ.મી. જેટલો વિસ્તાર માનવ વસાહત વગરનો છે. અહીં ડૂબમાં ક્યાંય કોઈ જમીન જવાની નથી. બહુ ઓછા ખર્ચે આ કામ થવાનું છે. બીજું, અહીં કોઈ જાતની કુદરતી આફત આવવાની નથી. ઈકોલોજી મુજબ પણ આજે ચારથી પાંચ મહિના સુધી વરસાદનું પાણી ભરાય છે અને બાકીના સમયમાં રણ એકદમ સૂકું હોય છે.

કચ્છનું નાનું રણ એકદમ સપાટ એરપોર્ટના રન-વે જેવું હોય છે. અમુક જગ્યાએ ૭૫થી વધુ નાની મોટી હાઈટ ધરાવતી ટેકરીઓ છે, જે ચોમાસા દરમિયાન બેટ બની જાય છે. ભાવનગરની સેન્ટ્રલ સોલ્ટ અને મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે પોતાના રિપોર્ટમાં આ વાતનો ઉલ્લેખ કર્યો નથી. તેમણે તાકીદ જરૂર કરી છે કે રણને સરોવરમાં તબદિલ કરવું, એ બહુ મોટી વાત છે. મોટામાં મોટો ફાયદો એ છે કે એનાથી એશિયાનું સૌથી મોટું સરોવર ગુજરાતમાં બનશે. બીજો ફાયદો એ છે કે લાખો હેક્ટર બંજર જમીનનું ઉપજાઉ જમીનમાં પરિવર્તન થશે. બહુ ઓછા ખર્ચમાં કુદરતી કેનાલ દ્વારા બારમાસી પાણી મળશે. ચોથો ફાયદો એ છે કે આ સરોવરથી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના પાણી વિનાના વિસ્તારોને કાયમી ધોરણે પાણી મળશે. પાંચમો ફાયદો એ છે કે અહીં એગ્રોબેઝ્ડ ઉદ્યોગ વિકસે. લાખો હેક્ટર જમીનની માર્કેટ વેલ્યુમાં પાંચથી દસ ગણો વધારો થશે. મચ્છી ઉદ્યોગને બહુ મોટો ફાયદો થાય. મીઠા પાણીનો સંગ્રહ થાય, ઈકો ટુરિઝમને રોજગાર મળે. પર્યાવરણને અને પ્રકૃતિને ફાયદો થાય. પશુપાલન અને ડેરી ઉદ્યોગને પણ ફાયદો મળે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતને ખારા પાણીમાંથી મુક્તિ મળે.

એક વધુ ફાયદો એ છે કે આ કામમાં સોલાર એનર્જી મળી રહે છે. હાઈ ટેમ્પરેચર મળે છે. **સોલાર પાવરમાં એક મેગાવોટ ઉત્પન્ન કરવા પાંચ એકર જેટલી જમીનની જરૂરિયાત રહે છે.** આનો અર્થ એ થયો કે ખૂબ જ મોટા વિસ્તારવાળી જમીન આમાં જોઈએ છે. ગુજરાત ઔદ્યોગિક રાજ્ય હોવાથી નવા ઉદ્યોગો આવશે. સૌથી પછાત અને ઓછી આવકવાળા હજારો લોકોને નવી રોજગારી મળશે. આ ઉપરાંત પવનચક્કીથી ચાલતો ઉદ્યોગ સ્થાપી શકાશે. **પવનચક્કીના ઉદ્યોગમાં એક મશીન માટે ૬ થી ૭ એકર જમીન જોઈએ,** જે મળી રહેશે. કોઈ મોટા વિસ્તારને કુદરતી લાભ મળે ત્યારે આખો વિસ્તાર વાઇબ્રન્ટ બની જાય. નવા રોડ રસ્તા તેમજ નવી જી.ઈ.બી. લાઇનો મળી રહેશે.

મતલબ કે આ કોઈ હવાઇ ટુચકો નથી પણ ગુજરાતને વિશ્વભરમાં ઇનોવેટિવ અને આદર્શ યોજના તરીકે ટેકનિકલ તેમજ બીજી રીતે અનિવાર્ય છે. પાણીનો પ્રશ્ન આખા ગુજરાતમાં પેચીદો છે. આથી આ ગંભીર સમસ્યા છે અને એના ઉકેલ માટે આપણે સૌ વહેલી તકે જાગીએ તે અતિ જરૂરી છે.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી, રાજકોટ - ૩૬૦ ૦૦૭.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

*પાણીમાં પ્રવેશી ગયેલ કચરો, સમય જતાં આપોઆપ નીચે બેસી જાય છે. પરંતુ મનમાં પ્રવેશી ગયેલ કચરો, કોણ જાણે કેમ, ગમે તેટલો સમય પસાર થયા પછીય બેસી જવાનું નામ નથી લેતો.*

*આ વાસ્તવિક્તા એટલું જ કહે છે કે મનમાં કચરાને પ્રવેશ આપતા પહેલા લાખ વાર વિચાર કરવા જેવો છે. કારણકે સમય જેવું બળવાન શસ્ત્ર પણ આ કચરા આગળ બુઠ્ઠું પુરવાર થાય છે.*

કચ્છ

# કચ્છને નવ પલ્લવિત કરતું ધોળાવીરા ક્ષેત્ર



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

*ભારત સરકાર દ્વારા ગત વર્ષે ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ (ધરોહર)ની સાઉટમાં સમાવેશ કરવા યુનેસ્કોને તે માટેનું જરૂરી ડોઝિયર મોકલવામાં આવ્યું હતું. ત્યારબાદ વિશ્વની કેટલીક નવા સાઈટોને સત્તાવાર રીતે હેરિટેજનો દરજ્જો તાજેતરમાં આપવામાં આવ્યો છે. જેમાં કચ્છના ધોળાવીરાનો પણ સમાવેશ થયો છે. કચ્છની યશકલગીમાં આ કારણે વધુ એક પીંછુ ઉમેરાયું છે.*

પાંચ હજાર વર્ષ જૂના સિંધનગર ધોળાવીરાનો આંતરરાષ્ટ્રીય પ્રવાસન ક્ષેત્ર તરીકેનો વિકાસ હવે હાથવેંતમાં જ છે. આ ક્ષેત્ર ભચાઉ તાલુકાના ખડીર બેટમાં સ્થિત છે. હડપ્પા સંસ્કૃતિનું સામ્રાજ્ય ૧૨,૦૦૦ ચો.કિ.મી.માં ફેલાયેલ હતું. આ સંસ્કૃતિના પાંચ મોટા શહેરો મોંહેજો-ડારો, રામી-ગઢી, હડપ્પા, ગનવેરીવાલ અને ધોળાવીરા હતા.

હડપ્પીય કાલીન અને સિંધુનગર માટે કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૨૦-૨૧ના નાણાંકીય વર્ષમાંના અંદાજપત્રમાં રૂા. ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી. જ્યારે રાજ્ય સરકારના બજેટમાં રૂપિયા વીસેક કરોડની જોગવાઈ થઇ. અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ફેબ્રુઆરી ૨૦૨૦માં અમદાવાદ પધાર્યા તે સમયે આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વાગત પ્રવચનમાં ઉચ્ચારેલું કે, **"ધોળાવીરાની ભૂમિ એવા ગુજરાતમાં તેમનું સ્વાગત છે."**


ધોળાવીરા કચ્છના ભચાઉ તાલુકાના ખડીરમાં અઢી હજાર જેટલી જ વસતી ધરાવતું એક નાનું ગામ છે. ગામથી એક ટીંબો પુરાતત્ત્વિદો માટે અતિ મહત્ત્વનો બનવા પામ્યો છે. ઇ.સ. ૧૯૬૭-૬૮માં આ ટીંબાની શોધ પુરાતત્ત્વવિદ્ જગતપતિ જોશીએ કરી. જેની રાજ્યના પુરાતત્ત્વિય વિભાગે ઇ.સ. ૧૯૭૦માં આની નોંધ લઇ પ્રાથમિક અહેવાલ તૈયાર કર્યો. એનું વિસ્તૃત સર્વેક્ષણ પુરાતત્ત્વ સર્વેક્ષણના અધિકારી ડૉ. રવિન્દ્રસિંહ બિસ્તે કર્યું. ઇ.સ. ૧૯૯૦થી ઇ.સ. ૧૯૯૭ દરમિયાન તેઓશ્રીની કુનેહ તથા અતિ પરિશ્રમથી આ નગરમાં કિલ્લાઓ, મેદાનો, સ્નાનાગૃહો, જળ સંગ્રહ, ગંદા પાણીનો નિકાલ, વસાહતની ખાસિયતો, તેમની રહેણીકરણી જોવા મળી.

સ્થાપત્યની દૃષ્ટિએ વિચારતાં અત્રે દુર્ગયુક્ત રાજમહેલ છે. જે ઊંચી જગ્યાએ અભેદ્ય છે. મહેલનો આ ટીંબો પૂર્વ-પશ્ચિમ ૩૦૦ મીટર અને ઉત્તર-દક્ષિણ ૧૪૦થી ૧૬૦ મીટર છે. આ ટીંબાની ઊંચાઈ ૧૬થી ૧૮ મીટર છે. મધ્યનગરની ટીંબાની ઊંચાઈ ૧૩.૫ મીટર છે. મધ્ય નગર વચ્ચે ૩૦૦ મીટર સમચોરસ જગ્યા છે. **હડપ્પીય લિપિ ધરાવતું દસ અક્ષરોનું સાઇન બોર્ડ આ ટીંબા પરથી પ્રાપ્ત થયેલ છે.** બોર્ડના અક્ષરોનું માપ ૩૭ સે.મી. લંબાઈ ૨૫થી ૨૭ સે.મી. પહોળાઈનું છે. અત્રેથી માટીના નમૂનારૂપે મુદ્રાંકો, શંખો, ઓજારો પ્રાપ્ત થયેલા છે. અત્રે ભૂકંપ આવ્યાના અણસારો મળે છે.

ધોળાવીરામાં કોળી સમાજની વસતિ વધારે છે. વુડ ફોસિલ પાર્ક ૮ કિ.મી.ના અંતરે આવેલ છે. **બોર્ડર એરિયા ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ ધોળાવીરાને 'સ્માર્ટ વિલેજ' જાહેર કરાયું છે.** આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા દ્વારા સાઇટમાંથી મળેલી ચીજવસ્તુઓનું મ્યુઝિયમ બનાવાયું છે. મ્યુઝિયમની ભાવિ વિસ્તરણ સ્થિતિ માટે દસ એકર જમીન ફાળવવામાં આવી છે. હાલે જે વસ્તુઓ દિલ્હી લઇ જવાયેલ છે તે મોટા કદનું મ્યુઝિયમ બની જતાં ત્યાંથી અહીં લાવવામાં આવશે. **હાલે વર્ષભરમાં એકથી દોઢ લાખ પર્યટકો અત્રે આવે છે.** આંતરરાષ્ટ્રીય પર્યટન ક્ષેત્ર થતાં પ્રવાસીઓનો ધસારો થશે.

**કેન્દ્ર સરકારના ટુરિઝમ ડિપાર્ટમેન્ટ દ્વારા ધોળાવીરાને આઇકોનિક પ્લેસ જાહેર કરાયું છે.** તે ડિપાર્ટમેન્ટની કમિટીએ કેટલીક ભલામણો કરી છે. ધોળાવીરાથી થોડે દૂર આવેલું સારણ ઝરાને વિકસાવવું. ભચાઉ તાલુકાના ભરૂડિયામાંથી પાણી લાવવું. ધોળાવીરામાં વીજળી માટેનું સબ સ્ટેશન ૩૪ કિ.મી. દૂર છે. તેથી ૬૬ કે.વી. સબ સ્ટેશન હોવું આવશ્યક છે. ફ્લેમિંગો લેક વિકસાવવું. તળાવમાં ખાસ લાઇટ એન્ડ સાઉન્ડ શો, ગાર્ડન, સાંસ્કૃતિક ટેબ્લો મૂકવા, કચ્છી કળાના કારીગરોને રોજગારી અપાવવા લાઇવ શોપ ઊભી કરવી, અત્રેના તળાવને આર.સી.સી. વોલથી મઢી, તેમાં નર્મદાના નીર ભરવા, ધોળાવીરા જંકશનથી ફોસિલ્સ પાર્ક, ભાંજડા સફેદ રણ સુધીનો રસ્તો પહોળો કરવો.

પાણી, વીજળી, રસ્તાની સુવિધાઓ સત્વરે મળશે તો સહેજે પ્રતિવર્ષ પાંચ લાખ પ્રવાસીઓ આ સ્થળનો લાભ પ્રાપ્ત કરશે. **લખપત તાલુકાના ઘડુલીથી ઉત્તર ગુજરાતના સાંતલપુર સુધીના બનનાર રાષ્ટ્રીય ધોરીમાર્ગને કારણે** રાપરનો ફેરો બચી જશે. ધોળાવીરાથી લખપત હાલે ૪૦૦ કિ.મી.નું અંતર ૧૫૦ કિ.મી. થઈ જશે. ધોરડો ૩૦૦ કિ.મી.માંથી ૭૦ કિ.મી., ભુજનું ૨૨૫ કિ.મી.નું અંતર ૧૨૦ કિ.મી. થઇ જશે. અમદાવાદ પહોંચવામાં પણ ૧૦૦ કિ.મી.નો ઘટાડો થશે. ■



કચ્છ

# 'ગોબર ક્રાફ્ટ' : સો ટકા સ્વદેશી અને સાવ દેશી કળા



ડૉ. પૂર્વી ગોસ્વામી

સ્વાસ્થ્યની સર્જાયેલી મુશ્કેલીઓના પરિણામે લોકો વિદેશીને બદલે દેશી બનાવટના ઉપયોગ તરફ પાછા વળ્યા છે. આપણાં શાસ્ત્રોમાં ગાયના ગોબરને પવિત્ર માનવામાં આવ્યું છે. સાથે તેના ઘણા ફાયદાઓ પણ છે. તેના આ ફાયદાઓને ધ્યાને લઈને લોકો તેમાંથી અવનવી વસ્તુઓ બનાવવાની અનોખી કળા વિકસાવી છે જેને 'ગોબર ક્રાફ્ટ' તરીકે ઓળખવામાં આવે છે. ગોબર ક્રાફ્ટના કારીગરોએ આ માટેની ખાસ તાલીમ મેળવીને રોજગાર ક્ષેત્રમાં નવા આયામો ખડા કરી દીધા છે. ગાયનાં ગોબરમાંતી અવનવી વસ્તુઓ બનાવવામાં આવે છે, જે સ્વાસ્થ્યની રીતે, ધાર્મિક પૂજાપાઠમાં, ખેતીવાડી કે ગૃહ સુશોભનમાં ઉપયોગી છે.

ગત વર્ષે કચ્છમાંથી પાંચ લાખ દીવડા અને સાત હજાર જેટલી રાખડીઓ બનાવવામાં આવી હતી. ચાલુ વર્ષે રક્ષાબંધન સુધીમાં દસ હજાર રાખડી બનાવાઈ અને દિવાળી સુધીમાં અગિયાર લાખ દીવડા બનાવવાનો ઓર્ડર પૂરો કરવાનો સમય ઉપજ્યો હતો. સીઝન ઉપર કારીગરોને ૧૫-૧૭ કલાક સુધી સતત કામ કરવાની નોબત આવતી હોય છે, છતાંય લાખોના ઓર્ડર કેન્સલ કરી દેવા પડતા હોય છે. આ સિવાય ગોબરમાંથી અન્ય ૨૫થી ૩૦ પ્રકારની વસ્તુઓ જેવી કે ધૂપ - અગરબત્તી, વૉલપીસ, મૂર્તિ, મોબાઇલ સ્ટેન્ડ વગેરે બનાવીને બજારમાં વેચવામાં આવે છે.

કચ્છના અંજાર તાલુકાના નાગલપર ગામે 'નીલકંઠ ગૌવિજ્ઞાન કેન્દ્ર' ચાલે છે, જેને મેઘજીભાઈ હિરાણી સંભાળે છે તથા કુકમા ગામે 'રામકૃષ્ણ સેવા ટ્રસ્ટ' ચાલે છે, જેને મનોજભાઈ સોલંકી સંભાળે છે. રાષ્ટ્રીય ભાવનાના પ્રખર હિમાયતી મેઘજીભાઈ અને મનોજભાઈ જેવા અનેક સેવાબંધુઓ કચ્છમાં સ્વદેશી ઉત્પાદન, સજીવ ખેતીને પ્રોત્સાહન આપવા કાર્યરત છે. ઓર્ગેનિક પ્રોડક્શનનો હેતુ એટલો જ છે કે જનજીવનમાં હકારાત્મક ઉર્જાનો સંચાર થાય. 'નીલકંઠ ગૌવિજ્ઞાન કેન્દ્ર' સૌથી વધારે પ્રખ્યાત ગોબર ક્રાફ્ટ માટે છે. આ કેન્દ્રમાં કુલ ૨૫થી વધુ સ્વયંસેવકો સવારે ૫ થી રાતે ૧૧ વાગ્યા સુધી કામ કરવા આવે છે. જેમાં ૨૦ જેટલી બહેનો છે, જેમણે ઉચ્ચ શિક્ષણ પૂરું કર્યું છે, છતાંય ગોબર ક્રાફ્ટનાં ક્ષેત્રમાં તેઓ ૧૨થી ૧૬ હજાર રૂપિયાની કમાણી મહિને કરી લે છે. ઘણી બહેનોના ઘર આ કમાણીમાંથી જ ચાલે છે.

આ કેન્દ્ર દ્વારા ગોબરમાંથી વિવિધ વસ્તુઓ બનાવવા માટે ગોબર ક્રાફ્ટની તાલીમ પણ આપવામાં આવે છે અને છેલ્લા ત્રણ વર્ષમાં ૨૦૦થી વધુ મહિલાઓએ આ તાલીમ પૂર્ણ કરી લીધી છે. ગુજરાતના વિવિધ પ્રદેશોમાંથી આવીને આ મહિલાઓએ તાલીમ મેળવી લીધા બાદ 'ગોબર ક્રાફ્ટ મેકિંગ'નો સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યો છે. જે પૈકી અમુક બહેનોનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા દસ લાખથી વધુ છે.

- તેના એક તાલીમાર્થી ડીસાના આરતીબહેન, કે જેમની પાસે પહેલા એક-બે ગાય હતી, આજે તેમણે ૫૦ જેટલી ગાયો ખરીદી લીધી છે અને પશુપાલન સાથે ગોબર ક્રાફ્ટનાં માહેર કારીગર બની ગયા છે.
- બીજી એક અંજાર, કચ્છની દીકરી આશા સોરઠિયા પહેલાં મલ્ટિ નેશનલ કંપનીમાં નોકરી કરતી હતી. લોકડાઉનમાં નોકરી છૂટી ત્યારથી ગોબર ક્રાફ્ટની તાલીમ મેળવી અને આજે માસિક ૧૫ હજાર જેટલું કમાઈ લે છે.
- દિપીકા, મેઘજીભાઈ હીરાણીની દીકરી છે. તે કહે છે, 'આજનાં યુવાઓને ગોબરમાં હાથ નાખવો પસંદ નથી. પરંતુ આજ ગોબરના વિશિષ્ટ ગુણો સાથે 'ગોલ્ડ' ખરીદી શકાય તેટલી કમાણીની શક્યતાઓ ઊભી થઈ છે. મહત્ત્વની વાત તો એ છે કે કોરોના વાઇરસ પણ કર્મની કઠિણાઈ વધારી શક્યો નથી, બલકે મહિલાઓને ઘરબેઠાં કમાણી કરવા સક્ષમ બનાવી દીધી છે.

*ગિરીરાજ એન્ટરપ્રાઇઝ, ન્યુ સ્ટેશન રોડ, ભુજ, કચ્છ - ૩૭૦ ૦૦૧. ● મો. ૯૮૨૫૭ ૯૨૦૪૮*

*ગામડામાં યોજાતા લગ્નના જમણવારમાં માણસ જમીને બહાર નીકળે છે ત્યારે એને મળનાર એક પ્રશ્ન પૂછે છે : 'જમવામાં શું હતું?'*

*શહેરમાં યોજાતા લગ્નના જમણવારમાં જમીને માણસ બહાર નીકળે છે ત્યારે એને પહેલો પ્રશ્ન આ પૂછાય છે : 'ડિશ કેટલાની હતી?'*

*આને કહેવાય વિકાસયુગ!*

કચ્છ

# ‘કચ્છી ભાષા’ને ભારતના બંધારણમાં વૈકલ્પિક ભાષા તરીકે સમાવેશ કરવાનો હેતુ



મહેન્દ્ર સાકરચંદ દોશી

ભારતના સંવિધાનના ૮મા ખંડના આર્ટિકલ ૩૪૩(૧) અને ૩૫૧ હેઠળ ભારતના દરેક નાગરિકને ભાષાની પસંદગી કરવાનો અને તેનો ઉપયોગ કરવા માટે અબાધિત હક્કની જોગવાઈ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ભારતના નાગરિકને Right to Education ની ધારા હેઠળ પોતાની માતૃભાષા કે સ્થાનિક ભાષા (mother tongue & native language)માં પ્રાથમિક શિક્ષણ મેળવવા માટેના હક્કની બંધારણમાં જોગવાઈ કરવામાં આવેલ છે. ભારત સ્વતંત્ર થયાને ૭૫ વર્ષ (અમૃત મહોત્સવ) બાદ પણ ગુજરાત રાજ્યના સૌથી મોટા વિસ્તાર ધરાવતો કચ્છ પ્રદેશ (વિસ્તાર)ના નાગરિકો આ બંને ધારા હેઠળ આપવામાં આવેલ બંધારણીય હક્કથી વંચિત છે. ભારત સ્વતંત્ર થયા બાદ ૧૯૬૧માં ગુજરાત રાજ્યની અલગ સ્થાપના થતાં સૌરાષ્ટ્ર અને કચ્છનો વિસ્તાર ગુજરાત રાજ્યમાં સમાવેશ કરવામાં આવેલ અને ભારતના બંધારણની કલમ-૩૪૩(૧) હેઠળ ઓફિશિયલ લેંગ્વેજ તરીકે ગુજરાતી ભાષાને માન્યતા આપવામાં આવેલ. આથી ગુજરાત રાજ્યની વહીવટી અને શિક્ષણની ભાષા તરીકે ગુજરાતીને માન્ય ભાષા - માતૃભાષા (mother tongue & standard language) તરીકે ઓથોરાઇઝ્ડ કરવામાં આવી. પરંતુ કચ્છ વિસ્તારના ભાષાના ભાષકો આ ધારા ૩૪૩(૧)નાં અમલીકરણને કારણે માતૃભાષા અને માતૃભાષાના માધ્યમ દ્વારા (mother tongue & native language) પ્રાથમિક શિક્ષણ મેળવવાના લાભથી વંચિત છે. કારણકે ગુજરાત રાજ્યની ઓફિશિયલ લેંગ્વેજ ગુજરાતી ભાષા, જે વહીવટી અને શિક્ષણકાર્ય માટે માન્ય ભાષા હોવાથી ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ગુજરાતી ભાષામાં અપાઈ રહ્યું છે. આથી કચ્છ વિસ્તારના દ્વૈભાષિક બાળકોને સીધું ગુજરાતી ભાષામાં પ્રાથમિક શિક્ષણ લેવાની ફરજ પડે છે. પરિણામે પ્રાથમિક શિક્ષણ લેવામાં બાળકોને મુશ્કેલી પડે છે, શિક્ષણ લેવામાં રૂચિ થતી નથી. અલબત્ત, પ્રાથમિક શિક્ષણમાં બાળકોને પડતી મુશ્કેલી એ સાર્વત્રિક સમસ્યા તરીકે સામે આવી છે અને આ સમસ્યાના નિરાકરણ માટે ભારત સરકારે ડૉ. યશપાલ કમિટીની વર્ષ ૨૦૦૫માં નિમણૂંક કરેલ હતી. આ કમિટીએ પ્રાથમિક શિક્ષણ લેવામાં બાળકોને પડતી મુશ્કેલીઓનું મુખ્ય કારણ પ્રાથમિક શિક્ષણ બાળકોને માતૃભાષાના માધ્યમ દ્વારા અપાઈ રહ્યું નથી, એવું જણાવ્યું છે. જેને ધ્યાનમાં લઈને આ કમિટીએ પ્રાથમિક શિક્ષણ બાળકોની માતૃભાષા અથવા તો સ્થાનિક ભાષામાં અપાય તે માટેની ભલામણ કરેલ હતી.

તાજેતરમાં ભારત સરકારે નવી શિક્ષણ નીતિ સમયાંતરે ભાષા વિજ્ઞાનીઓ અને ભાષા શાસ્ત્રીઓના અભ્યાસના કારણે શિક્ષણ અને શિક્ષણ પદ્ધતિમાં બદલાતા મૂલ્યોને ધ્યાનમાં લઈને ભારત સરકારે નવી શિક્ષણ નીતિમાં પ્રાથમિક શિક્ષણ માતૃભાષાના માધ્યમ દ્વારા આપવા માટેનો અભિગમ અપનાવેલ છે. આ નવી નીતિના અમલીકરણથી કચ્છીને જો વૈકલ્પિક ભાષા તરીકે ભારતના બંધારણમાં સમાવેશ કરવામાં નહીં આવે તો કચ્છ પ્રદેશના દ્વૈભાષિક બાળકો માતૃભાષાના માધ્યમ દ્વારા શિક્ષણ લેવાના લાભથી વંચિત રહી જશે.

ગુજરાત સરકાર પણ શિક્ષણ અને શિક્ષણના માધ્યમના બદલાતા અભિગમને આવકાર્યા છે. યુનેસ્કો ૧૯૬૧ પ્રાથમિક શિક્ષણમાં દ્વૈભાષિક બાળકોને પડતી મુશ્કેલીના નિવારણ માટે પ્રાથમિક શિક્ષણ દ્વૈભાષિક પદ્ધતિથી આપવા અંગેની હિમાયત કરેલ હતી. આનો સ્વીકાર ગુજરાત રાજ્યે પણ કરેલ અને પ્રાથમિક ધોરણના ગુજરાતી માધ્યમના પાઠ્ય પુસ્તકોનું ભીલી અને ડાંગી વિસ્તારના પ્રાથમિક શિક્ષણ લેતા બાળકો માટે સમાંતર પાઠ્યપુસ્તક ૧૯૯૬માં ગુજરાત સરકાર સંચાલિત પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ હતા, પણ અકારણ તેનો અમલ થઈ શકેલ નહીં.

અર્વાચીન સમયમાં ભાષામાં ગ્લોબલાઈઝેશન આવવાથી વિશ્વની કેટલીક ભાષા લુપ્ત થવાની પ્રક્રિયા થતી હોવાની સંભાવનાનો ભય ભાષા વિજ્ઞાનીઓએ વ્યક્ત કરેલ છે. જેના કારણોમાં દ્વિભાષીયતા અને બહુભાષીયતાનું આક્રમણ (Bilingual and Multilingual) અને તેના પ્રભાવના કારણે સ્થાનિક ભાષાનો અલ્પ પ્રમાણમાં દૈનિક વપરાશ – આ બંને સંભવિત કારણો કચ્છીને પણ અસરકર્તા છે. કચ્છીની સંસ્કૃતિ અને તેના વિકાસ માટે વપરાતી કચ્છીને જીવંત રાખવા ટકાવી રાખવા માટે તેનો બહોળો ઉપયોગ થશે નહીં તો ભાષા વિજ્ઞાનીઓએ દર્શાવેલ ભય સંભવિત કચ્છીને પ્રભાવિત કરી શકે. આથી કચ્છીને લુપ્ત થવાની સંભાવના નિવારણ કરવા માટે બંધારણના આર્ટીકલ ૩૫૧ હેઠળની જોગવાઈના લાભ મળે તો જ કચ્છી લાંબા સમય સુધી ટકી શકશે.

***મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧***

ચિંતન

# સુખ વિશેનું સાદું સત્ય



ડૉ. કાલિંદી પરીખ

સુખ તો પતંગિયા જેવું છે. જો તમે પાછળ પડશો તો એ ઊડી જશે, પણ તમે તેને ભૂલી જશો તો હળવેથી તમારા ખભા પર બેસી જશે.

જો તમે રાહ જોશો તો તમે સુખ અચૂક ગુમાવશો. ડેનિસ પ્રેગરના સુખ વિશેના પ્રવચનને સાંભળ્યા બાદ એક મહિલા ઊભી થઈ અને તેણે કહ્યું : ''મારા પતિ પણ આવ્યા હોત તો કેટલું સારું થાત.''

તે મહિલા તેના પતિને ખૂબ જ ચાહતી હતી. થોડી જ ક્ષણોમાં તેના ચિત્તમાં અચાનક જ પ્રકાશ થયો કે પતિ દુઃખી અને ઉદાસ રહેતો હોય ત્યારે તેની સાથેના લગ્ન જીવનને ટકાવવા માટેનું કાર્ય કેટલું કઠિન છે! તેને સુખી કરવામાં જ પોતાનું અને લગ્ન જીવનનું પણ સુખ રહેલું છે. આમ, સુખ પામવાનો સીધો માર્ગ તો એ જ છે કે આપણા પોતાના હોય તેને સુખી કરવા અને વ્યાપક અર્થમાં કોઈપણ અન્યના દુઃખ દૂર કરવામાં આપણા પોતાના સુખની પણ ચાવી રહેલી છે. ડેનિસે તેને સમજાવ્યું કે **આપણામાંની પ્રત્યેક વ્યક્તિનું સુખ તેના જીવનસાથી, બાળકો કે પરિવારના સુખ પર નિર્ભર હોય છે.** આ વાત ગળે ઊતરે તો જેનાં માતા-પિતા એકબીજાને દુઃખી કરતા હોય, તેના સંતાનોને પૂછો કે આવા મા-બાપ સાથે રહીને મોટા થવાનું તેને ગમે છે ખરું? અથવા જેમના સંતાન પોતાના વર્તનથી મા-બાપને પીડા જ આપતા હોય તેવા માતા-પિતાને પૂછો કે તેમની વ્યથા કેટલી ઊંડી છે!

બધા કિશોરોની માફક ડેનિસ પણ મોજમજામાં અને મસ્તીમાં રચ્યોપચ્યો રહેતો હતો છતાં તે સંપૂર્ણ સુખી ન હતો. એક દિવસ તેને ખ્યાલ આવ્યો કે **કશા પ્રયત્ન વગર આળસુની માફક બેઠા રહેવાથી, નાહિંમત અને કાયર બનીને જીવવાથી તો દુઃખ જ પ્રાપ્ત થાય છે.** આપણે એમ માનતા હોઈએ છીએ કે જીવનમાં જે કંઈ ઘટનાઓ બને છે, તે આપણા હાથમાં નથી હોતી. એમ સુખ પણ આપણા હાથમાં નથી હોતું. પરંતુ સાચી વાત આથી ઊલટી જ છે. સુખ આપણા જ હાથમાં છે. તે એક એવું યુદ્ધ છે, જે લડી લેવાનું હોય છે અને તેમાં રાહ જોઈને બેસી રહેવાનું હોતું નથી.

સુખી જીવન પ્રાપ્ત કરવા જે કંઈ મુશ્કેલીઓ કે મુસીબતો આવે તેને પાર કરી જ જવી જોઈએ. જેમાંની ત્રણ મુસીબતો ડેનિસના મત મુજબ આ પ્રમાણે છે :

**૧. અન્ય સાથેની સરખામણી :**

આપણને આપણાથી વધારે સુખી લાગતી હોય તેવી વ્યક્તિઓ સાથે સરખામણી કરવાની આદત હોય છે. એક વખત હું એક એવા યુવાનને મળ્યો જેની સફળતા અને સુખ જોઈને હું તેનાથી પ્રભાવિત થઈ ગયેલો. તેણે તેની સુંદર પત્ની અને પુત્રીઓ વિશે વાત કરી. તેઓ તેને કેટલું બધું ચાહે છે. એટલું જ નહીં, તેના પોતાના જ શહેરમાં રેડિયો પર એક કાર્યક્રમ રજૂ કરવાનો પણ તેને મોકો મળ્યો હતો. મને તો ત્યારે એમ જ થયેલું કે તે એક ખરેખર સુખી માણસ છે. આવું નસીબ તો બહુ ઓછા લોકોને મળે છે. વાતવાતમાં અમે ઈન્ટરનેટ વિશે ચર્ચા કરવા લાગ્યા. તેણે કહ્યું, 'અરે, ઈન્ટરનેટ તો મારા માટે ખરેખર આશીર્વાદરૂપ છે. તેના પર મને એક અતિ પીડાદાયક અને જીવલેણ બીમારી વિશે વૈજ્ઞાનિક માહિતી મળે છે અને મારી પત્ની તેની બીમારીનો ભોગ બની છે.

ઓહ! મારી નજરમાં જે સૌથી વધુ સુખી હતો, તે વાસ્તવમાં કેટલો દુઃખી હતો!

**૨. આદર્શ સુખી જીવન વિશેની કલ્પનાઓ :**

આપણામાંના મોટાભાગનાને જિંદગી વિશેની અમુક કલ્પનાઓ અને આદર્શો હોય છે જ્યારે તેમનામાંથી કોઈકને જ તે આદર્શ સુધી પહોંચવાની અનુકૂળતા હોય છે. મારું પોતાનું ઉદાહરણ આપું તો મારા કુટુંબમાં ક્યારેય કોઈના લગ્નવિચ્છેદ થયા નહોતા. હું માનતો હતો કે લગ્ન જીવનભર હોય છે. આથી જ્યારે લગ્નના પાંચ વર્ષ પછી અને ત્રણ વર્ષના એક સંતાન પછી મારા જ્યારે લગ્નવિચ્છેદ થયા ત્યારે હું અપરાધબોધથી ભાંગી પડ્યો હતો.

થોડા સમય પછી મેં ફરી લગ્ન કર્યા અને તેણે વર્તમાનને માણવાનું કહ્યું અને મેં તેમ જ કર્યું. આથી ધીરે ધીરે મારી અપરાધબોધની કાલ્પનિક પીડાઓથી હું મુક્ત થઈ ગયો.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૪ ઉપર)

ચિંતન

# મન વશ કરીને જોતાં....



ડૉ. ભાવેશ જેતપરિયા

પિંડ સાથે, પિંડમાં અને પિંડને વળગીને બેઠું છે તે મન છે. મનને વળગીને બેઠું છે તે પિંડ છે. **ઘણીવાર આપણે મન-વચન-કર્મ બોલી નાખીએ છીએ. એ વિશે બહુ ઓછું સમજીએ છીએ** અને કર્મ મનને આધીન બની જાય છે. મન બહુ શક્તિશાળી છે. પિંડધારીઓમાં મન મહત્ત્વનું કેન્દ્ર છે.

'મન'ને ચિત્ત કે અંતઃકરણ પણ કહેવામાં આવે છે. પ્રકૃતિનાં ચોવીસ તત્ત્વોમાં સૌથી વધુ સૂક્ષ્મ અને આત્માની – પુરૂષની નજીકનું તત્ત્વ છે. એ જડ અને ચૈતન્ય બંને ગુણધર્મો ધરાવે છે. પુરુષ અને પ્રકૃતિની મધ્ય કડી મન છે. **માનવ પિંડમાં આત્મા પછીનું સૌથી સૂક્ષ્મ અને સૌથી પ્રવૃત્ત આ મન છે.**

મન એ માનવ પિંડ અને તેના વ્યવહારનું નિયંત્રણ કરનારું તત્ત્વ છે. મન મહાશક્તિનું કેન્દ્ર છે. તેનો સ્વભાવ એવો છે કે એ જે તરફ વળે એ તરફ સિધ્ધિને પામે છે. સારાં-ખરાબ કર્મોનું એ ભાગી છે એટલે બંધન અને મોક્ષનું કારણ છે. એટલે **'મનકે જીતે જીત મનકે હારે હાર'** એવું કહેવાય છે.

ભગવદ્ ગીતામાં કહ્યું છે કે વિકારો મનનાં આશ્રય સ્થાન છે. શરીરથી ઇન્દ્રિયો પર છે, ઇન્દ્રિયોથી મન પર છે અને બુદ્ધિથી જે પર છે તે આત્મા છે. સાધકો માટે વાસના પર વિજય મેળવવો કઠિન લાગે છે. તપસ્વીઓના તપ ભંગ કરનાર, એને ચલિત કરનારા આ કામઘેલું મન છે. મન કંઇક મેળવવા માટે દોડે છે. એ યોગ્ય દિશાએ ન વળે તો મહાન તપસ્વી પણ ગોથું ખાઇ જાય છે. એ ભોગી બની જાય છે, માયાનો રોગી બની જાય છે. તેની સ્થિરતા ધ્રુજવા લાગે છે.

મન સંકલ્પ-વિકલ્પ કરનારું છે. એ જ એનું કાર્ય છે. **જ્ઞાન અને કર્મની પ્રક્રિયામાં મનનો સહયોગ હોય છે.** મન ઇન્દ્રિયોને વશવર્તીને ચાલે છે. એટલે યોગમાં ઇન્દ્રિય સંયમ પર ભાર મૂકવામાં આવ્યો છે. આમ તો મન પણ એક ઇન્દ્રિય જ છે. એ અનિત્ય છે અને પ્રકૃતિનો એક ભાગ છે. મન જડ છે એટલે તે ચૈતન્ય નથી. એ ક્રિયાયુક્ત તરલ દ્રવ્ય છે. એની ગતિ પ્રબળ છે. એટલે તો ઝડપી હોય તેને 'મનવેગી'ની ઉપમા આપવામાં આવે છે. મન ગમે ત્યારે ગમે ત્યાં જઈ શકે છે.

સાંખ્યયોગ પ્રમાણે મન, બુદ્ધિ અને અહંકાર એ અંતઃકરણમાં સમાવિષ્ટ છે. ઇન્દ્રિયો બાહ્ય કારણ છે, જ્ઞાનેન્દ્રિયનું કાર્ય પર્યેષણ – વિવેચન છે. મનનું કાર્ય સંકલ્પ છે. અહંકારનું કાર્ય 'હું'કાર કેન્દ્રી છે. બુદ્ધિનું કાર્ય અધ્યવસાયી છે. **મનને વશ કરવામાં આવે તો બધી જંજાળ મટી જાય છે. મન માયામાં ભટક્યા કરે છે. ભટકવું એનો સ્વભાવ છે.** એટલે તેને માંકડાની ઉપમા આપવામાં આવે છે. મનને મનાવવું અઘરું છે. ભોજા ભગત અને છોટમ એટલે કહે છે :

***'મન કહ્યું નથી માનતું, જોર કરે રે જંજાળ.'***

***– ભોજા ભગત***

***'મનુવો મુસાફર રે, ફરે બહુ મારગે, ઠરી બેસે નહીં પોતાને ઠામ.'***

***– છોટમ***

'મમત્વ મરતું નથી', 'મમતા મરતી નથી', 'મનનું ભટકણું બંધ થતું નથી', 'મન જંપતું નથી' એવું લૌકિક માણસો પાસે આપણે સાંભળીએ છીએ. મનની સ્થિરતા કરવા માટે સંતો સરળ રસ્તો બતાવે છે. મનને ક્યાંક લગાડી દેવું જોઈએ. મનને અજપાજાપમાં, અનાહત નાદમાં, બીજમંત્રમાં સ્થિર કરવાનું સંતો કહે છે. એ રીતે મનને વાળવાનું, વૃત્તિમાંથી મુક્ત કરવાનું અથવા મારવાનું કહે છે. ભાણસાહેબ, જીવા ભગત, જેઠીરામ અને દેવા સાહેબની વાણીને અહિંયા યાદ કરવા જેવી છે :

***'મન કર હરિજન સાથે પ્રીત, તેણે થાશે તારી જીત.'***

***– દેવા સાહેબ***

***'મન તું રામ ભજ લે રાણા, તારે ગુણ ગોવિંદ ગાણા.'***

***– ભાણ સાહેબ***

***'મન તું કાહે કરે કલ્પના, જેઠીરામ કહે હરિહરિ જપના.'***

***– જેઠીરામ***

***'ચરખે ચિત પ્રોતી લેવા પાર પરિબ્રહ્મ ગોતી'***

***– જીવા ભગત***

મન માયામાં દોડતું રહેશે તો ફુદરડી ફેરવ્યા કરશે. **મનને વશ કરવું, મનને સવળી દિશામાં વાળવું એ જ સાધના છે.** એમાં જ જીવનું ખરું કલ્યાણ છે. એ માટે યોગીઓ યોગ તરફ વળે છે, ભક્તો ઇશ્વર તરફ વળે છે. સાકાર – મૂર્તિમાં સ્થિરતા ધારણ કરે છે. જ્ઞાનીઓ તરમતત્ત્વના રૂપને પરખીને

એ તરફ વાળે છે. એકવાર એ તરફ મક્કમતાથી વળી જાય પછી એને ડર નથી, એને કોઈ શોક નથી, એને સુખ-દુઃખમાં સમાન લાગે છે.

સંતો મન પવનને બાંધવા માટે મનને ભજનનો વેપાર કરવાનું - ભજન કરવાનું કહે છે. એ માટે ભજનને અમોઘ સાધન માને છે. જીવાત્માએ જડતા, પ્રમાદ, આળસ, નિદ્રાનો ત્યાગ, જાગરણ, સાત્ત્વિક આહાર, સત્સંગ, સંતોનો સહવાસ કરવો. એમ કરવાથી ઈન્દ્રિય સંયમ આવે છે. મન દોડતું બંધ થઈ જાય છે. મનને સાચી દિશા મળે છે. મન સ્થૂળ માયામાંથી મુક્ત થઈને ઈશ્વર સાથે સાયુજ્ય પામે છે. જીવાત્માનું ભટકણું બંધ થઈ જાય છે.

**મનનો જ્યાં અંત આવે છે ત્યાંથી સત્યનો, પ્રકાશનો, જ્ઞાનનો સત્ ધર્મનો ઉદય થાય છે.** મન છે ત્યાં સુધી જ લીલા છે. અહંકારથી જ આખું સંસારચક્ર ચાલે છે. માણસ મનોજય કરે છે ત્યારે સત્યના, અખંડ સુખના પ્રદેશમાં પ્રવેશ કરવા લાયક બને છે. વાલિયાનું વાલિયાપણું દૂર થયું ત્યારથી એ ઋત-સત્યને જાણનારો ઋષિ બન્યો. **સંતો કહે છે મનને સંયમથી બાંધો, મનને સત્સંગે સાંધો, મનને પરમ તત્ત્વ સાથે જોડો,** સૂરત-નૂરતની શેરીએ ચાલો અને આનંદ સમાધિમાં મહાલો. મનની દરેક વાત સ્વીકારવી એ પરાજય છે. મનને વશ કરવું એ જીવાત્માનો પરમ વિજય છે. એ માટે જીવાત્માએ વહેલી તકે ચેતી જવું - જાગી જવું જરૂરી છે. એટલે જ કહ્યું છે કે :

*'ઉઠ જાગ મુસાફર ભોર ભઈ, અબ રૈન કહાં તું સોવત હૈ;*
*જો સોવત હૈ વો ખોવત હૈ, જો જાગત હૈ વો પાવત હૈ.''*

*શ્રીમતી જે.એ. પટેલ મહિલા કોલેજ,*
*મોરબી.*
*મો. ૯૮૭૯૮ ૩૫૭૧૭*


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રકાશિત કરવા વિજ્ઞાપન માટે દરોની વિગત...

| ક્રમ | ટાઈટલ | કલર | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નં.-૪ | મલ્ટિ કલર | ૭,૦૦૦ | ૪,૫૦૦ | ૩,૦૦૦ | — |
| ૨. | કવર પેઈજ નં. ૨ તથા ૩ | મલ્ટિ કલર | ૬,૦૦૦ | ૩,૫૦૦ | ૨,૫૦૦ | — |
| ૩. | કવર પેઈજ ૨ તથા ૩ની સામેનું પાનું | મલ્ટિ કલર | ૫,૫૦૦ | ૩,૨૫૦ | ૨,૨૫૦ | — |
| ૪. | અંદરનું પાનું | મલ્ટિ કલર | ૫,૦૦૦ | ૩,૦૦૦ | ૨,૦૦૦ | — |
| ૫. | અંદરનું પાનું | સિંગલ કલર | ૪,૦૦૦ | ૨,૫૦૦ | ૧,૫૦૦ | — |
| ૬. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦ | ૧,૫૦૦ | ૧,૦૦૦ | — |
| ૭. | ટચુકડી જાહેર ખબર ૧ કોલમ x ૫ સે.મી. | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦ |
| ૮. | સાદા પાનાની નીચે ૧ ઈંચની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૩૫૦ |

**નોંધ** : ૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

*જરૂરી રકમ ''શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ''ના નામે મોકલાવવા વિનંતી.*
*(ઓનલાઈન / ડિજિટલ પેમેન્ટ માટેની જરૂરી વિગત અન્યત્ર આપી છે.)*

**નોંધ : જાહેરાતની સાઈઝ**

(૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી. (૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી. (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

દિવ્ય તેજ

# 'સત કેરી વાણી'નાં પદોમાં ગુરુમહિમા



ડૉ. જીજ્ઞેશ રાદડિયા

'સત કેરી વાણી' મકરંદ દવેનું અને ગુજરાતી સંત સાહિત્યક્ષેત્રે ખૂબ મહત્ત્વનું સંપાદન છે. ભારતની ભૂમિને આપણે સંતોની ભૂમિ તરીકે વર્ષોથી ઓળખતા આવ્યા છીએ. ખરેખર આપણે ત્યાં સંતો પણ એવા થયા છે કે આપણે ગૌરવ અનુભવી શકીએ. લોક સાહિત્યની સમાંતરે સંત સાહિત્ય પણ કંઠસ્થ પરંપરા પ્રમાણે પેઢી દર પેઢી આવેલું છે અને તેનો પ્રચાર-પ્રસાર આપણાં સંતો, મહંતો અને ભજનીકો દ્વારા થતો રહે છે. આજે જ્યારે આ સંત સાહિત્યનો સભાનપણે અભ્યાસ કરવામાં આવે છે ત્યારે તેનું ખરા અર્થમાં મહત્ત્વ સમજાઈ આવે છે. આ બાબતમાં સાંઈ કવિ મકરંદ દવેનું આ સંપાદન ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સંત સાહિત્યનું સ્વરૂપ એટલે કે ભજનનું સ્વરૂપ આપણે તપાસીએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે, તેમાં કેટકેટલાં પ્રકારનાં ભજનો આવે છે અને જુદા જુદા સમયે જુદા જુદા રાગમાં ગાવામાં આવે છે. આ બધી જ બાબતોનો ખ્યાલ રાખીને મકરંદ દવેએ આ સંપાદન કરી આપેલું છે. **અહીં કુલ ૧૦૬ જેટલા ભજનોનું સંપાદન કરવામાં આવેલું છે, જે આપણાં જુદા જુદા સંત કવિઓ દ્વારા રચાયેલા છે.** એ ભજનો ઘણી બધી લાક્ષણિકતા ધરાવે છે. તેમાં ખાસ કરીને ગુરુ મહિમાનું ગાન કરતાં ભજનો વિશેષ માત્રામાં મળી આવે છે. તો અહીં ખાસ કરીને 'સત કેરી વાણી'માં ગુરુ મહિમાનું ગાન કરતાં ભજનો વિશે ચર્ચા કરવાનો વિશેષ ઉપક્રમ છે.

● **'સત કેરી વાણી'ના પદોમાં ગુરુ મહિમા :**

આપણે ત્યાં આ પ્રકારના સાહિત્યમાં કે પરંપરાઓમાં મુખ્ય ત્રણ પ્રકારની પરંપરા જોવા મળી આવે છે. જેમકે –

૧. મહામાર્ગ

૨. નાથયોગ

૩. સંત પરંપરા (સગુણ-નિર્ગુણ)

આમ તો આ ત્રણેય પરંપરામાં ગુરુ મહિમા મહત્ત્વનો છે. આમ છતાં મહામાર્ગમાં જ્ઞાનના રહસ્યને પામવા માટેની ચાવી છે ગુરુમુખવાણી. તેમાં ગુરુનો અપાર મહિમા ગાવામાં આવેલો છે. નાથયોગમાં ખાસ કરીને યોગ સાધનાની વાત વિશેષ કરવામાં આવે છે. આ યોગી પરંપરામાં આપણે ત્યાં મછંદરનાથ, ગોરખનાથ, ભેરવનાથ વગેરે જોગંદરોના પડછંદા પાડતાં ગિરનારી ભજનો ગવાય છે. સંત પરંપરામાં પણ કબીર, નરસિંહ, મીરાં વગેરેએ ગુરુ મહિમાનું ગાન કરેલું જોવા મળી આવે છે. એકંદરે આ ત્રણેય પરંપરાઓમાં ગુરુ મહિમાનાં પદો આપણને પ્રાપ્ત થાય છે. આ સંપાદનનાં આધારે આપણે તેનો પરિચય મેળવીએ એટલે ખ્યાલ આવશે.

ભેરવનાથ પોતાના ભજન 'ગણપત ગાઈ લે!'માં ગુરુ મહિમા ગાતા લખે છે :

*"ગણપત ગાઈ લે, સદાય સુખ પાઈ લે,*
*ગુરુ મળ્યા છે બ્રહ્મજ્ઞાની, મારા હરિજન!*
*પીઓને પ્રેમરસ જાણી રે હો જી!" (પૃ. ૩)*

ભજનના પ્રારંભે જ પોતે કહે છે કે, મને ગુરુ મળ્યા છે બ્રહ્મજ્ઞાની માટે હવે બીજો કોઈ પણ વિચાર છોડીને તેના ચરણોમાં રહીને ઈશ્વરના ગુણગાન ગાઈ લેવાની વાત કરી આપે છે, ને આ પ્રેમરસને ઓળખીને પી જવાની વાત કરે છે.

ગોરખનાથનાં ભજનો પણ ખૂબ જ પ્રસિદ્ધ થયેલા છે. તેઓનાં પદોમાં પણ આપણને ગુરુ મહિમા જોવા મળી આવે છે. તેઓનું ખૂબ જાણીતું પદ 'એરણ-અજબ બનાયા'માં તેઓ કહે છે, –

*"એરણ અજબ બનાયા, મેરા સતગુરુ!*
*એરણ અજબ બનાયા.*
*આગ મિલાકર એરણ થાપી,*
*ઘડીઆ તાર મિલાયા રે જી,*
*નુરત સુરત કી નળિયું મિલાકે,*
*ઊલટા પવન ચલાયા. – મેરા સતગુરુ." (પૃ. ૭)*

અહીં ગોરખનાથ કહે છે કે મારા સતગુરુએ **આ ક્ષણભંગુર શરીરને પણ કાળના, ઘણના ઘા ખમી શકે એવી અદ્ભુત એરણ (હથોડી) જેવું બનાવી દીધું છે.** આગ મિલાકર, યોગાગ્નિ પ્રગટ કરીને 'ઘડિયા તાર મિલાયા', ઈડા-પિંગલા દ્વારા ચાલતા શ્વાસને સમ કરી સુષુમ્ણામાં ચલાવ્યો. આમ, સમગ્ર પદમાં તેઓએ ગુરુ મહિમાનું ગાન કરેલું આબેહૂબ રીતે જોવા મળી આવે છે.

આવી જ રીતે રવિભાણ સંપ્રદાયના મહાન સંત કવિશ્રી

ભાણસાહેબ પણ પોતાના પદોમાં ગુરુ મહિમાનું ગાન કરવાનું ચૂકતા નથી. તેઓ પોતાના પદ 'સળંગ સેરડો પાયો'માં કરે છે.

*"સતગુરુ મળિયા સ્હેજમાં, જેણે સતનો શબદ સુનાયો,*
*ચોરાસીનો રાહ ચુકાવી, અખંડ ધામ ઓળખાયો.*
*પંથ હતા સો થિયા પરિપૂરણ, નવધા નામ મિટાયો,*
*દશમ દશા આવી દિલ ભીતર, એકમેં અનેક સમાયો."*
*(પૃ. ૧૪)*

અહીં ભાણસાહેબ પદમાં ગુરુએ પોતાને કેવો રસ્તો બતાવ્યો છે તેનું મહિમાગાન કરતા કહે છે કે, સતગુરુની મને અનાયાસે પ્રાપ્તિ થઇ. તેમણે સતનામ સુણાવ્યું અને જન્મ મરણના ફેરામાંથી મુક્ત કરી મને અવિનાશી પદની ઓળખાણ કરાવી આપી છે. એના કારણે મારો માર્ગ પૂર્ણ બની ગયો, જન્મ સાર્થક થયો. નવ દ્વારને ધારણ કરતા આ શરીર તરીકેની મારી દેહબુદ્ધિ નાશ પામી. મારા હૃદયમાં દશમ દશા બ્રહ્મરંધ્ર ભેદીને આત્મસ્થ સ્થિતિ પ્રગટ થઇ અને તેથી પ્રકૃતિનાં અનેકવિધ સ્વરૂપોને એક જ આત્મ તત્ત્વમાં સમાઇ જતાં મેં અનુભવ્યા. ગીતા કહે છે તેમ : **"સર્વભૂતસ્થમાત્માનાં, સર્વભૂતાનિ ચાત્મનિઃ"** આ રીતે ભાણસાહેબે પણ પોતાના મોટાભાગનાં પદોમાં આવો ગુરુ મહિમા કરી બતાવ્યો છે.

આ ઉપરાંત આપણા ખૂબ જ જાણીતા સંત કવિ રવિ સાહેબના અહીં મકરંદ દવેએ ૨૫ જેટલાં પદોનું સંપાદન કરી આપેલું છે. તેમાં મોટાભાગનાં પદોમાં કોઈને કોઈ રૂપે ગુરુ મહિમાનું ગાન થતું આપણને જોવા મળી આવે છે. જેમકે "આનંદ ઘડી" પદમાં કહે છે :

*"પ્રેમનો પિયાલો મારા ગુરુજીએ પાયો,*
*નુરતે ને સુરતે મેં તો નીરખ્યા હરિ.*
*સત શબદ મારા ગુરુએ સુણાયો,*
*જોતાં ને જોતાં અમને વસ્તુ જડી." (પૃ. ૧૬)*

તેઓ કહે છે કે મારા ગુરુએ આ પરમ પ્રેમનો પ્યાલો મને પાયો. **મને દિવ્ય જીવનની દીક્ષા આપી અને તન્મયતાથી મેં હરિનાં દર્શન કર્યાં. મારા ગુરુએ મને સતવચન સંભળાવ્યું,** મંત્ર આપ્યો અને જોતજોતામાં મને પરમતત્ત્વની પ્રાપ્તિ થઈ. તો વળી 'પ્યાલો મેં પીધો' પદમાં પણ ગુરુ મહિમાનું ગાન કરે છે. જેમકે,

*"સતગુરુએ શ્રવણ રસ રેડીયો, ચોંટ્યો રૃદિયા માંઇ,*
*સંધે સંધે રસ સંચર્યો, ઉનમુન રહ્યો ઠેરાઇ,*
*એવી સુરતા જેવી સૂન થઈ રે,*
*ઊતરે નહીં ફરી – પ્યાલો." (પૃ. ૧૮)*

સતગુરુએ પરમ બોધનું મધુર વચન સંભળાવ્યું ને તે મારા હૃદયમાં વસી ગયું. તેનો રસ મારા શરીરના સાંધાઓમાં નવજીવન આપતો ફરી વળ્યો અને તેનો વેગ ઉન્મનાવસ્થામાં પહોંચી સ્થિર થઇને રહ્યો. મારી સુરતા શૂન્યમાં મળી ગઈ. નિરાલંબ અવસ્થાને પામી ગઈ. હવે એ પાછી નીચે નહીં ઊતરે. આવી જ રીતે 'મેરમ મળિયા'માં પણ આવી ભાવના પ્રગટ કરે છે તેમજ તેમનાં પદોનાં અન્ય કેટલાક ઉદાહરણો જોઈએ.

*"સંતો, ગુરુગમ લહે સો જ્ઞાની,*
*અંતર પ્રેમ ઉજાગર અનભે, જાકી નિહચળ બાની."*
*(પૃ. ૨૫)*

★

*"સંતો બુઝે બાવન બારા,*
*જા કે હરદે ગુરુગમ પ્રગટે, સો ખેલે ચોધારા,*
*પાંચ પચીસ પરિબ્રહ્મ સે ઊપજે, સ્યાના સમજી જાવે,*
*ચોઈ દિસે, સોઈ રમે અકેલા, આપે નાવ ચલાવે." (પૃ. ૨૭)*

*"ચરણ ગ્રહ્યાં જેણે ગુરુ સાહેબનાં,*
*ત્યાં જમડા રહ્યા હારી." (પૃ. ૩૩)*

★

*"સતગુરુ સાથે રે બાઈ, મારે પ્રીતડી રે,*
*સમજાવી સાન પૂરમ બ્રહ્મભેદ,*
*કારજ ને કારણ રે બાઈ, મારે સમ થયાં રે,*
*કીધો કાંઈ કરમ ભરમનો ઉચ્છેદ." (પૃ. ૪૦)*

આમ, આવાં અનેક પદોમાં ગુરુનો ખૂબ જ સમર્પણ ભાવથી મહિમા ગાયો છે. **જેમાં ગુરુ મળવાથી પોતાને કેવું જ્ઞાન પ્રાપ્ત થયું કે આત્માથી પરમાત્મા સાથેનો મેળાપનો રસ્તો કેવી રીતે ગુરુ દ્વારા દેખાડવામાં આવ્યો** એ સર્વે બાબતોનો મહિમા અને ગુરુ પદનો પણ વિશેષ મહિમા પોતાનાં પદોમાં ગાયેલો જોવા મળે છે. આ ઉપરાંત ભાણ સાહેબના શિષ્ય એવા ખીમસાહેબ પણ પોતાના પદ 'દરિયા ભરિયા'માં ગુરુ મહિમાગાન કરતા કહે છે કે –

*"પ્રારબ્ધ વિના તમે પાર નહી પો'ચો*
*મટ્યો ન માયલો એંકાર,*
*સતગુરુ આગળ શિશ નમાવીએ,*
*તરીને ઊતરીએ ભવ પાર." (પૃ. ૭૦)*

**આ રીતે સત્કાર્યના સંગ્રહ વિના અને પોતાના અહંકારનો નાશ કર્યા વિના તમે સંસારની પાર નહીં પહોંચી શકો. આ ભવસાગરને તરવા માટે તેઓ સતગુરુના ચરણોમાં શિશ નમાવવાની વાત કરે છે.** આ જ રીતે મોરારસાહેબ, હોથી, ત્રિકમસાહેબ અને દાસી જીવણનાં પદોમાં ગુરુનો અપાર

મહિમા વર્ણવાયો છે. દાસી જીવણ તો નારીભાવે પ્રભુ ભજન કરતા હોવાથી તેઓને દાસી કહીને બોલાવવામાં આવે છે. તેઓ પણ ગુરુનો અપાર મહિમા ગાય છે. તેમના 'અંજવાળુ' પદમાં પણ આજ ભાવ આપણે જોઈ શકીએ છીએ. જેમકે –

*"અંજવાળું હવે અંજવાળું,*
*ગુરુ, આજ તમ આવ્યે રે મારે અંજવાળું.*
*સતગુરુ શબ્દ જ્યારે શ્રવણે સુણાવ્યો,*
*ભેટ્યા ભીમ ને ભાંગ્યું ભ્રમનું તાળું." (પૃ. ૯૧)*

દાસી જીવણ કહે છે કે ભીમસાહેબ જેવા ગુરુ મળવાથી મારી સર્વ ભ્રમણાઓ નાશ પામી છે અને મને આજે આત્મદર્શનનો લહાવો મળ્યો છે. પરંતુ આ બધું એ માત્ર સતગુરુની કૃપાદષ્ટિના કારણે મળ્યું છે. એવી પ્રતીતિ તેઓ વ્યક્ત કરે છે. આમ, અહીં મકરંદ દવેએ દાસી જીવણના ૨૫ જેટલાં ભજનોનું સંપાદન કર્યું છે. તેમાં મોટાભાગનાં ભજનોમાં કોઈને કોઈ સ્વરૂપે ગુરુનું મહિમાગાન કરવામાં આવેલું જોવા મળી આવે છે.

આ ઉપરાંત અરજણ, સરવણ અને તિલકદાસનાં પદોમાં પણ ગુરુ મહિમાનું ગાન સંભળાઈ આવે છે. તિલકદાસ પોતાના પદ 'હીરો ખો મા!'માં કહે છે –

*"મોતી પડ્યાં મેદાનમાં, ઓલ્યા મૂરખ મૂલ શું કરે?*
*મળે હીરાના પારખું જો સતગુરુ સાન કરે." (પૃ. ૧૩૧)*

આ રીતે દાદા મેકરણ, દયાનંદ, ડુંગરપુરી, વિલાયત, હમીરો, કરમણ વગેરે સંત કવિઓ દ્વારા પણ આવી રીતે ગુરુ મહિમાનું ગાન થતું તેમના પદોમાં જોવા મળે છે. આ જ પ્રમાણે લખમા માળીએ તેમનાં પદ 'મેલુડી ચાદર ધોય'માં તેઓ ગુરુ મહિમાનું ગાન કરતા કહે છે :

*"ગુરુએ ખોદાવી રે વાવડી,*
*જેનાં નીર તો ગંગાજળ કોય,*
*સમજ મનવા, મેલૂડી ચાદર ધોય જી." (પૃ. ૧૮૯)*

તેઓ કહે છે કે ગુરુએ સતવચનની વાવ ખોદાવી આપી છે. તારે ક્યાંયે દૂર જવું પડે એમ નથી કે બીજું કષ્ટ ઉઠાવવું પડે એમ નથી. ગુરુએ આપેલા જ્ઞાનની ગંગા જેવા નિર્મળ નીર વડે હે મન, તું સમજી કારવીને બધી મલિનતા ધોઈ કાઢ. આમ, તેઓએ ગુરુના મહિમાનું વર્ણન કર્યું છે. આ ઉપરાંત જેમલ ભારથી, શીતળ અને મીઠો જેવા સંત કવિઓનાં પદોમાં પણ ગુરુ મહિમાનું વર્ણન થયેલું જોવા મળી આવે છે.

ઉપરોક્ત ચર્ચાના આધારે ખ્યાલ આવે છે કે, 'સત કેરી વાણી'માં સમાવિષ્ટ ૧૦૬ પદોમાંથી મોટાભાગનાં પદોમાં અલગ-અલગ સ્વરૂપે ગુરુ મહિમાનું વર્ણન થયેલું આપણે જોઈ શકીએ છીએ. મહામાર્ગ, નાથયોગ અને સંત પરંપરામાં સગુણ કે નિર્ગુણ દરેક ભક્તિધારાના સંત કવિઓએ પોતાનાં પદોમાં ગુરુ સ્થાનનો મહિમા કરેલો છે. ઉપરાંત સંત સાહિત્યનું આ એક મહત્ત્વનું લક્ષણ પણ ગણાવી શકાય તેવી બાબત છે. કારણકે, સમગ્ર રીતે જોતાં **દરેક પદનો સૂર એવો મળે છે કે ગુરુ વિના આત્માથી પરમાત્માનું મિલન થવું મુશ્કેલ છે. માટે ગુરુ ચિંધ્યા માર્ગે આગળ વધવા માટે બધા જ સંતકવિઓ તાકીદ કરે છે** અને ગુરુ હોવા ન હોવાના લાભાલાભ પણ પોતાનાં પદોમાં બતાવી આપે છે. જે ખૂબ જ મહત્ત્વની બાબત બની રહે છે. આમ, સમગ્ર રીતે જોતા 'સત કેરી વાણી'નાં પદોમાં ભરપૂર માત્રામાં ગુરુ મહિમાનાં પદો મળી આવે છે, એ આ સંપાદનની અને સંત સાહિત્યની આગવી વિશિષ્ટતા ગણાવી શકાય.

*સંદર્ભ નોંધ :*
*'સત કેરી વાણી', સં. : મકરંદ દવે, પ્ર. નવભારત સાહિત્ય મંદિર, પુનર્મુદ્રણ : ૨૦૧૨.*

***સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,***
***જાફરાબાદ, તા. જાફરાબાદ, જિ. અમરેલી-૩૬૫ ૫૪૦.***
***મો. ૮૧૪૦૨ ૯૮૬૨૧***

---

## સુખ વિશેનું સાદુ સત્ય

**(અનુસંધાન : પાના નં.– ૨૯ ઉપરથી ચાલુ)**

**૩. ખૂટતું નળિયું :**

સુખને પાછું ઠેલવાની રીત એ છે કે જે નથી એમાં જ સતત રત રહી દુઃખી થયા કરવું. આ તો એના જેવું છે કે છત પરનું એક નળિયું ખસી ગયું હોય. તેના પર જ ધ્યાન કેન્દ્રિત કરી કકળાટ કર્યા કરવો. એક વખત ગુમાવેલું નળિયું જો ફરી મળી જાય તો હું સાચે જ સુખી થઈશ? ખરેખર તો (૧) બીજું નળિયું ફરી લઈ આવવું અથવા (૨) તેને ભૂલી જવું. (૩) હજું જે નળિયાંઓ છે તેને તરફ ધ્યાન આપી આનંદ પામવો.

સુખ વિશેના ઘણાં વર્ષોના અભ્યાસ પછી ડેનિસે તારણ કાઢ્યું – **જે સરખામણી કર્યા વિના ગમે તેવી મુસીબતોમાં પણ વિધેયાત્મક અપનાવે છે તે જ સુખી છે.** માટે સુખનું સાચું રહસ્ય અને ફિલોસોફી આભારી બનવામાં છે. જ્યારે ફરિયાદો કરવાથી ગમે તેવા સુખને પણ દુઃખમાં પલટાઈ જતાં વાર નથી લાગતી. **આમ, જિંદગીને વરદાન કે શાપરૂપ બનાવવી તેનો નિર્ણય આપણા હાથમાં જ છે.**

અંતતઃ શાશ્વત સત્ય એ છે કે "આપણું અસ્તિત્વ જ કેટલું મહત્ત્વપૂર્ણ છે" આ વિચાર જ આપણને સુખની પરમ અનુભૂતિ કરાવે છે.

***૩, દેના બેન્ક સોસાયટી, અમરેલી - ૩૬૫ ૬૦૧.***
***મો. ૯૪૨૯૧ ૩૯૧૪૫***

દિવ્ય તેજ


# મંજુસરના સંતો



ગૌતમ વકાણી

ભારતીય સમાજ અને સંસ્કૃતિના ઘડતરમાં અનેક ઋષિમુનિઓ અને સંતોનો ફાળો મુખ્ય છે. **વડોદરાથી ૧૭ કિ.મી. દૂર આવેલ સાવલી તાલુકાના મંજુસર ગામમાં** દાજીરામ મહારાજ, મુગટરામ મહારાજ અને ગિરજાશંકર મહારાજ નામે ત્રણ ગૃહસ્થી મહાત્માઓ થઈ ગયા. સંવત ૧૮૮૦ના વસંત પંચમીના દિવસે એક ગરીબ બ્રાહ્મણ કુટુંબમાં દાજીરામનો જન્મ થયો હતો. વારસામાં મળેલી ખેતીની જમીનમાં ખેતીવાડી કરી ગુજરાન ચલાવતા. એક દિવસ એક અવધૂત દશાવાળા સંન્યાસી મંજુસર આવી ચડ્યા અને એમની દાજીરામ સાથેની મુલાકાત બાદ દાજીરામના જીવનમાં અનન્ય ફેરફારો થઈ ગયા. **સંતની આજ્ઞા મુજબ ગામમાં સદાવ્રત ચાલુ કર્યું. પોતે ગરીબ હોવા છતાં સદાવ્રતની કામગીરી નિર્વિઘ્ને ચાલવા લાગી. એમનું જીવન ધરમૂળથી બદલાઈ ગયું.** એમની રહેણીકરણી અલૌકિક થઇ ગઇ. પોતે આખો દિવસ ભક્તિમાં લીન રહેવા લાગ્યા. હવે તો અનેક લોકો પોતાના દુઃખ-દર્દોના માર્ગદર્શન માટે પણ આવવા લાગ્યા. પોતાની દિવ્ય વાણીથી પોતે લોકોનું કલ્યાણ કરતા રહ્યા.







દાજીરામ મહારાજના ભાણા મુગટરામ નાનપણથી જ મામાના ઘેર રહેતા અને ખેતીવાડીનું કામ મૂક સેવકની જેમ કરતા હતા. આ મુગટરામ પાછળથી અનેક લોકોના કલ્યાણના નિમિત્ત બન્યા. મુગટરામજીનો જન્મ સંવત ૧૯૩૦ની વૈશાખ સુદ પાંચમના પવિત્ર દિવસે થયો હતો. દાજીરામ મહારાજને પોતાના ભાણા પ્રત્યે વિશેષ પ્રેમભાવ રહેતો. એક દિવસ મામા દાજીરામે મુગટરામને ખેતરમાં પાણી વાળવા મોકલ્યા. સવાર થતાં પણ ભાણો પરત નહીં આવતા દાજીરામ મહારાજને ચિંતા થવા લાગી. પોતે ખેતરમાં **આવીને જુએ છે તો પાણી વાળવા માટેનો માટીનો ધોરિયો તૂટી જવાથી પાણી બહાર વહી જતું અટકાવવા મુગટરામ પોતે ધોરિયા પાસે આડા પડીને સૂતા હતા.** મહારાજશ્રી અચરજથી બોલી ઊઠ્યા — 'ઊભા થાવ ભાણાભાઈ, આ રીતે કંઈ સુવાય? બીમાર થઈ જશો.' 'મામા, મેં ખૂબ પ્રયત્નો કર્યા પણ ધોરિયો વારંવાર તૂટી જતો હતો.' મુગટરામજીએ જણાવ્યું. મહારાજશ્રી મુગટરામની સ્વામિભક્તિ જોઈને ખૂબ પ્રસન્ન થયા.

એવું કહેવાય છે કે દાજીરામ મહારાજે તેમના અંત સમયે જમણો હાથ મુગટરામજી તરફ કરી પોતાની બધી જ અલૌકિક સિદ્ધિઓ — 'ચલ જા માયા' એમ કહીને શિષ્ય મુગટરામજીને આપી હતી. મુગટરામજી ખૂબ જ ખંત અને એકાગ્રતાથી ગુરુએ ચીંધેલ માર્ગ પર પ્રભુ ભજન કરતા રહ્યા. **તેમના સમયમાં સદાવ્રતની કામગીરી ખૂબ જ વિસ્તાર પામી.** મુગટરામ મહારાજે અનેક ગાયત્રી પુરશ્ચરણો કર્યા હતા અને અનેક દેવ-દેવીઓના જપથી અનેક પ્રકારની સિદ્ધિઓ મેળવેલ હતી. એમણે અનેક હોમાત્મક યજ્ઞો પણ કર્યા હતા. સાધુ સંતો અને અનેક મુમુક્ષુઓ આત્મકલ્યાણ માટે અને દીન દુઃખિયા લોકો પોતાના દુઃખો દૂર કરવાના હેતુથી મંજુસર આવવા લાગ્યા. ગામમાં માનવ મહેરામણ ઉભરાવા લાગ્યો. અનેક માણસોની ભીડ હોવા છતાંયે દ્વાર પર આવેલા દરેકનો ઊંચ-નીચ કે ગરીબ - તવંગરનો કોઈ પણ ભેદ રાખ્યા વગર દરેકના મનનું સમાધાન કરતા. **સામા માણસના મનમાં ચાલતા વિચારો પોતે પૂછ્યા વગર જાણી**

**જતા અને ઘણી વખત સામેથી જ તેમના પ્રશ્નોનું સમાધાન કરી દેતા.** પોતે જે કંઈ કાર્ય કરતાં, એ એકતારૂપે જ કરતા અને એનો બધો શ્રેય પોતાના ગુરુને આપતા. વડોદરા અને આજુબાજુના ગામો, નડિયાદ, ભરૂચ, સુરત, વાપી, વાંસદા, મુંબઇ, કલકત્તા વગેરે સ્થળોએથી અનેક મુમુક્ષુઓ નિરંતર મંજુસરની મુલાકાત લેતા. એમના ચાહક વર્ગમાં સામાન્ય માણસોથી લઈને વેપારીઓ, દાક્તરો, સરકારી અફસરો નાના મોટા રજવાડાના રાજાઓ વગેરેનો સમાવેશ થાય છે.

મુગટરામ મહારાજ એક સિધ્ધ યોગી હતા. ઘણા મનુષ્યો તેમને સાક્ષાત ઈશ્વર જ માનતા. યોગ વિદ્યા, મંત્ર વિદ્યા, સ્વર-નાડી શાસ્ત્ર, આયુર્વેદ, જ્યોતિષ વગેરે વિદ્યાઓમાં તેઓશ્રી પારંગત હતા. ઉપર જણાવેલ વિષયોના સમર્થ વિદ્વાનો તેમની પાસે આવતા અને તેમની વાતચીત ઉપરથી સમજાતું કે પ્રભુશ્રી જે જાણતા તેની આગળ તેઓ કંઈ જ જાણતા ન હતા. જે શાસ્ત્રોમાં ન હોય તેવી પણ અનેક બાબતો તેઓશ્રી જણાવતા. બ્રહ્માંડની ભૂત, વર્તમાન અને ભવિષ્યની કોઈ પણ બાબત એમને હસ્તકમલવત રહેતી. પોતે અનંત ઐશ્વર્યના સ્વામી હતા એ બાબત જે તે વખતે તેમની સાથે રહેનારા ભક્તોએ અનેક વખત અનુભવેલી છે. **અસંભવિત કાર્યો તેમની ઇચ્છામાત્રથી સંભવિત થયેલા અનેક લોકોએ જોયેલા છે.** જે અંગેનું વર્ણન તેઓશ્રીની સાથે રહેતા વડોદરાના સ્વ. જગન્નાથ પંડિતે ‘મુકટ લીલામૃત’ નામના પુસ્તકમાં કરેલું છે. ઉપરાંત ત્રણેય મહાપુરુષોના જીવન ચરિત્રની ઝાંખી ‘મંજુસરના મહાત્માઓ’ નામના પુસ્તકમાં લેખક શ્રી પ્રવીણભાઈ શર્માએ કરાવેલી છે.

મુગટરામ મહારાજે મહા સમાધિના સમય પહેલાં પોતાના જયેષ્ઠ પુત્ર ગીરજાશંકર મહારાજને શિષ્યત્વ સોંપ્યું હતું. મુગટરામ મહારાજ ૫૦ વર્ષની વયે સંવત ૧૯૮૦ની ચૈત્ર સુદ ૧૪ના રોજ બ્રહ્મલીન થયેલ. પરંતુ તેમનો ભક્ત સમુદાય અને ભક્તોના વંશ વારસો આજે પણ તેમની ઉપર અપાર શ્રદ્ધા ધરાવે છે અને ઈશ્વરની જેમ જ પૂજે છે.

રાજયોગી ગીરજાશંકર મહારાજનો જન્મ સંવત ૧૯૫૦ના મહા સુદ એકમના રોજ થયેલ. **તેમનું સમગ્ર જીવન પણ લોકકલ્યાણ અને દીન દુ:ખિયાઓના શ્રેય અને મુમુક્ષુઓના માર્ગદર્શન માટે જ વ્યતીત થયું હતું.** એમણે મંજુસરથી ૧ કિ.મી.ના અંતરે વડોદરાના રસ્તે મુગટ નગરમાં આશ્રમ સ્થાપી, મુગટરામ મહારાજની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરેલ. ગીરજાશંકર મહારાજે તેમની જીવનલીલા સંવત ૨૦૦૭ના વૈશાખ વદ ચૌદસના રોજ સમેટી લીધા બાદ હાલ મુગટનગર આશ્રમનું સંચાલન તેમના દોહિત્રો દ્વારા કરવામાં આવે છે.

દાજીરામ મહારાજને તેમના ગુરુ ફાગણ વદ છઠ્ઠને દિવસે મળ્યા હતા. એ દિવસ ‘ગુરુ છઠ્ઠ’ના નામે આજે પણ મંજુસરમાં ધામધૂમથી ઉજવવામાં આવે છે. મંજુસર ખાતેની મુગટરામ મહારાજની રહેઠાણની જગ્યા હાલ ‘દેવના મેડા’ તરીકે ઓળખાય છે. ઉપરોક્ત મહાપુરુષોની સમાધિઓનું સ્થળ **‘તુલસી ક્યારા’** તરીકે ઓળખાય છે. મુગટનગર આશ્રમમાં તથા દેવના મેડાની જગ્યાએ દર પૂનમ, ગુરુ છઠ્ઠ, આ મહા પુરુષોની જન્મ જયંતી અને વિવિધ તહેવારોની ઉજવણી આજે પણ કરવામાં આવે છે. દર ગુરુવારે દેવના મેડે ‘ગુરુ’ની અખંડ ધૂન ગ્રામજનો દ્વારા કરવામાં આવે છે.

*૨૪, ક્રિષ્ના બંગ્લોઝ-૩, રાધેશ્યામ પાર્ટી પ્લોટ પાછળ, સાંગોળપુરા રોડ, આણંદ-૩૮૮ ૦૦૧. • મો. ૭૦૧૬૯ ૦૯૧૬૫*

## જોગીડા જંગે ચડ્યા

**(અનુસંધાન : પાના નં. – ૩૭ ઉપરથી ચાલુ)**

ગયા. પાલનપુર રાજના સરહદના કમાડ બનીને ઊભા રહી ગયા.

બીજી બાજુ પાલનપુરના નવાબની ફોજ ચડી. એમ બે મોરચે ધિંગાણું ખેલાવા લાગ્યું. અઢાર ઘંટીઓના આટા ખાનાર જોગીઓ રંગમાં આવી ગયા છે. **આ જોગીઓ અને શિરોહીના રાજપુતો વચ્ચે તેમની તલવારોનું પાણી મપાતું હતું.** જોગીઓ જીવ પર આવી રણ મેદાનને ઝઝુમતા હતા. ત્રણસો સાધુઓ છેવટે સિરોહીયા રાજપુતોની તલવારુંની ઝપટે ચડ્યા અને રણ ખેત આવ્યા... પણ શિરોહીયા રાજપુતો અને તેમની તલવારુંનું પાણી ઉતારી દેતાં શિરોહીના લશ્કરે પારોઠના ડગ ભર્યા... અને જીવ લઈ નાઠા.

દીવાન સમશેરખાને જોગીઓના જોમ થકી ત્રણસો બાવીસ ગામ દબાવ્યા. શિરોહીના રાવને સંધિ કરવાની ફરજ પડી. સામસામે જાજમો નંખાણી... શિરોહીની જાજમ પર શિરોહીના જાગીરદારો બેઠા, પણ વાછોલના સિંધી જમાદાર પાલનપુરની જાજમ પર બેઠા અને વાછોલ ગામ પણ પાલણપુરમાં ભળ્યું.

આ લડાઈમાં ગુરુ ગોપાલપુરી મા'રાજ બચી ગયા અને ત્રણસો ચેલાઓ પાલનપુરની સખાતે ચઢતાં... **ભગવા ઉપર રક્તનાં છાંટણા છાંટી વીરગતિ પામ્યાં.**

આ સાધુઓની મર્દાનગીની કદર રૂપે દીવાન સમશેરખાનજીએ રાજપુર મઠને બાર ગામની જાગીર બક્ષી. જે સને ૧૯૭૧-૭૨ સુધી રાજપુર મઠે આ જાગીર ભોગવી.

ગુરુ ગોપાલપુરી મા'રાજના તપના તેજની શાખ પૂરતી સમાધિ રાજપુર મઠમાં આવેલ છે.

*‘અરણ્યાલય’ ૦૫, ડુપ્લેક્સ, હરિનગર સોસાયટી, મુ. વાવોલ, તા. અને જિલ્લો : ગાંધીનગર. મો. ૯૪૨૮૪ ૧૭૪૦૬*

ઇતિહાસ કથા

# જોગીડા જંગે ચડ્યા



નટવર હેડાઉ 'વનવિહારી'

કંઈ કેટલીયે આસમાની સુલતાનીને ખાળતો અને ટાળતો ઉન્નત શિરે અડીખમ ઉભેલ આનર્ત પ્રદેશ, બનાસ સરિતાના સલિલે પોષાતા વિસ્તારમાં આવેલ ડીસા નગર સોંસરવા નીકળતું બનાસ નદીનું વહેણ અને તેમાં ભળે સીપું. આ બનાસ નદી મેવાડની ધરતીમાંથી નીકળી શિરોહીની ધરામાંથી પાધરી ડીસાવળના મલકમાં પ્રવેશે. આ મલક એક સરાયો... વરસાળુ મોલ પાકે. આ સિવાય વરસના આઠ મહિના બિલકુલ સૂકા ભઠ્ઠ.

આવી આ બનાસ નદીના કાંઠે વસેલું નાનકડું ગામ રાજપુર ગામ માથે ભગવી ધજાઓ ફરકે છે. એક અવિચળ પહાડની જેમ અડગ અઘોર તપમાં પોતાના ત્રણસો ચેલાઓ સાથે ઉતરી પડેલા એવા અવિચળ જોગી ગોપાલપુરી મા'રાજના તપનાં તેજ આ આખા મલકને અજવાળી રહ્યાં છે. આ અખંડ બ્રહ્મચારી ગોપાલપુરી મા'રાજે ઘણા લાંબા સમયથી અન્નનો ત્યાગ કર્યો છે અને માત્ર દૂધ પર પોતાની કાયાનું પોષણ ટકાવી રાખ્યું છે. જેના માથે ઘેઘૂર વડલાની જેમ લાંબી જટા શોભી રહી છે, કપાળમાં ત્રિપુંડ શોભી રહ્યું છે અને અલખની ધૂણી ધખાવી છે. જેનો ધુમાડો આખા મલક માથે છવાયો છે. ડીસાવાળ, ધાનેરાની ત્રીસી ચોવીસ, મલાણી આઠ એંસીયા ધણધાર માથે દીવાન સમશેરખાનની આણ પ્રવર્તી રહી છે. દીવાનને સાધુ ફકીરો પર ખૂબ શ્રદ્ધા અને પૂજ્યભાવ છે.

ગોપાલપુરી મા'રાજના તપનાં તેજનો પ્રકાશ ભાળી દીવાન સમશેરખાનજીએ એક દિવસ વિનંતીનું કહેણ મોકલ્યું. મા'રાજ એક દિ' દરબારમાં પધારો અને આપના પાવન પગલાં મારે ખોરડે પાડો.

ગોપાલપુરી મા'રાજ ધૂણી ધખાવીને બેઠા હતા. તેમણે કહ્યું, 'રાજ દરબારમાં યોગીનું શું કામ?'

છતાં કહેણ લઈ આવેલા સિપાઈઓએ દીવાનની દિલેરી અને શ્રદ્ધાની દુહાઈ દઈને કહ્યું કે દીવાન સમશેરજી પૂજ્યભાવે આપને તેડાવે છે. **ત્યારે ગોપાલપુરી મા'રાજ દીવાનનું ભાવભર્યું આમંત્રણ ઠુકરાવી ન શક્યા અને તેમના ત્રણસો ચેલાઓને લઇને પાલનપુર પધાર્યા.**

દીવાન સમશેરખાનજીએ ગુરુ ગોપાલપુરીનું સામૈયું કર્યું અને અડવાણા પગે રાજગઢીના દરવાજા સુધી લેવા આવ્યા અને રાજગઢીમાં ગોપાલપુરી મા'રાજની પાવન પધરામણી કરી. દીવાનના મનમાં તો પોતાના ઘેર ભગવાન પધાર્યા જેટલો હરખ હતો. ગોપાલપુરી મા'રાજ અને તેમના ત્રણસો ચેલાઓ માટે બત્રીસ પકવાન અને છત્રીસ ભોજન બનાવડાવ્યા. પણ ગુરુ ગોપાલપુરીએ તો આ ભોજન પકવાન લેવાની ના ભણી અને એકલું દૂધ આરોગ્યું. પણ દીવાનનું મન મા'રાજે દૂધ લેવાથી ધરાણું નંઇ. જેથી તેમણે ગોપાલપુરીને વિનંતી કરી.

'ગુરુ મા'રાજ આપની મહેમાન નવાજીથી મારું મન ધરાણું નથી. આપ મારા હાથનો કસુંબો તો લ્યો.'

ગુરુ ગોપાલપુરી અને દીવાને... દીવાન સમશેરખાનના આગ્રહથી કસુંબો પીધો. આથી દીવાનના મનમાં ટાઢક વળી. ગુરુ ગોપાલપુરી મા'રાજ પોતાના કાફલા સાથે રાજપુર પધાર્યા.

બનાસ નદીના ખળખળ વહેતાં નીરની સાથે સમય પણ પસાર થતો રહ્યો. એક દિવસ ગુરુ ગોપાલપુરીને વાવડ મળ્યા : 'શિરોહીના રાવ દળ-કટક લઈને પાલનપુર માથે ચડ્યા છે.'

સાંભળતાવેંત ગોપાલપુરી ચીપિયો પછાડતા ઊભા થઈ ગયા. તેમણે આજુબાજુ નજર નાખી અને હાક દીધી.

હીરપુરી, ધનપુરી, ગોદડપુરી થાવ સાબદા... લ્યો હથિયાર. આજ પાલનપુર માથે આફત ઉતરી છે, ને આપણે દેખી રે શું... ગુરુ ગોપાલપુરીએ પોતાના ત્રણસેં ચેલાઓને આદેશ કર્યો.

'પણ ગુરુજી આપણે કું ક્યા...? રાજા રાજા કા ફોડ લેગા...!'

**'બેટા, મૈંને પાલનપુર કે દીવાન કા પ્યાર પાયા હૈ, ઉસને જો દૂધ પીલાયા હૈ ઉસકી કિંમત ચુકાને કા વખત આયા હૈ. ઔર ઉસકે હાથસે કસુંબા પીયા હૈ,** ઉસકા બદલા ચૂકાને કા વખત આયા હૈ. સબ હથિયાર સજકે તૈયાર હો જાવ.'

ત્રણસો અખંડ બ્રહ્મચારી અઢાર ઘંટીઓના લોટ ખાનાર ચેલાઓએ ગુરુનો હુકમ માથે ચડાવ્યો... ભાલા, તલવારો, ચીપિયા અને ત્રિશુળ – જે હાથ લાગ્યું તે હથિયાર હાથમાં લીધા અને તેના પર ભગવા ચીંથરા બાંધ્યા અને ધજાઓ કરી. ચડ્યા ઘોડા અને ઊંટ માથે અને તાબડતોબ ઘોડા અને ઊંટને દોડાવ્યા. આ અલખના આરાધકોના હથિયારોએ બાંધેલ ભગવા ચીંથરા હવામાં લહેરાવા માંડ્યા. ઘોડાના ડાબલા અને ઊંટોના નાળ વાગવા લાગ્યા અને ખેપટ ઉડવા લાગી. જોગીઓ જુસ્સામાં આવી

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૬ ઉપર)

લોક સાહિત્ય

# ચારણોની આત્મબલિદાન પરંપરા : એક સાંસ્કૃતિક અભ્યાસ



ડૉ. બલરામ ચાવડા

ભારતીય સંસ્કૃતિના પ્રવાહને સમૃદ્ધ કરનાર ગુજરાતની ચારણ પરંપરાનું અપાર મહત્ત્વ છે. સાહિત્ય સર્જન અને સાહિત્ય ભાવન પરંપરાના નિર્માણમાં ભક્તિ અને શૌર્યધર્મ પરંપરાના નિર્માણમાં, નૈતિકતા, પ્રામાણિકતા અને ચારિત્ર્યશીલતાના નિર્માણમાં ચારણોનું યોગદાન અનન્ય છે. ચારણોની ધાર્મિક, સાહિત્યિક અને સામાજિક પરંપરાથી પરીચિત રાજવીઓએ પોતાના દરબારમાં ચારણોને માનભેર સ્થાન આપેલું. **શૌર્ય, ઔદાર્ય, દેશપ્રેમ, આત્માભિમાન, બલિદાન, ઇશ્વર ભક્તિ આદિ માનવ હૃદયના ઉદાત્ત ભાવોથી ભરપૂર સાહિત્ય સર્જન કરનારા ચારણો વીરત્વના સાચા પૂજારી હતા.** મધ્યકાલીન ચારણો રાજાના યાચકો નહીં પણ રાજકવિ, સલાહકાર, શિક્ષક, અભિભાવક અને અતરંગ મિત્રો હતા. આશ્રય આપનાર રાજાને બેધડક સાચું કહેવાની તેમને છૂટ હતી એનું કારણ એ પણ હતું કે યુદ્ધમાં, શિકારમાં, દરબારમાં અને તહેવારમાં ચારણદેવો પડછાયાની જેમ સાથે રહેતા હતા. એક હાથમાં કલમ અને બીજા હાથમાં કટારી રાખવાવાળા ચારણો વીરમૃત્યુનું મહાત્મ્ય સમજાતા અને સ્વયં મરવામાં જરાપણ હિચકિચાટ ન અનુભવતા.

ચારણી સાહિત્યનો મારો અભ્યાસ જેમ જેમ વધતો ગયો તેમ તેમ એની અનેક સામાજિક વિશેષતાઓનો પરિચય થતો ગયો. ચારણોની ઉજ્જવળ પરંપરા માંહેની એક સામાજિક પરંપરા જોતા ખ્યાલ આવ્યો કે દેવીપુત્રોથી ખ્યાત ચારણોની કદર કરવામાં મધ્યકાલીન રાજવીઓએ પાછી પાની નથી કરી. અનેકવિધ પૂજાના પુષ્પો ચારણોને અર્પણ કર્યા છે. સામે પક્ષે ચારણોએ પણ ધર્માર્થે અને પરમાર્થે દાન આપ્યાના અનેક ઉદાહરણો મળે છે. **રાજવીઓના જીવનમાં પ્રાણની માફક છવાઈ જનારા ચારણો સત્યની ઉપાસના ખાતર સર્વસ્વનો ત્યાગ પણ કરે છે. રાજવીઓના રોષની પરવા કર્યા વગર સત્ય સંભળાવ્યાના અનેક પ્રસંગો ચારણી સાહિત્યમાંથી સાંપડે છે.**

નિર્ભય અને ચારિત્ર્યવાન ચારણોએ અન્યાયકારી અનેક રાજવીઓને નમાવ્યા છે અથવા તો એમને જીવનનો સાચો રાહ બતાવ્યો છે. મધ્યકાલીન યુદ્ધોમાં એકેય યુદ્ધ એવું નહીં મળે કે જેમાં ચારણોએ યોદ્ધા તરીકે ભાગ લીધો ના હોય! ચારણોની આ બધી વિશેષતાઓમાં ઉડીને આંખે વળગે એવી વિશેષતા છે એમની આત્મબલિદાન વૃત્તિ. અન્યાય અને અનિષ્ટોનો પ્રતિકાર કરવા માટે એમણે 'ધરણા' અને 'ત્રાગા'નું હથિયાર અપનાવેલું. 'ધરણું' કે 'ત્રાગું' સૌ કોઇના માટે કમકમાટી પેદા કરનાર શબ્દો છે. રાજયહિત ખાતર, સમાજ ખાતર, અન્યાય સામે, પશુધન ખાતર, મિત્રધર્મ માટે અને ખુદ પોતે આચરેલા દૂષણ સામે ચારણોએ કરેલા આત્મબલિદાનના રૂંવાડા ખડા કરી દે તેવા અનેક કિસ્સાઓ મધ્યકાળના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થયા છે. અહીં આવા ભારતીય અસ્મિતાના પરિચાયક ચારણોના આત્મત્યાગ વૃત્તિના પરિચાયક પ્રસંગો રજૂ કરવાનો ઉપક્રમ છે.

**ચારણોની આત્મબલિદાન વૃત્તિને 'ધરણા' અથવા 'ત્રાગા'થી ઓળખવામાં આવે છે.** ગોંડલ રાજયના મહારાજા ભગતસિંહજી સંપાદિત 'ભગવતગોમંડળ'માં ધરણા અને ત્રાગું શબ્દોના અર્થો આ પ્રમાણે મળે છે.

**ધરણા** : (૧) લેણેદાર દેણેદારના ઘરે જઇ લાંઘવા બેસે તેવું કૃત્ય, (૨) ત્રાગું.

**ત્રાગું** : (૧) જબરદસ્તી, બળાત્કાર, (૨) ત્રાજવું, (૩) લેણેદારની આબરૂ જવાની ધાસ્તીએ દેવું આપી દે એવા હેતુથી લેણેદારને ત્યાં જઇ લાંઘવું તે. (૪) બીજાની પાસેથી પોતાને ગમતું કાર્ય કાઢી લેવાને બળ નહીં વાપરતા દયા ઉશ્કેરે અને સામાને રીણું લાગે એવું પોતે દુઃખ વેઠવું અથવા પોતાના જીવ પર જોરાવરી કરવી તે. કર માફ કરવાને કે જુલમ અટકાવવા માટે બાળકોને મારવા કે પોતે પોતાની ઉપર જબરદસ્તી કરવી તે. આગળ જુલ્મી રાજાઓના વખતમાં રાજાના જુલમ કે અન્યાય સામે ભાટ અને ઘરડાં કે છોકરાં જીવ આપતા તે ત્રાગું કહેવાતું. ભાટ લોકો ત્રાગું કરવા માટે આગળ પડતા હતા. (૫) હઠ, જીદ.

આમ જોઈએ તો 'ધરણા'નો અર્થ અન્યાય સામે 'ઉપવાસ પર ઉતરી જવું' એવો થાય છે અને ત્રાગું શબ્દનો અર્થ 'જબરદસ્તી.' હકીકતે 'ત્રાગું' શબ્દ 'ત્રાગડું' પરથી બન્યો. પહેલા વડા, પુરી વગેરે તળી કાઢવા માટે લાંબા સોયનો ઉપયોગ થતો એને ત્રાગડું કહેવામાં આવતું. ચારણો આત્મબલિદાનની એક પ્રકાર 'છોગાળા'માં પૂરી તળવા માટેનો સોયો 'ત્રાગડું' હડપચીની નીચેથી ખેંચી છેક માથા પર કાઢતા. એટલે ત્રાગું

શબ્દ સર્વ પ્રકારના આત્મબલિદાન માટે રૂઢ થયો. **હઠ અને જીદ માટે પણ 'ત્રાગું' શબ્દ વાપરવામાં આવે છે.**

'ભગવતગોમંડળ'માં 'ત્રાગું' શબ્દના અર્થો સાથે એમ પણ લખાણ મળે છે કે 'ભાટ લોકો ત્રાગું કરવામાં આગળ પડતા હતા.' અહીં ચારણ અને ભાટ જ્ઞાતિને એક માનવાની ભૂલને કારણે સંપાદકે આવું લખ્યું હશે. વાસ્તવમાં બંને જ્ઞાતિ ભિન્ન છે. ભાટ જ્ઞાતિનો મુખ્ય વ્યવસાય પ્રત્યેક જ્ઞાતિઓની વંશાવળી રાખવાનો છે, જ્યારે ચારણોનો એ વ્યવસાય સાથે કોઈ સંબંધ નથી. ખુદ ચારણોના પણ ભાટ છે. મધ્યકાળે ભાટ જ્ઞાતિના લોકોએ આત્મબલિદાન આપ્યાના પ્રસંગો મારી જાણમાં નથી. જ્યારે ચારણોના લોહીમાં જ આત્મત્યાગ વૃત્તિ છે. **ડૉ. અંબાદાન રોહડિયા** ચારણોની આત્મબલિદાન સંસ્કાર પરંપરા પર પ્રકાશ પાડતા લખે છે કે :

'ચારણોની ગળથૂથીની વિધિ – છઠ્ઠના દિવસે કંકુ, કાગળ અને કલમની સાથે કટાર પણ મૂકવામાં આવે છે, એ સૂચક છે. કેમ કે કટારી એ સૂચવે છે કે ચારણે સમય આવ્યે કટારી પરોવવાની હોય, સર્વસ્વનું બલિદાન આપવાનું હોય. આવું શિક્ષણ માતાના ધાવણની સાથે છઠ્ઠીના દિવસથી જ શરૂ થતું. આથી ચારણ સવાયો શૂરવીર બનતો.'

આ આત્મવિલોપન અનેક પ્રકારે કરવામાં આવે છે. શ્રી **ઝવેરચંદ મેઘાણી**એ 'લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય' ગ્રંથમાં ત્રાગું અથવા ધરણાના પ્રકારો આ પ્રમાણે આપ્યા છે.

**ડગલો :** તેલમાં ઝબોળેલ ડગલો પહેરીને આગ લગાડવી.

**છોગાળું :** હડપચીની નીચેથી લાંબો સોયો ઘોંચીને છેક માથા પર કાઢવો તે.

**ગળે છરો :** ગળા સોંસરવો છરો કાઢવો.

**કાંડા પર સાધારણ ઇજા :** કાંડાની ધોરી નસ કાપવી.

ધરણું અથવા ત્રાગું કરવા માટેની જગ્યાએ ચાર પ્રકારની બેઠક કરવામાં આવે છે. જેવી કે ઢોલીયો, ગાદલું, ગોદડાં અને જાજમ. સમૂહ ધરણામાં સામેલ થવા આવનાર ચારણ જો ઢોલીયે આવીને બેસે તો સમજાય છે કે એને 'ડગલો' પહેરવો છે. ગાદલા પર બેસે તો તેને 'છોગાળું' કરવાનો સંકેત માનવામાં આવે છે. ગોદડાંની બેઠક લે તો એને 'ગળે છરો' નાખવાની ઈચ્છા કહેવાય, ને જાજમ પર બેસનાર 'કાંડા પર કટાર ફેરવે.'

અહીં અન્યાય, બળજબરી સામે જામીનગીરીમાં કોઈ પણ એક પક્ષ દગો કરે ત્યારે, રાજકર્તા અનીતિ આચરે, ધર્મની પ્રતિષ્ઠા માટે, શીલના રક્ષણ અર્થે કે પ્રાણીમાત્રના જીવ બચાવવા માટે ચારણોએ આપેલા બલિદાનોના અનેક કિસ્સાઓ અને મારા અભ્યાસનો વિષય બનાવ્યા છે.

જોધપુરના મહારાજાની રાણીઓના યાત્રા પ્રવાસ દરમિયાન એમના માણસોએ એક ગામના ચારણનો બળદ પોતાના વેલડામાં બાંધી દીધેલો. એ વખતે ચારણને ખબર પડતા પાછો લઇ આવ્યો. આ વાતની ઉદયસિંહને ખબર પડતા એમણે ચારણોને આપેલા કેટલાક ગામો પાછા લીધા. નારાજ ચારણો ઉપવાસ પર બેઠા પણ મહારાજ પર આ વાતની કોઈ અસર ના થઇ. આથી આસપાસના ચારણોએ આઉઆની નદીમાં ધરણા કરવાનું નક્કી કર્યું. મુન્દીયાડના બારહઠ અખાજ, કવિ દુર્શાજી આઢા સહિત સેંકડો ચારણો ધરણામાં ઉમટ્યા. બુંગણ પથરાયું. કેટલાક ચારણોએ ડગલા પહેર્યા, કેટલાકે છોગાળું કર્યું. કેટલાકે ગળે છરા પરોવ્યા અને કેટલાકે કાંડા પર કટારો ફેરવી. **આમ અન્યાય સામે ક્યારેય ન ઝુકતા ચારણોએ સામૂહિક આત્મબલિદાનો આપી પોતાના અવાજને કાયમ માટે બુલંદ રાખ્યો.**

ચારણોની આગવી વિશેષતા એ છે કે મધ્યકાલીન રાજાશાહી વખતે પણ તેનો આવાજ કાયમ માટે આદેશાત્મક રહ્યો છે. અનિષ્ટોથી ચારેબાજુ મૂલ્યો, આદર્શો, વચન અને નીતિમત્તાને ઘેરવા પાતકોનો દાવાગ્નિ આગળ વધતો, ત્યારે તેની સામે સત્યવાણી ઉચ્ચારીને લક્ષ્મણરેખા બાંધવાનો પ્રયત્ન તો ચારણોએ જ કર્યો છે. એટલે જ માનવીય મૂલ્યોનો દીવાનો બનીને પતંગીયાની માફક બલિદાનોની લપકારા લેતી જ્વાળામાં કૂદી પડતા અચકાતો નહીં.'

રાજસ્થાનના બાડમેર જિલ્લાના તડલા ગામના રોહડિયા શાખાના ચારણોની સમૃદ્ધિ બાખાસરના ચૌહાણોને આંખના કણાની જેમ ખૂંચતી હતી. એથી કોઈપણ ભોગે ચારણોને પાયમાલ કરવાના ઉપાયો અજમાવ્યા. કેટલાકને વ્યસનની ચુંગાલમાં ફસાવ્યા, કેટલાકની જમીનો અણહક્કે પચાવી પાડી. આમાં સૌથી વધારે જોધાજી રોહાડિયાને સહન કરવાનું આવ્યું. ચૌહાણોએ કૂટનીતિથી એમના દીકરાને મરાવ્યો અને જમીન પચાવી પાડી. સમાધાનની કોઈ શક્યતા ન જણાતા પોતાના પૂર્વજોની જમીન પર પોતાનો હક્ક પ્રાપ્ત કરવા માટે જોધાજી રોહાડિયાએ ત્રાગું કરવાનો નિર્ણય કર્યો. કુટુંબીજનો અને ચૌહાણ રાજપૂતોને પોતાના નિર્ણયની જાણ કરી, માતાજીની સ્તુતિ સાથે ઉપવાસ આદર્યા. ત્રીજે દિવસે સૂર્યોદય સમયે સ્વહસ્તે અનેકને દાન કરી કેસરિયા વાઘા સજ્યા. ભેટમાં બે કટારી બાંધી. ઢોલ-શરણાઇ, ત્રાંસા સાથે બાખાસરના પાદરમાં આવ્યા. **જનમેદનીના 'હરહર મહાદેવ' અને 'જય માતાજી'ના ગગનભેદી નાદ વચ્ચે જોધાજીએ બંને હાથોમાં કટારી લઇ ગળામાં પરોવી દીધી. લોહીની ધારાઓ ફૂટી.** જોધાજીએ લોહીના ખોબા ભરી દરબારગઢમાં ચોમેર છંટકાવ કર્યો અને ચારણોના સમૂહ સમક્ષ હાથ જોડી વિદાય માંગી. જોધાજી રોહડિયા મૃત્યુને ભેટ્યા.

બળજબરી અને અન્યાયનો સામનો કરવા દેવીપુત્રોએ

ત્રાગાનું ઓજાર અપનાવેલું. વિપત્તિના સમયે જીવનને ફના કર્યાના અનેક ઉદાહરણો મળે છે. જામ રાવલના સમયમાં દેગામના જશવંત મહેડુનું અયાચી વ્રત તોડાવવા ગેડીના મેહકરણ વાઘેલાએ ક્ષત્રિયવટ મૂકી દેગામનું ધણ વાળી લીધું. આથી જશવંત મહેડુએ ધરણું કરી ગામને પાદરે પડાવ નાખ્યો. મેહકરણ વાઘેલાએ આ બાબતને કોઈ લક્ષ ન આપતાં જશવંત મહેડુએ પોતાના ઈષ્ટ દેવનું ધ્યાન ધરી પોતાનું માથું કાપી મહાદેવ શંકરને ચડાવ્યું. આવી રીતે બીજા પણ ઘણા ત્રાગા થયા.

ચારણો માટે બીજો એક શબ્દ છે **'ગઢવીર'.** એ ગઢનો 'વીર' પણ હતો અને 'શૂરવીર' પણ હતો. ગઢ – રાજ્યની આબરૂ જાળવવા અર્થે એ પ્રથમ હોમાતો. રાજા-મહારાજાનો એ અત્યંત વિશ્વાસુ સાથી હતો. એટલે તો કરારોની જામીનગીરી ચારણોની રાખવામાં આવતી. ચારણો જામીન થયા પછી કરારમાં ભંગ થતાં પ્રાણ આપ્યાના અનેક ઉદાહરણો ચારણી સાહિત્યમાંથી અને લોક સાહિત્યમાંથી આપણને સાંપડે છે. **શ્રી ઝવેરચંદ મેઘાણી નોંધે છે કે, 'ચારણ એટલે રાજ્યો રાજ્યો વચ્ચેનો સંધિ વિગ્રાહક.** પ્રાણને ભોગે પણ રાજકોલ ને રાજ રક્ષાનો હામી. કંપની સરકારના પ્રતિનિધિ વોકર સાહેબના લખાવેલા હાથ મુચરકામાં પણ રાજાઓની સારી ચાલ ચલગતના જામીનરૂપે ચારણોની કટારીનું ચિત્ર સાખ પૂરતું હજુયે અંકિત છે. સાખ જૂઠી પડે તો ચારણ કટારી પેટે નાખે.

વિક્રમ સંવત ૧૬૩૦ આસપાસ જામનગરની રાજગાદીએ બિરાજતા **જામ સતાજી** (સત્રસાલજી)ને પોતાના રાજ્યને વિસ્તારવાનો લોભ જાગ્યો પરંતુ આ માટે પોરબંદરના રાજવી જેઠવાનો **પુત્ર રામદેવજી** આમાં અડચણરૂપ હતો. વળી સંબંધમાં સગો ભાણેજ થતો હતો. સત્તા લોભી સતાજીએ સગા ભાણેજને મારવાની યોજના ઘડી. રામદેવજીનો ઘાટ ઘડવા વારંવાર જામનગર આવવા કહેણ મોકલાવ્યું પણ એ આવ્યા નહીં. સતાજીના ઘણા પ્રયત્નો નિષ્ફળ ગયા. આખરે **દસોન્દી ચારણ કાવીદાસ લાંગા**ને કહ્યું કે તમારી 'ખોળાધરી' આપી ભાણેજને તેડી આવો. **ચારણની ખોળાધરી એટલે 'વિધાતાનો લેખ.'** આથી પોરબંદરના રામીએ ચારણ કાવીદાસને ભરોસે રામદેવજીને મામાને ત્યાં મોકલ્યો. એક દિવસ રામદેવજી એકલો પડતાં સગા મોસાળિયા જામ કુટુંબે રાજલોભ ખાતર કુંવર રામદેવજીની ક્રૂર હત્યા કરી. કાવીદાસને ખબર પડતાં દરબારગઢમાં ખૂબ રોયો અને એકના એક દીકરા સહિત નાના મોટા અઢાર માણસોને સાથે લઈ વિશ્વાસઘાતથી ધ્રુજી ઉઠેલ જામનગરની ધરતી પર ત્રાગું કરવા ચાલી નીકળે છે.

કાવીદાસ લાંગાના એકના એક દીકરા જમલદાસે છાતીમાં કટાર નાખી. રૂધિરનો ધારિયો છૂટ્યો. એમાંથી ખોબા ભરીને કાવીદાસે નગરના દરબારગઢ પર છાંટ્યા. ચારણ સ્ત્રીઓએ સ્વહસ્તે પોતાના સ્તનો કાપી કાપીને નગરના ગઢની ભીંત પર ફેંક્યા. દૂધિયા દાંતવાળા બાળકોના માથા દરબારગઢની ભીંત પર શ્રીફળની માફક વધેર્યા. પછી ગાડું જોડી, એમાં કપાસિયા ભરી એમાં ઉપર ઘી રેડ્યું. એની ઉપર તેલમાં તરબોળ કરેલા કપડાં પહેરી પોતાના બાકીના પાંચ માણસો સાથે કાવીદાસ ગાડામાં બેઠા. હાથમાં માળા લઈને ગાડાને આગ લગાડી. 'હર હર'ની ધૂન બોલતાં બોલતાં આખા દરબારગઢમાં ફેરવ્યું. પાંચેય માણસોના હાથમાંની માળા ત્યારે જ નીચે પડી જ્યારે અગ્નિએ એમના હાથ નીચે પાડ્યા. આમ વિશ્વાસભંગ થતાં એક જ પરિવારના અઢાર માણસોએ સામૂહિક આત્મવિલોપન કર્યું. સમગ્ર રાજ્યમાં હાહાકાર મચી ગયો. રાજાના અફસોસનો કોઈ પાર ન રહ્યો.

હૃદયને હચમચાવી દેનારા આ બનાવ પરથી ખ્યાલ આવે છે કે ચારણોએ જેમની જામીનગીરી કરી છે એ માંહેનો કોઈ પણ એક પક્ષ દગો દે ત્યારે ચારણદેવ પોતે અથવા સમગ્ર કુટુંબ સહિત આત્મવિલોપન કરતો. સંસ્કૃતિની જાળવણી અર્થે, રાજ્ય કે રાજાના રક્ષણ અર્થે કે સ્વયંના ઘોર અપમાનના કારણે કે અન્ય વ્યક્તિઓ દ્વારા પોતાના માલ મિલ્કત પચાવી પાડવાની વૃત્તિ સામે ત્રાગાનું શસ્ત્ર અજમાવ્યાના અનેક ઉદાહરણો ચારણી સાહિત્ય અને લોક સાહિત્યમાંથી મળે છે. એ જ રીતે મારા અભ્યાસનો વિષય બનેલા આઈ નાગબાઈ, આઈ કામઆઈ, આઇ સુંદરબાઈ મિતિ અને બાવીસીની ચારણ આઈયું, લાખણસી કવિના દીકરા વજાભાઈ, કરણાભાઈ ગોલ, તુલસીશ્યામ અને આણંદપુરના ચારણોના આત્મ બલિદાનના પ્રસંગો સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં તપાસવા જેવા છે. પણ લેખની પૃષ્ઠ મર્યાદાને કારણે એની વિગતે વાત કરવાનું ટાળું છું.

*સંદર્ભ સૂચિ : (૧) ભગવતગોમંડળ (પૃ. ૪૬૫૭), (૨) ડૉ. અંબાદાન રોહડિયા, 'શબ્દોપાસના' (પૃ. ૧૪), (૩) ઝવેરચંદ મેઘાણી 'લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય' (પૃ. ૨૧૨), (૪) ડૉ. અંબાદાન રોહડિયા 'ચારણી સાહિત્ય સંદર્ભ' (પૃ. ૧૪), (૫) ઝવેરચંદ મેઘાણી 'લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય' (પૃ. ૨૧૦).*

***ડૉ. સુભાષ મહિલા કોલેજ - જૂનાગઢ***

*પાણી ફ્રિજમાં રહે છે, બરફ બની જાય છે. દૂધમાં મેળવણ પડે છે, દહીં બની જાય છે. પાણી એક જ જગાએ પડ્યું રહે છે, ખાબોચિયું બની જાય છે. કાંટો પગમાં રહી જાય છે, પગ સડી જાય છે; પરંતુ ક્રોધ મનમાં રહી જાય છે, વેર બની જાય છે અને વેર હૃદયમાં રહી જાય છે, પાપો લીલાછમ બની જાય છે!*

*કબૂલ! આ વાસ્તવિક્તા છતાં હું ક્રોધથી મુક્ત નથી બની શક્યો, પરંતુ ક્રોધનો સંગ્રહ કરવાનું તો મેં બંધ કરી જ દીધું છે!*

ગુલશન

# "દિલની જબાન"

## શબ્દોનું માઇલસ્ટોન : રમેશ પારેખ

મણકો-૧૨



ચંદ્રકાંત પટેલ 'સરલ'



કવિ રમેશ પારેખ

*માત્ર ઓલ્ડ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ અને કોલેજના પાઠ્ય પુસ્તકોમાં જેમના પાઠો ભણાવાતા હોય, એ વિરલ - ઘટના કહેવાય. આવી વિરલ ઘટના સર્જનાર વ્યક્તિ - કવિ એટલે રમેશ પારેખ.*

*કાઠિયાવાડના અમરેલી શહેરમાં ૨૭મી નવેમ્બર, ૧૯૪૦માં માતા નર્મદાબેનની કૂખે કવિનો જન્મ થયો છે. અમરેલી જિલ્લા પંચાયતમાં ક્લાર્ક તરીકેની ફરજ બજાવતાં બજાવતાં એમણે સાહિત્યની સાથે પણ ઘરોબો મજબૂત કર્યો છે.*

*અત્રે યાદ રહે કે રમેશ પારેખની સાત પેઢીમાં પણ કોઈ સાહિત્યકાર પેદા થયો હોય એ યાદ નથી. તો પછી રમેશ તેલ, પળી ને ત્રાજવું મૂકી કવિતાને રવાડે કેમ ચઢ્યો હશે? સાહિત્ય સર્જન હંમેશાં વારસામાં જ ઊતરતું હોય છે. પણ રમેશ પારેખની બાબતમાં આવું બન્યું નથી એ આશ્ચર્ય સમાન છે.*

*બીજું એ કે તત્કાલીન સમયે ધાણીફૂટ કાઠિયાવાડી ભાષા બોલતું એ શહેર સાહિત્યના વાતાવરણથી ખૂબ દૂર હતું. જિલ્લા આખામાં કોઈ ઘરમાં સાહિત્યકાર જન્મ્યો જ નહોતો!*

*આવા માહોલમાં કપોળ વણિકનો દીકરો સાહિત્ય જગતનો માઈલ સ્ટોન બની ગુજરાતને ગૌરવ અપાવે, એ નોંધનીય ઘટના નહીં તો બીજું શું? આ કવિએ લેખનની શરૂઆત વાર્તાથી કરી છે. સને ૧૯૬૨ સુધીમાં એમણે સો જેટલી વાર્તાઓ લખી, જે તમામ પ્રકાશન પામી છે.*

*રમેશ પારેખે પ્રકાશિત થયેલાં તેમનાં પુસ્તકોમાં ક્યાંય પોતાનું ઉપનામ રાખ્યું નથી. માત્ર 'રમેશ પારેખ' નામ મળે છે. પરંતુ સને ૧૯૬૦થી સને ૧૯૬૮ સુધી લખાયેલા કાવ્યોની એક કાચી નોટબુક હું જ્યારે તેમને મળવા અમરેલી ગયો ત્યારે મને બતાવી હતી. જેમાં 'યાવર' અને 'અબ્ધિ' એવા બે તખલ્લુસ પોતાના નામની પાછળ લગાડેલાં મેં સ્વયં જોયા છે. આ તખલ્લુસોનો તેમણે છેલ્લે સુધી ઉપયોગ કેમ ન કર્યો? એ પ્રશ્ન હજી મને મૂંઝવે છે.*

*આ કવિએ અત્યાર સુધીમાં ૨૫ જેટલા સાહિત્યિક પુસ્તકો સમાજને ચરણે ધર્યા છે. તેમાં 'ક્યાં', 'ખડિંગ', 'ખમ્મા આલાબાપુને', 'સનનન', 'ત્વ', 'મીરાં સામે પાર', 'વિતાનસુદ બીજ', 'છ અક્ષરનું નામ', 'છાતીમાં બારસાખ', 'લે તિમિરા! સૂર્ય', 'ચશ્માનાં કાચ પર', 'શબ્દની જાતરા શબ્દ સુધી' અને 'સ્વાગત પર્વ' આ ૧૩ કાવ્ય સંગ્રહો છે.*

*બાળકો માટેનાં પુસ્તકોમાં 'હાઉક', 'ચી', 'દરિયો ઝૂલમ ઝુલ્લા', 'ઈટા કિટ્ટા અને બુચ્ચા', 'દે તાલ્લી!', 'શાક અને શરદી', ગોર અને ચોર', અજબ ગજબનો ખજાનો', 'હરફર-લફરક' વગેરેનો સમાવેશ થાય છે.*

*રમેશ પારેખને મળેલાં ઈનામ - પારિતોષિકો તરફ જોઈએ તો તેમને કુમાર ચંદ્રક, નર્મદ સુવર્ણ ચંદ્રક, રણજિતરામ સુવર્ણ ચંદ્રક, ગીજુભાઈ બધેકા સુવર્ણ ચંદ્રક, ધનજી કાનજી સુવર્ણ ચંદ્રક, મહાકવિ નાનાલાલ ઍવોર્ડ, મહેન્દ્ર ભગત પુરસ્કાર, ગુજરાત રાજ્ય ફિલ્મ પુરસ્કાર, બાલસાહિત્ય પુરસ્કાર અને નરસિંહ મહેતા ઍવોર્ડ તથા સાહિત્ય અકાદમી દિલ્હી તરફથી પણ ઈ.સ. ૨૦૧૧નો બાલકાવ્ય - લેખન પુરસ્કાર પ્રાપ્ત થયા છે.*

*'મંગલ મંદિર'નો નવેમ્બર-૨૦૨૧નો અંક — રમેશ પારેખના ૮૧મા જન્મ દિવસે તેમની સ્મૃતિમાં તેમને ચરણે ધરતાં અમે હર્ષ અનુભવીએ છીએ. રમેશ પારેખનું ૧૭ મે, ૨૦૦૬ના રોજ અવસાન થયું ત્યારે મોરારિબાપુએ શ્રદ્ધાંજલિ પાઠવતા*

*કહ્યું હતું – 'રમેશ નામનો કોઈ માણસ પરમ તત્ત્વની કોઈ ખોજમાં નીકળ્યો હતો. તેમણે સંસારને માધ્યમ બનાવી એ તથ્યની ખોજ આરંભી હતી ને પરમ તત્ત્વને પામી ગયા પછી આ માણસે આપણને છોડીને વિદાય લીધી છે.*

*રમેશ પારેખના આ પરિચયાત્મક લેખમાં રમેશ પારેખ વિશેની કેટલીક માહિતી - અમરેલીના કોલમિસ્ટ શ્રી યોગેશભાઈ ન. ભટ્ટ તથા જામનગરના ઉત્સાહી અને જાણીતા કવિ શ્રી ભૂપેન્દ્રભાઈ શેઠ 'નીલમ' તરફથી અમને મોકલવામાં આવી છે. એ બંને સર્જકોનો પણ ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.*

*– તંત્રી મંડળ*

*તલબ ન હો તો કિસી દર સે કુછ નહીં મિલતા,*
*અગર તલબ હો તો દોનો જહાંસે મિલતા હૈ.*

*– શમીમ જયપુરી*

રમેશ પારેખને હું સારી રીતે એટલા માટે જાણું છું કે – જૂનાગઢના એક મુશાયરામાં મેં શબ્દ સાથેની તેની તલબ જોઈ હતી. આ સમયે શ્યામ સાધુ, મનોજ ખંડેરિયા, પ્રફુલ્લ નાણાવટી, અમૃત ઘાયલ વગેરેની વચ્ચે રમેશમાં કંઈક નવું લાવવાની જે તાલાવેલી! જે તલબ હતી તે સાવ અનોખી જ હતી. જો દિલમાં તલબ જાગે તો કોઈ વસ્તુ પ્રાપ્ય કરવી અસંભવ નથી બનતી. અહીં એટલા માટે 'શમીમ જયપુરી'ને યાદ કરી લીધા છે. જાણે કે એ રમેશની તાલાવેલી ન જાણતા હોય!

સહસ્રાવધિ વર્ષો પૂર્વે આર્યાવર્તના મહર્ષિઓને અવિનાશી વેદોની બ્રહ્મા પાસેથી પ્રાપ્તિ થઇ અને તેમણે એ વેદોનો ઉપદેશ પોતાના વંશજો અને માનવજાતિનાં કલ્યાણ માટે કર્યો હતો. એમ રમેશ પારેખની સાહિત્ય સામગ્રીને વિદ્વાનોએ વેદો બરાબર ગણાવી છે. **રમેશ પારેખ એટલે ગુજરાતી સાહિત્યની ગરિમા.** મોરારિબાપુએ તો રમેશને કંઈક ભાળી ગયેલો કવિ બતાવ્યો છે. કંઈક એટલે ગહન તત્ત્વ, ગૂઢ રહસ્ય!

રમેશ પારેખ ઊર્મિથી છલોછલ છલકતો કવિ છે. તેમનામાં શબ્દની ઊર્જા ભરી છે. **ખુદ બારાક્ષરી તેમને મળવા તેના બારણે ટકોરા પાડતી દેખાઈ છે. આવું બહુ ઓછા કવિઓમાં જોવા મળે છે.** રમેશ પાસે કંઈક નવું જ અભિવ્યક્ત કરવાની બહુ મોટી કલા છે (હતી). તેના બે શે'ર જુઓ :

*આપણી દરિયાવદિલી કોઈ ના સમજ્યું 'રમેશ',*
*ડૉક્ટરો પણ ખિન્ન થઈ બોલ્યા : 'હૃદય પ્હોળું થયું';*
*પોત સૌ સંબંધનું એવું હતું હલકું 'રમેશ',*
*કે પૂરો પોશાક સંકોચાઈને ઝભલું થયું!*

સર્જન - પ્રક્રિયાનું મહાભિનિષ્ક્રમણ રમેશ પારેખમાં સતત અને અવિરત ચાલતું જ રહેતું. તેમના પ્રત્યેક શે'રમાં ગજબનું ઉંડાણ છે. તેમાં ક્યાંય પ્રતારણા, મિથ્યાચાર, દંભની અર્થછાયા નજરે પડતી નથી. સ્પષ્ટપણે ને જેવું જોયું, જેવું કલ્પ્યું એવું જ શબ્દદેહમાં બાંધ્યું છે. જુઓ એક શે'ર :

*હાથમાં માળા લઈ નીકળેલા આ ભગવા વિચાર,*
*ઉંબરો પણ નહીં વળોટે ત્યાં જ ખૂની થઈ જશે.*

અહીં દંભી, દેખાડાની વાત થઇ છે. મનુષ્યના ભટકતા વિચારોનું ચિત્ર રજૂ થયું છે. કવિના સંકલ્પો, મંતવ્યો, ઊર્મિઓ, ચિંતવનો તથા માનવમનના બીજા અનેક વ્યવહારો, વ્યાપારો તેમના ઉત્તમ વિચારોની નિષ્પત્તિ છે. શબ્દ દ્વારા મનોભાવ પ્રગટ કરવાનો તેમનો કસબ તો જુઓ – નિરૂપણ પદ્ધતિ તો જુઓ :

*મેં રંગ સત્યના પૂર્યા તો ચિત્ર ઝાંખું થયું,*
*પૂર્યો જો દંભ તો તસવીરને ઉઠાવ મળ્યો!*

આજે ગીત-ગઝલ એ પોતાની કરવટ બદલી છે. અવનવા પ્રયોગો સાથે તે અવતરી, વિસ્તરી રહી છે. અભિનવ પ્રયોગની એ પટરાણી બની છે. પરંતુ રમેશ પારેખ તો હંમેશાં નવા વાતાવરણ, નવા પ્રયોગોમાં પણ અલગ પ્રકારે બધાથી જુદો જ તરી રહેલો દેખાય છે. તેમની અભિવ્યક્તિ દાદ માંગી લે છેઃ

*અવાજ આપી કોણે એના શબ્દ છીનવી લીધાં,*
*કરી કરીને કાંઉ... કાંઉ... કાગડો મરી ગયો!*

★

*બારીને સમજ્યા, તો અટક્યા ઉંબર પાસે,*
*અને રોજ બ્રહ્માંડ નવા બે-ચાર બને છે.*

રમેશ પારેખ એટલે જુદી જ માટીથી ઘડાયેલો જુદા જ પ્રકારનો એક માનવકવિ! બુદ્ધિ - વ્યવહાર, છંદ, શાસ્ત્રાદિના વિમર્શથી પ્રદાન પામેલી અચ્છી નિપુણતાનો સ્વામી! કાવ્યજ્ઞનાનો ને તેના ઉપદેશી અભ્યાસનો હવાની સાથે ડોલતો એક ઘેઘૂર વડલો! તેમનામાં ભારે બુદ્ધિ ચાતુર્ય, પંડિતાઇ અને બધાંઓથી અલગ પડતું સર્જનનું કસબ હોવા છતાં તેમની નિખાલસતા પણ એટલી જ પ્રશંસનીય છે. ઉત્તમ કોટિનો કવિ હોવા છતાં તે કહે છે :

"મારું સાચું કાવ્ય સર્જાયું છે જ ક્યાં? થાય છે કે ક્યારેક જરૂર સર્જાશે; મારી સૂક્ષ્મ કાયા ફાડીને જન્મ લેશે અને જો જન્મશે તો છંદોની ચામડીવાળું જન્મશે. મને છંદો પર ઊંડે ઊંડે શ્રદ્ધા છે. આજ સુધી મેં છંદો સાથે આછી-પાતળી જે કંઈ મથામણ

કરી છે તેના પરથી એવી પ્રતીતિ થઈ છે કે — છંદ તો નાદ, સ્વર અને તાલનું એક વિશિષ્ટ અને સમતોલ રાસાયણિક પરિણામ છે અને તેમાં અપરીમિત શક્તિ છે. છંદની નાભિમાં એક એવી ઊર્જા છે, જેના સ્પર્શ માત્રથી શબ્દને નિવિર્ય ભાષાની ભ્રમણકક્ષાની બહાર, એક નવા જ અવકાશી પ્રદેશમાં — જ્યાં તર્કાતીત આનંદના અનુભવો આપણી રાહ જોઈ રહ્યા હોય છે, ત્યાં — પહોંચાડી શકાય — છંદનાભિનું ભેદન થાય તો જ નવું વિશ્વ ખૂલી શકે...''

રમેશ પારેખમાં અભિવ્યક્તિની કેવી મોટી તાકાત હતી તેનો એક અનુભવ મને થયો છે. એક વખત જૂનાગઢના કવિ શ્યામ સાધુ (મારા ખાસ મિત્ર)નો મને જૂનાગઢ આવવા બાબતનો પત્ર મળ્યો. હું જૂનાગઢ ગયો. શ્યામ સાધુના ઘેર અમારે ગઝલ વિશે ચર્ચાઓ ચાલી. આ દરમિયાન અચાનક જ રમેશ પારેખ અને મનોજ ખંડેરિયા પણ આવ્યા. વાતવાતમાં સાધુએ મારી એક ગઝલ, કે જે હું ન ભૂલતો હોઉં તો 'કવિતા'માં પ્રગટ થઈ હતી, તે અંક રમેશને બતાવતાં કહ્યું કે ચંદ્રકાંતની અભિવ્યક્તિ મને ગમી છે. પણ આ ગઝલનો પ્રથમ મત્લાનો શે'ર આપ આવા જ ભાવમાં નાવીન્યતા સાથે જો લખો તો કેવી રીતે લખો? રમેશને પણ એ ગઝલ સ્પર્શી ગઈ હતી. જેનો 'મત્લા' આવો હતો :

*પાંદ લીલાં લાવવાં વૃક્ષો રડ્યાં હતાં,*
*એને જોઈ ખુરશી ને ટેબલ હસ્યા હતા.*

*(કવિતા ?)* — *ચંદ્રકાંત પટેલ 'સરલ'*

રમેશ પારેખે ગઝલ વાંચી - વિચાર્યું અને તરત જ કાંઈક આવું લખ્યું :

***તું પવનમાંથી સમેટાયો ને ઝીણું બી થયો,***
***બાદ કૂંપળ, વૃક્ષ, ઠૂંઠું ને પછી ખુરશી થયો!***

બંને શે'રોના ભાવ એક જ છે, પણ અભિવ્યક્તિ જુદી છે. આમ રમેશ પારેખને અભિવ્યક્તિની સાવ જુદી જ, નિરાળી રીતે જ તેને મહાન કવિનો દરજ્જો આપ્યો છે. **પદલાલિત્ય એ કાવ્ય લક્ષણનો એક આવશ્યક અંશ છે અને એનાથી જ કાવ્ય - ગઝલ - ગીત વગેરેમાં ઊંડાણ સાથેની ચમક-દમક આવે છે.** તે વાત રમેશે સિધ્ધ કરી બતાવી છે. તે સમયે રમેશજીએ મને કહેલું કે - તમારામાં પડેલી અભિવ્યક્તિની જે યુક્તિ છે તે ખૂબ જ ઊંડાણવાળી છે. આટલું ઊંડાણ કદાચ આજના સંપાદકો ન સમજી શકે તો કૃતિ બિનહેતુ બની જવાનો ભય રહે છે. ગઝલમાં થોડાક શે'રો ને છીછરાપણ મૂકો.

જિંદગીમાં જીવાતી પ્રત્યેક પળો, સુખ-દુઃખની ઘટનાઓ, સારી-નરસી બાબતો વગેરે વિષયો પર કવિએ સભાનતાપૂર્વક પ્રકાશ ફેંક્યો છે, ને સુંદર આલેખન કર્યું છે. જેને કારણે વાસ્તવિક્તાનો અભિગમ ઉત્કૃષ્ટ બનતો દેખાય છે. તેમનો નીચેનો શે'ર વાંચતા સમજાશે કે કસબની અપેક્ષાએ કરામત અને અભિવ્યક્તિની વક્રતા કાવ્ય-ગઝલને આસ્વાદ્ય બનાવે છે :

***થયું ચલ તપાસીએ, છળ તપાસીએ ખુદનાં,***
***અમે જ અમને સમજવા ગયા અને બે થયા.***

★

***આમ તો માત્ર ટહેલવા જ અહીં આવ્યા'તા 'રમેશ',***
***ને ચરણ ચોંટી ગયા ઈતિહાસમાં.***

રમેશ પારેખનું સાહિત્ય વાસ્તવવાદી અને ભાવનાવાદી છે. અને તે આપણી સામે ઉચ્ચ જીવનનો નકશો દોરી રહ્યું છે. આમાં આત્મલક્ષી, પરલક્ષી અને સર્વલક્ષી સાહિત્યનો સમાવેશ થતો દેખાય છે. કવિએ પ્રયોજેલી કેટલીક પંક્તિઓમાં ઘણીવાર આપણને નવ્ય કલ્પનો દ્વારા જે ગૂઢતા રચાઈ છે તેને પકડવા જતાં ન પકડી શકાય તેવું ઘેરું રહસ્ય ઘૂંટાયું છે.

રમેશ પારેખના ગામના (અમરેલી) સર્જક - **કોલમિસ્ટ એવા શ્રી યોગેશ ન. ભટ્ટ કહે છે** — 'એક સામાન્ય હાડ-ચામડીનાં માણસમાં ઈશ્વરે ભાવ, સ્પંદનો, ઊર્મિઓ અને અનુભૂતિનાં જાણે કે સાત સરોવરો ભરી દીધાં હોય! અભિવ્યક્તિનો નિરાળો સૂરજ તેની ભીતર ઊગ્યો હોય! તેવું ફાટફાટ તેજ - પ્રકાશ રમેશ પાથરી ગયો છે. **આટલી બધી ભાવનાઓ તેણે એક જ હૃદયમાં કેવી રીતે સંઘરી હશે? એ કાયમ વણઉકેલ્યો કોયડો જ રહેશે! રમેશ આ જગતની એક અજાયબી જ ગણાશે.** આજે રમેશનું નામ લઈએ ત્યાં શરીરમાં એક પ્રકારની ઝણઝણાટી અનુભવાય છે. શ્વાસ અને ઉચ્છવાસ જાણે કે લયબદ્ધ થવા માંડે છે. આ જ તેની કલમની મોટી તાકાત છે....'

***આ મારા હાથને હમણાં જ ગિરફતાર કરો,***
***કે તેને તોપનાં મોં જીવતાં કરવાં છે.***

***તેં મને બચપણ દીધું, ઘડપણ દીધું, દીધું મરણ,***
***ને ન દીધું જીવવાનું કોઈ કારણ, હદ કરી.***

કાવ્યો લખતાં હતાં, લખાય છે અને લખાતાં રહેશે. સંગ્રહોના થપ્પા ને થપ્પા પ્રગટ થઈ રહ્યાં છે. પસ્તી બજારમાં જાઓ તો મોટાભાગની પસ્તી કાવ્ય સંગ્રહની, લેખ સંગ્રહની અને વાર્તા સંગ્રહની જ મળી આવે છે. સર્જકનો કોઈ સંગ્રહ જો હાથીની અંબાડી પર ફર્યો હોય તો એ બે સર્જકોનો જ છે. તેમાં આજથી ૯૦૦ વર્ષ પહેલાં **સંસ્કૃતના કવિ હેમચંદ્રાચાર્ય (સિદ્ધહેમ)**નો કાવ્ય સંગ્રહ ત્યાંના મહારાજાએ હાથીની અંબાડી પર મૂકી નગરમાં ફેરવ્યો હતો. જ્યારે બીજો કવિ છે **રમેશ પારેખ.** રમેશ પારેખના સમગ્ર કાવ્ય સંગ્રહ 'છ અક્ષરનું નામ' કાવ્ય સંગ્રહ (ગ્રંથ)ને ૨૭ નવેમ્બર સને ૧૯૯૧ના દિવસે

હાથીની અંબાડી પર મૂકી અમરેલીના રાજમાર્ગો ઉપર ફેરવવામાં આવ્યો હતો. લાખો લોકોની જનમેદની સાથે આ શોભાયાત્રા નીકળી હતી. આવું સન્માન અન્ય કોઈ સર્જકને મળ્યું નથી. રમેશ પારેખમાં કાવ્યને ઓળખવાની, પારખવાની ગજબની શક્તિ હતી.

અમરેલીના વિદ્વાન સાહિત્યકાર શ્રી યોગેશ ન. ભટ્ટ કહે છે કે હું મારા ગ્રંથ મંદિરમાં રમેશ પારેખની મૂર્તિ રાખું છું. આમ કાયમ તેનાં દર્શનનો લાભ મેળવું છું. હોમવર્ક કરતાં મારા બાળકોને અવાર-નવાર યાદ કરાવું છું કે રમેશ પારેખનું ધ્યાન આપણી સામે જ છે. તે સદાય આપણી સાથે જ છે.

*રમેશ પારેખનો મકાન વિશેનો એક શે'ર જુઓ :*

*જોઉં પડછાયા મકાનોના અને થાય 'રમેશ',*
*કે હર મકાનના ચહેરા ઉપર બુકાની છે.*

અંતે 'કલા વિમર્શ - ૨૦૨૧'ના અંકમાં પ્રગટ થયેલી મારી ગઝલનો આવો જ શે'ર રજૂ કરી વિરમું છું.

*બુકાની બાંધી મધરાતે મકાનો નીકળ્યાં,*
*એને જોવા ઝરૂખે આસમાનો નીકળ્યાં.*

*(કલાવિમર્શ - ૨૦૨૧)* **– ચંદ્રકાંત પટેલ 'સરલ'**

*"સંસ્કૃતિ દર્શન" કાર્યાલય,*
*રતનપરા શેરી નં.-૧, નીલકંઠ બંગલાની સામે,*
*બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩૦. (જિ. જૂનાગઢ)*
*મો. ૮૭૩૫૯ ૦૨૪૨૪*

## નારી ગૌરવગાથા : શ્રીમતી મંગળાબહેન ચાવડા

**(અનુસંધાન : પાના નં. – ૪૫ ઉપરથી ચાલુ)**

મંગળાબહેને અનેક ઉત્તમ કૃતિઓ તૈયાર કરી છે અને તે તેમના 'કચ્છી ભરત હસ્તકલા સંગ્રહ'માં સંગ્રહિત છે. હાલમાં પણ તેણી કચ્છી ભરતકામના ઉત્તમોત્તમ નમૂનાઓ તૈયાર કરવામા વ્યસ્ત છે.

**મંગળાબહેને તૈયાર કરી બનાવેલા હસ્તકલાના ઉત્કૃષ્ટ નમૂનાઓ અનેકવિધ પ્રકારના છે. જેના સાત વિભાગ પાડવામાં આવ્યા છે.**

પ્રથમ વિભાગમાં પ્રાણીઓ તથા પક્ષીઓના ચિત્રાંકનો છે. બીજા વિભાગમાં પ્રેરણાત્મક નમૂના જેવા કે રામરક્ષા યંત્ર, નાગપાસ, ઘરમાં રહો સલામત રહો (કોરોના) તથા અન્ય ડિઝાઈનો. વિભાગ ત્રણમાં પણ પંખીઓ, પુષ્પો, ફૂલપાન, છોડપાન, પતંગિયા, ચણિયાની ડિઝાઈન વગેરે.

વિભાગ ચારમાં વિવિધ વિષયોનાં ચિત્રાંકનો, વિભાગ પાંચમાં ધાર્મિક વિષયોના ચિત્રાંકનો. વિભાગ છઠ્ઠામાં મહાન વ્યક્તિઓની કલાકૃતિઓ જેવી કે શ્રીકૃષ્ણ, મીરાંબાઈ, રામાપીર, હરજી ભાટી, શ્રીરામ અને હનુમાન, શિવાજી, શિવતાંડવ નૃત્ય, રાણા પ્રતાપ, ગણેશજી તથા ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વગેરે. વિભાગ સાતમાં છબીમાં મઢેલી કલાકૃતિઓમાં સાબર, ચકલી, મયુર (કલા કરતો), અજંતાની પ્રતિકૃતિ, નૃત્યાંગના વગેરે વગેરે.

પોતાની હસ્તકલાની કદરરૂપે મંગળાબહેનનું રાજકોટ, અમરેલી અને સાવરકુંડલા ખાતે જાહેર સન્માન થયેલ છે. લેખક સુધીરભાઈ મહેતા દ્વારા લખાયેલ પુસ્તક 'ભલી ભોમકા, ભલા નામ'માં મંગળાબહેનનાં હસ્તકલા ક્ષેત્રે કરેલાં પ્રદાનની વિસ્તૃત નોંધ લેવાઈ છે.

**કલાકાર કદર પામશે તો જ કલા જીવશે. કલાને જીવાડવા કલાકારની કદર કરવી અનિવાર્ય છે.** કલાકાર તાલીમ મેળવીને તો બનાતું નથી. તાલીમ એ તો દિશા બતાવતું સિગ્નલ માત્ર છે. જો હૃદય જ કલાને ઝીલવા તૈયાર ન હોય તો ગમે તેટલી તાલીમ મળે તો પણ કલા નિપજી શકતી નથી. સર્જન શક્ય બનતું નથી. મંગળાબહેનની આ કલા હૃદયમાંથી ઊભરી છે.

પ્રત્યેક કલાકારને શરૂઆતને તબક્કે અનેક સંઘર્ષો, ગમા, અણગમાની વાડ કૂદવી પડે છે... ઝઝુમવું પડે છે. પછી જ ગમતાનો ગુલાલ થાય છે.

મંગળાબહેનની કલાયાત્રા પણ અનેક સંઘર્ષો વચ્ચેથી પસાર થઈ છે. પરંતુ તેમણે હિંમત હાર્યા વગર મૂળ લક્ષ્ય તરફ જ ધ્યાન કેન્દ્રિત કરી પોતાની કલાને લોકભોગ્ય બનાવી છે. તેમના ગુરુ હંસરાજભાઈના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના કચ્છી ભરતકામ કલાના એક અદ્ભુત ચિત્રાંકને વિશ્વનું પણ ધ્યાન દોર્યું છે, ને ખુદ ભારતના રાષ્ટ્રપતિએ પણ ચિત્રાંકનથી પ્રભાવિત થઈ તેમને 'સર્ટિફિકેટ ઑફ મેરિટ' એનાયત કરેલ. મંગળાબહેને એ ચિત્રાંકનને હસ્તકલામાં ઢાળી, પોતાના ગુરુની પણ ગરિમા વધારી છે.

મંગળાબહેન ચાવડા પ્રતિદિન પોતાના કલાક્ષેત્રમાં સતત આગળ વધતા રહે અને નારી ગૌરવની ફૂલદાનીમાં ગૌરવનું પુષ્પ ઉમેરતા રહે એ જ અભ્યર્થના.

*"સાંઇકૃપા", ગોપાલનગર-૧, બ્રાહ્મણ સોસાયટી,*
*અમરેલી. ● મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬*

*ઘડિયાળ બગડે તો રીપેરીંગ કરનાર મળે,*
*પરંતુ સમય તો જાતે જ સુધારવો પડે.*

નારી ગૌરવગાથા – ૮

# કચ્છી ભરતકામના અમરેલીના કલાકાર : શ્રીમતી મંગળાબહેન ચાવડા




**મહેન્દ્રભાઈ જોષી**
**પૂર્વ શિક્ષણ નિયામક**


આપણા પ્રતિષ્ઠિત - ખ્યાતનામ કવિવર કલાપીએ કહ્યું છે :

*“કલા છે ભોજ્ય મીઠી,*
*ભોક્તા વિણ કલા નહીં,*
*કલાવાન કલા સાથે,*
*કલા વિણ મળે નહીં.”*

શ્રી રૉસેન્ટ ટાઇલ્સની ચિત્રકલાના સંગ્રહની અદ્વિતીય કલાકૃતિ તાદૃશ્યમાન કરાવતું પુસ્તક “Rosentiels Markham Collection”ને અનેક ઇનામો પ્રાપ્ત થયા છે. આ અદ્‌ભુત ગ્રંથ લંડનથી પ્રકાશિત થયો છે.



**શ્રીમતી મંગળાબહેન ચાવડા**

આ ગ્રંથના એક વિભાગમાં વન્ય જીવો, પ્રાણીઓનાં ચિત્રો છે. તેમાં એક અદ્‌ભુત ચિત્ર છે. જેનું શિર્ષક છે : “Manore of the Glen” — એટલે કે સાંકડી ખીણોનો શહેનશાહ. આ ચિત્રના કલાકાર છે ઍડવીન લેન્ડસીર. ૧૯ X ૨૦ ઇંચનું આ ચિત્ર છે. જગતની શ્રેષ્ઠ કલાકૃતિ તરીકે ઉભરી આવેલ આ ચિત્ર કલાકૃતિને ગુજરાતના એક હસ્તકલા કારીગરે પોતાના હસ્તે **‘કચ્છી ભરતકલા’**ના માધ્યમથી આબેહૂબ કંડારી છે.

આ હસ્ત - ભરતકલાના માલમી એટલે શ્રીમતી મંગળાબહેન લવજીભાઈ ચાવડા. કાઠિયાવાડના અમરવેલી એટલે કે અમરેલીના વતની. મંગળાબહેનનો જન્મ અમરેલી જિલ્લાના બાબરિયાવાડ પંથકના ખોબા જેવડાં ગામ ‘નાગેશ્રી’ના મોચી ભગત કાનજીભાઈ જેઠવાના ખોરડે માતા પાર્વતીબાની કૂખે ૭મી જુલાઈ, ૧૯૫૧ના રોજ થયો છે.

**કલા - કસબ એ હાથની જ કરામત નહીં, પણ મગજનીય કસરત કલા છે.** અભિવ્યક્તિ પરત્વે સૌથી વિશેષ સમર્થ કલા કાવ્ય છે, તેમ હસ્તકલા એ પણ સમર્થ કલા છે. ઈશ્વરે માનવને આપેલી આ એક બક્ષીસ છે. **પાંચ શુદ્ધ લલિત કલાઓમાં હસ્તકલાનો પણ સમાવેશ કરાયો છે.**

દરેક માનવ સમાજ પોતાની અનોખી રીતે પોતાના આંતરિક વ્યવહાર અને પોતાની રસરૂચિ, પોતાની રૂઢીઓ તેમજ સંસ્કારનું પ્રદર્શન કરવા અવનવી કલાના વિધવિધ સ્વરૂપો સર્જી સમાજને પણ કંઈક આપે જ છે.

મંગળાબહેન આવા જ કલાકાર છે. **તેમણે હસ્તકલામાં દેશકાળ, સમાજ જીવન અને પ્રકૃતિ તેમજ વન્ય જીવોને ઉપસાવ્યાં છે** અને દરેકને આત્મસાત્ બનાવી હસ્તકલામાં ગૂંથ્યા છે.

માત્ર પાંચ ધોરણ સુધીનો પ્રાથમિક અભ્યાસ છે તેમનો. પરંતુ કોઠાસૂઝ આભે અડે એવી ભારે! મંગળાબહેને વિષ્ણ સહસ્ર નામ, રામરક્ષા સ્તોત્ર અને ગીતાજી સંપૂર્ણપણે કંઠસ્થ કર્યા છે.

કલા, એ કોઇનો જન્મજાત ઈજારો નથી. પણ હા, કલાકાર બનાતું નથી. કલાકાર હંમેશાં જન્મતો જ હોય છે. મંગળાબહેનની આ હસ્તકલામાં જે રસાત્મક્તા છે, જે ખેંચાણ છે, તે ગર્ભમાંથી મળેલ શિક્ષણ તાલીમનો જ ફાલ છે.

મંગળાબહેનના પતિ શ્રી લવજીભાઈ ચાવડા અમરેલી જિલ્લાના પોલીસ ખાતામાં જિલ્લા ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે સેવારત રહ્યા પછી તેમની બદલી કચ્છ જિલ્લામાં સી.આઈ.ડી. કચેરીમાં થતાં મંગળાબહેનને પણ કચ્છમાં જવાનું થયું. સને ૧૯૬૭-૬૮ની સાલમાં કલાગુરુ હંસરાજ જેઠાભાઈ ભરતવાલા પાસે **‘કચ્છી ભરતકલા તાલીમ કેન્દ્ર’માં દાખલ થઇને કચ્છી ભરતકામની તાલીમ લીધી.**

કલાગુરૂ હંસરાજભાઈ તત્કાલીન સમયના વિખ્યાત હસ્તકલા કારીગર તરીકે રાજા-રજવાડાઓમાં ઓળખાતા હતા અને ‘કચ્છી ભરતકામના કલાકાર’ તરીકે અનેક સન્માનો, ઍવોર્ડ્સ અને સુવર્ણ ચંદ્રક તેમને પ્રાપ્ત થયા હતા તથા ભારતના રાષ્ટ્રપતિ દ્વારા પણ તેમને નવાજવામાં આવ્યા હતા.

આવા સમર્થ ગુરુની શિષ્યા પાછળ કેમ રહે? **ગુરુની ગરિમાને મંગળાબહેને આભે અડાડી હસ્તકલામાં જબરું કાઠું કાઢી નારી ગૌરવને પણ ગૌરવવંતું સ્થાન આપ્યું છે.** ગુરુની આવડતનું પ્રતિબિંબ તેમની પ્રત્યેક હસ્તકલામાં ઝીલાયું છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૪ ઉપર)

સંસ્કૃતિ

# વરઘોડો : પરંપરા અને ગીતો



ડૉ. જે.કે. ઉમરેઠિયા

સૌરાષ્ટ્રમાં લગ્નપ્રસંગે વરઘોડો કાઢવાની પરંપરા વર્ષો જૂની છે. જે ઘરમાં લગ્ન હોય એ ઘરમાંથી સાંજના સમયે ગામમાં વરઘોડો કાઢવામાં આવે છે. આ પરંપરા વરપક્ષે જોવા મળે છે. વરરાજા ઘોડા ઉપર બેસી સૌ સાજન-માજન સાથે ગામની મુખ્ય બજારે ફરે છે. **વરઘોડો ગામમાં ફેરવવાનો મુખ્ય હેતુ દેવી-દેવતાનાં દર્શન કરવાનો છે.** બીજા દિવસે સવારે લગ્ન કરવા જવાનું છે. એની પૂર્વરાત્રીએ વરઘોડા સ્વરૂપે ગામમાં ફરી ગામનાં નાના-મોટા મંદિરોમાં જઇ ઇશ્વરના આશીર્વાદ મેળવવાની આ પરંપરા વર્તમાન સમયમાં પણ જળવાઈ રહી છે. ગામના મંદિરે નારીયેળ વધેરી, સોપારી મૂકી વરરાજા ગામના પીર, મહાદેવ, રામમંદિર વગેરે સ્થળે નતમસ્તકે વંદન કરે છે.

સરઘસ આકારે જતાં માણસોની આગળ ફટાકડાની આતશબાજી થતી હોય, એની પાછળ ઢોલી ઢોલ વગાડે. ત્યારબાદ ઘરનો - ગામનો પુરુષવર્ગ હોય. વચ્ચે વરરાજા ઘોડા પર સવાર હોય અને પાછળ બધી બહેનો-દીકરીઓ ગીતો ગાતી હોય — આવું વરઘોડાનું દશ્ય જોવું એ લહાવો છે. વર્તમાન સમયમાં ઘોડાની જગ્યાએ ક્યાંક ટ્રેક્ટર કે કારમાં વરરાજાને બેસાડીને ગામમાં વરઘોડો નીકળે છે. ઢોલની જગ્યાએ બેન્ડવાજા કે ડી.જે. વાગતું હોય તેવા દશ્યો સામાન્ય થઈ પડ્યા છે. આજે વરઘોડામાં ફોટોગ્રાફી - વીડિયોગ્રાફીએ પણ મુખ્ય સ્થાન લીધું છે. આ ઉપરાંત મોડી રાત સુધી વરઘોડો ગામમાં ફરે છે ને રાસ-ગરબા, ડાન્સ વગેરેની રમઝટ બોલે છે.

વરઘોડો જે ઘરમાંથી નીકળે એ ઘરના કોઈ એક સદસ્ય નોટબુક હાથમાં રાખે. વરઘોડાની સાથે સાથે આ નોટબુકમાં વ્યક્તિઓ દ્વારા પસ (ચાંદલો) લખાવાય ને બજારે બેઠેલા સૌ ગામલોકને મુખવાસ, સીગારેટ-બીડીની થાળી ફેરવવામાં આવે. થાળી ફેરવવાની આ પરંપરા હવે ખાસ જોવા મળતી નથી. **ગામમાં નીકળતા આ વરઘોડાને ફૂલેકું (આખા ગામમાં ફરવાના અર્થમાં)ના નામે પણ ઓળખવામાં આવે છે.** પૂર્વે ફાનસના અજવાળે ફૂલેકું નીકળતું. વરરાજાની બાજુમાં જ એક વ્યક્તિ ફાનસ પકડીને ચાલે. જેથી ઝગમગ થતો વર સૌને દેખાય. આજે ગામમાં ઈલેકટ્રિસિટી આવી ગઈ હોવાથી આની જરૂર પડતી નથી.

એક સમયે ફૂલેકામાં સૌ બહેનો મન ભરીને ગીતો ગાતાં. **આજે ગીતોની જગ્યાએ ગરબાએ સ્થાન લીધું છે.** ઘરના બધા જ સભ્યો, મહેમાનો બજારમાં ફરે એ દરમિયાન ગરબે રમે છે. કેસિયો ઉપર ગીતોની ધૂન વાગે ને પગ થીરકવા લાગે છે. વરરાજા ઉપર વરસાદની જેમ રૂપિયાની નોટો ઉડાવવામાં આવે છે. એ પૈસા ઉડાવવા પાછળ મોટેભાગે ગૌચારા માટે ફાળો એકઠો કરવાની શુભભાવના ઉપરાંત પોતાનો હરખ વ્યક્ત કરવાની લાગણી જોવા મળે છે.

બીજા દિવસે જે વર પરણવા જવાનો છે, એને વરઘોડા વખતે આખું ગામ જોવા નીકળે છે. ઘરેથી વર ઘોડા ઉપર બિરાજમાન થાય એટલે તરત ઘરની વડીલ સ્ત્રીઓ વરને પૈસા આપી ઓવારણા લે છે. પાછળ ઊભેલી સ્ત્રીઓ મધુર સૂરે ગીતો ગાય છે :

*શકન જોઈ જોઈ ઘોડે ચડજો*
*શકન વીરા જોઈ જોઈ ઘોડે ચડજો*
*શકનીયો છે જોસીડાનો બેટો*
*શકનીયો છે જોસીડાનો બેટો*
*વીરા શકન જોઈ જોઈ ઘોડે ચડજો... વીરા*

લોક સાહિત્યમાં માત્ર વ્યક્તિના નહીં પણ પશુ, પક્ષી, પ્રકૃતિનાં ગુણગાન ગાઈને સૌને સાંકળી લેવામાં આવે છે. આ ગીતોમાં સંબંધોનું ગૌરવ વ્યક્ત થાય છે. દીકરાની વડીલો પ્રત્યેની સામાજિક - કૌટુંબિક પ્રતિબદ્ધતા ગીતનો વિષય બને ત્યારે લાગણીના તાણાવાણાં ગીતને ભર્યું ભર્યું બનાવે છે.

*ઘોડી અલાંગ લીલી પલાંગ પીળી*
*અવરા સવરા રે ઘોડીનાં બેસણા*
*પેઢડીએ પગ દઈ ચડો રે વિવાનભાઈ*
*દાદા ચડાવે તમને ઘોડલે*
*મેલો મેલો રે દાદા અમારો છેડલો*
*તમારા ઘડપણ અમે પાળસુ*
*અમે નાના રે હતા મોટા રે થીયા*
*તમારા ઘડપણ અમે પાળસુ.*

આ રીતે ગીતમાં કાકા વગેરે વડીલોને યાદ કરીને સાંકળી

લેવામાં આવે છે. સંબંધોને અહીં ગીતમાં અદકું સ્થાન છે. ગીતમાં પ્રયોજાતો દાદા શબ્દ પિતા માટે છે. લોક સાહિત્યમાં ગવાતા કંઠસ્થ પરંપરાના આ ગીતોમાં વર કે કન્યાના દાદા-દાદીને બહુ સ્થાન નથી પરંતુ પિતાને દાદા તરીકે સંબોધિત કરવામાં આવે છે. વરઘોડાના એકાદ-બે ગીતોથી આ વાત વધુ સ્પષ્ટ થશે :

*ઘોડવેલ આઘેરી જાય ઘોડવેલ પાછેરી જાય*
*અમરો ડમરો ને સરોવર સમરો*
*કોણ સે તારા દાદાને કોણ સે તારી માતા*
*અને વળી કયા બેનના વીર*
*અમરો ડમરો ને સરોવર સમરો.*

અહીં સ્પષ્ટ થાય છે કે દાદા પછી તરત માતા શબ્દ આવતો હોઈ, દાદા એ પિતા માટે જ પ્રયોજાયેલો શબ્દ છે. બહુ પ્રચલતિ એવા રેડિયો ને ફિલ્મોમાં ગવાતા એક ગીતમાં પણ આ સંદર્ભ જોઈ શકાય છે.

*ઉંચા ઉંચા બંગલા ચણાવો*
*એમાં કાચની બારીયું મેલાવો રે*
*વીરો મારો જગમગ જગમગ થાય,*
*જાવ રે જગાડો વરના દાદાને*
*વરની માતાનો હરખ નો માય રે વીરો મારો...*

ઘણા ગીત અલગ અલગ પ્રદેશમાં શબ્દફેરે – ઢાળફેરે જુદી રીતે ગવાય છે. ઉક્ત ગીતનો કચ્છ પ્રદેશનો જુદો પાઠભેદ મળે છે. દા.ત.

*ઉંચા ઉંચા બંગલા ચણાવો*
*એમાં કાચની બારીયું મેલાવો રે*
*વીરો મારો હસમુખ હસમુખ થાય.*

**લોકની ઇચ્છાઓ, આનંદ ને વીરનાં વખાણ ગીતમાં ઉત્સાહપૂર્વક ગવાયા છે.** વરઘોડો ગામ વચ્ચે મુખ્ય બજારમાં આવે છે ત્યારે વરની પ્રશંસા કરતા ગીતો જ ગાવામાં આવે છે. આમ પણ વરઘોડામાં સૌના આકર્ષણનું કેન્દ્ર વરરાજા હોય છે. એને ઉદ્દેશીને ગીત ગવાય છે.

*સો રૂપિયાનું તોલું અંતર મોંઘું માણારાજ*
*ઈ તો મારે વિવાનભાઈને સામૈયામાં વપરાય રે*
*અંતર મોંઘું માણારાજ.*

લગ્નગીતોમાં જે કહેવાયું છે એ સીધેસીધું કહેવાયું છે. એમાં વ્યંજનાને બહુ સ્થાન નથી. **લોકો દ્વારા બહુ સાહજિક રીતે ગવાતાં આ ગીતોમાં આપણી પરંપરાનું જતન કરે એવા સાંસ્કૃતિક મૂલ્યો દૃષ્ટિગોચર થાય છે. અહીં ગીતોમાં ઉપદેશ નથી પણ સંસ્કારનું મૂલ્ય ઘણું છે.** લોકની સમૂહભાવના અને એમાંથી વ્યક્ત થતો હરખ ગીતોરૂપે વહે છે ત્યારે સાંભળનાર સૌને આનંદમાં તરબોળ કરે છે. આજે જ્યારે ગીતો ગાવાની આ પરંપરા લુપ્ત થતી જાય છે ત્યારે **નવી પેઢીને આ ગીતોરૂપી સંસ્કારના ભાથાથી અવગત કરવામાં આવશે તો વરઘોડો અર્થાત્ ફૂલેકાની શોભા વધુ નિખરી આવશે.**

***ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, એમ. એસ. યુનિવર્સિટી,***
***રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧.***
***મો. ૯૪૨૭૮ ૪૯૮૪૩***

## શાણા સમજો શાનમાં

જિંદગીમાં ક્યારેય કોઈને નબળા ન સમજો. આખી દુનિયાને ડુબાડવાની ક્ષમતા રાખનાર સમુદ્ર તેલનું એક ટીપું પણ ડૂબાડી શકતું નથી.

માણસ જન્મે પછી જન્મના પ્રમાણપત્રમાં તેનું નામ લખાવવા એનો બાપ જાય છે.

માણસ મરે પછી મરણનો દાખલો કઢાવી બેંક, દસ્તાવેજ, રેશનકાર્ડ, પોસ્ટ ઓફિસ વગેરે જગ્યાએથી નામ કમી કરાવવા એનો દીકરો જાય છે.

**માણસ પોતાનું નામ લખાવી કે કઢાવી શકતો નથી. તેમ છતાં આખી જિંદગી નામ માટે રઘવાયો થઇને રખડે છે.**

સંબંધ વિના માનવી અધૂરો છે એ હકીકત છે. પણ પોતાના માણસ રડાવી જાય ત્યારે મુશ્કેલી થાય છે.

પૈસા વગર સારી રીતે જીવી ન શકાય એ હકીકત છે પણ પૈસો માણસને નમાવી જાય ત્યારે મુશ્કેલી થાય છે.

***પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ***


ભુજના પ્રાગસર તળાવ મુદ્દે હાઈકોર્ટની ટકોર

## જળાશય સૂકાઈ જાય તો પણ સંરક્ષણની જવાબદારી સરકારની

કચ્છ જિલ્લાના ભુજમાં આવેલા પ્રાગસર તળાવ મુદ્દે કરવામાં આવેલી જાહેર હિતની રીટમાં હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે પ્રાગસર તળાવને સૂચિત વોટરબોડી તરીકે જાહેર કરવામાં આવ્યું છે. અહીંની જમીન પર માછલી – મટનનું માર્કેટ બનાવવાનો પ્રસ્તાવ છે અને અગાઉથી પણ અહીં દબાણ થયેલા છે. આ ઉપરાંત તળાવની કેટલીક જમીન પોલીસને પરેડ ગ્રાઉન્ડ માટે આપી દેવામાં આવી છે. જેનાં કારણે અત્યારે તળાવનું કોઈ અસ્તિત્વ રહ્યું નથી. તમામ પક્ષોને સાંભળી હાઈકોર્ટે કહ્યું હતું કે સરકાર જાહેર હિતમાં કોઈ કામગીરી કરી રહી હોય તો અમે વચ્ચે આવવા માંગતા નથી પરંતુ આ પ્રોજેક્ટ સૂચિત વોટર બોડી પર ન હોવો જોઈએ. સૂચિત વોટર બોડીમાં પાણી હોય કે ન હોય, તેનું સંરક્ષણ થવું જોઈએ.

સંસ્કૃતિ

# ગામડું સ્વયં કવિતા હતું



ડૉ. મણિલાલ હ. પટેલ

*__નોંધ__ : અતિ સૂક્ષ્મ બાબતો ધ્યાનમાં લઈને તજજ્ઞ લેખકશ્રીએ ગામડાં અને ગ્રામીણ જીવન ક્ષેત્રની અનેક વિગતનું અત્રે સુમધુર રીતે રસપાન કરાવ્યું છે. જેનું વાંચન કર્યા બાદ દરેકને ખરેખર અનુભૂતિ થશે કે... કેવું સરસ વર્ણન કર્યું છે!!*

*– તંત્રી મંડળ*

પટેલના દીકરાને ગામડું વહાલું હોય છે. કણબી માટેનો જીવ! એટલે ગ્રામ જીવનનું આકર્ષણ તો દરેકને હોય છે. પણ કવિઓ એ આકર્ષણને કાવ્ય દ્વારા ભાવકો સામે મૂકે છે ને ત્યારે આપણને પણ એમ લાગે છે કે ગામડું તથા એનું જીવન સાચ્ચે જ શાંત અને તનાવમુક્ત હોય છે. **જોકે, ગામડું એટલે બધું જ ઉત્તમ એમ માનવું કે ગામડું એટલે ઉકરડો એમ કહેવું – તે બેઉ બરાબર નથી.** ગામડાંમાંય મનુષ્યો છે એટલે ત્યાંય એમની વૃત્તિ - પ્રવૃત્તિઓ બધે હોય છે. ઓછી-વત્તી તો મળવાની - રહેવાની જ છે. ધૂળિયા રસ્તા કે ગંદા ફળિયા પણ હોવાના. છતાં કહેવું જોઈએ કે જે અસલ વખતનાં નાનાં નાનાં ગામડાં હતા, એ તો પ્રકૃતિની ગોદમાં કલ્લોલતાં જ હતા. માણસને જ્યાં ભૌતિક સુખોનો વ્યામોહ ના હોય અને પ્રકૃતિ સાથેના સંવાદી જીવનની પતીજ (ખબર) પડતી હોય ત્યાં ગામડું એની સર્વોચ્ચ કક્ષાએ રમણીય તથા નિભૃત હોવાનું!

ગામડાંમાં માટીનાં ઘર, લીંપેલાં આંગણાં, ગોરમટી ચઢાવેલી ભીંતો - કરા! રાતાં નળિયાંથી ચળકતાં છાપરાં. ઘાસની મેડીઓ, એની નીચે ખૂંટે બંધાયેલા - વાગોળતાં ઢોર, પરસાળમાં ઢાળેલા ખાટલાની હાર, ફળિયે છૂટેલા ગાડાંમાં રમતાં છોકરાં, ખુલ્લામાં - બારણા સામે જ ચણતાં કબુતર - ચકલી - હોલા. કૂવાકાંઠે કમર વાંકી વાળી લય-મરોડ સાથે જળ સિંચતી વહુવારુઓ કે નણંદ-ભોજાઈઓ. એમનાં ઉજળાં મોઢાં ને ચળકતાં બેડાં, હળવી ઝાંઝર-રવ જેવી બોલાશ, જતાં વળતાં ઊડતાં સાળુ-ગવન-ઓઢણીના રંગોની લહેરો, પવનમાં ધીમે ધીમે ડોલતા ઘટાદાર લીમડા, શાંત ઊભેલી નેળિયા પાસેની આંબલી, પાસેનાં ખેતરોમાં ફરતાં હળ, પાકવા આવેલી જુવારનાં ડોલતાં-લહેરાતાં ડૂંડા, બાજરીનાં ખેતરોની લીલી લીલી કાળાશ, દૂરની ટેકરીઓ પર ચરતાં ધણ, ભાથાં લઈને જતી ભથવારીઓ, પંખીઓના મધુર અવાજો, ઘાસબીડમાં રમતો વાયરો... ફરકતો તડકો અને મધુર સ્મરણો જેવી વૃક્ષછાયાઓ : આ બધાની વચ્ચે આપણે ઘરનાં સ્વજનો સાથે ઘરે - ખળે - ખેતરે - સીમ - વગડે કામ કરતા હોઈએ ને પછી ન્હાતા-ધોતા, ખાતા-વિરામતા હોઈએ ત્યારે ગામડું વહાલું વહાલું લાગે છે. અહીં કશી જ ખોટ નથી. જાણે જીવન અહીં સ્વયં પર્યાપ્ત ના હોય! બલકે એવું હતું સ્તો!

આવું ગામ છોડીને માણસે કમાણી ખાતર કસબા - શહેરમાં જવું પડે કે દૂરના નગરોમાં વસવું પડે ત્યારે વતનવિરહ તીવ્રતમ બને છે.

**કવિ રમણીક અરાલવાળા**એ એવી ભાવસૃષ્ટિને એમના 'વતનનો તલસાટ' સોનેટમાં આ રીતે વર્ણવી છે :

*ગાળી લાંબો સમય દૂરનાં દોહ્યલાં પાણી પી પી,*
*જાવા હાવાં જનમભૂમિએ પ્રાણ નાખે પછાડા;*
*કૂવાકાંઠે કમર લળતી પાણિયારી, રસાળાં –*
*ક્ષેત્રે ક્ષેત્રે અનિલ લહરે, ડોલતાં અન્નપૂર્ણા.*
*હિંડોળતાં હરિત તૃણને, ખંતીલા ખેડૂતોનાં–*
*મીઠાં ગીતો, ગભીર વડલો, શંભુનું જિર્ણ દેરું,*
*વાગોળતાં ધણ ઊડી રહ્યો વાયરો વ્યોમ ઘેરું.*
*ઓછી ઓછી થતી ભગિની, લંગોટિયા બાલ્ય ભેરું–*
*ઝુંખી નિદ્રા મહી ઝુબકતો, જાગતો, નીંદ લેતો :*
*ઘેલા હૈયા! સહુય મળશે?... કિન્તુ –*

અહીં કવિએ જે ગામ આલેખ્યું છે તે ગામ માટે તમે ને હું બધા આજે તો ઝુરીએ જ છીએ – કેમકે હવે એવું નકરું ને નર્યું ગામ જ ક્યાં બચ્યું છે!! **આપણે ગામડાંને, સગવડો ખાતર ભૌતિક સુખોના મોહમાં અંધ બનીને વધેરી નાખ્યાં છે.** હવે તો શહેર એની છેતરામણી રીતરસમો અને દંભી બનાવટો; દંભ-દેખાડા સાથે ગામડાંને ડસી ચૂક્યું છે.

છતાં ક્યાંક ક્યાંક એવાં ગામડાં છે જ્યાં થોડું થોડું અસલ જીવન બચેલું છે. સીમવગડો પણ હજી મોસમે મોસમે આકર્ષે છે. **કવિ રાવજી પટેલે** આવાં ગામ ને સીમને એમની કવિતામાં

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૮ ઉપર)

સંસ્કૃતિ

# એક વસમી પળ



જયેશ ઠક્કર

સુશીલા હવે ખૂબ મોટી મોટી લાગતી હતી. યશવંતભાઈ અને નયનાબહેન પણ ઘરમાં નિરાંતે બેઠા હોય ત્યારે ગંભીરતાપૂર્વક આ બાબતની ચર્ચા કરતા. મા-બાપ બેઉને, દીકરી મોટી થાય ત્યારે ચિંતા તો થાય જ અને એ સ્વાભાવિક પણ છે. બંનેએ હવે નક્કી કરી લીધું કે સારો છોકરો મળે એટલે સુશીલાના હાથ પીળા કરી દેવા જોઈએ.

યશવંત પટેલ વકીલ હતા. એમનો દષ્ટિકોણ વિશેષ પ્રકારનો હતો. તેમણે પોતાની પુત્રીને ગીત, સંગીત, નૃત્ય, ચિત્ર અને રમતગમત જેવા વિષયોમાં આગળ વધવા ખૂબ પ્રોત્સાહન આપ્યું હતું અને નયનાબહેને પણ સાથ સહકાર આપ્યો હતો. નવા જમાના મુજબ સુશીલા અભ્યાસ ઉપરાંત કોમ્પ્યુટરમાં પણ થોડી તૈયાર થઈ ગઈ.

નયનાબહેન આધુનિક યુગના હોવા ઉપરાંત ઘરમાં ઉપયોગી બાબતને પણ ધ્યાનમાં લેતા. દીકરીને સાસરે વળાવવાની જ છે તો પછી એને સાસરામાં કોઈ કંઈ સંભળાવી ન જાય એનું પણ ધ્યાન રાખવું જ રહ્યું અને કપરા સમયમાં દીકરી પોતાનું રક્ષણ કરી શકે એટલે સ્વિમિંગ પુલ અને કરાટેની ટ્રેનિંગ પણ અપાવી. રસોડાની વ્યવસ્થા અને વાનગીઓમાં રસ લેતી કરી. ઘરની સજાવટ અને જાતને શણગારવાનું પણ શીખવ્યું.

સમાજમાં પતિ પત્નીનું નામ હતું અને યશવંતભાઇ પૈસે ટકે સુખી, એટલે સુશીલા માટે યોગ્ય પાત્ર શોધતા વાર ન લાગી.

બંનેને જ્યોતિભાઈ અને મધુબહેનનો દીકરો વિનય પસંદ આવી ગયો. બંને જાણીતા હતા. જ્યોતિભાઈની કાપડની દુકાન હતી અને વિનય કોમર્સ ગ્રેજ્યુએટ હતો. દુકાન સંભાળતો હતો. સુશીલાનું આર્ટસનું છેલ્લું વરસ હતું.

વખત જતા વાર નથી લાગતી. પરિણામ આવી ગયું. સુશીલા પાસ થઇ ગઇ એટલે ચારે જણ એકવાર નિરાંતે બેઠા હતા ત્યારે નયનાબહેને વાત ઉપાડી. જ્યોતિભાઈ અને મધુબહેન પણ સંમત થઈ ગયા. વિનય અને સુશીલાનો આછો પરિચય તો હતો જ અને પછી તો ઘીના ઠામમાં ઘી પડ્યું રહે તેમ સગપણ અને લગ્નનો પ્રસંગ ક્યારે ઉકલી ગયો એની કંઈ ખબર જ ન રહી.

સુશીલાએ ઘર સંભાળી લીધું. હવે તે એક પતિવ્રતા પત્ની બની ગઈ હતી. તે એક સંસ્કૃતા નારી હતી. તેને ખબર હતી કે **લગ્ન, એ જીવનમાં સુંદર અને શ્રેષ્ઠ બંધન છે.** તેને એક આદર્શ પત્ની બની રહેવામાં જ રસ હતો. તેના વાણી અને વર્તનથી સાસુ અને સસરા બંને ખુશ હતા. સાહિત્ય અને કલા જગતમાં તેને ખૂબ રસ હોવા છતાં તેણે ઘરને વિશેષ પ્રાધાન્ય આપ્યું.

કોલેજકાળ અને સ્પર્ધાઓ, કાર્યક્રમો, કલાજગત વગેરે એને ક્યારેક ક્યારેક ખૂબ યાદ આવતા. પરંતુ હવે આ બધી વાતો ભૂતકાળ બની ગઈ હતી. હવે તો બસ ઘર અને વર, એ જ એનું જીવન હતું. તે વિનયનું ખૂબ ધ્યાન રાખતી. વિનયની પસંદગી, એ જ સુશીલાની પસંદગી. ક્યારેક ક્યારેક તો એને એવું લાગતું કે તેના શ્વાસમાં અને ઉચ્છવાસમાં વિનય જ છે.

વિનય પણ એને ખૂબ જ માન આપતો. તે માનતો કે **સ્ત્રીને સન્માન આપવું અને શણગારવી એ ભારતની પરંપરા છે. બંનેને એકબીજા વગર ચાલતું નહીં. સમાધાન અને સમર્પણના હિંડોળે બેસી, બંને હીંચકા ખાતા હોય તેવો અનુભવ તેઓ કરતા.**

આવા સરળ અને સુંદર જીવનમાં અચાનક વાવાઝોડું આવ્યું. સુશીલા મનમાં ખળભળી ગઈ પરંતુ તેણે પોતાની જાતને સંભાળી લીધી. વાત પણ કંઈક ગૂંચવાડાભરી હતી.

વાત એમ હતી કે વિનયનો એક મિત્ર હતો, નામ હતું રાકેશ. તે ક્યારેક ક્યારેક વિનય સાથે ઘેર આવતો જતો હતો. તે થોડો શુષ્ક સ્વભાવનો હતો, થોડો અવિવેકી હતો. પણ વિનયના મિત્ર હોવાના કારણે સુશીલા તેને માન આપતી. વિનયનું માન રાખવા તે રાકેશ સાથે ઔપચારિક વાતો કરતી. પણ મન વગર કોઈ કામ ક્યાં સુધી બની શકે? પતિને અનુકૂળ થતા થતા હવે તે તેના મિત્રને અનુકૂળ થવા પ્રયત્ન કરવા લાગી. પોતાના કલા જગતને ભૂલવા તેણે પોતાના મનને ખૂબ સમજાવવું પડ્યું હતું. હવે તે માનસિક રીતે ખૂબ થાકી ગઈ હતી.

વિનય હંમેશાં ધંધામાં વ્યસ્ત રહેતો હતો. નિરાંતે બેસીને બે વાત કરવાની પણ તેની પાસે ફુરસદ ન હતી. સુશીલા, આ વાતથી પહેલેથી જ નારાજ હતી જ. હવે એમાં વધારો થયો. વિનયે પ્રસ્તાવ મૂક્યો કે સુશીલા, રાકેશને લગ્ન કરી લેવા માટે

સમજાવે. સુશીલાને મનમાં ખૂબ ગુસ્સો આવ્યો પણ પતિની વાતનો તે વિરોધ ન કરી શકી.

તેણે પોતાની બહેનપણી વનિતા વિશે થોડું થોડું કહેવાનું શરૂ કર્યું. રાકેશ ક્યારેક સાંભળતો, ક્યારેક ન પણ સાંભળતો. સુશીલાએ જીવનના ભવિષ્ય વિશે પણ વિચારવાનું કહ્યું. રાકેશ હવે ક્યારેક ક્યારેક, થોડીવાર માટે એકલો પણ આવતો. સુશીલાની વાતો સાંભળતો પણ કોઈ વાત ધ્યાનમાં લેતો નહીં.

એક તરફ પતિનો પ્રસ્તાવ અને બીજી તરફ નીરસ રાકેશ સાથે લગ્ન જેવી બાબત પર વાતચીત — બે ઘોડા પર સવારી કરવા જેવું કામ હતું. ક્યારેક તેને એવું લાગતું કે આ કામ તલવારની ધાર પર ચાલવા જેવું છે. તેમ છતાં તેણે પોતાના તરફથી પ્રયત્નો ચાલુ રાખ્યા.

હવે એમાં બન્યું એવું કે વિનયને ધંધાના અનુસંધાને થોડા દિવસ માટે બહારગામ જવાનું થયું. આ દિવસોમાં સુશીલા અને રાકેશને મળવાનું પ્રમાણ વધી ગયું. સુશીલા એક આદર્શ ગૃહિણી ઉપરાંત આર્ય નારી પણ હતી. વિવેકી અને સંસ્કારી પણ હતી અને પતિની ગેરહાજરીમાં પણ આ કામ ચાલુ રાખવું એવી વિનયની સૂચના હતી.

આ દિવસો દરમિયાન નજીકના સગામાં એક લગ્ન પ્રસંગ હતો અને નજીકના ગામડામાં જવાનો પ્રશ્ન હતો અને પરિસ્થિતિ એવી હતી કે સાસુ અને સસરા બંને બીમાર હતા. તેથી સુશીલા લગ્ન પ્રસંગે જઈ આવે એવું નક્કી થયું. પરંતુ એકલી કોની સાથે જાય? એટલે રાકેશ સાથે જવું એમ નક્કી કર્યું. ઘરની કાર હતી. તેમાં જવું અને સાંજ સુધી પાછા આવી જવું એમ નક્કી થયું.

બે દિવસ પછી લગ્ન પ્રસંગ હતો. ઘરની કારમાં સુશીલા અને રાકેશ નીકળ્યા. પરંતુ પાછા ફરતા ગાડીમાં ખરાબી હોવાથી નીકળવામાં મોડું થયું. રાત પડી ગઈ. પાછા ફરતા વચ્ચે થોડો સૂમસામ રસ્તો આવતો હતો.

વાતાવરણ ગંભીર થતું જતું હતું. કારની ગતિ ધીમી થઈ. સહેજ જંગલ જેવો રસ્તો આવ્યો એટલે તે તરફ ગાડી વાળી રાકેશે ગાડીને ઊભી રાખી દીધી. લાઈટ બંધ કરી દીધી અને વનિતાની, તેના સૌંદર્યની અને લગ્ન વિષયની વાતો કરવા લાગ્યો. સુશીલા તેને સમજાવતી વખતે જે કંઈ કહેતી, તે વાક્યો ફરીથી બોલવા લાગ્યો અને ધીરે ધીરે સુશીલાની નજીક આવવા લાગ્યો.

સુશીલા હવે બધું જ સમજી ગઈ. તેનો ગુસ્સો હવે પર્વત શિખર પર પહોંચી ગયો. તેણે મનમાં ગાંઠ વાળી લીધી કે તે વિનય માટે કર્ણેષુ દાસી ખરી પણ ઘરની શેઠાણી છે. પોતે પોતાના મનની માલિક છે. પતિનું મન રાખવા તે આવા જનાવર જેવા માણસના પનારે પડી છે અને ખરાબ પરિસ્થિતિમાં મૂકાઈ ગઈ છે.

તેને તેની નાનીના શબ્દો યાદ આવ્યા. સ્ત્રીને અવારનવાર, ખોટી રીતે સમજાવીને તેને અબળા બનાવી દેવાઈ છે. હકીકતમાં તો તે દુર્ગા છે, શક્તિ છે અને પછી એને, એની નાનીની, એ જમાનાની વાત યાદ આવી. એ જમાનામાં ઘરમાં ચોર આવ્યો હતો. ઘરમાં નાની એકલી હતી. સળવળાટ થતા તે જાગી ગઈ અને હાથમાં ચૂલાનો લાકડાનો ટુકડો આવતાં તેણે ચોરને ત્યાં ને ત્યાં ઝુડી નાખ્યો અને ચોર પણ એવો નાઠો તો કે ગામ મૂકીને ચાલ્યો ગયો.

સુશીલા હવે પાકા નિર્ણય પર આવી ગઈ. પોતાનું રૌદ્ર સ્વરૂપ દેખાડ્યું. એક વખતની કરાટે શીખેલી સુશીલાએ એવું આક્રમણ કર્યું કે રાકેશ હેબતાઈ ગયો. આ એક ભયંકર ક્ષણ હતી. અને હા, જીવનની વસમી પળ હતી. સંસ્કૃતા સુશીલા, શક્તિ સ્વરૂપા બની ગઈ હતી. માર સહન કરતા કરતા રાકેશ બોલ્યો, માફ કરો, માફ કરો... મારી ભૂલ થઈ, મારી ભૂલ થઈ...

ખૂબ માર માર્યા પછી જ્યારે સુશીલાને લાગ્યું કે રાકેશ હવે સમજી ગયો છે, તેણે મારવાનું બંધ કર્યું.

આ રસ્તો એણે એટલે પસંદ કર્યો હતો કે તે એક પતિવ્રતા સ્ત્રી હતી અને પતિનો પ્રેમ ખોવા માંગતી ન હતી અને રાકેશને પણ ખાતરી થઈ ગઈ હતી કે **સ્ત્રીની ઇચ્છા વિરુદ્ધ તેનું મન જીતી શકાતું નથી.**

થોડીવાર બંને મૌન રહ્યા. વસમી પળ પસાર થઈ ચૂકી હતી. સુશીલાએ કારનો દરવાજો ખોલ્યો. પાછલી સીટ પર આવી ગઈ અને ફક્ત એટલું જ બોલી, 'ચાલો.'

કાર ઘેર આવી. જાણે કશું જ બન્યું ન હોય તેમ તે ઘરમાં ચાલી ગઈ. બીજા દિવસથી ઘરકામમાં એવી રીતે પરોવાઈ ગઈ કે જાણે કશું બન્યું જ ન હતું. તેણે મનમાં નક્કી કર્યું હતું કે આ એક ભયંકર સપનું હતું અને તે ભૂલી જવાનું છે.

થોડા દિવસ પછી વિનય ઘેર આવ્યો. ઘર પહેલાની જેમ જ સામાન્ય લાગતું હતું પણ રાકેશ હવે ઘેર આવતો ન હતો. થોડા દિવસ પછી વિનયે સુશીલાને પૂછ્યું, કેમ રાકેશ આપણા ઘેર નથી આવતો? સુશીલાએ સાહજિક સ્મિત સાથે જવાબ આપ્યો, તમારો મિત્ર છે, તમે જ એને પૂછી લેજો ને!

સમય વીતતો ગયો. વિનય પણ હવે કંઈ વધારે પૂછતો ન હતો. સુશીલા પણ એ રાતની વસમી પળ ભૂલવા જ માંગતી હતી. તેના અંતરમનમાં તો એક જ ઈચ્છા હતી કે પોતાનું દાંપત્યજીવન સરળતાથી ચાલતું રહે. વસમી પળ વિસરાઈ જાય અને પવિત્ર જીવનયાત્રા ચાલતી રહે એનાથી વધારે એને ક્યાં કંઈ જોઈતું હતું!

*સી-૨૯, વ્રજવિહાર ટેનામેન્ટ, સૌરભ પાર્કની પાછળ,*
*લક્ષ્મીપુરા રોડ, વડોદરા-૩૯૦ ૦૨૩.*
*મો. ૯૮૨૪૮ ૭૭૫૮૫*

રહસ્ય

# એક અંધારી રાતે...



મનહર રવૈયા, કોલમિસ્ટ

શહેરથી ત્રણ કિલોમીટર દૂર હાઈવે ચોકડી પાસે નવી જ બનેલી વિશ્રામનગર સોસાયટીના તમામ બ્લોક્સ ખાલી પડ્યા ધૂળ ખાતા હતા. સોસાયટી નિર્માણના ભાગીદારોમાં અંદરોઅંદર વિવાદો થતાં બ્લોક્સના વેચાણ પર કોર્ટ દ્વારા પ્રતિબંધ લદાયો હતો. પરિણામે આખી સોસાયટી સાવ ઉજ્જડ - વેરાન જેવી પડી હતી. એના અવાવરું રસ્તા પર હવે તો ઘાસ ઉગી નીકળ્યું હતું. કેવળ સોસાયટીનો છેલ્લો બ્લોક એના માલિકોએ ગુલાબસિંહ નામના વૉચમેનને રહેવા માટે આપ્યો હતો. પણ કોણ જાણે કેમ વૉચમેન ગુલાબસિંહ હજુ બે દિવસ પહેલાં કંઈ કહ્યા વગર ભાગી ગયો હતો અને પછી એણે સોસાયટીના માલિક પ્રકાશ શેઠને ફોન કરીને જાણ કરી હતી.

સોસાયટીની દેખભાળ માટે પગીની આવશ્યક્તા જણાતા પ્રકાશ શેઠે 'વૉચમેન જોઈએ છે' એવા મતલબની એક જાહેરખબર ન્યુઝ પેપરમાં છપાવી. એ જાહેરાત વાંચી વનરાજને વૉચમેન તરીકે રહેવાનું મન થયું. આ વનરાજ ઊંચો, ખડતલ બાંધાનો અને પડછંદ એવો ખેતમજૂર. એ થોડું ભણેલો એટલે ગામડામાં ન ફાવતાં શહેરમાં આવી ગયેલો. અને વર્ષોથી કોલેજ સર્કલ પાસે એ પંક્ચરનો ધંધો કરતો હતો. એણે શહેરમાં આવીને પુનર્લગ્ન કર્યું હતું. પરિવારમાં એ પોતે અને પત્ની મંગળા તથા દસેક વર્ષનો દીકરો.

પંક્ચરની કમાણીમાં વનરાજનું માંડ માંડ પૂરું થતું હતું. વનરાજ શહેરમાં રહીને અનુભવની એરણે ચડીને ઘડાઈ ચૂક્યો હતો. પોતે અનુભવી અને હિંમતવાળો હતો એટલે એનો પંક્ચરનો ધંધો છૂટક છૂટક ચાલતો હતો. છતાંય આર્થિક રીતે જોતાં એણે વિચાર્યું કે સોસાયટીમાં વૉચમેનને રહેવાનું મકાન મફત મળતું હોય તો સારું કહેવાય. અહીંનું મકાન - ભાડું તો બચી જાય ને! અને ઉપરથી પગાર મળે.

— અને એ સાંજે જ વનરાજ સોસાયટીના પ્રકાશ શેઠને મળ્યો, ને વાત કરી કે હું વૉચમેન તરીકે રહેવા તૈયાર છું. પણ મને દિવસભર મારો પંક્ચરનો ધંધો કરવાની છૂટ આપો તો જ!

પ્રકાશ શેઠને બે-ત્રણ દિવસથી રેઢી પડેલી સોસાયટીની ચિંતા થયા કરતી હતી. આથી એમણે વનરાજની શરત મંજૂર રાખી ને પગાર નક્કી કરી વનરાજને વૉચમેન તરીકે રાખ્યો.

બીજા જ દિવસે શહેરનું ભાડાનું મકાન ખાલી કરીને વનરાજ પરિવાર સાથે વિશ્રામનગર સોસાયટીમાં રહેવા આવી ગયો. શરૂઆતમાં મોટું મકાન, લાઈટ, પંખા, સંડાસ, બાથરૂમ વગેરે સગવડતા જોઈ વનરાજને મજા આવી ગઈ. પણ શહેરમાં ભરચક વસ્તીમાં રહેલા વનરાજના પરિવારને ધીમે ધીમે વેરાન સોસાયટીમાં એકલું લાગવા માંડ્યું.

વનરાજ આખો દિવસ શહેરમાં જાય અને રાત્રે સોસાયટીની ચોકી કરે. તેથી સાવ નિર્જન સોસાયટીમાં મંગળાને ફાવ્યું નહીં. એણે પાછા શહેરમાં જવાની જીદ કરી. વનરાજ માન્યો નહીં. અંતે એ ઝઘડો કરીને છોકરાને લઈને પોતાના પિયરમાં ચાલી ગઈ. વનરાજને થયું, ભલે ગઈ, કંટાળીને પાછી આવી જશે. એકલો વનરાજ શહેરમાં જમીને, ચા-પાણી માટે દૂધની થેલી લઈને રાત્રે સોસાયટીમાં આવી જતો હતો.

રાત્રિના એક-બે રાઉન્ડ સોસાયટીમાં લગાવીને એ વચ્ચેના ચોકમાં ખાટલો નાખીને સૂઈ રહેતો હતો. **ચાલીસી વટાવી ચૂકેલા વનરાજને મન ડર, બીક જેવું કશું હતું નહીં. એ જબરા કલેજાવાળો માણસ હતો. એની હિંમત સામે ભૂત જેવા ભૂત પણ ભાગી જાય એમ હતું.**

— પણ એક રાત્રે બરાબર બાર વાગે વનરાજ ઝબકી ગયો. એણે પગરવનો અવાજ સાંભળ્યો. એણે તરત જ ટૉર્ચ - બત્તી કરીને જોયું પણ કશું દેખાયું નહીં. ભ્રમ થયો હશે એમ માનીને વનરાજે પાછું ખાટલામાં લંબાવ્યું. થોડીવારે માંડ એની આંખો મળી ત્યાં **કોઈ સ્ત્રીના ઝાંઝરનો અવાજ આવ્યો છમ... છમ... છમ...!** અવાજ સાંભળી વનરાજ ટૉર્ચ લઈને ઊઠ્યો ને એના કાને એક સ્ત્રીની ચીસ સંભળાઈ. વનરાજ ચીસની દિશા તરફ આગળ વધ્યો. તે છેક સોસાયટીના ગેટ પાસે આવ્યો હતો. તેણે જોયું તો ગેટ પાસે એક સ્ત્રી ઘુમટો તાણીને બેઠા બેઠા રડતી હતી. વનરાજે ટૉર્ચ કરીને પૂછ્યું : 'કોણ છે તું, ને શું કરે છે?'

'મને મારા પતિએ અંતરિયાળ કાઢી મૂકી છે. મને એક રાત આશરો જોઈએ છે...' એ સ્ત્રીએ રડતાં રડતાં જવાબ આપ્યો. વનરાજને દયા આવી. ને એ બોલ્યો : 'જુઓ, હું તો એકલો છું. તને ફાવે તો મારો બ્લોક ખાલી પડ્યો છે. ત્યાં તું રહી શકે છે...'

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૮ ઉપર)

શિક્ષણ

# શિક્ષણનું ભારતીયકરણ



ડૉ. પૂજા બી. જોશી

રાષ્ટ્રીય ચરિત્ર નિર્માણ કરવાની અને સમાજ સંસ્કૃતિને તેની ભવ્ય ઊંચાઈઓ પર પુનઃ પ્રસ્થાપિત કરવાની જવાબદારી શિક્ષણ વ્યવસ્થાની છે.

શું આજનું શિક્ષણ એ દિશામાં જઈ રહ્યું છે? વાંચતા - લખતા શીખ્યા, ગણતરીઓ, ઈતિહાસ, ભૂગોળ શીખ્યા પરંતુ આ બધું નોકરી વ્યવસાય માટે જરૂરી છે. ચરિત્ર નિર્માણ માટે હજુ કંઈક વધુ જોઈએ. **ગાંધીજીએ કહ્યું છે કે, 'બુદ્ધિ, શુદ્ધિ, શાંત ન્યાયદર્શી હોય તે કેળવણી.' આપણી શિક્ષણ પ્રથા એ માત્ર માહિતી પ્રસારની પ્રક્રિયા છે.** વિદ્યાર્થીને સાચા અર્થમાં માનવી બનાવવાની શિક્ષણ પ્રક્રિયા બાજુ પર મૂકાઈ ગઈ છે.

આઝાદી પછી ભારતે વિકાસના માર્ગે આગેકૂચ કરી છે, એ વાત સાચી. પણ, વૈશ્વિકીકરણની પ્રક્રિયામાં અને જીવન ધોરણ ઊંચું લાવવાની મથામણમાં જીવનનાં ખરેખરા મૂલ્યો કર્તવ્યનિષ્ઠા, પ્રામાણિકતા, નૈતિકતામાં બહુ મોટી ઉણપ આવી ગઈ છે. એનું કારણ ભારતનાં ભવ્ય ભૂતકાળની અવગણના કરીને મેકોલેએ આપેલી શિક્ષણ પ્રથામાંથી આપણે આજદિન સુધી મુક્ત થયા નથી, તે છે. માનવ સમાજનાં સાંસ્કૃતિક વારસામાં ભારતીય સંસ્કૃતિની ઊંડી છાપ હતી. વિશ્વની અન્ય પ્રજા પ્રાચીન સમયમાં જ્યારે રખડતું - ભટકતું જીવન જીવી પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરવા મથી રહી હતી **ત્યારે આપણી આ ભારત ભૂમિ ઋગ્વેદના પવિત્ર વિચારોથી સમૃદ્ધ હતી. આપણી વૈચારિક સમૃદ્ધિ અન્ય પ્રજાઓની સરખામણીમાં કંઈક વધારે આગળ હતી.** ૧૮મી સદીમાં થયેલી યુરોપની ઔદ્યોગિક ક્રાંતિ કરતા લગભગ ત્રણ હજાર વર્ષ પૂર્વે રામાયણ અને મહાભારત કાળમાં વિશિષ્ટ ટેકનોલોજી અસ્તિત્વમાં હતી. ટેલીવિઝનનો સૌપ્રથમ ઉપયોગ સંજય દ્વારા મહાભારતનાં યુધ્ધ દરમિયાન હસ્તિનાપુરના રાજમહેલમાં ધૃતરાષ્ટ્રને કુરુક્ષેત્રના મેદાનમાં થતી ઘટનાઓ લાઈવ ટેલિકાસ્ટ કરતી વેળાએ થયો હતો. **ઇંગ્લેન્ડના રાઇટ બ્રધર્સ** દ્વારા થયેલા વિમાનની શોધથી પણ પહેલા રાવણે પુષ્પક વિમાન ચલાવવાની વાત છે. **એ ઉપરાંત જ્યોતિષ, ખગોળ, ગણિત (શૂન્ય દશાંશ પદ્ધતિ) યોગ, મનોવિજ્ઞાન જેવી અનેક વિદ્યાઓમાં ભારત વિશ્વનાં અન્ય દેશોથી અનેકગણું આગળ હતું....** એમ દરેક ભારતીય છાતી ઠોકીને કહી શકે એમ છે, પણ કહેતો નથી. કારણકે તેને આપણા ભવ્ય ભૂતકાળથી માહિતગાર કરવામાં નથી આવતો. મેકોલેની શિક્ષણ પદ્ધતિએ ભારતીય પરંપરા અને મૂલ્યોના હ્રાસ કરી નાખ્યો છે.

આપણા દિવ્ય અને ગહન સાંસ્કૃતિક વારસાને આપણે જ યથાર્થરૂપે ઓળખતા નથી. ઘણી વખત સમજ હોય તો પણ આગામી પેઢીને યોગ્ય રીતે સમજાવી શકતા નથી. પરિણામે આપણો દિવ્ય સાંસ્કૃતિક વારસો અતીતની ખાઈમાં ધકેલાઇ જતો હોય તેવું લાગે છે. **સાંસ્કૃતિક રીવાજો - રસમો દ્વારા જ મૂલ્ય શિક્ષણ આપી શકાય.** પણ દુઃખની વાત તો એ છે કે આપણી શિક્ષણ પ્રથા જાણે આપણા સાંસ્કૃતિક મૂળિયા કાપી નાખવા જ મથતી હોય તેમ માધ્યમિક કક્ષાએ સંસ્કૃત વિષયને વૈકલ્પિક વિષય તરીકે ભણાવાય છે. અંગ્રેજી ફરજિયાત હોય, એ સામે વાંધો નહીં પણ સંસ્કૃતિની ધરોહર સમી સંસ્કૃત ભાષા અને એની સાથે વિકલ્પમાં રાષ્ટ્રને એકસૂત્રતામાં જોડી રાખનાર હિંદી ભાષા. બંનેમાંથી એકને પસંદ કરતાં નુકસાન તો દેશની અસ્મિતાને જ થવાનો! વળી ટી.વી. વગેરેના કારણે હિંદીની નીકટ રહેતો વિદ્યાર્થી સંસ્કૃતની સરખામણીએ હિંદી ભાષા પસંદ કરે. જેથી સંસ્કૃત ભાષા અને સંસ્કૃતિ અતીતમાં ધીમે ધીમે ધરબાતી જાય. પરંતુ ત્રિ-ભાષાના સ્થાને ચાર ભાષા માધ્યમિક કક્ષાએ શા માટે ન ભણાવી શકાય? એ પ્રશ્ન શિક્ષણવિદોને શા માટે નથી થતો? વિકલ્પો આપવાની જરૂર શા માટે? ભગવદ્ ગીતા, રામાયણ, મહાભારત, વેદો અને ઉપનિષદોમાંનું જ્ઞાન અભ્યાસક્રમમાં સમાવીને જ શિક્ષણનું ભારતીયકરણ થઈ શકે.

ભલું થજો કેન્દ્ર સરકારનું કે તેણે ભારતીય સંસ્કૃતિને વિકૃત રીતે ચીતરનાર ૬૫ જેટલી ભૂલોને પાઠ્ય પુસ્તકમાંથી દૂર કરાવનાર દીનાનાથ બત્રાનું પુસ્તક શાળાઓમાં વિશેષ વાંચન તરીકે દાખલ કરાવ્યું છે તે આવકારદાયક છે.

રાષ્ટ્રીય ચરિત્ર નિર્માણ કરવાની અને સમાજ - સંસ્કૃતિને તેની ભવ્ય ઊંચાઈએ ફરીથી સ્થાપિત કરવા માટે શિક્ષણ વ્યવસ્થાનું ભારતીયકરણ થવું જ જોઈએ.

*૧૯૯, જૂની ઉમેદનગર,*
*ભુજ, કચ્છ.*

શિક્ષણ

# આજે સંતાનોના શિક્ષણમાં, ઘડતરમાં પિતાની ભૂમિકા



નટવર આહલપરા

આ લેખ મારા મિત્રસમા અને સંતાનોના પિતાઓને સમર્પિત છે. સલાહ નહીં પણ સ્નેહ સ્વરૂપે લેખ છે. સૌપ્રથમ એક સુવિચાર જોઈએ.

**"હે માતા-પિતા, દરરોજ તમે તમારા બાળકના અભ્યાસની પૂછપરછ કરવા, રસ લેવા અડધો કલાક કાઢશો તો ઘડપણનાં વીસે વર્ષ સુધરી જશે!"**

અહીં જે પિતાના સંતાનો બાળ મંદિરથી કોલેજ સુધી અભ્યાસ કરે છે તેવા પિતાશ્રીઓને પ્રેમથી સંબોધન કરવું છે.

'મા તે મા' કહેવાય તો પછી 'પિતા તે પિતા' કેમ ન કહેવાય? આપણે સંતાનોના ઉજજવળ ભવિષ્ય માટે આટલું ન કરીએ? પિતા-સંતાન વચ્ચે અંતર ઘટે તે માટેના પ્રયાસરૂપે આ લેખ છે.

૧. **લાગણી :** પિતા તરફથી પણ બાળકને ભરપૂર લાગણી મળવી જોઈએ.

૨. **જરૂરિયાતો :** ફી, પુસ્તકો, પ્રવાસ ફી, ખિસ્સા ખર્ચ અને ગણવેશ અંગે કાળજી રાખવી.

૩. **સવાર - સાંજનું ભોજન સાથે :** આ યુગ યંત્ર યુગ - મોંઘવારીનો યુગ - પૈસા કમાવાની દોટ સૌ મૂકતાં હોય છે. તેના વગર જીવી પણ ન શકાય. છતાં સવાર-સાંજ અનુકૂળતાએ ઘરના સભ્યો સાથે મળી ભોજન કરે તો બાળકમાં સમૂહ જીવનની ભાવના આપોઆપ વધશે.

૪. **સરખામણી ન કરવી :** બે કે તેથી વધુ સંતાનો હોય તો તેમના ગુણોની સરખામણી ક્યારેય ન કરવી. વ્યક્તિગત વિશેષતા - મર્યાદાની જાણ અંગત રીતે કરવી. આમ કરવાથી બાળકની આત્મસુઝ વિકસશે. લઘુતાગ્રંથિ / ગુરુતાગ્રંથિ નહીં આવે.

૫. **ઉદારતા :** કોઈ વસ્તુ બાળકના હાથે તૂટી-ફૂટી જાય, કાંઈ નુકસાન કરે તો તેને ઉદારતાથી માફ કરી - આ ઘટનામાંથી તેને બહાર કાઢી ભયમુક્ત કરવો જોઈએ.

૬. **ભેટ :** બાળકના જન્મ દિને, તેણે મેળવેલી સફળતા સમયે સારાં પુસ્તકોની ભેટ અચૂક આપવી. જે તેની આજીવન મિત્ર અને માર્ગદર્શી બની રહેશે.

૭. **આશ્વાસન :** પરીક્ષામાં નિષ્ફળતા મળે, ભણ્યા પછી નોકરી ન મળે, ધંધો બરાબર ન ચાલે તેવા સમયે તેનાં જીગરને ટકાવી રાખવાની ફરજ પિતાની છે. ખરા દિલથી આશ્વાસન આપી, આવતીકાલ તેની જ છે તે બરાબર સમજાવી, તેની હિંમત ટકાવવાથી તે નિરાશાથી દૂર રહેશે.

૮. **જવાબદારીની સોંપણી :** બાળકની ઉંમર વધતાં ઘરની નાની-મોટી ખરીદી, સારા-માઠા પ્રસંગે બજાવવાની જવાબદારીમાં ક્યાંક તેની સાથે હાજર રહી, ક્યાંક તેને માથે જવાબદારી સોંપી દેવાથી તેનું સામાજિક ઘડતર થશે. પછી તે ક્યાંય જતાં અકળાશે નહીં.

૯. 'હું તો ફી ભરી દઉં', 'મારું બાળક તો એની મેળે બધું કરી લે', 'અમે એમાં માથું ન મારીએ' — આ વાક્યો સાંભળ્યા છે અને સાંભળું છું જેને પિતાની છટકબારી, આળસ અને ઉદાસીનતા ગણું છું.

૧૦. ભલે બાળકને પિત્ઝા, આઇસ્ક્રીમ કે ચોકલેટ ખવડાવો પણ તેના હાથમાં પુસ્તક પણ આપો.

૧૧. શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ અથવા અન્ય કોઈ સ્થળે લલિત કળા અને ખેલકૂદ મહોત્સવ, નવરાત્રી ઉત્સવ કે વિદ્યાર્થીઓનો કે વિશિષ્ટ પ્રતિભાઓનો સન્માન સમારંભ હોય ત્યારે હજારો કામ પડતા મૂકી પિતાએ ગૌરવભેર ઉપસ્થિત રહેવું જોઈએ અને ગૌરવ લેવું જોઈએ.

૧૨. સંતાનોને સાંભળવા જોઈએ. ગુસ્સો કે ક્રોધ કરી તેને ઉતારી પાડવાથી પહેલા તો આપણું લોહી બળે છે.

૧૩. સવારની શાળા હોય, બાળકોની સાથે પિતાએ પણ વહેલા જાગી, બાળકની સાથે ચા-દૂધ-નાસ્તો લેવો જોઈએ. પ્રયત્ન કરો, મજા આવશે.

૧૪. રાત્રે વહેલા સૂઓ, બાળકોને સૂવડાવો. બીજે દિવસે, સ્ફુર્તિ જ સ્ફુર્તિ હશે. નિયમ બનાવી વહેલા સૂવાનું રાખો.

૧૫. બાળકોને વિજ્ઞાન નગરી, લોક વિજ્ઞાન કેન્દ્ર, ફન વર્લ્ડ, મ્યુઝિયમ, ચિલ્ડ્રન લાઈબ્રેરી, લાઈબ્રેરી, પ્રસિદ્ધ મંદિરો, ટોયઝ લાઈબ્રેરી, પુસ્તક શો રૂમ, બાગ-બગીચા, નદી, સરોવર, પ્રાણી સંગ્રહાલય, ડેમ વગેરે ફરવાના, જ્ઞાન - આનંદ મેળવવાના સ્થળે લઇ જાઓ.

૧૬. પિતા તરીકે સંતાનોને સરસ ફોલ્ડર આપી, તેના પરિણામ

પત્રક, પ્રગતિ પ્રમાણપત્રો ફાઈલ કરી આપવા જોઈએ.

**૧૭.** રમતગમત માટે રાજકોટ બાલ ભવન, ઈન્ડોર સ્ટેડિયમ, જિલ્લા રમતગમત અધિકારી, બહુમાળી ભવન, ક્રિકેટ ક્લબ વગેરેની મુલાકાત લેવી જોઈએ.

**૧૮.** ધોરણ-૧૦ અને ૧૨ પછી ક્રિમીલેયર સર્ટિફિકેટની જરૂર પડે છે. તો તેના માટે અગાઉથી જૂની કલેક્ટર ઓફિસે, સિટી મામલતદાર ઓફિસનો સંપર્ક કરવો જોઈએ.

**૧૯.** નોકરી, ધંધા કે કારખાનામાંથી બાર-પંદર કલાક કામ કર્યા પછી ઘરે આવો ત્યારે બાળકો સાથે રમી જુઓ. તમારો થાક, દુઃખ ભૂલાઈ જશે. **મોબાઈલ લઇ વોટ્સએપમાં એકાગ્ર ન થાઓ.** સર્ચ ભલે કરો પણ તમારું બાળક તમારી સામે પરિણામ કે પ્રમાણપત્ર લઈ ઊભું છે. તેના ચહેરા પરની ખુશી પણ સર્ચ કરો. પછી જુઓ તમને ટોનિક મળશે.

**૨૦.** હવે ઓનલાઈન પ્રવેશ મળે છે. તેની માહિતીથી વાકેફ રહો.

**૨૧.** આપણી જ્ઞાતિમાં ઘણી શાળામાં શિક્ષક - શિક્ષિકાઓ, કોલેજમાં, યુનિ.માં પ્રાધ્યાપકો, જી.ટી.યુ.માં, ગુજરાતની ટેકનિકલ કોલેજોમાં, સચિવાલયમાં, કલેક્ટર કચેરી, બહુમાળી ભવનમાં વગેરેમાં ફરજ બજાવે છે. તેમનું ફોન નંબર સાથેનું નામ - સરનામાવાળું લિસ્ટ બનાવો. કોઈ કામ અટકશે નહીં. બસ, **'પૂછતો નર પંડિત.'**

**૨૨.** જો આપણે પાનની દુકાને અડધો કલાક, નોકરી-ધંધેથી છૂટી મિત્રો સાથે ગપાટા જ મારતા હોઈએ તેના કરતાં સમયસર ઘરે આવી બાળકની જરૂરિયાત જાણીએ, તેની સાથે વાતો કરીએ, રમીએ, પીઠ થાબડીએ. શાબાશી આપીએ તો એના જેવો આનંદ અન્યત્ર નહીં મળે.

**૨૩.** પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીના સંતાનો રાહુલ અને પ્રિયંકાની શાળાનો સમય સવારનો હતો. બાળકોની સાથે રહી શકાય, તેની સારસંભાળ લેવા અને રમવા ખેલવા રાજીવ ગાંધીએ રાહુલ-પ્રિયંકાની શાળાનો સમય બપોરનો કર્યો હતો. તો આપણે શું ન કરી શકીએ?

**૨૪.** બામ, ડોબો, ગડબો, બુધ્ધુ વગેરે જેવા શબ્દો પિતાએ બાળક માટે ક્યારેય ન ઉચ્ચારવા જોઈએ. તેમને શિસ્ત શીખવાડો.

**૨૫.** એક ઉદાહરણ લઈએ કે બે સંતાનના પિતા પાન, ફાકી, ગુટકા ખાય છે કે સિગારેટ, ચા કે અન્ય પીણું પીવે છે. અંદાજે મહિને આવા પિતાનો ખર્ચ એક હજાર ગણીએ તો ૧૨ મહિનાના ૧૨ હજાર રૂપિયા થાય. પણ બાળકોની સાથે દૂધ, છાશ પીએ તો? હું એક ઝાટકે વ્યસન બંધ કરવાનું નથી કહેતો. પ્રયત્ન કરો. તમારી પાછળ તમારી પત્ની, સંતાનો છે. વિચારો. આજથી જ, આ પળે વિચારો. જો પુસ્તકો, ફી, શિષ્યવૃત્તિ સંસ્થામાંથી લેતા હોય તો આપણા મોજશોખ ખાતર સંતાનોના પેટ ઉપર કાતર ન ફેરવવી જોઈએ.

**૨૬.** મંદિર જઈએ. ઘરમાં પાઠ-પૂજા, માળા ભલે કરીએ પણ બાળક રડતું હોય, જીદ કરતું હોય તો તેને છાનું રાખવું, સમજાવવું, વહાલ કરવું એ પાઠ-પૂજા કે માળા જ છે. **બાળક ઇશ્વરનો અંશ છે તો તેમાં જ ઇશ્વરના દર્શન કરીએ. ગુણ, સંસ્કાર, ધર્મ ઘરમાંથી જ આપીએ.**

**૨૭.** તેની એકાગ્રતા વધારવા ચિત્રપોથી, રંગ આપીએ. ભલે દીવાલ બગડે, કાગળ બગાડે. આડી-અવળી રેખા દોરે. તેનામાં એકાગ્રતાના બીજ રોપાશે. તેને 'બાળવિશ્વ', 'બાલસૃષ્ટિ', 'ધીંગામસ્તી' જેવા બાળ સામયિકો આપો. જોડકણાં બોલો - બોલાવડાવો.

**૨૮.** બાળક વિજ્ઞાનનો પ્રયોગ, ટેકનિકલ મોડેલ, ક્રાફ્ટ્સ, નિબંધ વગેરે બતાવે અને પિતા કહે, 'હમણાં રાખ, પછી જોઈ લઈશ.' આ 'પછી' ક્યારેક 'પછી જ' રહેતું હોય છે અને સંતાનને અને આપણે ભયંકર પરિણામ વેઠવું પડે છે!

**૨૯. બાળક કોરી પાટી છે. તેનો સારો-ખરાબ વિકાસ છ વર્ષમાં જ થાય છે. તેમાં જેવી લીટી પાડીએ તેવી પડે.** નાના છોડ જેવું બાળકનું છે. નાના છોડને વાળી શકાય. મોટા વડલાને વાળી શકાતો નથી.

**૩૦.** હોળી, ધૂળેટી, ગુરૂ પૂર્ણિમા, જન્માષ્ટમી, નવરાત્રિ, દિવાળી, મકર સંક્રાંતિ, પંદર ઓગસ્ટ, છવ્વીસ જાન્યુઆરી જેવા ઉત્સવમાં સંતાનો સાથે પિતાએ પણ જોડાઈ આનંદ લેવો જોઈએ.

**૩૧.** સંતાનોના પુસ્તકો - નોટબુક્સ ખરીદવા, ફી ભરવા, બાળકોને લેવા-મૂકવા, વાલી મીટિંગમાં, પરિણામ લેવા, પેપર જોવા, વર્ગ શિક્ષકને મળી સંતાનનો રીપોર્ટ લેવા જવું જોઈએ. હોંશથી જવું જોઈએ.

**પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ કહે છે, "દરેક બાળક એક વિશિષ્ટ સામાજિક, આર્થિક અને ભાવનાત્મક પર્યાવરણમાં કેટલાંક વારસાગત લક્ષણો લઇને જન્મે છે** અને વડીલો દ્વારા એક ચોક્કસ પ્રકારની તાલીમ મેળવે છે. મને વારસામાં પિતા પાસેથી પ્રામાણિકતા અને આત્મશિસ્ત મળ્યા હતા."

લેખના અંતે પ્રિય પિતા મિત્રોને ફરીથી એટલું જ કહેવાનું કે, આ મારી કોઈ સલાહ નથી પણ ચિંતા છે, ચિંતન છે, સ્નેહ છે. હજી સમય છે. જાગીએ, સૌને જગાડીએ! જે ઘરમાં દાદા-દાદી છે, બાળકનું સુરક્ષા કવચ છે. એવા ઘરનો પિતા નસીબદાર છે!

*'શ્રી પવનતનય' - ૩, વિમલ નગર,*
*યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫.*
*ફોન : (૦૨૮૧) ૨૫૬૧૦૫૧ મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨*

અભ્યાસ

# મોભીના મૂલ



પ્રભુદત્ત ભટ્ટ

માનવી સામાજિક પ્રાણી છે – એ વૈશ્વિક વાસ્તવિક્તા સર્વવિદિત છે. માનવીને એના અસ્તિત્વના આરંભકાળથી એકબીજા વિના ચાલ્યું નથી. પ્રાદુર્ભાવ કાળથી આગળ જતાં જતાં સમૂહના સુયોગ્ય સંચાલન માટે સૌપ્રથમ **'લગ્ન સંસ્થા'** અસ્તિત્વમાં આવી. એના ફળસ્વરૂપ વિધવિધ પ્રદેશ, કાલ, આવશ્યક્તા અને અનુકૂળતા અનુસાર સંબંધોની હારમાળા પણ રચાતી ગઈ. આ લગ્ન સંસ્થાનું પ્રાથમિક અને મુળભૂત સંચાલન પરિવાર ઉપર અવલંબિત છે અને માતા-પિતા, એ પરિવારના મુખ્ય સંવાહક, સંવર્ધક અને સંરક્ષક તરીકે ફરજ અદા કરે છે.

વિશ્વના મહદ્ અંશે બધા જ દેશો-પ્રદેશો અને ધર્મ તથા સામાજિક વ્યવસ્થાઓએ પિતૃસત્તાક પરિવારને સ્વીકાર્યો છે, જે અદ્યાપિ વિદ્યમાન છે. આ કારણે પરિવારથી માંડી સઘળાં એકમો, ક્ષેત્રો, વિભાગો, પુરુષસત્તાક જ રહ્યા છે... જો કે વહેતા કાળપ્રવાહમાં એમાં સુચારુ પરિવર્તન પણ આવી રહ્યું છે એ સ્વીકારવું રહ્યું.

**પરિવાર હોય એટલે મા ની મહત્તા, મમતા અને માધુર્યની તોલે કોઈ ન આવે.** વિશ્વ સાહિત્ય એની ગુણગાથાઓથી ભર્યુંભર્યું છે અને મા ના પ્રેમની પાવનગંગા માનવીથી માંડી પશુ-પંખી, પ્રાણી તથા કીટક સુધી નિરંતર અને અસ્ખલિત વહેતી રહે છે.

પણ... પરિવાર તો શું, કોઈપણ સંસ્થા, સમાજ, રાજ્ય કે રાષ્ટ્ર એના અગ્રિમ મોભીના ખડતલ ખભા કે છપ્પનિયા છાતી વિના આગળ ઉપર કાઠુંય ન કાઢી શકે કે ન તો એના અસ્તિત્વને પણ ટકાવી શકે. આવા મોભીને સૌએ અદકેરા અહોભાવથી આદર સન્માન આપી તથા એમને અનુસરીને ગૌરવને વર્ધિત કરવું જોઈએ. એમાં જ અનુગામી પેઢી અને વારસોનું સાચું હિત પ્રત્યક્ષ સ્વરૂપે જળવાયેલું હોય છે.

પિતા, એ પરિવારનો મોભી છે અને પરિવાર એ જીવંત ઘર છે. જો કોઈ ઘરનો મોભી એના સુયોગ્ય સ્થાનેથી હટે તો આખું ઘર - આખો પરિવાર કડડભૂસ થઈને પડે એ અનુભવજન્ય બાબત છે. પિતા એટલા પારીવારિક વર્તુળના મધ્યબિંદુમાંથી પસાર થતો વ્યાસ, જે પરિઘના દરેક બિંદુને સ્પર્શી શકે. આવા **મોભી પિતાનું મૂલ્ય પણ અમૂલ્ય છે.** એ પરિવારની સમગ્રતાના દ્યોતક હોય છે. પુરુષાર્થ, સમજ, શાલીનતા, લાગણી, સંરક્ષણ, જતન, પોષણ જેવી કૈં કેટલીયે પારીવારિક કાવડો એના એકલાના ખભે ટીંગાયેલી હોય છે. સૌએ એમાં ખિસકોલીવૃત્તિથી સહાયભૂત બનવું જોઈએ અને જો એમ થાય તો આ મોભીનું મહાકાર્ય ઉજળું ઉજળું થઈ જાય.

**પિતા, એ એવું વટવૃક્ષ છે જેની છાંય હેઠળ સૌને વિરામની જ અનુભૂતિ થાય.** કઠિન પરિસ્થિતિમાં એ સબળ સારથી છે, જેના આધારે વિજય પ્રાપ્ત થઈ શકે. પરિવાર સામે આવતી મુશ્કેલીઓ સામે બાથ ભીડવાની તાકાત પણ આ મોભી એવા પિતાની પાસેથી જ મળતી હોય છે. **પિતાના અનુભવ ભાથાના તીર એ યુદ્ધ જીતવાના પ્રેરકબળ બની રહે છે.** એ જ રીતે એમની હામ - હિંમત એ ઘાવ ઝીલવાના ટાણે બખ્તરની ગરજ પણ સારે છે.

પિતાના પરસેવાની સુગંધને જે જાણી શકે છે, તે જ એની મધુરપને પામી શકે અને માણી શકે. પિતા એ સફરજન સમાન નહીં પણ શ્રીફળ સમાન છે. એના ફળત્વને પામવા બહારના રૂક્ષત્વને ત્યજી અંદર સુધી જવું પડે. તો જ એની મીઠાશ માણી શકાય. પિતા ભલેને કરોડાધિપતિ હોય કે છાપરીમાં રહેતો ગરીબ માણસ – પણ એ બંનેમાં પરિવાર માટે એકસરખી લાગણી વહેતી હોય છે. **પિતા એટલે પરિવારની ભીંતે ખોડાયેલી એવી ખીંટી છે, જેણે હથોડીના ઘા પણ સહેવા પડે અને ભાર પણ ઉંચકતા રહેવું પડે.** આવા પિતા - આવા મોભીના કર્તૃત્વને મા ની સરખામણીમાં કદી ઊણું તો ન જ આંકી શકાય.

સ્થૂળ સ્વરૂપે ઘરનો મોભ એટલે શું એ તો દાયકાઓ પૂર્વે લાકડાંના સ્ટ્રક્ચર હેઠળ બનતા ઘર માટે ખારવા - ખલાસી અને કારીગરોની કુનેહ, આવડત અને જહેમતથી સ્થાપિત થતા મોભને જોયો હોય તે જ જાણી શકે. હવે તો આવી ઘટનાઓ નજરોનજર જોવી પણ દુર્લભ બનતી જાય છે. એ મજબૂત મોભની માન મર્યાદા અને પવિત્રતા જાળવવા, એને વસ્ત્રાભિધાન અને પૂજન અર્ચન સહિત સ્થાપિત કરવામાં આવતા. એ પછી આખા ઘરનો ભાર અને આકાર એની ઉપર અવલંબિત થઈ જાય છે. **આવી ભાવના અને લાગણી ઘરના, દેશના કે પછી દરેક સંસ્થાના મોભીઓ માટે એકસરખી રીતે વણાયેલી રહે તો**

**તે સર્વજન હિતાય અને સર્વજન સુખાય ફલિત થાય છે.**

**મોભી જો મુલાયમ રહે તો એના આશ્રિતોની મજબૂતાઈ પણ ક્ષીણ થઈ જાય છે. સાંપ્રત સમયમાં કઠિન પરિસ્થિતિ સામે સંઘર્ષ કરવાની સ્વયંશક્તિ કેળવવી હોય તો એના પદાર્થપાઠ મજબૂત મોભી એવા પિતા પાસેથી જ શીખી શકાય.**

મોભીના મૂલ વર્ણવતી આટઆટલી વાતોથી આપણાં પરિવારો કે સમાજ કાંઇ છેક આંધળો કે બહેરો નથી તેમ છતાં કેટલીક પ્રવર્તી રહેલ અને કેટલીક કટુ વાસ્તવિક્તાઓ પરત્વે નજર નાખવી આવશ્યક છે. મોભી સમાન પિતા તરફથી સ્થૂળ સ્વરૂપે મળતી અસ્ક્યામતો, મિલ્કતો અને અનામતો ઉપર આધાર રાખી જીવનારા કેટલાંય નઠારાં સંતાનો એમને હડધૂત કરી દે છે. એમની ઉંમર - અવસ્થા અને શારીરિક સ્થિતિ પરત્વે દુર્લક્ષ પણ સેવે છે. એમના યોગદાનને વિસારે પાડી અપમાન, તિરસ્કાર અને નફરતની લહાણી કરતા હોય છે. આવા જ કારણોસર દુર્ઘટનાભર્યા મોતને સ્વીકારનાર મોભીઓના - પિતાઓના સમાચારોથી અખબારો ભર્યા પડ્યા હોય છે. આવા સમયે મન ગ્લાનિ અનુભવે છે. આપણે ઈચ્છીએ કે સંતાનો ભલે આવા મોભી પિતાઓનું સન્માન કે ગૌરવ ન જાળવી શકે તો છોરું-કછોરું ગણી માફ કરી શકાય પણ એથી વિપરીત વર્તન કે આચરણ કરે તો તે ક્ષમ્ય ન જ ગણાય.

કેટલીક કાવ્ય પંક્તિઓમાં પણ આવી જ ભાવના વ્યક્ત થાય છે.

*સહુ સ્વજનને સુખડાં પાવા, સાથ સાથ દુઃખડાં દૂર કરવા*
*સદા મથે એ માણસ – પિતા!*

*બળે ખુદ એ ધૂપ થઈને, નિજત્વને વિખરાવી દેવા*
*સદા મથે એ માણસ – પિતા!*

*સહુના પૂરાં કરે ઓરતા, અતીતની વાતોમાં વહેતા*
*સંસ્કારોની સરવાણીને*
*સદા સીંચે એ માણસ – પિતા!*

સંક્ષિપ્તમાં એટલું તો સૌએ જાણવું જ રહ્યું કે આપણી નજર સમક્ષ જીવતા જાગતા મોભ સરીખા પિતાનું મહત્ત્વ, માન, મર્યાદા અને ગૌરવ જળવાય એમાં જ સૌનું સાફલ્ય સમાહિત થઈ જાય છે.

*એએ-૧૭, સાંઇકૃપા બંગ્લોઝ, રાજરત્ન સોસાયટી નજીક,*
*ઝાડેશ્વર, ભરૂચ - ૩૯૨ ૦૧૧.*
*મો. ૯૯૨૫૦ ૯૩૪૩૮, ૯૪૨૭૧ ૧૫૦૫૩*

*મુશ્કેલ સમયમાં સમજદાર વ્યક્તિ રસ્તો શોધે છે*
*અને કમજોર વ્યક્તિ બહાના શોધે છે.*




**'મંગલ મંદિર' – કોઈપણ બાબત સંબંધી સંપર્ક સૂત્ર**

*'મંગલ મંદિર' સંબંધી કોઈપણ પ્રશ્નો, પૂછપરછ - તપાસ જેમ કે સામયિકના અંકો ન મળવા, સરનામા-ફેરફાર, વિજ્ઞાપન, લવાજમ, ડિજિટલ માધ્યમની કોઈપણ બાબત, સમાજ દર્પણ, સંસ્થા સમાચારમાં પ્રકાશિત કરવાની કોઈપણ વિગતના સંદર્ભમાં 'મંગલ મંદિર' માસ ઓક્ટોબર-૨૦૨૧ના પાના નંબર-૪૨ ઉપર જે નોંધ પ્રકાશિત થઈ છે, તેને રદ ગણીને હવે પછી મો. નંબર ૮૫૧૧૩ ૭૨૨૮૮ અથવા તો સમાજ કાર્યાલયના નંબર : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ / ૨ / ૩ / ૪ પર સંપર્ક કરવા અનુરોધ છે.*

*– તંત્રી મંડળ*

અભ્યાસ

# ભાષા, સંવેદના અને શિક્ષણ



પ્રા. સંધ્યા ભટ્ટ
એસોસિએટેડ પ્રોફેસર (અંગ્રેજી વિભાગ)

*<u>નોંધ</u> : બાળકોએ અંગ્રેજી ભાષા શીખવી જોઈએ, બોલવી જોઈએ – એ એક વાત છે પરંતુ પોતાની માતૃભાષાની નિપુણતા તેની પાસે અવશ્ય હોવી જોઈએ. તેવી રીતે દરેક નાગરિકને માતૃભાષાનું ગૌરવ પણ હોવું જ જોઈએ. આ પ્રકારની સ્પષ્ટ અને મહત્ત્વની છણાવટ તજજ્ઞ લેખિકાએ તેમના આ લેખમાં કરી છે, જે રસપ્રદ ઉપરાંત ઉપયોગી છે.*

*– તંત્રી મંડળ*

બાળક નાનું હોય ત્યારે સ્પર્શની ભાષા જાણે છે. ધીમે ધીમે તે આંખ માંડીને જોતું થાય છે ત્યારે તેને આંખની ભાષા સમજાય છે અને પછી તો તે હાવભાવની સૂક્ષ્મ ભાષા પણ ઓળખવા માંડે છે. આ ભાષા બાળક ઝીલે છે અને તેના પ્રતિભાવરૂપે જ તે મલકાય છે કે બીવે છે કે રડે છે. આ પછીનો તબક્કો છે દૂધભાષા શીખવાનો એટલે કે માતૃભાષા શીખવાનો.

આપણા ઘરોમાં ગુજરાતી ભાષા બોલાતી હોય છે. **બાળકને બોલતાં થયા પછી વ્યક્ત થવું છે. તેથી તે આસપાસ બોલાતી ભાષાને તરત જ ઝીલે છે અને તેને પ્રયોજે છે.** બાળક બોલતું થાય ત્યારે આપણે તેને દરેક વસ્તુના નામ શીખવાડતા નથી પણ તેની જાતે જ તે કેટલાયે શબ્દો શીખે છે. તેને આમ બોલતું જોવામાં આપણને ભારે વિસ્મય થાય છે. બને છે એવું કે એ તબક્કામાં બાળક આપણી ભાષા શીખવાનો પ્રયત્ન કરે છે અને આપણે એની કાલીઘેલી ભાષા બોલીએ છીએ. આ બધું જ એટલું કુદરતી છે કે આપણને તેમાંથી નિર્મળ આનંદ મળે છે.

હવે બાળકને બાળ મંદિરમાં, નર્સરીમાં મૂકવામાં આવે છે. હવે જો ત્યાં પણ માતૃભાષામાં જ કામકાજ ચાલતું હોય તો બાળકની ઘરમાં ભાષા શીખવાની પ્રક્રિયાને ત્યાં વેગ મળે છે. બાળ મંદિરમાં તે રંગના નામ, ફૂલનાં નામ વગેરે શીખે છે. પણ જો ત્યાં અંગ્રેજીમાં કામકાજ ચાલતું હોય તો બાળક એક પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિમાં મૂકાય છે. વળી, બાળ મંદિરમાં અને આગળ જતાં જુનિયર અને સિનિયર કે.જી.માં પણ બીજી ભાષા (Second Language) ભણાવાતી હોય તો બાળક કુદરતી રીતે ભાષા શીખતું મટી જઈને કૃત્રિમ રીતે ભાષા શીખવાના બોજમાં ધકેલાય છે. **ઘરમાં ગુજરાતી અને સ્કૂલમાં અંગ્રેજી – આ બેવડી પરિસ્થિતિમાં કુશળતાથી કામ પાર પાડવું અઘરું બની જાય છે.**

ભાષાને શિક્ષણ અને સંવેદના સાથે સીધો સંબંધ છે. માતૃભાષા બાળકને સહજ હોય છે. એક તરફ સ્વાભાવિક રીતે કેળવાતી જતી ભાષા અને બીજી તરફ તે જ ભાષામાં શાળામાં મળતું શિક્ષણ તેના મન - હૃદયમાં અમીટ છાપ મૂકી જાય છે. તેને કશુંય યાદ રાખવાની (રિપીટ રાખવાની) જરૂર રહેતી નથી પણ બધું આપોઆપ જ તેની સ્મૃતિમાં ઝીલાય છે અને આથી શિક્ષણનો કોઈ બોજ લાગતો નથી.

**કુમળા મનને હળવું રાખવા માટે માતૃભાષામાં શિક્ષણ જરૂરી છે.** વળી બોલાતી ભાષામાં કેટલાયે શબ્દો એવા છે જે સંવેદનાસૂચક છે. 'લાગી આવવું', 'હચમચી જવું', 'મીઠું લાગવું' જેવા શબ્દસમૂહો, રૂઢિપ્રયોગો અને જાત-ભાતના કેટલાયે શબ્દો બાળકની ભાવનાને સુપેરે વ્યક્ત કરે એવા છે, જે તેને ઘરમાં બોલાતી માતૃભાષામાંથી મળે છે.

શાળામાં અંગ્રેજીમાં ગણ્યાગાંઠ્યા શબ્દો શીખવાડાય તેમાં બાળક અંગ્રેજીને પૂરી રીતે તો ક્યાંથી પામવાનો? વળી તે શીખવાના બોજમાં તે ઘરમાં પણ તે જ 'હોમવર્ક' કર્યા કરે અને તે બીજું કંઈ શીખવા માટે કે માણવા માટે ઉપલબ્ધ જ ન રહે.

આજના સમયની મોટામાં મોટી વક્રતા એ છે કે ભણતરના બોજા નીચે બાળખની છેક અઢી વર્ષથી કચડાવાની શરૂઆત થાય છે તે કિશોરાવસ્થા અને યુવાની સુધી એ પરિસ્થિતિ ચાલતી જ રહે છે. **આસપાસનું વાતાવરણ, પ્રાણીજગત, પર્યાવરણ, સમાજ વગેરે પ્રત્યે સભાન બનવાનો બાળકને સમય જ રહેતો નથી.** હસવાનું, રમવાનું, દોડવાનું, વરસાદમાં નહાવાનું ને ધૂળથી ખરડાવાનું આપણે બાળક પાસેથી ઝુંટવી લીધું છે.

પહેલા ટી.વી. ન હતા ત્યારે બાળક વાર્તા સાંભળતું અને તેમાં આવતાં પાત્રોની કલ્પના કરતું. વાર્તામાં આવતાં શબ્દો બાળકમાં સંવેદના અને કલ્પના જગવતાં અને એ રીતે મન-હૃદય-ચિત્ત - અંતઃકરણ કેળવાતા. **પણ હવે તો બાળકને સ્કૂલ, ટ્યુશન, ટી.વી. અને મોબાઇલ સિવાય બીજું કશું દેખાતું**

**નથી કે અનુભવાતું નથી.**

આજે વિદ્યાર્થી પક્ષીનાં નામ શીખે છે પણ તેણે ન તો પક્ષીઓ જોયા છે કે ન તો તે પક્ષીઓના અવાજ પારખી શકે છે! સૂર્યોદય, સૂર્યાસ્ત જોવા માટે હવે હિલ સ્ટેશન જવું પડે છે અને તમામ નદીઓનાં પાણી સૂકાઈ ગયા છે અને રહ્યા છે માત્ર નદી પર કબર જેવા પૂલ.

તો કહેવાનું તાત્પર્ય એ છે કે માતૃભાષા, માતાનો ખોળો અને માતૃભૂમિથી દૂર જવા માંડેલ આપણી પેઢીને પ્રેમ અને હૂંફની જરૂર છે. ભાષા જ માણસને લાગણીની ભેટ આપી શકે અને પોતીકાપણાનો અહેસાસ કરાવી શકે. ભલે આપણે અંગ્રેજી શીખીએ અને બોલીએ પણ ગુજરાતી આપણે ક્યારેય ન ભૂલીએ. **વિજ્ઞાન કહે છે કે માતૃભાષા પર કાબૂ ધરાવનાર વ્યક્તિ બીજી કોઈપણ ભાષા સરળતાથી શીખી શકે છે.**

રવીન્દ્રનાથ ટાગોર ભાષા બાબતે પોતાનું મંતવ્ય પ્રગટ કરતા કહે છે, 'બાળપણથી જો ભાષાના શિક્ષણની સાથે સાથે ભાવનું શિક્ષણ પણ મળતું રહે તો આખું જીવન વ્યવસ્થિત થતું રહે.'

જ્યારે હું લોકોને ગુજરાતી ન આવડવામાં ગૌરવ અનુભવતાં જોઉં છું ત્યારે મને તેમની નાસમજ અને ગરીબાઈ પર કરુણાનો ભાવ થાય છે. **આપણી ભાષાનું ગૌરવ આપણને હોય તેમાં જ આપણી મહત્તા છે.** સંસ્કારી અને સુશીલ નાગરિકને માતાનું, માતૃભાષાનું અને માતૃભૂમિનું ગૌરવ હોય છે.

*પી.આર.બી. આર્ટસ એન્ડ પી.જી. આર્ટસ કોલેજ,*
*બારડોલી, જિ. સુરત.*

## ગામડું સ્વયં કવિતા હતું

**(અનુસંધાન : પાના નં. – ૪૮ ઉપરથી ચાલુ)**

વર્ણવ્યા છે. ગામની વૃદ્ધાને કોઈ સરસ વાતાવરણમાં પોતાની યુવાની તથા એ ભર્યાભર્યા દિવસો સાંભરે છે. કવિ એને સૂરજ, બેડું, ગાડું, મોલ, બાળકોની પલટણ, ખીજડા પર વસંત – જેવા પ્રતીકો / કલ્પનોથી રજૂ કરે છે. ખરેખર જે ઉત્તમ છે તે મનમાંથી મટતું નથી. **બધાં વિસ્મરણોને અંતે જે શેષ ટકે તે સ્મૃતિ છે! આ સ્મૃતિ સળવળતાં આખો ભૂતકાળ આપણને વીંટળાઈ વળે છે.** ડાકોર રોડ પર - લીંગડા પાસે પરવોટા ગામ છે. રાવજી એ ગામમાં થઈને એને ગામ જતો ત્યારે એક ડોશીને પ્રસન્નપણે કામ કરતી જોતો. ને એણે ડોશીના વીતેલા જીવનની કવિતા કરી. વર્તમાનને વધારે સંકોર્યો હતો. એ કાવ્યનું નામ 'એક વાર્તા' હતું.

**ઘરની છાશ હોઠે અડતાં જ બત્રીસ કોઠે દીવા પ્રગટે છે. જાત-મહેનતનાં રોટલો - છાશમાં જે મીઠાશ મળે છે, તે હોટલ-મોટેલ કે ફાઇવ સ્ટારમાં ના પણ મળે એમ બને!** સુખ અને શાંતિ બેઉ માનસિક ખ્યાલો છે. ગામડાંનો માણસ આ બરાબર સમજતો હતો અને પોતામાં જ એ રમમાણ રહેતો હતો. પ્રકૃતિની વચ્ચે એનું સહજ જીવન હતું. એમાં જરાય બનાવટ નહોતી. આની સામે આપણો કવિ નગરોની કૃત્રિમતાને વર્ણવે છે. કવિને હવે તો કાવ્ય લખવામાંય જાણે રસ નથી! કેમ કે અસલ જીવન જ નથી... કવિ જીભ પણ બોમ્બ પડેલા ગામ જેવી થઈ ગઈ છે – સપાટ!

*'સહજ બંગલો', શાંતાબા બગીચા પાસે,*
*બાકરોલ રોડ, વલ્લભવિદ્યાનગર, જિ. આણંદ-૩૮૮ ૧૨૦.*
*મો. ૯૪૨૬૮ ૬૧૭૫૭*

## એક અંધારી રાતે....

**(અનુસંધાન : પાના નં. – ૫૧ ઉપરથી ચાલુ)**

'ભલે' એમ બોલી સ્ત્રી તો તૈયાર થઇ ગઇ. પછી તો નાછુટકે વનરાજ એ ઘુમટો તાણેલી સ્ત્રીને પોતાના છેલ્લા બ્લોકમાં લઇ આવ્યો ને બોલ્યો, 'તમે આરામથી અહીં રહો. મારે તો બહાર ચોકીપહેરો કરવાનો છે.'

પેલી કશું બોલી નહીં. રૂમમાં પડેલી એક ખુરશીમાં એ બેસી ગઈ હતી. વનરાજને એ સ્ત્રીનો ચહેરો જોવો હતો. પણ એણે તો છેક છાતી સુધી ઘુમટો કાઢ્યો હતો. જુવાન સ્ત્રી અને એકાંત. વનરાજને તેની સાથે વાત કરવાનો મોહ થયો. એથી એણે કહ્યું, 'જુઓ! અહીં મારી પત્ની નથી. તે પોતાને પિયર ગઈ છે. હું એકલો બહાર જમી લઉં છું... પણ લ્યો! હું તમારા માટે આજે ચા બનાવું...'

'તમે રહેવા દો. હું જ ચા બનાવું.' કહેતી પેલી સ્ત્રી રસોડામાં ગઈ. ને થોડીવારમાં જ ચા ના બે કપ સાથે બહાર આવી. ચાનો ઘુંટડો ભરતા વનરાજ બોલ્યો, 'વાહ! તમે તો મારા ટેસ્ટની ચા બનાવી...' પેલી ઘુમટામાં હસી.


પણ થોડીવારમાં વનરાજના શબ્દો લથડ્યા. એ ત્રુટક અવાજે બોલ્યો : 'આ ચાય પીધા પછી મને ચક્કર કેમ આવે છે? શું શું નાખ્યું છે ચા માં?' ત્યારે પેલી સ્ત્રી ગેબી અટ્ટહાસ્ય કરતા બોલી, 'ઝેર! ભૂલી ગયા? જે ઝેર તમે આજથી વીસ વરસ પહેલાં મને પાઈને મારી નાખી હતી? એ જ હું, તેજુ. તેજુ, તમારી ઘરવાળી. આજે મારો બદલો પૂરો થયો.' કહી તેજુ અંધારામાં ઓગળી ગઈ.

વનરાજના ડોળા ફાટી ગયા. બે દિવસે તો એના મૃત્યુની જાણ થઈ.

*૭/એ, શારદાનગર સોસાયટી,*
*ન્યુ રેલવે કોલોની, બોટાદ - ૩૬૪ ૭૧૦.*
*મો. ૯૮૯૮૬ ૪૮૧૬૫*

અભ્યાસ

# ગોત્ર... પ્રવર... વેદ



જયંતી જોષી 'શબાબ'

*ॐ वाङ् में मनसि प्रतिष्ठिता, मनो मे वाधि प्रतिष्ठितं अविरावीर्म रुधि । वेदस्य म आणीस्थः श्रुतं मे मा प्रहासीः ।*

*अनेनाधीतेना हो रात्रान्सन्दधामि ऋतं वदिष्यामि । सत्यं वदिष्यामि । तन्मामवतु । तद्वक्तारमवतु । अवतु मामवतु वस्तारमवतु वक्तारमवतु वक्तारम् ॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥*

(ૐ મારી વાણી મનમાં સ્થિર બનો, મારું મન વાણીમાં સ્થિર બનો. હે સ્વયંપ્રકાશ આત્મા! મારી સમક્ષ તું પ્રકટ થા. હે વાણી અને મન! તમે બંને મારા પ્રત્યે વેદજ્ઞાન લાવો. મારું શ્રવણ મારો ત્યાગ ન કરો. આ વેદાભ્યાસમાં જ હું રાત દિવસ ગાળું છું. હું ઋત બોલીશ, સત્ય બોલીશ – તે બ્રહ્મ મારું રક્ષણ કરો, વક્તાનું રક્ષણ કરો, મારું રક્ષણ કરો, વક્તાનું રક્ષણ કરો, વક્તાનું રક્ષણ કરો.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥)

ઐતરેય ઉપનિષદનો આ 'શાંતિ પાઠ' મનમાં રમતો હતો અને એ જ વખતે વિદ્વાન સાહિત્યકાર શ્રી ચંદ્રકાંત 'સરલ'જીનો ફોન આવ્યો. એમણે અનુરોધ કર્યો કે મારે ગોત્ર, પ્રવર અને વેદ વિશે લેખ લખવો. એમની આ વાત સાંભળી મારી સ્થિતિ ઊંચી ડાળે લટકતા ફળને પામવા ભૂમિ પર ઉભી બે હાથ ઊંચા કરી ઠેકડા મારતા ઠિંગણા માણસ જેવી થઈ ગઈ! અલ્પજ્ઞ માણસને જ્ઞાનનો દરિયો તરવાની અને તે પણ સીમિત પાનાઓમાં સમેટીને વ્યક્ત કરવાનું કહેવાયું હતું. મારો ઉત્સાહ વધારવા એટલે કે પાનો ચઢાવવા એમણે મને પોતાનો એક સરસ લેખ 'ગોત્ર એટલે શું?' એ વિષયનો મોકલી આપ્યો. આ સંતર્પક અને લગભગ સર્વગ્રાહી એવા લેખની પીઠિકા ઉપર થોડુંક લખવા, પૂરક માહિતી આપવા તેથી હું પ્રયત્નશીલ થયો છું.

લખવાનું નક્કી કર્યું અને કોઈ સંકેત હોય તેમ એક સંદર્ભની પ્રાપ્તિ થઈ. **'મનુ સંહિતા'**માં ઋષિઓ દ્વારા પ્રભુને એક પ્રશ્ન પૂછાયો છે કે હે વિભુ! પોતાના ધર્મપાલનમાં હરહંમેશ તત્પર અને રચ્યાપચ્યા રહેતા તથા **મન, વચન અને કર્મથી** અહિંસાને વરેલા બ્રાહ્મણોને (અકાળે) મારવા કાળ કઈ રીતે, શા કારણે સફળ થયો હશે?

આવા સુંદર સવાલના જવાબમાં પ્રભુએ જે ચાર કારણ આપ્યા છે તે આ પ્રમાણે છે : (૧) વેદોનો અભ્યાસ ન કરવો, (૨) નક્કી થયેલા આચરણનો ત્યાગ કરવો, (૩) પ્રમાદી, દીર્ઘસૂત્રી કે આળસુ રહેવું અને (૪) અન્નદોષનું વરણ કરવું.

**વેદોનો અભ્યાસ કરતાં પહેલાં પોતાના ગોત્રનો વિચાર કરવો જરૂરી હોય છે** કારણકે જુદા જુદા ગોત્રો પ્રમાણે વેદોનો અભ્યાસ નક્કી કરવામાં આવ્યો છે. વેદોનો અભ્યાસ સારી રીતે થઈ શકે, શરીર સ્વસ્થ રહે અને મન પણ સ્થિર રહે એ માટે યોગ્ય આહાર વિહાર અને વિહિત આચરણનું પાલન કરવું આવશ્યક બને છે. વળી નિરંતર સજાગતા અને સક્રિયતાનો તો ક્યાં કોઈ વિકલ્પ હોય છે?! **'ગોત્ર' શબ્દની વાત કરીએ તો એનો સાદોસીધો અર્થ 'વંશ' થાય છે.** વંશ એટલે વ્યક્તિની ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળની સંતતિ પરંપરા. **'ગોત્ર' એ કુળ વંશનું નામાભિધાન છે. જે એના કોઈ મૂળ પુરુષના નામ સાથે જોડાયેલું હોય છે.**

'ગોત્ર' શબ્દની આ સીધી સાદી અને સર્વસ્વીકૃત વ્યાખ્યા ઉપરાંત થોડુંક ચિંતન કરીએ તો 'ગોત્ર' શબ્દમાં 'ગો' અને 'ત્ર' એમ બે અક્ષરનો સમાવેશ થાય છે. 'ગો' શબ્દના ઘણા બધા અર્થો થાય છે. પરંતુ વિષયના સંદર્ભે જોઈએ તો એક અર્થ છે ગાય અને બીજો અર્થ છે કુળ અથવા વંશ, તો ત્રીજો અર્થ છે ઇંદ્રિયોનો સમૂહ અને ચોથો અર્થ છે વાણી. તેથી 'ગોત્ર' શબ્દમાં ગોત્રના ઋષિઓ દ્વારા આશ્રમમાં ગાયોના સમૂહનું લાલનપાલન થતું એવો ઇશારો મળે છે. તો બીજી તરફ આપણી જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો સાથે મળીને મન અગિયાર ઇન્દ્રિય સુધી ગાયોનો સમૂહ સમજુ માણસ હોય છે. તેથી 'ગોત્ર' એટલે જ્યાં અગિયાર ઇન્દ્રિયો સાથેનો આત્મા વસે છે તે.

'ગોત્ર'નો વાણી સાથેનો સંબંધ વિશેષ મહત્ત્વ ધરાવે છે કારણકે વેદના ઋષિઓએ વાણીને ગાયની ઉપમા આપી છે. સ્વાહાકાર, વષટ્કાર, હન્તકાર અને સ્વધાકાર એમ વાણીના ચાર ભાગને વાણીરૂપી ગાયના ચાર આંચળની ઉપમા અપાઈ છે. જે પૈકી પહેલા બે એટલે કે સ્વાહાકાર અને વષટ્કાર એ દેવપ્રીતિ અર્થે વપરાતી વાણી છે. સ્વધાકાર એ સ્વને ધારણ કરતા ઇતિહાસની વાત કરતી વાણી છે. (તેથી આપણે 'ગોત્ર'ની

ચર્ચાને સ્વધાકારની વાણી તરીકે ઓળખી શકીએ કારણકે એ આપણા ભવ્ય ઈતિહાસનું સુવર્ણ પૃષ્ઠ છે.) આપણા 'પ્રાણ'ને એ ગાયના ઋષભ તરીકે ઓળખાવ્યો છે તો વળી એ ગાયના વાછરડા તરીકે 'મન'ની સંકલ્પના કરવામાં આવી છે. આમ, 'ગોત્ર' એ સમગ્ર વાણીનો એવો સમૂહ છે જેનું સંયમ નિયમપૂર્વક પાલન કરતાં આપણું, આપણી પ્રજાનું અને સંપત્તિનું સૌનું રક્ષણ એટલે કે ત્રાણ થાય છે.

જેમ ગાયોના સમૂહને સંગોપી એની પરિચર્યા કરનાર કોઈ પુરુષ હોય છે એવી રીતે પ્રત્યેક 'ગોત્ર'ના એક 'ગોત્ર-પુરુષ' તરીકે એક ઋષિ રાખવામાં આવ્યા છે.

પોતાના વિશિષ્ટ દર્શન અને અણીશુદ્ધ ચારિત્ર્યથી, આચરણથી આગવું વ્યક્તિત્વ ઊભું કર્યું છે એવા લોકો મહર્ષિ કહેવાયા. તેઓની ઉત્પત્તિ ઠેઠ બ્રહ્માજીથી માનવામાં આવી અને **તેથી જ 'ગોત્ર પરંપરા' આદિ-અનાદિ મનાઇ છે.** આ ઋષિઓએ પ્રકૃતિનું જે દર્શન કર્યું એની અનુભૂતિ તેમની વાણીમાં સહજ રીતે સરી પડી અને તેને વેદ ગણવામાં આવ્યા.

વેદોનું અવતરણ એ પ્રકૃતિના અને પરમપુરુષના દર્શનથી પ્રકટેલી વાણી દ્વારા વ્યક્ત થયું છે. તેથી ઋષિઓએ પોતાને એના કર્તા નથી માન્યા પરંતુ દ્રષ્ટા માન્યા છે.

ઋષિઓએ આ દિવ્ય દર્શનને પોતાની વાણી દ્વારા અભિવ્યક્તિ આપી તે વખતે કોઈ લિખિત પરંપરા હતી નહીં. ફક્ત કંઠો પ કંઠ જ એ જ્ઞાન ગુરુ પાસેથી શિષ્ય પાસે અને શિષ્ય પાસેથી એના શિષ્ય પાસે એમ પેઢી દર પેઢી આવતું રહ્યું.

આ પ્રમાણે જ્યારે જ્ઞાન પેઢી દર પેઢી આવતું હોય ત્યારે જો ઉચ્ચારણમાં ચોક્સાઇ ન રખાય તો અર્થભેદ થવાનો ભય રહેતો હોય છે. તેથી જ કંઠો પ કંઠ આવેલા વેદાનો ઉચ્ચારણમાં આપણને સૌને નવાઇ લાગે એટલા, એટલે કે અઢાર પ્રકારના સ્વરોના ભેદ બતાડવામાં આવ્યા છે! એમ કહેવાય છે કે વેદોના પ્રારંભિક કાળમાં વેદપાઠી શિષ્યો સ્પષ્ટ રૂપથી ઉચ્ચારણ કરી શકતા. પરંતુ ધીરે ધીરે ધ્વનિમાં પરિવર્તન થવાને કારણે પછી એ સંખ્યા ઘટીને સાતની થઈ ગઈ. પરંતુ લોકો જ્યારે એ સાત પ્રકારના સ્વરોનું ઉચ્ચારણ કરવામાં પણ અસમર્થ રહ્યા ત્યારે એ સંખ્યા ઘટતાં ઘટતાં ફક્ત ત્રણની જ થઈ ગઈ. અને તે હતા : **ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત**. પરંતુ વર્તમાન સમયમાં તેમનું પણ શુધ્ધ ઉચ્ચારણ થઇ શકે તેવું નહીં જણાતા તે માટે હાથને ઉપર નીચે લઇ જઇને સ્વરોનું ભાન કરાવવામાં આવે છે.

ઉચ્ચારણની સાથે સાથે વેદોમાં જે વિશેષતા આવી તેમાં અનુસ્વારોના વિશેષ ઉચ્ચારનો, વિસર્ગના સ્વરુપ અને ઉચ્ચારનો તેમજ અવગ્રહ વગેરેનો સમાવેશ થાય છે. વિદ્વાન જિજ્ઞાસુએ એ દિશામાં પ્રયાસ કરવાથી વધુ જાણી શકાશે. અહીં વિસ્તારભયને કારણે વિગતો ટૂંકાવી છે.

આ તો થઇ વેદોમાં ઉચ્ચારણની વાત. પરંતુ જો કોઈને એવો પ્રશ્ન થાય કે **'વેદ' શબ્દનો અર્થ શું થાય?** તો એમ કહી શકાય કે એ શબ્દની ઉત્પત્તિ 'વિદ્' ધાતુ પરથી આવી છે. 'વિદ્' ધાતુના પાંચ અર્થ છે. બધા જ અર્થોને સંક્ષેપમાં સમેટીને કહેવું હોય તો કહી શકાય કે, "જે જ્ઞાનને બધા લોકો પોતાના ગુણો પ્રમાણે જાણી શકે, પ્રાપ્ત કરી શકે, વિચારી શકે, જીવી શકે અને વ્યવસ્થિત થઈ શકે છે, તેને વેદ કહે છે.

વૈદિક સનાતન હિંદુ ધર્મનું આધારભૂત આ વૈદિકજ્ઞાન ચાર પુસ્તકોના ગ્રુપમાં પ્રાપ્ત છે. એ છે : ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ.

પરંતુ વિષયભેદ પ્રમાણે તેમને ત્રણ વિભાગમાં વહેંચી શકાય — **જ્ઞાન, કર્મ અને ઉપાસના.** પ્રત્યેક વેદને અલગ અલગ શાખાઓ છે, અલગ અલગ ઉપવેદ છે. જેમકે ઋગ્વેદને આયુર્વેદ (ચરકાચાર્ય), યજુર્વેદને ધનુર્વેદ (સુશ્રુત વગેરે), સામવેદને ગંધર્વવેદ (ભરત મુનિ) (ગાયનના હજાર પ્રકારના ભેદ અને સાત સૂર) તથા અથર્વવેદને સ્થાપત્ય વેદ (વિશ્વકર્મા) ઈત્યાદિ અનેક ઉપવેદ છે. તો વળી પ્રત્યેક વેદના બ્રાહ્મણ ગ્રંથો પણ છે. જેમકે ઋગ્વેદના ઐતરેય વગેરે, યજુર્વેદના શતપથ વગેરે, સામવેદના પંશવિંશ, બ્રાહ્મણ અને અથર્વવેદના ગોપથાદિ. **આ ઉપરાંત પ્રત્યેક વેદના ઉપનિષદો પણ છે.** જેમકે ઋગ્વેદના ઐતરેય વગેરે, યજુર્વેદના ઇશ વગેરે, સામવેદના તવલ્કાર વગેરે અને અથર્વવેદના મુંડકોપનિષદ વગેરે.

**વેદને નારાયણ સ્વરૂપ ગણી છ શાસ્ત્રોને એના અંગો ગણાવાયા છે.** એ છ વેદાંગ છે : (૧) છંદ (પગો), (૨) કલ્પ (હાથો), (૩) જ્યોતિષ (આંખો), (૪) નિરૂક્ત (કાન), (૫) શિક્ષા (નાસિકા) અને (૬) વ્યાકરણ (મુખ).

વેદોના પદ્યને 'સૂક્ત' અને શ્લોકને 'ઋચા' કહે છે.

અંતઃદ્રષ્ટા મહર્ષિઓએ અંતઃકરણની ચરમ જાગૃત સ્થિતિમાં જઇને પ્રાપ્ત કરેલું એ જ્ઞાન એમને વેદમંત્રોના ગુંજારવ રૂપે હૃદયમાં પ્રાપ્ત થયું એટલે વેદમંત્રોને કે વેદોને શ્રુતિ પણ કહે છે. **આમ, વેદો કોઈ વ્યક્તિ દ્વારા બનાવવામાં નથી આવ્યા.** તેથી એને 'અપૌરૂષેય' ગણવામાં આવ્યા છે.

વેદકાળમાં 'ગોત્ર'નો આધાર જન્મગત નહીં પરંતુ ગુણ અને કર્મ અનુસાર હોવાની શક્યતા જોવામાં આવી છે અને એના પુરાવા તરીકે સત્યકામનું ઉદાહરણ અપાતું રહ્યું છે.

સત્યકામે પોતાની માતા જબાલાને એક વખત કહ્યું કે, 'હે માતા, હું બ્રહ્મચર્યપૂર્વક ગુરૂકુળમાં રહેવા માગું છું. તેથી તમે મને કહો કે હું કયા ગોત્રનો છું?' ત્યારે માતા જબાલાએ કહ્યું, 'હે બેટા, તુ કયા ગોત્રનો છે એ મને નથી ખબર. આશ્રમમાં પરિચર્યા કરતાં તારી પ્રાપ્તિ થઇ છે. તેથી તારે તો મારા નામનો જ આધાર છે. તારું નામ સત્યકામ છે, તારી માતાનું નામ જબાલા

છે. એટલે તું તને પોતાને સત્યકામ જાબાલ એમ કહેજે. એ પછી સત્યકામે હારિદ્રુમત ગૌતમ પાસે જઇને એમના ગુરૂકુળમાં રહેવાની ઇચ્છા વ્યક્ત કરી. જ્યારે તેમણે એના ગોત્ર બાબતે પૂછ્યું, તો એણે એની માતાએ જે પ્રમાણે કહ્યું હતું એ પ્રમાણે જણાવતા કહ્યું કે, 'હું સત્યકામ છું, મારી માતાનું નામ જબાલા છે અને એટલે હે ગુરુજી! મારું નામ સત્યકામ જબાલા છે.'

ત્યારે ગૌતમ ઋષિએ કહ્યું કે, આવો સ્પષ્ટવક્તા બ્રાહ્મણ સિવાય કોઈ ન હોઈ શકે **(મતલબ કે સ્પષ્ટવાદિતાનો ગુણ બ્રાહ્મણોની ઓળખ છે)**. એટલે હે સૌમ્ય! તું સમીધા લઇ આવ. તારા ઉપનયન સંસ્કાર કરીશ અને તને ગુરૂકુળમાં સ્થાન આપીશ.

છાંદોગ્ય ઉપનિષદની આ કથા વેદકાળમાં ગોત્રના પાયામાં રહેલી ગુણકર્મ પરંપરાને વર્ણવે છે.

જમદગ્નિ, વિશ્વામિત્ર વગેરે ગોત્ર પ્રવર્તક ઋષિઓ તથા ભૃગુ અને અંગીરા એમ મળીને ઋષિઓના પુત્રોમાં જે મંત્રદષ્ટા ઋષિઓ થયા અને યજ્ઞમાં અગ્રસ્થાને રહ્યા એઓ પ્રવર ઋષિ તરીકે ગણાયા છે.

**'વર' એટલે 'શ્રેષ્ઠ.' 'પ્રવર' એટલે 'શ્રેષ્ઠોમાં પણ શ્રેષ્ઠ.'** એ સંદર્ભમાં ગોત્ર પ્રવર્તક ઋષિઓની સંતતિ પરંપરામાં જે શ્રેષ્ઠ ઋષિઓ થયા કે જેમણે વૈદિક, નિત્ય - નૈમિતિક કર્મ તથા કુલાચારનું પ્રવર્તન કરાવ્યું, તેઓ 'પ્રવર' કહેવાયા.

પ્રવરના સંદર્ભમાં એમ કહેવાય છે કે પ્રવર એટલું પ્રાચીન નથી કે જેટલું ગોત્ર પ્રાચીન છે. તેથી એવું સ્પષ્ટ થાય છે કે ગોત્રના મૂળ પ્રવર્તક ઋષિઓ પછી, એમના પછીના મહાન વ્યક્તિઓ તે પ્રવરો.

સામાન્ય રીતે પ્રવરો ત્રણ કે પાંચ ગણાય છે. પાંચ પ્રવરવાળા લોકો ત્રણ પ્રવરવાળા કરતાં ઉત્તમ મનાયા છે. **જે લોકોના ગોત્રમાં પાંચ પ્રવર હોય છે, તે લોકો પાંચ તાંતણાવાળી જનોઇ ધારણ કરે છે. જ્યારે ત્રણ પ્રવરવાળા ગોત્રના લોકો ત્રણ તાંતણાવાળી જનોઇ ધારણ કરે છે.** દા.ત. ગર્ગ ગોત્રવાળા પાંચ પ્રવરવાળા ગણાય છે. અર્થાત્ ગર્ગ ગોત્રમાં મહર્ષિ ગર્ગ પછી પાંચ મહાન ઋષિ થયા. એક આંગિરસ, બાર્હસ્પત્ય, ભારદ્વાજ, શ્યેન અને ગાર્ગ્ય. જ્યારે ગૌતમ ગોત્રવાળા વંશમાં ત્રણ પ્રવર ગણાયા છે. જેમાં આંગિરસ, બાર્હસ્પત્ય અને ગૌતમ મુખ્ય લેખાયા છે.

ગોત્ર, પ્રવર અને વેદની આ જાણકારીનું ફક્ત વિહંગ અવલોકન જ અહીં સંભવ છે. જિજ્ઞાસુઓને ફક્ત દિશાદર્શન થાય તે માટે જ આ નાનકડો પ્રયાસ કર્યો છે.

**આજે જ્યારે લોકો પોતાના 'ગોત્ર', 'પ્રવર' અને 'વેદો'ને ભૂલવા લાગ્યા છે ત્યારે અનેક સંકટો એમના અસ્તિત્વ ઉપર ઝળુંબી રહ્યા છે.** આજે ઘણીવાર આ અંગે વાત કરતાં આપણી ગણતરી 'વેદિયા'માં થતી હોય છે. એવે વખતે 'અકબર' ઇલાહાબાદીનો આ શેર યાદ આવે છે :

***"રકીબોં ને રપટ લિખવાઈ હૈ, થાને મેં જા, જા કે;***
***કી 'અકબર' નામ લેતા હૈ, ખુદા કા ઈસ જમાને મેં.***

પરંતુ આપણો ઇરાદો તો ઇતિહાસના પાને લખેલા, વ્યક્તિ અને સમાજ જીવનના સ્વસ્થ વિકલ્પોને ફરી તાજો કરવાનો છે. જેથી કરીને શ્રેષ્ઠતાની પસંદગી થઈ શકે. કારણકે....

*"पुराणमित्येन न साधु - सर्वम्*
*न चापि कात्यं नवमित्यवद्यम ।*
*सन्तः परीक्षान्तरद् भजन्ते*
*मूढः परः प्रत्ययनेय बुद्धि ॥*

અર્થાત્ જૂનું છે તેથી બધું સારું છે અને નવું (કાવ્ય) છે તેથી એ વિશે કોઈ કહેવા જેવું નથી તેવું માની લેવા જેવું નથી. કારણકે ડાહ્યો માણસ તો પરખી - ચકાસીને જ સ્વીકારતો હોય છે, જ્યારે મૂર્ખ પારકાની બુધ્ધિથી દોરાતો હોય છે.

આજે જ્યારે ધર્મ અને જાતિ પ્રથાનો ઉત્તરોત્તર હ્રાસ થવા લાગ્યો છે તે વખતે ચેતવણીના સૂર જેવી એક સરસ વાત, જે વેદવિદ્વાન યાસ્કાચાર્યજીએ 'નિરુક્ત'માં કહી છે, તેની યાદ અપાવી લેખ પૂરો કરીએ :

*"यद् ग्रहितमविज्ञानं*
*शब्देनैव निगद्यते*
*अनग्नाविव शुष्केन्धौ*
*न तज्जवलति कार्हिचित् ॥*

(જે કંઈ જાણ્યા (સમજ્યા) વિના જ સ્વીકારી લેવાય છે, તે તો શબ્દમાં જ રહી જાય છે. જેમ કાષ્ઠમાં અગ્નિ રહેલો છે એ જાણતા ન હોઈએ તો એના અજવાળા (કે ઉષ્મા)નો લાભ ક્યારેય લઈ શકાતો નથી.)

*સંદર્ભ સૌજન્ય : (૧) શાંતિપાઠ : ઐતરેય ઉપનિષદ, (૨) ગોત્ર એટલે શું? લેખક : ચંદ્રકાંત પટેલ (જ્યોતિર્ધર - દીપોત્સવી અંક, ઓક્ટોબર-૨૦૧૭), (૩) ભગવદ્ ગોમંડલ કોશ, (૪) ગોત્ર : મુક્ત જ્ઞાનકોશ વીકિપીડિયા, (૫) રઘુવંશમ્ – કાલિદાસ, (૬) મનુસંહિતા, (૭) ઉઘાડી રાખજો બારી – ઉમાશંકર, (૮) પંચ સૂક્તમ : શ્રી વૈષ્ણવ સ્વામિ નારાયણદાસ શાસ્ત્રી સંપાદિત (ચૌખમ્બા સંસ્કૃત સિરીઝ વારાણસી ૧૯૮૪), (૯) હિંદુ શતકમ્ – મૂ.લે. દીનબંધુ ચંદોરા અને સ્વ. આદિત્ય ચંદોરા (એટલાન્ટા, જ્યોર્જીયા, અમેરિકા. હિંદી અનુવાદક મંડળ : ડૉ. નરેશચંદ્ર વાચસ્પતિ, બદ્રીપ્રસાદ આર્ય અને વિરેન્દ્રસિંહ), (૧૦) નિરુક્ત - નિઘંટુ : યાસ્કાચાર્યજી, (૧૧) ઉપનિષદ અંક : કલ્યાણ, ૯૧૨) સુભાષિત રત્ન ભાંડાગાર, (૧૩) 'અકબર ઈલાહાબાદી કે અંશ.'*

***'હેરમ્બ નિલયમ્', ૩૫/સી/બી, ભાનુશાલી નગર,***
***ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***ફોન : (૦૨૮૩૨) ૨૩૦૪૪૪ ● મો. ૯૪૨૭૭ ૧૯૨૮૮***

નવલિકા

# જગદંબા



ગોરધન ભેસાણિયા

ખેતરમાં વાવેલા વિવિધ પાક તૈયાર થઈ ગયા હતા. મોસમનું કામકાજ પૂરજોશમાં ચાલી રહ્યું હતું. દિવાળી આવે ત્યાં મોસમનું કામ પૂરું થઇ જાય તો નિરાંતે તહેવાર ઉજવાય, તેવી ચીવટ સાથે ખેડૂતો રાત-દિવસ જોયા વિના કામમાં મંડી પડ્યા હતા. આવા કામને ટાણેય હીરાભાઈ ડેલી પડખેની દોઢીમાં ખાટલો નાખીને બપોરે જમ્યા પછી આરામ કરતા હતા. ત્યાં અંબાબહેને આવીને કહ્યું : **'રોંઢો થયો. હવે ઊભા થાવ ને વાડી-ખેતરમાં આંટો મારો. આમ ક્યાં સુધી નઘરોળની જેમ પડ્યું રે'વું છે?'**

'વાડીએ જઈને મારે શું કામ છે?' હીરાભાઈને જાણે ખાટલો ખેંચી રાખતો હોય તેમ લાંબુ બગાસું ખાઈને બોલ્યા.

'છોકરાવે કામ સંભાળી લીધું છે એટલે આખો દિ' ખાટલો ન તોડાય. થાય એવું કામ કરો તો ખાધું પચી જાય. સાવ સૂતા - બેઠા તો હાડકા હરામના થઇ જાય.'

**'છોકરા એનું કામ કરતા હોય એમાં આપણે વચાળે માથું ન મરાય. એને એની રીતે કામ કરવા દેવાય.'** હીરાભાઈએ જવાબ દીધો કે પછી બહાનું ધર્યું પણ અંબાબહેને લીધી વાત મૂકી નહીં. 'કાંઈ ન કહો કે કાંઈ ન કરો ને ખાલી સવાર-સાંજ બે ટાણાં ખેતરમાં આંટો મારો તોય છોકરાવને એમ થાય કે, બાપુજી આવે છે. એટલેથી કામ છોડીને ખોટી રીતે ક્યાંય આડા-અવળા ન થાય ને કામમાં ધ્યાન રહે.'

અંબાબહેને તો સ્વાભાવિક જ કહ્યું હતું પણ હીરાભાઈને થયું કે આણે મને જ ચાબખો માર્યો છે. તેમના મગજની નસ ખેંચાણી — 'હવે ભઇ, દોઢ ડા'પણ વધાર્યા વિના તું તારું કામ કર્ય - એમ કહેવા જીભ સળવળી પણ અગાઉ ઘટેલી ઘટના નજર સામે આવીને ઊભી રહી ને જીભ જાણે તાળવે ચોંટી ગઈ.

— આજે તો વહુ અને દીકરાઓથી ઘર હર્યુંભર્યું છે. ગામનાં સુખી ખેડૂતોમાં મારી ગણના થાય છે. કામકાજની કાંઇ ચિંતા નથી પણ ખેડૂતને નિવૃત્તિ ન હોય. જિંદગી આખી શરીર સાથ આપે ત્યાં સુધી કામ કરતા રહે. એટલે જ ટાઢા બળદને આર મારે એમ મારા જેવા આળસુને "આ" કહેતી રહે છે. હવે કામ કરવાની કાંઈ જરૂર નથી પણ એક સમયે હું ય પાયમાલીના આરે આવીને ઊભો હતો — પંખાની ઠંડી હવાથી બેઠા બેઠા હીરાભાઈની આંખો બંધ થઇ ગઇ ને બંધ આંખે કોઇ ત્રાહિતને જોતા હોય તેમ ભૂતકાળને જોઈ રહ્યા.

હીરો નાનો ખેડૂત. હીરો અને તેની ઘરવાળી અંબા બંને જાત મહેનતથી ખેતી કરે. હીરો સવારમાં શિરામણ કરીને ખેતરે જાય ને અંબા ઘરકામ કરીને પછી બપોરનું ભાથું તૈયાર કરીને પાછળથી જાય. સાંજ સુધી કામ કરે ને ઘેરે આવે ત્યારે હીરો તો ગાય-બળદને નીરણ-પૂળો નાખે ને પાણી પાય. પણ અંબાને તો અનેક કામ રાહ જોતાં હોય. આજે ગામડાંમાંય શહેરો જેવી સુવિધા છે એમ કહેવાય. **છાશ વલોવવા યાંત્રિક વલોણા છે. નળ વાટે પાણિયારે પાણી આવે છે. દળણા દળવા પડતા નથી ને તોય સ્ત્રીઓ ઘરકામથી થાકી જાય છે.** જ્યારે આ કાંઈ નહોતું ત્યારે આ બાપડી સ્ત્રીઓની કેવી સ્થિતિ હતી? આજે તો વિચાર કરતાંય ધ્રુજી જવાય છે. ખેડૂતના ઘરમાં સ્ત્રીઓ વહેલી સવારે ચાર વાગે ત્યાં ઊઠે, છાશ રેડીને ફેરવે. દળણું દળે. બધા માટે શિરામણ તૈયાર કરે, ગાય-ભેંસ દોવે, વાસીદું ને ફળિયું વાળે, ગામના કૂવેથી હાથે પાણી સીંચીને માથે હેલ્ય લઇને પાણી ભરે, વાસણ-કૂસણ અને કપડાં તો હોય જ! આ બધા કામ વચ્ચે બાળકોને સંભાળવાના ને પાછું બપોરનું ભાથું તૈયાર કરીને પુરુષો સાથે ખેતીકામમાં પણ લાગી જવાનું. ખેતરેથી આવીને સાંજેય પાછું આનું આ કામ સ્ત્રીઓની રાહ જોતું હોય. એટલે કામ કરતાં કરતાં સહેજે રાતના નવ-દસ વાગી જાય. આમ સ્ત્રીઓનો દિવસ બાર કલાકનો નહીં પણ અઢાર કલાકે પૂરો થાય. આપણે ત્યાં શિયાળા - ઉનાળામાં રાત-દિવસ લાંબા-ટૂંકા થાય છે પણ સ્ત્રીઓ માટે તો બારે મહિના અઢાર કલાકનો જ દિવસ રહે છે અને એટલે જ **ઘરકામને આંધળું કામ કહ્યું છે. આ કામ દેખાય નહીં પણ દમ કાઢી નાખે છે.**

સ્ત્રીઓને તો મોડે સુધી સાંજે કામ હોય પણ પુરુષોને તો વાળુ કરીને પાટલો હડસેલી મૂકવાનો હોય. પછી પુરુષો થાકી ગયા હોય તો ખાટલો શોધે ને કાં બહાર બજારે જઇને અડિંગો જમાવે. હીરાને પણ વાળુ-પાણી કર્યા પછી રોજ બહાર બેસવા જવાની આદત હતી. આમ તો આખો દિવસ સીમમાં હોય એટલે સ્વાભાવિક જ ઘડીક માણસને માણસો સાથે મળવાની ઇચ્છા થાય ને એકબીજા મળે તો સમાજમાં અને ગામમાં શું નવાજૂની થાય છે તેની ખબર પડે. આમ હીરો રોજ જતો, ને કલાકે - દોઢ કલાકે આવીને સૂઈ જતો. પણ ધીમે ધીમે આ સમય વધવા

માંડ્યો. ક્યારેક તો અધરાત વીતી જાય ત્યારે આવતો ને પછી સવારેય ઉઠવામાં મોડું કરતો. અંબા કહેતી : 'મોડી રાત સુધી રખડતા ન હો તો? કેમ બહુ મોડું થાય છે?'

'આ ઓલ્યા ખીમજીભાઈએ મકાઈ વાવી છે તે ભૂંડ ખોદી નાખે છે. તે મને કહે કે હાલ્ય ઘડીક, સથવારો હોય તો ટાણું જાય ને નીંદર નો આવે. એમાં મોડું થઈ ગયું.' તો કોક દિ' વળી કહેતો : 'આજ બાબુભાઈની વાડીએ ભજીયા પાર્ટી હતી.' ક્યારેક વળી કામકાજનું બહાનું ધરી દેતો. પણ ધીમે ધીમે થતાં એ રોજ મોડો આવવા માંડ્યો. અંબાને હીરાના રંગઢંગ બદલાવા માંડ્યા છે તેનો અંદેશો આવી ગયો કારણકે હવે હીરાનું કામમાં ધ્યાન જ ઓછું રહેતું. દિવસે પણ 'કામ છે તે જવું પડશે!' એમ કહીને કામ પડતું મૂકીને જતો ને આખો દિવસ ખેતીકામ રઝળતું. અંબા પૂછે : 'આખો દિવસ કાઢ્યો તમે તો! આંય હું એકલી એકલી થાકી ગઈ. અટણ લગણ શું કર્યું?'

'તલાટી આવે તંઇ કામ થાય ને? ઈ મોડો મોડો આવ્યો ને એમાંય આખા ગામનું કામ! વારો આવતા સાંજ પડી ગઈ.' હીરાને હોઠ સાજાં ને ઉત્તર ઝાઝા હતા. 'પાણીપત્રક તો કરાવવું પડે!'

અંબાને ચિંતા થતી. 'આ મોંઘા ભાવના ખાતર-બિયારણ લાવવા પડે છે ને તોય પાક નિષ્ફળ જાય છે. કપાસ વાવીએ તો ઈયળો આવે છે ને મગફળી વાવીએ તો સુકારો આવે છે ને આ આદમીને જાણે કાંઈ પડી નથી.'

**ગામડાં ગામમાં એવા લોકોય હોય છે જે ભોળા માણસને ભરમાવીને દારૂ - જુગાર જેવા કુલક્ષણોએ ચડાવી દે છે.** ઢીલા - પોચા માણસને પોતાની જાળમાં લપેટીને તેને અવળે રસ્તે ચડાવે છે. તેઓની દાનત એક કાંકરે બે પક્ષી મારવાની હોય છે. પ્રથમ તો તેઓને પૈસા ધીરે, ને તગડું વ્યાજ વસૂલે. પછી તેમની જમીન - મકાન જેવી મિલ્કત પણ હડપ કરી લે છે. હીરો પણ આવા ખાટસવાદિયાઓની જાળમાં ફસાઈ ગયો હતો. અંબાને ખબર પડી ત્યારે પાણી માથાં ઉપરવટ આવી ગયું હતું.

એક દિવસ હીરો વાળુ કરીને બહાર ન ગયો. અંબાને નવાઈ લાગી. ના પાડીએ તોય કાયમ જતો, **તેને બદલે આજ કેમ પલળેલ કાગડા જેવો થઇને આ આદમી બેસી ગયો છે!** થોડીવાર થઇ ત્યાં ગામમાંથી ત્રણ-ચાર હીરાના ભાઈબંધો(!) આવ્યા ને કાંઈ ખબર ના હોય તેમ અજાણ્યા થઇને પૂછ્યું : 'સાંભળ્યું છે હીરાભાઈ તમારે વીડીવાળું કટકું છે ઇ જમીન વેચવાની છે? શું કિંમત કરો છો?'

બહારથી કોઈ આવે એટલે સ્વાભાવિક જ કામકાજ વચ્ચેય પુરુષોની વાતો સાંભળવા સ્ત્રીઓના કાન સતર્ક હોય છે. અંબાએ જમીન વેચવાની વાત સાંભળી એટલે હાથમાં કામ હતું તે થંભી ગયું. 'અત્યારના સમય પ્રમાણે મારી જમીનની જે કિંમત ગણાય તે!' **હીરાએ જવાબ દીધો તે અંબાએ સરવા કાને સાંભળ્યો ને જાણે તેના પેટમાં ધગધગતો શેરડો પડ્યો.** આમ તો અંબાનો સ્વભાવ શાંત હતો. ક્યારેય તેનાં ઘરમાંથી કોઈએ ઊંચો અવાજ સાંભળ્યો નહોતો. તેમ અડોસી-પડોસીઓ સાથેય કોઇ દિ' કંકાસ - ઝઘડો તેણે કર્યો નહોતો પણ જમીન વેચવાની વાત સાંભળી કે તરત તેનું રૂપ ફરી ગયું. તે હીરો અને તેના ભાઈબંધોની સામે જઇને ઊભી રહી ને આવેશથી ધ્રૂજતા અવાજે બોલી : 'કોણે કહ્યું કે અમારે જમીન વેચવી છે? કોઈ અમારી જમીનમાં પગ તો મૂકી જુઓ પછી ખબર પડશે કે જમીન કેમ લેવાય છે?'

'તને આવી ચોવટ કરવા કોણે બોલાવી છે?' હીરો તાડુક્યો. ભાઈબંધોની વચ્ચે તેને પોતાની ફજેતી થઈ હોય તેવું લાગ્યું. પણ અંબા હવે શાંત રહેવાના મુડમાં નહોતી. 'મારે ઘેરે મને બોલાવવી ન પડે એટલી ખબર તો તમને હોવી જોઈએ! ને આવા તમારા ભાઈબંધો?! જે માથે રહીને આપણા આખા જીવતરની જીવાઈ જેવી જમીન પડાવી લેવા આવ્યા છે! **આ તમારા પેટમાં પેસીને પગ પહોળા કરે છે તોય તમારી આંખો ઊઘડતી નથી?** આ તમારા મિત્રો નહીં મારા છે, એમને ઓળખો!'

અંબાનો સ્વભાવ જોતાં આવું થશે તેવી હીરાને કલ્પના નહોતી. ભાઈબંધો સામે તેને જાણે નીચાજોણું થયું હોય તેવું લાગ્યું. એટલે તેણે ડારો દીધો : 'તું છાનીમાની બેસ. જરૂર પડે તો જમીનેય વેચવી પડે!'

'જરૂર ક્યાં પડી એ તમે મને કહેશો? કાંઈ પ્રસંગ કર્યો નથી કે નથી કાંઈ ઘરમાં બીમારી આવી. કામ કરતાં કરતાં ખાવામાંય ઘટે? મોજમજા કરવામાં જમીન વેચવી છે? પછી જમીન નહીં હોય તંઇ શું કરશો?' અંબાના સવાલનો હીરા પાસે જવાબ નહોતો. તેના મિત્રો પણ કાળા ઠણક થઇ ગયા, ને એકે કહ્યું : 'તમે બેય માણહ પેલા ઘર પરિયાણ કરી લ્યો. બાઈ માણહને સમજાવ્ય, પછી આપડે વાત કરશું.'

હીરો જવાબ આપે તે પહેલા અંબા જ બોલી ગઈ : 'કાંઈ પરિયાણ કરવાનું નથી. જમીન તો આજેય નહીં વેચાય ને કાલેય નહીં વેચાય. તમને એમ હોય કે બારોબાર જમીનનો દસ્તાવેજ કરાવી લેશું, તો સાંભળી લ્યો, હું પોલીસખાતાથી માંડીને કલેક્ટર સા'બ્ય સુધી જઈશ. ને ત્યાં ફરિયાદ આપીશ કે આ લોકોએ અમારી જમીન પડાવી લીધી છે.'

હીરો ને તેના ભાઈબંધો નવાઈથી અંબા સામે જોઈ રહ્યા. 'આ બાઈ રાત-દિવસ ઘરકામ અને સીમના કામમાંથી નવરી થાતી નથી. વળી માંડ વાંચતા આવડે તેટલું ભણી છે. એને આટલી બધી ખબર પડતી હશે તેવું તો ધાર્યુંય નહોતું. એટલે ઓઝપાઇને બોલ્યા : 'અમે અટાણે તો જાઇ છંઇ. તારે જમીન ન વેચવી હોય તોય કાંઈ નહીં પણ અમારા પૈસા લીધા છે ઈ ચૂકવી દેજે.'

'તમારા પૈસા તમને મળી જશે.' હીરાને જાણે બોલવાપણું ન રહ્યું હોય તેમ અંબા જ બોલી : 'તમારા પૈસા તમને મળી જશે પણ લેનારે કેટલા લીધા છે ને આજ સુધી તમને કેટલા ચૂકવ્યા છે તેનો પૂરો ને પાકો હિસાબ હશે તો મળશે. તમે કહેશો તેમ નહીં મળે.'

'અમને ખબર નહોતી હીરા કે તારા ઘરમાં તારું નહીં પણ તારી બાયડીનું હાલે છે...! નકર તારી હાર્યે પૈસાનો વહેવાર જ ન કરત.' પોતાની મનની મનમાં રહી ગઈ એટલે જતા જતા તેઓ હીરાને ચાબખો મારતા ગયા. હીરાનું જાણે સર્વસ્વ લૂંટાઈ ગયું હોય તેમ તે ભુરાંટો થયો ને બોલ્યો : 'પાંચ માણાહ વચાળે આવીને બોલવા માંડી એટલે શું તું જમીન પકડી રાખવાની? મને ખબર નહીં કે તું આવા ભવાડા કરે નકર તને ખબરેય ન પડત ને જમીન વેચાઈ જાત. ને હજુય વેચાશે જ! તું આવજે આડી ફરવા!'

'તમે જમીન વેચો એટલે ખેતર વચાળે જઇને હું ભૂખી-તરસી બેસી જઈશ. પણ એ પહેલા હું શા માટે આત્મવિલોપન કરું છું તે બધું વિગતવાર લખીને પોલીસખાતાને જાણ કરીશ' અંબાએ છેલ્લું શસ્ત્ર અજમાવ્યું.

આમ તો આટલું સાંભળ્યું ત્યાં જ હીરો ઢીલો પડી ગયો પણ અહમ્ છૂટતો ન હોય તેમ બોલ્યો : 'મરી જાય તો તારા જીવની જાય. કોઈ આડું ફરવા આવવાનું નથી.' ધૂંઆપૂંઆ થતો તે બહાર ગયો, ને બહાર એના કહેવાતા હિતેચ્છુ - ભાઈબંધોએ ધાર્યું ન થયું એટલે હીરામાં કાંઈ કસ નથી તેવું લાગતા તેને મોં ન દીધું. તેથી થોડીવાર ભટકીને તે પાછો આવ્યો ને ઢીલોઢફ થઈને ખાટલામાં પડ્યો. સવાર સુધી તેને ઊંઘ ન આવી. અવનવા વિચારોએ તેને ઘેરી લીધો. આંખ મળે ન મળે ને ફટ્ટાક કરતી પાછી ઊઘડી જાય. ઘડીક એમ થાય કે, મેં મારે હાથે રૂપિયા લીધા છે. ભલે મોજશોખમાં કે પછી કુટેવમાં વપરાઈ ગયા છે, ખોટું તો થયું જ છે પણ દેવા તો પડશે જ! પણ રૂપિયા દેવા માટે જમીન વેચું ને સાચોસાચ આ મારી ઘરવાળી જીવ ખોઈ નાખે તો? વળી વિચાર આવે, 'આમ તો જે કહે ઈ કાંઈ કરે નહીં. આ તો બધાય ખોટાં ત્રાગા છે.' પાછું એમ થાય કે 'બાઈ માણહનું ભલું પૂછવું! કાંઈ નક્કી નહીં! સ્ત્રીહઠ છે. લીધી વાત મૂકે નહીં. ક્યાંક અવળું પગલું ભરી લીધું હોય તો?'

કૂતરાના માથામાં જીવાત પડે પછી કૂતરું ક્યાંક જંપે નહીં તેમ હીરાએ આડાઅવળા વિચારો કરતા કરતા અઠવાડિયું આંટા માર્યા. એમ જ ભટકતા ભટકતા ગામમાં ઘરભંગ થયેલા ધનાભાઈની ડેલી આગળથી તે નીકળ્યો. આમ તો આ આઠ દિ'માં તે દસ વખત તે ત્યાંથી નીકળ્યો હતો પણ આજ ડેલી ઉઘાડી હતી એટલે સ્વાભાવિક જ અંદર નજર ગઇ ને તેને કમકમા આવી ગયા. મારી જેમ જ ધનાભાઈને નાના નાના છોકરાં હતાં ને એની ઘરવાળીએ આપઘાત કર્યો હતો. પછી તો ધનાભાઈને રાંધતા આવડે નહીં પણ ભૂખ કાંઈ સગી થોડી થાય? ચૂલો સળગાવતાંય આવડે નહીં એટલે આખું રાંધણિયું ધુમાડાથી ભરાઈ જાય. કાચા-પાકા વરાળિયા રોટલા થાય ને શાક જુઓ તો વઘાર-પાણી નોખા હોય. એંઠવાડમાં ફોડવાં તરતા હોય એવું લાગે. એનાં ઘરે જાઈ તો ઓસરીમાં પગલાં પડે એટલી ધૂળ હોય. સંજવારી કાઢવાનોય વેંત ભાઈને ન હોય. બાવાની જેમ બેસવું હોય એટલામાં ચોખવાળી કરે. પડાળે જુઓ તો કરોળિયાના ઝાળાં લબડતાં હોય. વાળ્યા વિનાના ફળિયામાં જ્યાં ત્યાં ચીજવસ્તુઓ પડી હોય. ઘરને બદલે જાણે અવાવરું વખાર હોય તેવું લાગે.

એકલો આદમી કેટલેક ઠેકાણે પહોંચે? ખેતરે જાય તો ઘરકામ થાય નહીં ને ઘરે રોકાય તો ખેતીકામ રઝળે. અધૂરામાં પૂરું છોકરાવનેય સંભાળવાના! ધનાભાઈએ જેવું મળે એવું, બીજું બૈરું લાવવાના ઉધામા કર્યા પણ કોઈએ 'હા' જ ન પાડી – પેલી ઘરવાળીએ આપઘાત કર્યો છે ને પાછાં એનાં છોકરાંય છે – એવું જાણે એટલે બધા નનૈયો ભણે. 'અમારે અમારી દીકરીને ઉલમાંથી ચૂલમાં નથી નાખવી!' પાછું ઘસાઈ ગયેલું દુબળું ઘર એટલે જાણી જોઈને કોણ પોતાની દીકરીને કૂવામાં ધકેલે?

ધનાભાઈએ જમીન નહોતી વેચી. ઘરકંકાસમાં એની ઘરવાળીએ જીવ ખોયો હતો. તોય આજ સુધી એ હેરાન થાય છે. ખેડૂત જમીન વેચે એટલે સમાજમાંય એની ગણના દેવાળિયા જેવી થાય. હું જમીન વેચું ને આ મારી ઘરવાળી ન કરવાનું કરે તો તો હું ક્યાંયનો ન રહું. મારીય દશા ધનાભાઈ જેવી જ થાય. રાંધવાની વાત તો દૂર રહી, મેં તો કોઈ દિ' હાથે પાણીનો કળશોય નથી ભર્યો. ઘરે આવીને કાયમ તૈયાર ભાણે તડાપીટ બોલાવી છે... ને ખાધા પછી થાળી છેટી ધકેલી ને બહાર નવરા મંડળમાં હાજરી પુરાવી છે. આ હાજરી પુરાવવામાં જ પનોતી બેસી ગઈ.

**હીરાને ઘરમાં બાઇમાણસ ન હોય તો ઘરની કેવી દશા થાય તે નજરે દેખાવા માંડ્યું** ને તેણે મનોમન ગાંઠ વાળી – ગમે તેમ થાય, હવે જમીન તો નથી જ વેચવી. બાઈમાણહ હોય તો બધું છે. બાકી એકલા આદમીનો આ અવતાર નથી. આદમી એકલો હોય એને ઘરે કોઈ આવે નહીં ને એકલો હોય એને કોઈ બોલાવેય નહીં – ઘણી વખત ડાયરામાં સાંભળેલું પણ તેનો ખાસ અર્થ સમજાયો નહોતો. ખાલી મનોરંજનની જેમ માણેલું. પણ અત્યારે એનો ઊંડો સાર સમજાણો. **ડુંગર ઉપર દવ બળે ને ખનખન ઝરે અંગાર; જાં કી હેડી હલ ગઈ, વાં કા બુરા હાલ.**

વિચાર કરવામાંય હીરાભાઈ પંખા નીચે પરસેવે રેબઝેબ થઈ ગયા. ધનાભાઈ જેવું થયું હોય તો કઠણાઈ બેસી જાય હોં. **આ ઘરનું માણહ છે તો આજ દિવાળી છે; બાકી તો કાયમ હોળી જ હોય.** એ સમયે મેં જમીન વેચવા કાઢી'તી ને આ મારી ઘરવાળીએ વેચવા ન દીધી, ઈ વાત આ નાના ગામમાં તરત વહેતી થઇ એટલે જ આજ હું ''હીરાભાઈ'' છું પણ ગામમાં અંબાને તો હજીય ઘણા જગદંબા કહે છે. એ સાચુંય છે. એ એના અગણિત હાથો વડે ઝઝૂમી છે પણ જગદંબા બનતા પહેલા આપવી પડેલી અગ્નિપરીક્ષાની વ્યથા તો એક સતી સીતા ને બીજી આવી અંબાઓ જ જાણે છે.

*મુ. મોરઝર, વાયા : ચલાલા, તા. ધારી,*
*જિ. અમરેલી-૩૬૫ ૬૩૦. ● મો. ૯૪૨૯૧ ૩૯૧૯૭*

વ્યંગ-હાસ્ય

# ભગલાએ ભાંગરો વાટ્યો



ડૉ. એમ.પી. કાકડિયા

એક હતો રાજા અને એક હતી રાણી. રૈયત એને બાપુ અને બા કહીને બોલાવે. બાપુ બાર ગામના ધણી. મિજાજે થોડા અક્કડ. વાત વાતમાં પારો ચડી જાય. તેનો મુકામ મેડીબંધ હવેલીએ. બાપુની સેવા રઘલો કરે. બાની તહેનાતમાં એકાદ-બે દાસદાસી. બા પાણી માંગે તો દૂધ હાજર. ઢોલિયેથી પાટલે અને પાટલેથી ઢોલિયે. પરિણામ એ આવ્યું કે **જતે દહાડે ઉંમર વધેલી એટલે ઉપર વધવાને બદલે આડા વધ્યા. શરીર થયું ભારેખમ.** થોડું ચાલે તોય શ્વાસ ચડી જાય. હવેલીનો દાદરો ચડવો - ઉતરવો એટલે જાણે ગિરનારનું આરોહણ - અવરોહણ. બાપુ ભલે મિજાજે કડક, પણ રંગીલા. બા સાવ સુસ્ત. ધીમે ધીમે બાપુનું મન બા માંથી ઉતરી ગયું. બીજી રાણી લાવવાનું નક્કી કર્યું. નવી રાણી મળી પણ ખરી. પોતાનું ટાયડું ઘોડું લઈ હાલી નીકળ્યા રાણીને તેડવા. આગળ રાણી ને પાછળ બાપુ થયા સવાર ને નીકળી પડ્યા. થોડે ગયા ત્યાં ઘોડું પુસલી ગયું. બા, બાપુ અને ઘોડી જમીનદોસ્ત. બાપુએ તો ઊભા થઈ કાઢ્યો જોટો. ઘોડી સામે ધર્યો અને બોલ્યા : એક. ઘોડી ઊભી ન થઈ. બે બોલ્યા તોય ઘોડી ઊભી ન થઈ. ત્રણ બોલ્યા તોય ઘોડી જમીનભર. બાપુએ ઘોડીને ભડાકે દીધી. આ જોઈ રાણી વિફર્યા. આમ તે કાંઈ ભડાકે દેવાય? એમાં એ બીચારીનો શું વાંક? બેયનો ભાર થોડો ઉપાડી શકે. તમે આવા કઠોર છો એની મને આજે ખબર પડી ગઈ. એ હું હાલી પાછી. મારે તમારી સાથે ઘર માંડવું નથી. બાપુએ ફરી કાઢ્યો જોટો. રાણી સામે ધરી બોલ્યા... એક... બે... ને રાણી ઊંધું ઘાલી બાપુ હારે હાલી નીકળ્યા.

થોડા દિવસ ગયા ત્યાં મોટી રાણી ગુજરી ગયા. રૈયતે ખરખરો માંડ્યો. ભગલો અને રામલો સગા ભાઈઓ. બેમાંથી એકે બાપુના મોઢે ખરખરો કરવા જવું પડે. રામલાએ ભગલાને મોકલ્યો. ભગલાએ જોયું કે ખરખરો કરવા આવ્યા છે એ બધા કાંઈકને કાંઈક બોલે છે. પોતે સાવ મુંગો બેસી રહે તો બાપુને કેવું લાગે? મોકો મળતા બાપુ સામે બે હાથ જોડી બોલ્યો, 'બાપુ! બા અમારું ખૂબ ધ્યાન રાખતા. અમારા માટે તો બા માવતર હતા.' ખરખરાના આટલા વેણ બોલી ભગલો અટકી ગયો હોત તો સારું હતું. પણ ન અટક્યો. **'હેં બાપુ! બા તો કાયમ મેડીએ રહેતા. એ દેહથી બહુ જાડા. તે મર્યા પછી હેઠે કેમ ઉતાર્યા?** એના દેહના કટકા કરીને તો ઉતારવા પડ્યા નહોતાને!' ભગલાએ ભાંગરો વાટી નાખ્યો. બાપુનો ક્રોધ આસમાને! રઘલાને સાદ દીધો કે આને બાવડું પકડી બહાર ધકેલી દે નહીં તો ભડાકે દેવો પડશે. રઘલાએ કાંઠલો ઝાલી ભગલાને બહાર કાઢ્યો.

મોટા રાણી તો ગયા. થોડા દિવસ પછી બાપુનો કુંવર ગુજરી ગયો. કામધંધા પડતા મેલી રૈયત બાપુ પાસે ખરખરે આવે. રામલાને થયું કે બા વખતે ભગલો ગયો હતો તો આ વખતે હું જ જાવ. રામલો ઉપડ્યો બાપુની હવેલીએ. રામલાને જોતા બાપુ ભડક્યા. ભગલાની જેમ આ પણ ભાંગરો ન વાટે તો સારું. ના, રામલો સાવ એવો નથી. **એને બોલતાય આવડે છે ને પાછું વાળતાય આવડે છે.** તેણે તો બાપુ સામે બે હાથ જોડ્યા ને બોલ્યો, 'બાપુ! કુંવરસાહેબ ખૂબ માયાળુ હતા. ઘોડો ખેલવવા રોજ મારી વાડી લગી આવતા.' રામલો કાંઈ આગળ ઊંધુચત્તું બોલે ત્યાં બાપુએ વાત નાખી, 'એલા રામલા! તારા ભાઈ ભગલામાં મીઠું નાખતા જ ભૂલી ગયા લાગો છો. બા ગુજરી ગયા ત્યારે ખરખરે આવ્યો પણ ન બોલવાનું બોલી ગયો. સાંભળ તો ખરો કેવું બોલ્યો. એણે કહ્યું કે બાને મેડીએથી કટકા કરીને ઉતારવા પડ્યા હતા? આવું તે કાંઈ બોલાય?' રામલો સમજી ગયો કે ભગલાએ ભાંગરો વાટી નાખ્યો છે. તેણે ભગલા વતી માફી માંગવા બે હાથ જોડી કહ્યું, 'બાપુ! ભગલો જે ન બોલવાનું બોલી ગયો તેની હું માફી માગું છું. તેના બોલવા સામે ન જોતા. મારે તે દિવસે કામ આવી ગયું એટલે ભગલાને મોકલવો પડ્યો. **પણ બાપુ! નાના બા ગુજરી જાય ત્યારે ખરખરો કરવા એને નહીં મોકલું. હું પંડ્યે આવી જઈશ.' રામલાએ પણ વેતરી નાખ્યું.** તેને સાંભળતા બાપુ લગભગ બેભાન જેવા, નહીં તો રામલાને ભડાકે જ દેત.

વેણ-કવેણ માણસને દિલાસોય આપે અને ગુસ્સાથી ઊભો પણ કરી દે. **એક વેણને લઈ સંસારમાં યુદ્ધો ખેલાયા છે. કવળા વેણ કતલ પણ કરાવે છે.** મહાભારતના યુદ્ધ માટે દ્રૌપદીના વેણ પણ ક્યાં ઓછા જવાબદાર હતા! **વાણીમાં સંયમ અને વિવેક રાખવામાં જ ભલાઈ છે.**

*"માતરમ", ૧, શિવમ સોસાયટી,*
*સત્યમ કોલોનીની પાસે, જામનગર-૩૬૧ ૦૦૪.*
*મો. ૯૮૨૪૦ ૩૦૨૦૩*

વ્યંગ-હાસ્ય

# વંદાને ભગાડવાના હાથવગા ઉપાયો



ડૉ. અમૃત કાંજિયા

**મૂછે લીંબુ લટકતા પતિથી પણ ન ડરનારી અનેક પત્નીઓ સિંગલ વાળની મૂછ ઊંચીનીચી કરતા વંદાને જોઇને ઘરની બહાર નાસી જાય છે!** વંદા પણ ગજબના હોય છે, જાર પુરુષની જેમ બાથરૂમમાં કાં તો રસોડામાં જ દેખા દે છે!

મજકુર લેખકને અનેક બાઈયુંના અંગત સંપર્ક પછી એ જાણવા મળ્યું છે કે તેણીઓનો ઘણો ખરો વર્ગ વંદાથી ફફડે છે. બીજા નંબરે આવે છે - ગરોળી. આમ છતાં સ્ત્રીઓ માટેની પૂર્તિઓ, સામયિકો, માસિકો કે પુસ્તકોમાં વંદાને ભગાડવાના હાથવગા ઉપાયો વિશે કશું જ લખાયું નથી. હા, વંદા ન થાય એ માટે શું કરવું એ વિશે અનેક જગ્યાએ ટૂંકી નોંધ મૂકી હોય છે ખરી, પણ થઈ ગયેલા છે એ વંદા રસોડામાં કે રૂમમાં આવી ચડે તો આ કટોકટીમાં ઘરમાં એકલી રહેલી ગૃહિણીએ ટપકી પડેલા આ સંકટને કઈ રીતે નિપટાવવું એ મહત્ત્વના અને અત્યંત જરૂરી વિષય પર કોઈએ કશું લખ્યું હોય એવું મારી જાણમાં આવ્યું નથી.

બ્યુટી કે સુંદરતાનું સંરક્ષણ એ મારો રસનો વિષય હોવાથી અને દુર્ભાગ્યે આ વિષયમાં છણાવટ કરે એવા પુરુષો માટેના પુસ્તકો અને સામયિકો કે પૂર્તિઓનો અભાવ હોવાથી હું નારી સાહિત્યમાં ઘૂસ મારી લઉં છું કે કદાચ આમાંથી કોઈ ટિપ્સ કામ લાગે. પરંતુ એમાં વધીને પુરુષ તરીકે ઉઘાડા ડિલવાળા કે ગંજીની જાહેરાત કરતા હોય એવા નશરમા એકાદ-બે ફિલ્મી સિતારાઓના ફોટા સિવાય કશું જ મળ્યું જ નથી! આ સાહિત્ય વાંચનારી તમામ સ્ત્રીઓએ આનાથી જ સંતોષ માનવાનો? સ્ત્રીઓ માટે દરેક ઋતુઓ વખતે શિયાળા, ઉનાળા કે ચોમાસામાં **'ત્વચાની સંભાળ કઈ રીતે રાખશો?' બદલતી ઋતુઓ પ્રમાણે વાળની કાળજી કેવી રીતે લેશો? ઉપરાંત નખ, ચહેરો ને વસ્ત્રાભૂષણ વિશે ખૂબ જ ઝીણવટભર્યું માર્ગદર્શન આપવામાં આવેલું હોય છે. પુરુષો માટે આવી સેવા કરવા કોઈ મેદાનમાં ઊતરતું નથી.** એની બરછટ ચામડી, ગેરીલા જેવા નખ, રીંછને સોહે એવા વાળ, લઘરવઘર કપડાં ને કાગડાના માળા જેવી દાઢીમૂછ પર કોઈ અનુકંપિત થઈને કેમ માર્ગદર્શન આપતું નથી એ મને સમજાતું નથી. હા, કવચિત ઘરમાંથી વંદાને બહાર ખદેડવાનું મર્દાઈ ભરેલું કામ પુરુષને સોંપવામાં આવે છે ત્યારે એને થતા આત્મસંતોષમાં આ બધા અસંતોષની પૂર્તિ થઈ જાય છે.

બહેનો! વંદો ભગાડવાના ઉપાયો વિશે આગળ વધીએ એ પહેલા તમે આટલું સમજી લો. આજ સુધી વંદો કરડવાથી કોઈ મરી ગયું હોય એવું બન્યું નથી. એટલે આપણે ઘરમાંથી બહાર ભાગી ન જતાં હિંમતપૂર્વક વંદાને જ ખદેડવાનો છે એવો દ્રઢ નિશ્ચય કરો. હવે આપણી પાસે બે ચોઇસ છે એને જીવતો જ ખદેડવો છે કે નિર્જીવ કરીને. આમાંથી એક પસંદગી કરી લો. ઘણી ગૃહિણીઓ વંદાને દિવ્યાંગ હાલતમાં બહિષ્કૃત કરતી હોય છે. જો કે એમાં મહિલાઓનો દોષ નથી હોતો પણ અમુક વંદા જ એવા અઘરા હોય છે કે એ પ્રવૃત્ત થયેલી ગૃહિણીથી વિરુદ્ધ વર્તન કરતા હોય છે. આખરે એનું પરિણામ એના વિકૃત શરીર પર જોઈ શકાય છે. આપણે આ બાબતે બહુ કાળજી રાખીશું. વંદો નજરે ચડે એ જ ક્ષણે આજુબાજુ નજર ફેરવો. તેનો મુકાબલો કરવા કયા સાધનો ઉપલબ્ધ છે? એ જોવાની સાથે એક નજર પેલા વંદા પર રાખવી અત્યંત આવશ્યક છે. **કેમકે સાધનની શોધ દરમિયાન લક્ષ્ય ચૂકાઈ જવું ન જોઈએ** એવું મનિષીઓએ આ માટે જ કહ્યું છે. કારણ કે સાધનની શોધ દરમિયાન જો તે પાછો રસોડામાં જ ક્યાંક ગાયબ થઈ ગયો તો સાંજ સુધી તમને એના ભણકારા વાગ્યા કરશે અને તમે ધરપત રાખીને કોઈ કામ સારી રીતે નહીં કરી શકો. હા, તમારા ઘર કે રસોડાનું ફર્સ લીસું હશે અને તેના પર ઊંધો પડેલો વંદો નજરે ચડે તો કોઇ ચિંતાનું કારણ જ નથી. કાદવમાં ખૂંપી ગયેલા ખટારાની જેમ એના પગ ને મૂછ ચકળવકળ ફર્યા કરશે પણ તે ક્યાંય જવાનો નથી એટલે તમે તમારું અધૂરું કામ પૂર્ણ કરી લો. નહાવા જતા હો તો પહેલા નાહી લો પછી આ કામ હાથમાં લો. પછી તમે કપડું મૂકીને એ ઘુસણખોરને પકડી શકો તો તમારી હિંમતને દાદ આપવી પડે. પરંતુ જો એમ ન કરી શકો તો પણ આપણી પાસે અનેક વિકલ્પો ઉપલબ્ધ છે. **તેના પર થાળી, કટોરો કે તપેલી ઢાંકી દો. હવે ધીમેથી ઢાંકેલા વાસણ નીચે વાસણથી મોટા ક્ષેત્રફળવાળો સહેજ જાડો કાગળ સરકાવો.** મારી આ વાત સમજવામાં તમને પહેલી વખત તમારું પ્રાથમિક શાળામાં ભણેલું વ્યાસ અને ત્રિજ્યાવાળું ભૂમિતિનું જ્ઞાન મદદે આવશે. હવે એ કાગળના છેડાઓ પકડીને ઉપયોગમાં લીધેલું વાસણ સુલટાવો. અર્થાત્ સવળું કરો. એમાં વંદો છે કે નહીં એ જોયા વગર તમારે તેને જ્યાં મુક્ત કરવો હોય ત્યાં

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૨૦ ઉપર)**

વ્યંગ-હાસ્ય

# લગ્ન પ્રસંગો અને કૌટુંબિક પ્રસંગોમાં હાસ્ય નિરુપણ



ડૉ. દિનેશ જોશી
M.A. (I Division), B.Ed., Ph.D.

કચ્છના લોક સાહિત્યમાં માનવ જીવનના વિવિધ પાસાઓ સુદીર્ઘ રીતે વ્યક્ત થયેલાં જોવા મળે છે. **કચ્છનું ભાતીગળ લોકજીવન** - ઈતિહાસ, શૌર્યગાથાઓ, નેક અને ટેક ખાતર જાનની કુરબાનીઓથી માંડીને જીવનની અનેકવિધ પરિસ્થિતિઓથી ભરપૂર છે. સાહસપ્રિય જાતિ હોવાને લીધે **કચ્છના લોકસાહિત્યમાં** શૂરવીરતાનું આલેખન જ પ્રધાન રહેલું છે. તેથી હાસ્ય રમૂજના પ્રસંગો બહુ ઓછા જોવા મળે છે. ઉપરાંત કચ્છ હરહંમેશ કુદરતી અવકૃપાનો ભોગ બનતો આવેલો પ્રદેશ છે. દર બે-એક વર્ષે દુષ્કાળ તો ખરો જ! આમ, વિષય પરિસ્થિતિ હોવાને લીધે કચ્છના લોક સાહિત્યમાં હાસ્ય રમૂજ જવલ્લે જ જોવા મળતી હોવા છતાં જે કાંઈ પણ હાસ્ય નિરુપણ જોવા મળે છે તે નાળિયેરની માફક મીઠાશવાળું છે. અભણ માલધારીઓ પણ બૌદ્ધિક અને સૂક્ષ્મ રમૂજ કરી શકે છે એના સર્વોત્કૃષ્ટ ઉદાહરણો કચ્છના લોક સાહિત્યમાંથી મળી આવે છે. કચ્છના લોક સાહિત્યમાં હાસ્ય નિરુપણ, લોક સાહિત્યના વિવિધ પ્રકારો જેવા કે લોકગીતો, લોકકથાઓ, પ્રસંગો કે લોકોક્તિઓ દ્વારા સુપેરે રજૂ થાય છે.

**હાસ્ય રમૂજનો સૌપ્રથમ સ્પર્શ કચ્છના લોકગીતો અને ખાસ કરીને લગ્ન ગીતોમાં જોવા મળે છે.** તેમાંયે 'ફટાણા'ઓમાં તો હાસ્યની છોળો ઊડતી હોય છે. જાન ગામના પાદરે આવી પહોંચી છે પરંતુ કન્યાના માતા-પિતા સામૈયું કરવામાં મોડા પડે છે ત્યારે વરપક્ષની સ્ત્રીઓ કટાક્ષ કરવાનું ચૂકતી નથી.

*"વહુ જા બાપા સૂતો વેં ત જાગ,*
*વહુજી મા સૂતી વેં ત જાગ,*
*આંજી સૂતલડી ધી કે જાગાયો,*
*મુંજો આયો માણારાજ."*

(***ભાવાર્થ :*** વહુના પિતા સૂતા હો તો જાગો, વહુની માતા સૂતી હો તો જાગો, તમારી સૂઈ ગયેલી દીકરીને જગાડો; અમારો માણારાજ આવ્યો છે.)

કન્યાની માતા સફાળી જાગે છે, દોડતી આવે છે. સામૈયું થયા બાદ જાન પ્રવેશે છે. વરરાજાને પોંખવાની તૈયારીઓ થાય છે. ઉત્સાહી સાસુ 'ઊંઘતી' જ ઝડપાયેલી હોવાથી હવે વરરાજાને 'ઊંઘતો' ઝડપીને, **એનું 'નાક' પકડવાની કોશિશ થાય છે. પણ અણવર તૈયાર જ હોય છે.** એ રીતે વરરાજાનું 'નાક' સાચવવા પ્રયત્નો ચાલતા હોય એ દરમિયાન લગ્નનું વાતાવરણ તો ફટાણાઓથી ગાજતું જ હોય છે.

*'વેવાણ, રવૈયો ન હોય તો,*
*ભવૈયાને જાજે, મારા વીરને વહેલો વહેલો પોંખજે...'*

ઉતાવળે ઉતાવળે વર પોંખાઈ જઈ ચોરીમાં પ્રવેશે છે ત્યાં કન્યાને આવતા મોડું થાય છે. વરપક્ષની સ્ત્રીઓને મોકો મળે છે. તેઓ ફટાણું ઉપાડે છે.

*"ઘુ... ઘુ... ત... ઘુ... કેં વટા (૨)*
*ઘુઘુઘુ ત ઘુ... કોડીલે ભા વટે (૨)*
*ઘુઘુ... તુ... ઘુ... કેડીં આય (૨)*
*ઘુઘુ ત... ઘુ કારી આય (૨)*
*ઘુ... ઘુ... ત... ઘુ.*

(***ભાવાર્થ :*** કોની પાસે? કોડીલા ભાઈ પાસે... વહુ કેવી છે? કાળી છે...)

...અને પછી કન્યાની કુરુપતાનું વર્ણન ચાલે! 'જાડી આય,' 'બોબડી આય', 'હિડાનું કઢો' જેવા શબ્દપ્રયોગો દ્વારા ફટાણું બરાબરનું જામે છે. એક ફટાણું પૂરું થયું બાદ વરપક્ષવાળા તુરત જ બીજું ફટાણું ઉપાડી કન્યાપક્ષનો બરાબરનો ઉધડો લે છે. કન્યાની માતાને 'રાઈ'ની ઉપમા આપે છે.

*'સાંકડી શેરીમેં રાઈતી રુડે,*
*રાઈતી રુડે લાડી વઉ ચે,*
*મુંજી બાઈતી રુ...ડે (૨)*
*સાંકડી શેરીમેં છાપાં તાં ઊ...ડે*
*લાડી વઉ ચેં, મુંજા બાપા તા ઊડે (૨)*

(***ભાવાર્થ :*** સાંકડી શેરીમાં રાઈ દદડે છે, લાડી વહુ કહે છે, 'મારી માતા દદડે છે.' સાંકડી શેરીમાં છાપા ઊડે છે. લાડી વહુ કહે છે, 'મારા બાપા ઊડે છે!')

હવે તો સામો પક્ષ પણ બાંયો ચઢાવે છે. વરના પિતાની બરાબરની ખબર લેવાય છે.

*'નઉ મંજો, જુની વાણ, હાંક મુંકે હા,*
*તેંને વિછાઈ અછી ધડકી, હાંક મુંકે હા,*

*તેં તેં વિઠા વરજા બાપા, હાંક મુંકે હા,*
*વિઠે વિઠે પગર થ્યો, હાંક મુંકે હા,*
*પગર જા ત રેલા ઊતર્યા હાંક મુંકે હા,*
*રેલે મિંજા ઝાડ ઉગા હાંક મુંકે હા,*
*ઝાડ મેં ત જામફર થિયા, હાંક મુંકે હા,*
*સેથો ખણી છંભલ વિઠો, હાંક મુંકે હા,*
*ચીર ખણી ચખણ વિઠો, હાંક મુંકે હા.*

(ફટાણું લાંબુ છે. સ્થળ સંકોચના કારણે સંક્ષિપ્ત આપ્યું છે.)

(***ભાવાર્થ :*** નવો ખાટલો છે, જૂની દોરી છે. એના પર સફેદ ધડકી બિછાવી છે. એના પર વરના પિતા બેઠા છે. બેઠા બેઠા પરસેવો થયો! પરસેવાના રેલા ઉતર્યા, રેલામાંથી ઝાડ ઊગ્યા, ઝાડમાં જામફળ થયા, જામફળ છોલવા બેઠો, ટુકડો કરી ચાખવા બેઠો...)

હવે જાણે 'દડો' કન્યાપક્ષના 'કોર્ટ'માં આવે છે. એ લોકો પણ પડકાર ઝીલી લે છે.

*'કાનજીભા જે ઘરમેં પટેલ ખરો,*
*પે' લી પટલાઈ અસાંજી ધી કરે...'*

(***ભાવાર્થ :*** કાનજીભાઈના ઘરમાં પટેલપણું છે. પહેલી પટલાઇ અમારી દીકરી કરે...)

એમ કહી પોતાની પુત્રીનો હક્ક પ્રસ્થાપિત કરે છે.

વરપક્ષની જાનડિયો પણ કમ નથી. કન્યા પક્ષના તમામ સ્ત્રી પુરુષો ચા પીવાના શોખીન છે. શોખીન પણ કેવા...!

*'ચાય રે ચાય... સવારજો સત કપ... ચાય રે ચાય*
*ચાય રે ચાય... બપોરજો બારો કપ... ચાય રે ચાય*
*ચાય રે ચાય... સાંજી જો સઠ કપ... ચાય રે ચાય*
*અને છેલ્લે...*
*ચાય સિખે વિજો મિણિકે વાય મેં વાય... ચાય રે ચાય.*

(***ભાવાર્થ :***ચા... રે ચા... સવારના સાત કપ, બપોરના બાર કપ, સાંજના સાંઇઠ કપ. અંતે... ચા સાથે બધાને નાખો વાવમાં.)

આખરે આ નિર્દોષ 'ઝઘડા'માં વરકન્યા પરણી ઊતરે છે ત્યારે કન્યાને સોનેરી(!) સલાહ મળે છે.

*'ઘરજી ગાલ્યું ઘરમેં રખજા,*
*કઢીજા ન કિતે બાર રે,*
*તાળાકુંજી હથમેં રખીજા...!"*

(***ભાવાર્થ :*** ઘરની વાતો ઘરમાં રાખજો, બહાર ન કરજો. તાળાકુંચી કબજામાં રાખજો.)

કન્યા સાસરે વિદાય લે છે. બે દિવસે સાસરે રોકાઈ, આણું વાળવા પિયરીયે આવે છે. દિનરાત વિચાર તો પતિના જ આવતા હોય છે. ક્યારે આવીને પતિ પોતાને તેડી જશે એવા વિચારોમાં એ ઝુરતી હોય છે.

*'પાણી ભરીંધે મુંકે આવઈ હિડકી,*
*આઉંતી ભાઇયાં મુંજો કોડીલો અચીંધો...'*

(***ભાવાર્થ :*** પાણી ભરતાં મને હેડકી આવી. મને એમ લાગે છે કે મારો કોડીલો આવશે...)

પરંતુ પતિરાજ તેડવા પધારતા નથી. પત્ની કંટાળી જાય છે. લોકરૂઢીથી ઉપરવટ જઇને સામેથી પતિને સંદેશો મોકલે છે.

*'આણાંનો નથી ઓરતો, મને નગર જોવાની હોંશ*
*કે આણાં મોકલને મોરાર...'*

છતાં મોરાર નથી આવતો. તેથી યુવતી ગુસ્સે થાય છે.

*'પરણ્યા પુરુષને એટલું કહેજો, તમે માણસ છો કે ઢોર?*
*કે આણાં મોકલને મોરાર...'*

તીર લક્ષ્યસ્થાનને વીંધે છે. મોરાર આવે છે. યુવતી હરખાય છે.

*'પરણ્યા પુરુષને એટલું કહું, તમે લાગો છો બહુ રૂડા,*
*કે આણાં આવ્યા રે મોરાર...'*

હવે બીજો તબક્કો શરૂ થાય છે. **સંસાર જીવન અનેક તડકા-છાંયડાથી ભરપૂર હોય છે.** ગૃહ જીવનમાં સાસુ-વહુ વચ્ચે ખટરાગ થાય છે. નાની એવી બાબતને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી સાસુ-વહુ મેદાનમાં આવી જાય છે!

*'ગડો ભરજી આયો રીંગણે લઇ અમાં,*
*ભારો છૂટો વડલે હેઠ,*
*મુંજે રીંગણે કારણે હુઇ રે લડાઈ!'*

(***ભાવાર્થ :*** રીંગણાથી ભરેલું ગાડું આવ્યું, વડલા હેઠળ ઠલાવ્યું... રીંગણા કાજે અમારા વચ્ચે લડાઈ થઈ!)

સામાન્યતઃ રીંગણા જેવી અમથી નાની વાતો જેવું પ્રતીક લઇને લોકકવિએ સાસુ-વહુના ઝઘડાની વાત કેવી ખૂબીપૂર્વક કહી દીધી છે. માતા પુત્રને બીજી પત્ની લાવવાનું કહે છે. પણ દુનિયાદારી જાણતો પુત્ર પોતાના નાનકડાં બાળને કારણરૂપ જણાવી ઝઘડાનો અંત લાવે છે.

*'...પુતર બચ્ચા, છડ ઇનકે,*
*જે બઈ કરી... મુંજે રીંગણે,*
*ઈ કી છડિયાં કે અમાં,*
*જેંજા સનડા બાળ... મુંજે રીંગણે...'*

પણ સાસુ-વહુ જેનું નામ. બધું ઠરીઠામ થઇ જાય છતાં સાસુની જોહુકમી ઘટતી નથી. વહુને એક કામ કરવાનું કહે, વહુ 'ના' પાડે. બંને વચ્ચેની 'હા – ના'નું લોકગીત કચ્છી સાહિત્યે ઝીલી લીધું છે.

*વહુ : આઉં તા પૂણી કીં ન કતીંધીંસ*
*સાસુ : હુરુભરુ તું કતીંનીએ.*

વહુ પતિને કહે છે :

*છડ ન મુંકે, આધિયેજી ઓરડી ગિની તેંમેં રોંધીસ,*
*ત્રાંભિયે જો તેલ ગિની ડીયો બારીંધીસ...*
*હુરુભરુ પૂણી તાં આંઉ ન કતીંધીસ...*

(***ભાવાર્થ :*** વહુ : હું તો (કપાસની) પૂણી નહીં કાંતું. સાસુ : ફરજિયાત તને જ કાંતવી પડશે. વહુ પતિને : મને મૂકી દે. આધિયા (જૂનું કચ્છી ચલણ)ની ઓરડી લઈશ, ત્રાંભિયાનું તેલ બાળીશ, પરંતુ પૂણી તો નહીં જ કાંતું.)

પતિ અલગ થવાની ના પાડે છે. બંને વચ્ચે ચડ-ભડ વધી જતાં વહુ રીસાઈને પિયર ચાલી જાય છે.

કૂવાકાંઠો એટલે ગૃહિણીઓની વ્યથા ઠાલવવાનું સાધન. પિયરિયામાં પાણી ભરવા જતાં પોતાની બાળપણની બધી સહેલડીઓ પણ ભેગી જાય છે, જે એની જેમજ સાસરેથી રીસાઈને પાછી આવી હોય છે. કારણ? જી હાં. કોઈનો સાસુ સાથે ઝઘડો, તો કોઈનો પતિદેવ સામે વાંધો! ઘણાંના પતિદેવો 'બહાદુર' હોય છે. લગ્ન થાય ત્યારે ઘણાં પતિદેવો પત્ની પાસે પોતાની બહાદુરીની શેખી મારતા હોય છે. પરંતુ પરણ્યા બાદ પતિના ડરપોકપણાની જાણ થતાં પિયરિયે આવીને કૂવાકાંઠે પાણી ભરવા એકત્ર થતી આ સખીઓ પોતાના દાંપત્ય જીવનની અંગત વાતો કેવી રીતે કરે છે તે જોઈએ.

*પહેલી સખી : ભેણ મુંજો કંથડો, હુકે ને ભૂંકે;*
*સરતિયેં ન પૂંજે, ને મારે અચીં મુંકે*
(નબળો ધણી બૈરી પર શૂરો)

*બીજી સખી : ભેણ મુંજો કંથડો, અભ કાં અલ્લા,*
*કમ હુએં કેંકજા ને પિંઢ ખાય ખલા.*
(બેગાની શાદીમેં અબ્દુલ્લા દીવાના)

*ત્રીજી સખી : ભેણ મુંજો કંથડો, મેડાવેજો મલ્લ,*
*કુનીં કરે કડાકા, નેં હલ ત ચે હલ.*
(વાતોડિયો, કામ ધંધા વિનાનો)

*ચોથી સખી : ભેણ મુંજો કંથડો, વા સે પણ વિડે,*
*લતું હણે અભકેં, ખેડે ન કો ખિડે.* (કામધંધા વિનાનો, કમજોર છતાં ગુસ્સા બહોત)

*પાંચમી સખી : ભેણ મુંજો કંથડો, લીલી પિલી પાઘ બંધે,*
*અંગણ મેં પ્યો ટિલે કોય ન પૂછાય તોય પિંનઈ પ્યો ખિલે!*
(બુદ્ધિ વિનાનો, વરણાગીયો)

આ રીતે સખીઓ પોતાની વ્યથા ઠાલવતી હોય છે. ત્યાં છઠ્ઠી સખી બોલી પડે છે, એનો પતિ નાસી ગયો છે. હિંદીમાં કહેવત છે કે **'લેને ગઈ પૂત ઔર ખો આઈ ખસમ'**ની માફક ઘણી વખત પત્નીનો સાહ્યબો 'ખોવાઈ' જતાં પત્નીને પિયરિયે આવવું પડે છે. કારણ શું?

*'હલઈ વિનાં વાટતે, માડી સાયબ્બો વિનાણો,*
*સાયબ્બો વિનાણો, સચો સોન વિનાણો, હલઈ...*
*પગલે પેરાયેલા માડી કડલા ઘડાયા*
*હેવર ઘડાયા મથે હીરલા જડાયા... હલઈ...'*

(***ભાવાર્થ :*** રસ્તા પર જતી વખતે મારો 'સાયબો' ખોવાઈ ગયો... સાચું સોનું ખોવાઈ ગયું... પગમાં પહેરવા માટે કડલા ઘડાવ્યા, માથે હીરલા જડાવ્યા...)

એ રીતે આગળ જતાં વારલો, હારલો વગેરે ઘડાવા જતાં પતિ ઉપર એટલો કરજ થઈ જાય છે કે પતિ આખરે કંટાળીને પત્નીને મૂકીને નાસી જાય છે. તો વળી અન્ય કોઈ સખીની વ્યથા અલગ જ છે. આ નાનકડી નારને ઘરડો પતિ મળ્યો છે. તે બોલી ઊઠે છે :

*'ધોરી ડાડી ને મિંજ કોક વાર કારો,*
*પ્યો આય મુંકે હિન ગઢે સે પનારો... ધોરી...*
*સાયલડી પ્યો આય હિન ગઢે સે પનારો,*
*કડલા પેરીને આંઉ કેં કેં વતાઈયાં? ...સાયલડી...'*

(***ભાવાર્થ :*** સફેદ દાઢી ને અંદર કો'ક વાળ કાળો, પડ્યો છે મને બુઢ્ઢાથી પનારો! સખી કડલા પહેરીને હું કોને બતાવું?)

આ રીતે ફાંટાબાજ કુદરત જોડું નિર્માણ કરતી વખતે પણ જાણે મજાક કરે છે. સંસારમાં કેટલાક ઠેકાણે કજોડાં જોવા મળે છે. લોક કવિઓની નજર સંસારમાંથી આવા કજોડાં શોધી કાઢે છે. માત્ર પત્નીઓને જ દુઃખ હોય છે એવું આ દ્વન્દ્વમય સંસારમાં થોડું છે! કેટલાક ઠેકાણે પતિદેવો પણ દુઃખી હોય છે. જેમ નાનકડી નાર અને ઘરડો પતિ તેમ રૂપાળો પુરુષ અને કાળી કદરૂપી પત્નીનું પણ એવું જ કજોડું છે. પતિ પોતાના મિત્રો પાસે દુઃખનું વર્ણન કરતાં બોલી ઊઠે છે.

*'નેર્યો નેર્યો રે મુંજી કારી જો મિજાસ,*
*ઈન જા મિડે રંગ કારા...*
*જડે ને તડે, કારી કડલા મંગેતી*
*ઝાંઝર ગિની ડ્યો નવાબ...*
*કે ઈનજા મિડે રંગ કારા...'*

આ રીતે જીવનના અનંત સંયોજનોમાં અનેક રીતે હાસ્ય નિર્માણ થતું રહે છે કે જે ગીતોના માધ્યમ દ્વારા સમાજ સુધી પહોંચે છે.

*કમલભાઈ ભટ્ટ, 'શિવા' બેન્કર્સ કોલોની,*
*ભુજ, કચ્છ. મો. ૯૮૭૯૩ ૨૧૬૫૬*

વ્યંગ-હાસ્ય

# હોસ્ટેલ લાઇફ



ગોપાલકુમાર જે. ધકાણ

*સોરઠ શૂરો ન સરજીયો ન ચડ્યો ગઢ ગિરનાર*
*ન નાહ્યો ગંગા ગોમતી એનો એળે ગયો અવતાર.*

લોક સાહિત્ય આવું કહે છે પણ હકીકતે જે હોસ્ટેલમાં રહ્યો નથી એનો અવતાર એળે ગયો છે. હોસ્ટેલ કૃત્રિમ સ્વર્ગ છે. **બાલ્યાવસ્થામાં કરેલા પુણ્યને લીધે યુવાવસ્થામાં હોસ્ટેલ પ્રાપ્તિ થાય છે. હોસ્ટેલ એટલે બંધનમુક્ત જિંદગીનો છેલ્લો પડાવ.** ત્યાં માણસ પોતે શું છે એ પોતે જાણી શકતો હોવાથી દરેક હોસ્ટેલનું મહત્ત્વ કોઈ ધર્મ સ્થાન જેટલું વધી જાય છે. ઈશ્વર પ્રસન્ન થઈને વરદાન માગવાનું કહે તો આજીવન હોસ્ટેલ લાઈફ માંગનારાઓ પણ આ સંસારમાં છે ખરા!

સંસાર માંડ્યા પછી આવનારી તકલીફો સામે ઝઝુમવા માટેની નેટ પ્રેક્ટિસ એટલે હોસ્ટેલ. પત્ની જેવો રેક્ટર જે તમને કાયમ પરાણે વહેલો ઉઠાડે, વારંવાર સમય પાલન માટે ટોકતો રહે. તમારી દરેક ક્રિયા ઉપર નજર જમાવી બેઠેલો ગૃહપતિ તમને આગળ જતાં તમારા મેનેજર સાહેબરૂપે મળે. બે રોટલી વધુ ખવાઈ ગઈ હોય તો સિગ્નલ તોડ્યા પછી ઘૂરતો પોલીસમેન જેવો રસોયો અને તમારા સુખદુઃખના સાથી રૂમ પાર્ટનર. સગાસંબંધી જેવા કુથલીખોર બાજુની રૂમવાળા અને એ સાથેનું શીતયુદ્ધ તમને હોસ્ટેલમાં જ મળે. **આમ, હોસ્ટેલ એટલે માણસ ઘડવાની એરણ એમ કહીએ તો પણ ચાલે!**

જો કે મોટાભાગની હોસ્ટેલમાં કેટલીક બાબતો સામાન્ય હોય છે એવું અભ્યાસ અને અનુભવોને અંતે જણાયું છે. જેમ કે દરેક હોસ્ટેલમાં અમુક નંબરની રૂમમાં ભૂત થતું હોય! વળી પાછું ભૂત ૯૯% કિસ્સાઓમાં માદા સ્વરૂપે જ હોય! બોયઝ હોસ્ટેલમાં માદા ભૂત હોય એ આમ પણ રસપ્રદ બાબત ગણાય! વળી બધા માદા ભૂતને ઝાંઝરી પહેરવાનો પણ શોખ હોય અને એનો બધા ભૂતનો ફેવરિટ કલર લાલ જ હોય! ભારતની હોસ્ટેલોમાં વસતા માદા ભૂતોને જો વસતિ ગણતરીમાં સમાવવામાં આવે તો સ્ત્રી - પુરુષના જેન્ડર રેશિયાને કેટલેક અંશે લેવલમાં લાવી શકાય એમ છે!

ભૂત પછી અગત્યની બાબત ડોલ છે. જે તમારી માલિકીની ન હોવા છતાં બગડેલ છોકરાની જેમ ગમે ત્યાં રખડતી હોય. જેમની પાસે પોતાની માલિકીની ડોલ અને ટમ્બલર હોય અને એનો સંગ્રહ કરી રાખે, તો તેની ગણના મૂડીવાદી વ્યક્તિ તરીકે થવા લાગે. જેની પાસે નાસ્તો હોય એ વ્યક્તિ ખરો ધનાઢ્ય ગણાય. જેમ **લોભીને પોતાના ધન લૂંટાઈ જવાની ચિંતા હોય એમ હોસ્ટેલમાં ટુથપેસ્ટ, શેમ્પુ, સાબુ વગેરે લૂંટાઈ જવાની ભીતિ હોય છે.** એકવાર ગયેલો પ્રાણ જેમ મનુષ્યના શરીરમાં પાછો આવતો નથી, એમ તમારી રૂમમાંથી ગયેલ વસ્તુ ભાગ્યે જ પાછી આવે છે. માણસને પોતાની કરતા બીજાની વસ્તુ ધ્યાનમાં આવે એ વર્તનની શરૂઆત હોસ્ટેલમાંથી જ થાય છે અને પછી, અમુકને આજીવન રહે છે. **બીજાનો નાસ્તો સૌથી વધુ પૌષ્ટિક હોય છે અને એમાં સ્વાદ પણ આવે છે.** હોસ્ટેલમાં ભૂખ જરૂર કરતાં વધુ પ્રદીપ્ત હોય છે. જેથી ભારત દેશનો મમરા ઉદ્યોગ હોસ્ટેલ ઉપર નભે છે. ગમે એટલા રૂપિયા ચાંઉ કર્યા પછી પણ ભ્રષ્ટ સરકારી બાબુનું પેટ ભરાતું નથી એમ ગમે એટલા મમરા ખાવાથી પેટ ભરાતું નથી. છેવટે ભારતનું યુવાધન પોતાના થાકી ગયેલા જડબા સાથે પાણી પી લેવાનું પસંદ કરે છે. રસોયાને વરેલા બટેટા આ દુર્ઘટનાઓ માટે જવાબદાર છે. હોસ્ટેલના લીધે જ દેશમાં બટેટાના ભાવો ઊંચકાય છે. બટેટાની બોરી જ્યારે જ્યારે હોસ્ટેલમાં પ્રવેશે છે ત્યારે હોસ્ટેલવાસીને આર.ડી.એક્સ. ઉતાર્યો હોય એવું લાગે છે.

**લગભગ હોસ્ટેલોમાં જુથવાદ નામે શીતયુદ્ધ ચાલુ હોય.** અમુક લોકોને આ જુથવાદ લોહીમાં ભળી જતા ગંભીર સ્વરૂપ ધારણ કરે અને માણસાઈ મૃત્યુ પામે છે અને રાજકારણી જન્મે છે. જેમ ઇયળમાંથી ભમરી બને છે એમ! હોસ્ટેલમાં રહેતા સૌથી મીંઢા લોકો જીવનમાં સફળ હોય એવું બને અને જે દાદા થઈને ફરતા હોય એ જ લોકો માર્કેટમાં બટેટા લેતા માલૂમ પડે એવું પણ બની શકે. **દરેક હોસ્ટેલમાં બે-ચાર કલાકાર, એકાદ બે બાઘોડકા, એકાદો ઊંઘણશી, એકાદો ફાંકોડી અને એકાદો ખાઘોડકો હોય જ છે.** માર્કેટિંગ યાર્ડમાં ભેગા થયેલા અલગ અલગ વક્કલના રીંગણની જેમ આ બધી આઈટમો હોસ્ટેલમાં ભેગી થાય છે. આ બધાની વચ્ચે રહેતો ગૃહપતિની હાલત લોકસભાના સ્પીકર જેવી હોય છે. બધા વડકા સહન કર્યા પછી પણ પોતાનું મોઢું હસતું રાખી

શકવાની કળા એને હસ્તગત હોય છે. હોસ્ટેલના વિદ્યાર્થીઓ ચોકીદાર, રસોયા વગેરેને ફોડીને પોતાનું કામ કઢાવી લેતા હોય છે, જેને લીધે દેશમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરી શકાતો નથી.

હોસ્ટેલમાં રવિવારનું મહત્ત્વ ખૂબ હોય. અમુક ચહેરાઓ હોસ્ટેલમાં હોવા છતાં માત્ર રવિવારે જ જોવા મળે. બાકીના દિવસોમાં કાં તો બહાર હોય અથવા રૂમમાં ગુપ્તવાસ કરતા હોય. રવિવારના દિવસે ધોવાતા કપડાને લીધે હોસ્ટેલની દરેક દોરીઓ, સારી ફિલ્મ લાગ્યા પછી હાઉસફુલ થયેલ ટોકિઝ જેવી હોય. **રવિવાર એ સમૂહ વસ્ત્ર ધોવાણ મહોત્સવ તરીકે ઉજવાય છે.** ઘણા લોકો સાબુના ફીણમાંથી મળતી સુગંધ માટે જ કપડા ધોતા હોય એવું લાગે. સાબુનાં સોતન તરીકે સેન્ટ પોતાનો રોલ ભજવતું હોય. કપડા ધોતા ગવાતા ગીતો, બાથરૂમમાં ગવાતા ગીતોની સંખ્યા આકાશવાણી પરથી રજૂ થતા સંગીતના કાર્યક્રમ કરતા વધુ હોય છે.

હોસ્ટેલમાંથી વ્યક્તિ કપડા ધોતા, સાવરણી લઇ વાળતા, ડીશ ધોતા, પથારી સંકેલતા, કપડા ગડી કરતા, ઓછા પૈસામાં ચલાવતા શીખે છે. **આ બધી લગ્ન કરવાની પ્રાથમિક જરૂરિયાત છે. હોસ્ટેલમાં રહેલો વ્યક્તિ પાવરધો હોય છે. જેથી એ ભવિષ્યમાં પતિ તરીકે સફળ થાય છે.** હોસ્ટેલમાં રહેલા અને ન રહેલા પતિઓ ઉપર સર્વે કરવામાં આવે તો આંકડાકીય માહિતી બહાર આવે અને મને ખાતરી છે કે હોસ્ટેલમાં રહેલા પતિઓમાં સહનશક્તિનો ગુણ ચરમ સીમાએ હોવાથી છુટાછેડાનો પ્રશ્ન થતો નથી. **ખરેખર તો કન્યા દેનાર મા બાપે કુંડળી તપાસવા કરતાં મુરતિયો હોસ્ટેલમાં રહ્યો છે કે નહીં, એ તપાસવું જોઈએ.** હોસ્ટેલમાં રહેલા યુવકો આગ્રહ અને પૂર્વગ્રહથી પર ઉઠેલા હોય છે. હઠાગ્રહ સુદ્ધાં એને સ્પર્શી શકતો નથી. ટૂંકમાં, બત્રીસ લક્ષણવાળો યુવક હોય પણ હોસ્ટેલમાં રહ્યો ના હોય તો એના બત્રીસ લક્ષણોની કિંમત કોઈ સંપૂર્ણ નગ્ન વ્યક્તિએ પહેરેલા ઘરેણાં જેવી છે!

હોસ્ટેલમાં ન્યુનતમ વસ્તુમાં ચલાવી લેતા વ્યક્તિઓ કપડાંની બાબતમાં પણ મહાપુરુષ હોય છે. આ વ્યક્તિનો અંગ ઢંકાય એ વસ્ત્રમાં પણ જીવન ગુજારો થઈ જશે એવું પહેલીવાર જોનારને લાગે. આવા લોકોને જોઈને પ્રાથમિક જરૂરિયાતમાં કપડાંને વધુ મહત્ત્વ અપાયું છે. **જે ઢગલો કપડાં હોવા છતાં એનો ત્યાગ કરી શકે એવા મહાપુરુષો તો હોસ્ટેલમાં જ મળે.** કપડાં તરફી નિર્મોહી બનેલો આ જીવ એકએક સ્વાદ અને અન્ન પ્રત્યે દીવાનો બની જાય. **લૈલાની પાછળ દોડી જતાં મજનુની જેમ ફાસ્ટ ફુડ તરફ દોડતો થઈ જાય છે.** એકાએક એનો જઠરાગ્નિ પ્રદીપ્ત થઈ જાય. ઘરે બે રોટલી ખાનારો એકાએક અન્ન ઉપર તૂટી પડે. એ છતાં એની કદ કાઠીમાં કોઈ લાંબો તફાવત જોવા ના મળે, જે ખરેખર સંશોધનનો વિષય છે.

હોસ્ટેલમાં દરેક વ્યક્તિને ઉપનામ હોય છે. અમુક ઉપનામ આજીવન રહે છે. જેમ કવિને ગઝલનો કોઈ શે'ર રાતે સૂવા દેતો નથી એમ ઉપનામ આપનાર વિદ્યાર્થી આવનાર દરેક નવા વિદ્યાર્થી માટે ઉપનામનું સંશોધન કરે છે અને પછી વહેતું મૂકે છે. જે વધુ નામ પાડી શકે છે એનું એક અલગ માન હોય છે. **મોટેભાગે ઉપનામ આપનાર વ્યક્તિ સૌથી મોટો આળસુ હોય છે.**

**જે દિવસે મા-બાપ એના બાળકોને હોસ્ટેલમાં મળવા આવવાના હોય ત્યારનો માહોલ અલગ હોય છે.** એ દિવસે દરેક વ્યક્તિએ પૂરા કપડાં પહેર્યા હોય, રૂમની યોગ્ય સાફ સફાઈ થયેલી હોય, કપડાં જ્યાં ત્યાં ઉડતા ન હોય, દરેક વ્યક્તિ સંસ્કારી દેખાતી હોય, એના વાણી વર્તનમાં સંપૂર્ણ સંયમ હોય. **આમ, સમય પ્રમાણે પોતાના વર્તનમાં પરિવર્તન કરવાનું, વ્યક્તિ હોસ્ટેલમાંથી જ શીખે છે.** થોડી જ કલાકો પછી એ હતો એવો ને એવો જ હોય છે. આજુબાજુ પણ પહેલા જેવો જ માહોલ જોઇને વિચારે છે, 'બધા સરખા જ છે.' આમ હોસ્ટેલમાં રહેલા વ્યક્તિ પાસે અનુભવોની સાથોસાથ વિશાળ સંસ્મરણો હોય છે, જેને એને કાયમ બાળક રાખે છે!

*હરિરાજ ચેરિટેબલ ટ્રસ્ટની સામે,*
*મોહન નગર, હનુમાન પરા રોડ,*
*અમરેલી - ૩૬૫ ૬૦૧. ● મો. ૯૪૨૮૬ ૧૬૮૩૦*

## માનસિક શાંતિ માટેના ઉપાયો

★ પારકી પંચાત કરશો નહીં.
★ તમામ પરિસ્થિતિમાં શાંત રહેજો.
★ કડવા ઘુંટડા ગળી જજો.
★ કદી જીવ બાળશો નહીં.
★ તમારા કામકાજના વખાણ બીજા કરે એવું ઝંખશો નહીં.
★ કોઈની ઈર્ષ્યા કરશો નહીં.
★ તમે જ તમારી જાતને સુધારો.
★ જે અનિવાર્ય હોય તે સહન કરી લો.
★ તમારી ફરજ ચૂકશો નહીં.
★ સતત સત્કાર્યમાં પરોવાયેલા રહો.
★ નિઃસ્વાર્થ સેવા કરો.
★ સારા-નરસાનો વિવેક કરતાં શીખો.
★ સારું જોઇને ખુશ થાવ, ખુશી વ્યક્ત કરો, અભિનંદન આપો.
★ જરૂરિયાત ઘટાડો.
★ કરવા યોગ્ય જ કામ કરો.
★ ખંતપૂર્વક સદ્ગુણો કેળવો.
★ હિંમત હારી જાવ ત્યારે અધ્યયન કરો - નીતિમત્તાના પુસ્તકોનું વાંચન કરો.
★ માંગ્યા વગર સલાહ આપવા દોડી જશો નહીં.
★ દલીલબાજીથી દૂર રહો.
★ જીવનમાં આવતા દુઃખોને કુદરતની પ્રસાદી માની સ્વીકારી લો.

રસનિર્ઝર

# કવિ ભૂપેન્દ્ર શેઠની કવિતામાં “પ્રેમરસ”



જિજ્ઞેશ પટેલ, પત્રકાર

*એકડા વિનાના મીંડાં જેવો,*
*એમ પ્રેમ વિનાનો માણસ દીસે.*

જામનગરના જાણીતા કવિ શ્રી ભૂપેન્દ્ર શેઠ ‘નીલમ’નો ઉપરોક્ત શે’ર આજના માણસની જડતા દર્શાવે છે. અંક-સંખ્યામાં એકડા વિના મીંડાનું કોઈ વજૂદ કે મહત્ત્વ નથી. એવી રીતે માનવ જીવનમાં પણ પ્રેમ, વાત્સલ્ય, મમતા, સ્નેહ કે સંવેદના વિના માણસનું કોઈ જ મૂલ્ય નથી. આ લેખમાં કવિ ભૂપેન્દ્રભાઈએ પ્રેમની જ વાત કરી છે.

માનવ જીવનમાં જીવમાત્રની જીજીવિષામાં મુખ્ય ભાવ પ્રેમ જ રહ્યો છે અને આ પ્રેમભાવ, ચિરંતન, શાશ્વત અને સત્ય હોવાથી એ સર્વવ્યાપી અને સર્વોપયોગી ગણાયો છે.

ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેનો ગોપીઓનો પ્રેમ શુદ્ધભાવનો હતો. તેમાં શૃંગારમાં માનવીય વિકારને સ્થાન ન હતું. વિલાસિતતાનો છાંટો પણ ન હતો. પ્રભુને નાયક માની એની નાયિકા - પ્રેમમસ્ત ગોપી બની પ્રેમને ભક્તિ શૃંગારથી પરિષ્કૃત કરે છે. એટલે જ આ કવિ પણ કહે છે કે :

*પ્રેમ પરમાત્મા સાથેનું જ;*
*ગાઢ સંબંધોનું છે નામ.*

આ પ્રેમ અઢી અક્ષરનો બનેલો શબ્દ છે. પરંતુ તે અક્ષરને હજી વાંચતા ક્યાં કોઈ શીખ્યું છે? અને જેમણે વાંચી-સમજી લીધું છે તેણે જિંદગી જીતી લીધી છે. મીરાંબાઈ, નરસિંહ મહેતા, જ્ઞાનદેવ, ઈસુ ખ્રિસ્ત વગેરે જેવા મહાન સંત પુરુષોએ જ પ્રેમને સમજ્યો છે, પામ્યો છે.

**પ્રેમ એ આંતરિક ચેતનાને પ્રગટ કરતી મહાન શક્તિ છે.** માણસને મનુષ્યત્વ તરફ લઈ જનારી બેતહા અને માનવોચિત ગુણો નિષ્પન્ન કરતી અમોઘ અને શ્રેયસ્કર શક્તિ છે. કવિ લખે છે કે :

*ખોજનું ખાજું મળશે રોજ;*
*પ્રેમની ચાલુ રાખો ખોજ.*

પ્રેમની સત્તા એવી હોય છે કે જ્યાં ભય નથી હોતો. અન્ય સત્તાઓમાં બીક અને ડર રહ્યા કરે છે. ફક્ત આત્મસત્તા જ નિર્ભય હોય છે. પ્રેમમાં આનંદ મળે, સુખ મળે. પણ આનંદ અને સુખમાં ફરક છે. જે નિરુપાધિક છે તેને આનંદ કહેવાય અને સોપાધિક છે તેને સુખ કહેવાય. **જે વિષય (Object) વગર મળે છે તેને આનંદ કહેવાય અને જે વિષયોથી મળે છે તેને સુખ કહેવાય.**

પ્રેમ ક્યારેય ભારરૂપ નથી બનતો. એ હંમેશાં હળવાફૂલ જેવો જ હોય છે. પ્રેમ સ્વયં ઉદ્‌ભવે છે, કોઈને પૂછીને પ્રેમ ન કરાય. પ્રેમ સહજ હોય છે. એમાં ઔપચારિકતા ન હોય. સાચો પ્રેમ એ જ છે, જેની ગેરહાજરીમાંય એની સૂક્ષ્મ હાજરી વર્તાયા કરતી હોય છે. કવિનો વધારે એક શે’ર જોઈએ :

*પ્રેમના પીંછા ખોસી ફરતા કાગડામાં,*
*પ્રેમના મોરને અઘરા છે શોધવા પણ.*

**કવિએ અહીં આજના ભોગવિલાસી પ્રેમની વાત કરી છે. આજે પ્રેમના નામે નાટક જ ખેલાય છે.** પ્રેમના નામે ખેલાતા નાટકોએ સાચા પ્રેમને પણ વગોવ્યો છે. સમર્પણની વેદી ઉપર ઊભેલો પ્રેમ, એ સાચો પ્રેમ છે. જેમાં ત્યાગની ભાવના હોય, સમર્પણની ભાવના હોય એ જ પ્રેમ છે. આ પ્રેમ જ માનવીમાં ઉચ્ચ સંસ્કારનું રોપણ કરે છે; કે જે ભોગવિલાસથી પર, નિર્મળ, નિર્ભેળ અને નિર્દોષ પ્રેમ હોય.

પ્રેમ જ્યારે વ્યક્તિમાંથી સમષ્ટિમાં વ્યાપક બને છે ત્યારે પ્રાણીમાત્ર પ્રત્યેની માનવીના ઉરમાં કરુણાનાં સ્રોત વહે છે.

શબરીનાં એઠાં બોર પ્રભુ શ્રીરામે પ્રેમથી આરોગ્યા હતા. એક ક્ષુદ્ર જાતની સ્રીનો પ્રભુ પ્રત્યેનો આ નિર્મળ પ્રેમ હતો. **પ્રેમને શોધવો પડતો નથી, એ સ્વયં ઉત્પન્ન થાય છે.** આવો જ ભાવ કવિ ભૂપેન્દ્ર શેઠ અહીં વ્યક્ત કરતા લખે છે :

*પ્રેમને શોધતો ફરું છું પણ;*
*હીર-રાંઝા થયો નથી હું હજી!*

હીર અને રાંઝા, લૈલા અને મજનુ, શીરી અને ફરહાદ – આ પ્રેમી જોડાંઓએ જ પ્રેમને પારખી પચાવ્યો છે. પ્રેમમાં ઉત્કટતા હોવી જોઈએ, તીવ્રતા હોવી જોઈએ. પ્રેમમાં હિસાબ-કિતાબ કે કોઈ પૂર્વશરત ન હોવી જોઈએ. પ્રેમ બલિદાન શીખવે છે. પ્રેમમાં ફના થવાનું હોય છે. જે ફના થઈ ગયા છે એવા પ્રેમીઓને લોકો યાદ કરે છે.

*પ્રેમને પ્રેમ રીતે આવકારીએ,*
*પ્રેમમાં કોઈ વામન કે વિરાટ નથી.*

**આ વિશ્વને મલીન, કદરૂપું બનાવનાર ઇર્ષ્યા, વેરઝેર અને રાગદ્વેષ છે. પરંતુ તેને જો કોઈ સુંદર બનાવી શકતું હોય તો તે પ્રેમ છે.** માણસ પાસે પ્રેમ ન હોય તો તેણે મેળવેલી સાધન-સંપત્તિ વગેરે ભારરૂપ બની જશે. જગતની તમામ વસ્તુઓ માણસને આપી દો અને તેની પાસેથી પ્રેમ ઝુંટવી લો તો માણસ જંગલી અને રઘવાયો બની જશે કારણકે જીવવાનું સાચું બળ, સાચી મજા અને આનંદ પ્રેમ અને પરસ્પર વહેતી લાગણીઓ જ આપી શકે છે.

કૃષ્ણકાંત ઉનડકટ કહે છે કે – **"તમે કેટલા સમૃદ્ધ છો તેનું માપ તમને કેટલા લોકો પ્રેમ કરે છે તેના પરથી નીકળે છે અને તમે કેટલા સમજુ અને શાણા છો તેનું માપ તમને કેટલા લોકોને પ્રેમ કરો છો તેના ઉપરથી નીકળે છે.** પ્રેમ કરવા માટે માણસે પોતાનો ઈગો, સ્વાર્થ, નફરત, નારાજગી અને બીજું ઘણું ઓગાળી નાખવું પડે છે..." કવિએ લખેલો વધુ એક શે'ર જોઈએ :

*પ્રેમને ઉંમર સાથે કાંઈ લેવા દેવા નથી,*
*પ્રેમ તો ગમે તે ઉંમરે 'નીલમ' જાગે પછી.*

પ્રેમ એ પ્રકાશ છે. સંસારના અંધકારને પણ એ પોતાના રશ્મિ દ્વારા ઉજ્જવળતાથી દેદીપ્યમાન કરે છે. એ નિર્બળને પણ સબળ બનાવે છે. આપણા ઈતિહાસમાં પ્રેમના ઉજ્જવળ દૃષ્ટાંતો ઘણા છે. તેમાંનું એક દૃષ્ટાંત આપણને પ્રેમની મૂલ્યતા સમજાવશે.

સાત વર્ષની એક બાળા પોતાના અઢી વર્ષની ઉંમરના ભાઈને કાખમાં ઊંચકીને પરાણે પરાણે મંદિરની ઊંચી ટેકરી ચડી રહી હતી. મંદિર ટેકરી ઉપર હતું. તેથી તેના પગથિયાં ચડવા જતાં બાળા હાંફી રહી હતી. મંદિરના પૂજારીએ જોયું કે સશક્ત અને વજનદાર છોકરાને કાખમાં તેડીને એક બાળા ઉપર આવી રહી છે. છોકરાના ભારથી બાળા કેડથી વાંકી વળી રહી છે. પૂજારીએ સાદ દીધો : 'એ છોકરી! તેં કાખમાં તેડેલું છોકરું વજનદાર છે. તારાથી એનો ભાર નહીં ઊંચકાય.'

બાળાના હૃદયમાં બેઠેલો પ્રેમ બોલી ઊઠ્યો : 'કેમ નહીં ઊંચકાય? એ તો મારો ભાઈ છે...'

આહ! કેટલો સરસ જવાબ! **જ્યાં પ્રેમ પોતે જ વજન ઊંચકતો હોય ત્યાં ભાર ક્યાંથી લાગે?** ભાઈનો પ્રેમ અહીં બહેનને બળ આપી રહ્યો છે. આ છે પ્રેમની તાકાત!!

અને આવી તાકાત ભૂપેન્દ્રભાઈ શેઠ 'નીલમ'ના પ્રત્યેક શે'રમાં આલેખાયેલી છે. પ્રેમ વિષયક તેમના બે કાવ્ય સંગ્રહોમાંથી અહીં શે'રો લીધા છે. *સંપર્ક નંબર : ૯૮૧૦૧ ૨૯૪૧૯*

*'સંસ્કૃતિ દર્શન' કાર્યાલય,*
*રતનપરા શેરી નં.-૦૧, બાગ દરવાજા,*
*માણાવદર-૩૬૨ ૬૩૦ (જિ. જૂનાગઢ) ● મો. ૯૯૨૫૧ ૭૪૧૭૬*

## ગ્લોબલ વોર્મિંગની ગ્લોબલ વોર્નિંગ

**(અનુસંધાન : પાના નં. – ૭૪ ઉપરથી ચાલુ)**

આવતા સમુદ્રની નજીક રહેલા વિશ્વના ઘણા મોટા શહેરો પર પાણીમાં ડૂબવાની સ્થિતિ સર્જાશે. આમ, ગ્લોબલ વોર્મિંગના કારણે ઘણી ભયાનક સમસ્યાઓ સર્જાઈ રહી છે.

**'અતિની ગતિ સર્વત્ર વિનાશક હોય છે.'** આપણી આ અતિની ગતિ પૃથ્વીના ગોળાને 'ધગધગતો ગોળો' બનાવતી જઈ રહી છે. તો ક્યાંક વળી હિમગોળો. આવી અતિ ગરમ - ઠંડા તાપમાન વચ્ચે મનુષ્યને જીવવું મુશ્કેલ બની રહ્યું છે. **સૌર ઉર્જા, પવન ઉર્જાનો વપરાશ વધશે તો આ સમસ્યાના નિરાકરણમાં મદદ મળશે.** વધતી માનવ વસ્તીની જરૂરિયાત પૂરી પાડવા આપણે કુદરતના વરદાન સમા વૃક્ષોને કાપવા માંડ્યા છીએ. હવે તે માટે અટકવું જોઈએ. **વૃક્ષોને બચાવવા પડશે, ને વધુને વધુ વૃક્ષો વાવવા પડશે.** તો જ કાર્બન ડાયોક્સાઈડ વાયુના પ્રમાણમાં ઘટાડો થશે અને આપમેળે પૃથ્વીનું જીવવા યોગ્ય તાપમાન જળવાતું રહેશે. તો ગ્લોબલ વોર્મિંગની સળગતી સમસ્યા ઠંડી પડશે. પૃથ્વીને 'અગનગોળો' કે 'હિમગોળો' બનતી અટકાવવા માટે આપણે બધાએ આ સમજવું પડશે. આ આપણા જ અસ્તિત્વને બચાવવાની સમજ છે.

આજે અમુક દેશો બીજા દેશનો નાશ કરવા માટે અણુબોમ્બની ધમકી આપી રહ્યા છે ત્યારે વિજ્ઞાનના વિકાસના કારણે ઉદ્ભવેલ પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગ જેવી ભયાનક સમસ્યાઓ જ અણુબોમ્બ જેટલી વિનાશક બનતી જઈ રહી છે. જેના કારણે માનવી પૃથ્વી પર અણુબોમ્બ ઝીંક્યા વગર જ રીબાઈ રીબાઈને મૃત્યુ પામશે. **મનુષ્યે આજે કુદરતી સંપત્તિનો ઉપયોગ વિવેકપૂર્વક કરવો જોઈએ તે જરૂરી બન્યું છે.** તો જ વિજ્ઞાનનો વિકાસ શાપરૂપ બનવાના બદલે આશીર્વાદરૂપ બનતો રહેશે. આપણી પેઢી વિશ્વની આ ગંભીર સમસ્યાને જવાબદારીપૂર્વક વિચારશે, તેના નિરાકરણ માટે પ્રયાસો કરશે તો જ આવનારી પેઢી પૃથ્વી પર સુરક્ષિત જીવી શકશે. આટલી જનજાગૃતિ કેળવાશે તો આ પૃથ્વી પર વિજ્ઞાન દાનવરૂપ બનવાના બદલે દેવરૂપ બનતું રહેશે. હવે આપણે બધા સર્વના અસ્તિત્વ અને કલ્યાણ માટે આટલી જાગૃતિ કેળવતા રહીએ.

*"પ્રભુને એ મનુષ્ય વહાલા હોય છે, જે એની સૃષ્ટિને પ્રેમ કરે છે."*
*– ટાગોર*

*"એક ઈચ્છાને હજારો ધમપછાડા હોય છે,*
*માણસોના નિત નવા બખાડા હોય છે."*
*– હરદ્વાર ગોસ્વામી*

*૩૦૧, સિદ્ધિ વિનાયક એપાર્ટમેન્ટ, આસ્થા રેસિ. પાછળ,*
*મવડી, રાજકોટ-૩૬૦ ૦૦૪. ● મો. ૯૯૭૯૪ ૬૯૯૧૭*

પર્યાવરણ

# ગ્લોબલ વોર્મિંગની ગ્બોબલ વોર્નિંગ



નવીન વી. વાછાણી

આ એકવીસમી સદી વિજ્ઞાનની સદી છે. આજે પૃથ્વી પર વિજ્ઞાનના ઉપકરણો અને તેના ઉપભોગોની બોલબાલા છે. વિજ્ઞાન વિનાનું વિશ્વ, એ કલ્પના જ મનુષ્યને પાગલ બનાવી દે તેવી છે. આજે વિજ્ઞાન, એ કેવળ વિશિષ્ટ જ્ઞાન નથી પણ વિશાળ જ્ઞાન બની ચૂક્યું છે. **માનવજાત માટે જાદુઇ ચિરાગ બનેલા વિજ્ઞાને માનવજાત અને પૃથ્વીની કાયાપલટ કરી નાખી છે.** વિજ્ઞાનની મદદથી તે મોટા મોટા મહેલોમાં રહેવા માંડ્યો છે. ખૂબ તીવ્ર ગતિથી તે જમીન અને હવામાં ગતિ કરતો થયો છે. સરસ મજાના રંગબેરંગી રેશમી, ટેરેલિન, ડેક્રોન, પોલિયેસ્ટર, નાયલોન જેવા કપડાં પહેરતો થયો છે. સ્વાદિષ્ટ ભોજન આરોગવા માંડ્યો છે. વિદેશના અંતરો ઘટ્યા છે. ઓરડાના એક ખૂણામાં બેસી પૃથ્વીના પડમાં કઇ જગ્યાએ કઇ ઘટનાઓ બની રહી છે તે સહજ રીતે વૈજ્ઞાનિક ઉપકરણો વડે જાણીને સર્વજ્ઞ બની રહ્યો છે. પાંચ હાથનો વામણો માનવી જાણે વિરાટ બનીને સમગ્ર સૃષ્ટિનો કર્તાહર્તા બની ગયો હોય તેમ જીવી રહ્યો છે. આ બધા વિકાસનું કારણ છે વિજ્ઞાનનો જાદુઇ ચિરાગ.

**વિજ્ઞાન આવ્યું, નવી ટેકનોલોજી આવી અને ભૌતિક જીવન જીવવા માટેનો મોહ પણ વધ્યો. એટલે મનુષ્ય પ્રકૃતિનું દોહન બેફામપણે કરવા લાગ્યો.** જેના કારણે નવા નવા ઉદ્યોગો શરૂ થયા. આ કારખાનાઓ વાતાવરણમાં ઝેરી ધુમાડો અને ઉષ્મા ફેલાવવા લાગ્યા. ઉત્પન્ન થતો ઝેરી કચરો હવા, પાણી, ખોરાક અને જમીનમાં પ્રસરવા લાગ્યો. શહેરીકરણ, વસ્તી વિસ્ફોટ, વાહન વ્યવહાર અને ઔદ્યોગિકીકરણ – આ બધી સમસ્યાઓના કારણે પૃથ્વી પર અનેક પ્રકારના પ્રદૂષણો વધવા માંડ્યા. **મનુષ્યના મલીન મન વડે પર્યાવરણમાં ઠલવાતા કચરાને, ગંદકીને પ્રદૂષણ કહે છે.** વિજ્ઞાનનું વરદાન હવે અભિશાપ બનવા લાગ્યું છે. વિજ્ઞાનનો જાદુઇ ચિરાગ હવે માનવજાતને જ પીડવા લાગ્યો છે, ને યાતનારૂપ બન્યો છે.

જીવન, એ ઇશ્વરની મહામૂલી ભેટ છે. આ જીવન માટે શુધ્ધ હવા, પાણી અને ખોરાકની જરૂર હોય છે. **વર્તમાન વિશ્વ માટે આજે ઘણી ગંભીર સમસ્યાઓ વિકરાળ બની રહી છે.** વસ્તીવધારો, ગરીબી, અન્ન અને પાણીની અછત, બેકારી – આ બધી ગંભીર સમસ્યાઓ છે. પણ પ્રમુખ સમસ્યા છે પ્રદૂષણ અને તેની મહત્તમ અસરના કારણે ઉદ્‌ભવતી 'ગ્રીન હાઉસ અસર' તથા 'ગ્લોબલ વોર્મિંગ.' **આજે વિજ્ઞાનના વિકાસની સાથે વિનાશની પણ જાણે સ્પર્ધા જામી હોય તેવું જણાય છે.** વિજ્ઞાનના કારણે આજે મનુષ્યનું અસ્તિત્વ જોખમમાં મૂકાયું છે. હવા, પાણી અને ખોરાકમાં પ્રતિદિન મલીનતા વધતી જઈ રહી છે. હાલ વાતાવરણમાં પ્રતિદિન કાર્બન મોનોક્સાઇડ, કાર્બન ડાયોક્સાઇડ તથા અન્ય ઝેરી વાયુઓ ઉદ્યોગોના કારણે વધતા જ જઈ રહ્યા છે. જેના કારણે જમીન અને વાતાવરણમાં પ્રદૂષણ, ગ્રીન હાઉસ અસર તથા ગ્લોબલ વોર્મિંગ સર્જાય છે. **કાર્બન ડાયોક્સાઇડ વાયુના પ્રદૂષણને કારણે પૃથ્વીનું તાપમાન વધે તેને 'ગ્રીન હાઉસ અસર' કહે છે. પરંતુ પૃથ્વી અને દરિયાના પાણીનું તાપમાન વધવાની સ્થિતિને 'ગ્લોબલ વોર્મિંગ' કહે છે.** આ બધી સમસ્યાઓ માનવસર્જિત છે અને આફતરૂપ બની રહી છે.

**આજે ગ્લોબલ વોર્મિંગના કારણે પૃથ્વી પરની દરેક ઋતુઓ ભારે અનિયમિત બનતી જઈ રહી છે.** વિશ્વના દરેક દેશો તેની ઝપટમાં આવી રહ્યા છે. તેના કારણે પૃથ્વી પર ક્યાંક અનાવૃષ્ટિ તો ક્યાંક અતિવૃષ્ટિ, ક્યાંક વધુ ગરમી કે વધુ ઠંડી, ક્યાંક ગાઢ ધુમ્મસ કે શ્વાસ ન લઇ શકાય તેવી વિષમય હવા – આ બધી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. ગ્લોબલ વોર્મિંગના કારણે દુષ્કાળ, પૂર, વાવાઝોડું, ભૂકંપ, સુનામી જેવી આફતો પણ ઉદ્‌ભવવા માંડી છે. જે માનવ જીવન માટે ખતરાની ચેતવણી સમાન છે. આજે દુનિયાના બધા જ દેશો આ સમસ્યાથી ઝઝુમી રહ્યા છે. અમેરિકા, જાપાન, જર્મની, રશિયા જેવા પોતાને મહાસત્તા ગણાવતા દેશો પણ ગ્લોબલ વોર્મિંગની અસરથી બચી શક્યા નથી. ભારત, પાકિસ્તાન, ચીન, ઈંગ્લેન્ડ, અફઘાનિસ્તાન, ઓસ્ટ્રેલિયા જેવા ઘણા બધા દેશો પર પણ આ મુશ્કેલી આવી પડી છે અને તે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જાન્યુઆરી-૨૦૧૮માં અમેરિકામાં –૫૦°સેન્ટિગ્રેડ (માઇનસ પચાસ) થઈ પડેલી બરફ વર્ષા તથા ઓસ્ટ્રેલિયામાં ૪૮° સેન્ટિગ્રેડ થઈ ગયેલ ઊંચું તાપમાન – એ ગ્લોબલ વોર્મિંગના જ પરિણામ છે. **આપણે સવારથી સાંજ સુધીમાં જે જે વસ્તુઓનો ઉપયોગ કરી રહ્યા છીએ તે દરેક વસ્તુ ગ્લોબલ વોર્મિંગ જન્માવવા માટે જવાબદાર છે.** ગ્લોબલ વોર્મિંગના કારણે પૃથ્વીનું તાપમાન વધતાં ધ્રુવ પ્રદેશનો બરફ પીગળતો રહેશે અને તેના કારણે સમુદ્રના પાણીની સપાટી ઊંચી

(અનુસંધાન : જુઓ પાના નં. – ૭૩ ઉપર)

પ્રવાસ - નિબંધ

# રાવલ ડેમ



પ્રવીણ સરવૈયા

ચોમાસામાં ગીરમાં જોવા મળતાં કુદરતી દૃશ્યો ફિલ્મોમાં આપણી નજર સામે તાદૃશ્ય થાય છે. **રાવલ ડેમ વિસ્તાર ગીરની એવી જગ્યા છે જ્યાં તમે રીતસરના નવી જ દુનિયામાં ખોવાઈ જાવ છો.** ઊના – ધોકડવાથી તુલસીશ્યામ જતા રસ્તામાં જસાધાર આવે. એ પહેલાં જમણી તરફ એક નાનો રોડ ઝાડીમાં સંતાતો'કને રાવલ નદી પરના એક નાનકડા પુલે પહોંચી જાય. પુલ પર વાહન ધીમે ચલાવી બંને બાજુ નજર કરતા રહો તો રાવલ નદીના ખળખળતા નીરને કાંઠે તાપ શેકતા મગરો નજરે ચડી જાય. કોઈ કોઈ તો કાળમિંઢ પથ્થરોની લંબાયેલી શિલાઓ જેવી સૂનમૂન પડ્યા હોય. બંને તરફ કિનારાઓ તપાસો તો છેટે છેટે કોઈ જાનવર પાણી પીતું પણ ભળાય. ને ભાગ્યમાં હોય તો વનરાજ પણ જોવા મળી જાય! પણ અહીં ઊભા રહેવું ઉચિત નથી. ચાલો, ઝડપથી રાવલ ડેમ પહોંચીએ.

આ સાંકડો પુલ પસાર કરી થોડો ઢાળ ચઢો કે આગળ જસાધાર રેન્જનું વિદ્યાર્થીઓ માટેનું પ્રકૃતિ શિક્ષણ કેન્દ્ર આવે છે. અત્યારે તો એ બંધ છે. દિવાળી પછી શિબિરો શરૂ થશે. જંગલ મધ્યે ઊભા કરાયેલા આ કેન્દ્રના દરવાજા પાસેથી ઉગમણે વહી જતા રસ્તે નીતલી ગામ આવે. પણ આપણે ત્યાં નથી જવું. આ વનરસ્તો તો ગામવાસીઓના વ્યવહાર માટેનો છે. પ્રવાસીઓએ કારણ વિના ત્યાંથી ચાલીને જમીન સંપદાને ખલેલ પહોંચાડવી ન જોઈએ. આટલી સમજણ સૌમાં આવે તો બધે સુખ જ સુખ છે!

આપણે ડામરની પાતળી પટ્ટીએ આગળ વધીએ. રોડની બંને બાજુ રેવન્યુ વિસ્તાર છે. પણ વાડમાંથી કોઇ શિયાળ, વણિયર, ચિત્તલ, નીલગાય કે રાની પશુ ગમે ત્યારે રસ્તો ક્રોસ કરી શકે છે. એની સલામતી માટે થોડાં થોડાં અંતરે નાના-નાના બમ્પ તમારી ગાડીની ગતિને કાબૂમાં રાખે છે. રસ્તાની બંને તરફનાં ઝાડવાં અને વેલા એકબીજાને અંકોડા ભીડીને કાયમ માટે વળગી રહેવા મથતા જણાય છે.

પાક્કા રોડમાંથી એક ગાડાં મારગ સરની ખોડિયાર તરફ ફંટાય છે. ત્યાંથી આગળ કોઠારિયા ગામે પણ જવાય. સરની ખોડિયારની જગ્યાના સાધુ 'કબૂતરવાળા બાપુ' તરીકે ઓળખાય છે. એની વાત પછી ક્યારેક.

લો, આ ગામ આવ્યું તે ચીખલકુબા. નદીના કાંઠે પાઘડીપને રસ્તાને કાંઠે કાંઠે પચીસ-પચાસ ખોરડે પથરાયેલું આ ગામ ગીરની કેટલીયે વાતો સંઘરીને બેઠેલું છે. **આપણા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીને કેટલાક ગમતાં સ્થળોમાંનું એક તે આ ચીખલકુબા ગામ.** પહેલા તો આ એક નેસ હતો. મેઘાણી ચીખલકુબા નેસે સુલેમાન નામના કાયમ આંખે સૂરમો આંજેલી આંખોવાળા મુસલમાન માલધારીના પરોણા બનેલા. એ દિલાવર માલધારીના ઊંટ પર સવાર થઇ, અહીં રાવલને કાંઠે કાંઠે થતા'કને છેક વેજલ કોઠે પહોંચેલા. **ગીરની આ ભયાનક જગ્યા અને બિહામણી વાતો જાણવા તમારે 'સૌરાષ્ટ્રના ખંડેરોમાં' કે 'સોરઠી બહારવટિયા'નાં પાનાં ઉથલાવવાં પડે. પણ છે રોચક ઇતિહાસ.** એ વખતનું વાંચો એટલે અત્યારે ત્યાં જવાનું મન થાય એવી આ રસિક ભૂમિને આંખોમાં ભરીને આગળ વધવાનું છે.

વાડ એટલી ગીચ છે કે તમે બહાર ક્યાંય નજર ન નાંખી શકો. થોડો ઢાળ ચડો કે આગળ પ્રવેશબંધીનો જંગલખાતાંનો પાઇપ તમારી આડો ફરે. અમે પરિવાર સાથે છીએ. અહીં વાહન મૂકી આગળ વધ્યા કે કડાયાનાં એક વૃક્ષ પર બેસેલ મોરબાજ સહેજ પણ અવાજ કર્યા વગર ઉડીને આગળ જંગલમાં ઉતરી ગયો. થોડી ચહેલપહેલથી ચોકીદાર ઉપરનાં મકાનેથી નીચે ઉતરી અમારી પાસે આવ્યો અને પૂછપરછનાં અંતે ડેમ પસાર કરવાનો ગેઇટ ખોલી આપ્યો.

અમે ડેમ પરથી આ નમણી નજાકત નિરખી રહ્યા છીએ. બે નદીનાં સંગ્રહિત નીર શાંત થઇને શીત નિદ્રામાં પોઢી ગયા છે. વચ્ચે ઊંટની ખૂંધ જેવો એક ટેકરો, લીલાકુંજાર ઝાડવાથી લથપથ પડ્યો છે. દૂર-પાસે, ડુંગરાની નાની-મોટી હારમાળાઓની વચ્ચે રાવલ અને જમરી નદીનાં નીરે ભાતીગળ રંગોળી રચી છે. ડાઇવિંગ માટે પ્રખ્યાત આવું જ લોકેશન ઇન્ડોનેશિયામાં 'રાજા અમ્પત રિજેન્સી' નામે ગૂગલમાં દર્શાવે છે. બસ, એની નાની આવૃત્તિ અહીં કુદરતે મૂકી દીધી છે! ડુંગરાઓમાં ક્યાંય તસુભારેય જગ્યા ઝાડવાં વિનાની નથી. બધી બાજુ હરિયાળી વચ્ચે ચમકતું ચાંદી જેવું પાણી ક્યાંથી આવે છે એની ભાળ ન મળે એ રીતે ભૂલભુલામણી જેવા આકારમાં પથરાયેલું છે. બધું શાંત છે. વચ્ચે કોઈ કાળું સૂકાયેલું લાકડું ક્યારેક તરતું તો ક્યારેક ડૂબતું ભળાય છે. જરાક ઝીણવટથી જુઓ તો ખ્યાલ આવે કે એ તો મગર છે! અહીં ગીરની મોટાભાગની નદીઓ, તળાવડાં કે નાળાઓમાં મગરોની હયાતી છે. એટલે સાવચેતી રાખવી જરૂરી છે.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૮૪ ઉપર)**

યાદગીરી

# સુમિરે.... બલબીરા

**(સ્મૃતિપટ પર સંભારણાં)**



સંપાદક :
બલવીરસિંહ જાડેજા

*(કોઈપણ વાચક પોતાના જીવનના સંભારણાંની વિગત આ વિભાગમાં મોકલાવી શકે છે.)*

*(નોંધ : લોકો આ રીતે પણ સમાજસેવા કરી શકે છે... એવી ભાવનાસભર પ્રતીતિ શ્રી તુષારભાઈ દેસાઈએ વર્ણવેલ પ્રસંગમાં થાય છે.)*

## ઘર આંગણે ચેરિટી



**સૌજન્ય : તુષારભાઈ દેસાઈ – અમદાવાદ**

૨૦૧૬ના મે મહિનામાં અમે પતિ-પત્ની લંડનમાં અમારા દીકરા પાસે પ્રેસ્ટન રોડ વિસ્તારમાં રોકાયેલા. અમારો દરરોજનો ચાલવા જવાનો નિત્યક્રમ. ફર્સ્ટ એવન્યુ નામના રોડ પરથી પસાર થવાનો ક્રમ હતો. આ રોડ પર એક સરસ મજાનું રો હાઉસ, રોડને સાવ નજીક જેને 'રોડ ટચ' કહી શકાય.

એક દિવસની વાત છે. મારી નજર આ રો હાઉસની પાળી કે બહારની દીવાલ, જે ફૂટપાથની લગોલગ આવેલી હતી તેના પર પડી. આશ્ચર્ય સાથે જોયું તો થોડા મોટા બોક્ષ, અંદરની વસ્તુઓ દેખાય, એ રીતે ગોઠવેલા હતા. જેમાંથી સ્ટેશનરીની વસ્તુઓ, રોડ પરથી પસાર થનારાને નજરે પડે એ રીતે, પાંચેક બોક્ષમાં, પાર્કર પેન, બ્રાન્ડેડ બોલ પેન, પેન્સિલ, ઈરેઝર, ડ્રોઈંગ બોર્ડ, સ્ટેપલર, નાના મોટા ટેડી બેર, રમકડાં, નાના બાળકોના કપડાં, પાકિટ, સ્કૂલ બેગ, ફોટો આલબમ વગેરે વસ્તુઓ ગોઠવીને મૂકેલી હતી. બાજુમાં મોટા અક્ષરે વાંચી શકાય તે રીતે, અંગ્રેજીમાં એક બોર્ડ મૂકેલું હતું. જેનો ભાવાર્થ એવો હતો કે, "વસ્તુઓ લઈ જાવ, પણ બોક્ષ નહીં." આ બધી જ વસ્તુઓ સારી કન્ડિશનમાં હતી, કોઈ સેકન્ડ હેન્ડ કે વાપરેલી વસ્તુઓ નહોતી.

અમને આશ્ચર્ય સાથે કુતુહલ પણ થયું. 'કેમ આ વસ્તુઓ મૂકી હશે?' બેલ મારી, મકાન માલિકને પૂછતાં જાણવા મળ્યું કે તે કિંગસ્લી વિસ્તારમાં એક સ્ટેશનરી અને જનરલ આઈટમના સ્ટોરનાં માલિક છે. દર મહિનાના બીજા શનિવારે, તેઓ આ વિસ્તારના બાળકો, **વિદ્યાર્થીઓને મદદરૂપ થવા માટે, આ રીતે બધી વસ્તુઓ પાળી પર મૂકે છે. જેને પણ જરૂર હોય તે આમાંથી જોઈતી વસ્તુઓ વિના મૂલ્યે લઇ જઈ શકે છે.** આની ચેરિટી માટે, તેઓ કોઈ ડોનેશન કે ભેટ સ્વીકારતા નથી. સામાન્ય સ્થિતિના બે કે ત્રણ બાળકોવાળા કુટુંબોને આવી મદદ, આશીર્વાદરૂપ થઈ પડે છે. બોક્ષ ના લઈ જવાનું લખાણ લખવાનું કારણ એ, કે આવા મોટા બોક્ષ એમની પાસે મર્યાદિત સંખ્યામાં હોવાથી આવું લખાણ લખવું જરૂરી હતું. લેનારને સંકોચ ના થાય તે માટે, આ સદ્ગૃહસ્થ કે એમના કુટુંબના કે ઘરના સભ્યો, ચેરિટીના સમય દરમિયાન (સવારના નવ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધી) ઘરે હાજર રહેતા નથી કે વસ્તુઓ લેનારનું નામ પૂછતા નથી. ઘણા વખતથી ન વેચાયેલી વસ્તુઓ, તેઓ આ પાળી પર મૂકે છે, નહીં કે સેકન્ડ હેન્ડ કે નુકસાનીવાળી! આ એમની ઉમદા ભાવના દર્શાવે છે.

**પોતાના વિસ્તારમાં લોકોને મદદરૂપ થવાનો કેવો ઉમદા પ્રયાસ અને ભાવના!** બહાર ક્યાંય ચેરિટી કરવા, નજર નહીં દોડાવતાં પોતે જે ધંધા વ્યવસાયમાં જોડાયેલા હોય, તે થકી જ સમાજને મદદ કરવાનો આ અભિગમ, પ્રશંસાને પાત્ર જ નહીં પરંતુ અનુકરણીય પણ છે.

આવો અભિગમ આપણો ભારતીય સમાજ અપનાવે તો કેવું સારું!

*એ-૧૬/૫, ગોદાવરી ફ્લેટ-૧, ઔડા ફ્લેટ સામે, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭. • મો. ૯૪૨૭૪ ૫૪૫૧૮*

★

## "મારો અવિસ્મરણીય અનુભવ"



**રક્ષા એ. ચોટલિયા 'ઘટા'**

ઘરના વિદ્યારંગી વાતાવરણને કારણે મારો વાંચનનો શોખ વધુ ને વધુ પોષાતો ગયો. અભ્યાસકાળ દરમિયાન જ આ શોખ લેખનકળામાં ક્યારેય પલટાઈ ગયો તેની ખબરેય ન રહી. નાની નાની કવિતાઓ, વાર્તાઓ, જોડકણાં, ગીતો, હાઈકુ અને મોનો-ઈમેજ નાટક વગેરે લખતી થઈ. ઘરમાંથી મને જરૂરી

પ્રેરણા સાથે પ્રોત્સાહન હંમેશાં મળતું રહેતું.

લગ્ન માટે પણ જીવનસાથી સાહિત્યપ્રેમી હોય તેવું હું અનિવાર્ય માનતી અને એ મુજબ મને સાહિત્ય સાથે ખરા અર્થમાં બધા જ પ્રકારની કલા-પ્રવૃત્તિમાં વિશેષ રસ, રૂચિ અને વલણ ધરાવતો ચિત્રકાર, પતિ તરીકે મળી પણ ગયો. જેને કારણે મારી સાહિત્યિક પ્રવૃત્તિને વેગ જ નહીં, નવી દિશા પણ મળી.

નગરમાંથી મહાનગરના નવા માહોલમાં આવી. અહીંના કલાકારો, સાહિત્યકારો સાથે વધુ ને વધુ પરિચયમાં આવતી ગઈ. એ રીતે મારી કલા સાધનામાં ક્યારેય 'ઓટ' આવવા ન દીધી. કાયમ 'ભરતી' જ રહી. આમ, મારી સાહિત્યિક અભિરૂચિની ખિલાવટ થતી રહી. મારી સર્જકતા વિકસવા સાથે બદલાઈ પણ ખરી. અમારા બંનેના શોખ લગભગ સમાન હતા. કોઈ પ્રાકૃતિક સ્થળે અવાર-નવાર જવાનું ગોઠવતા કે જેથી અમારી કલાને પોષી શકાય. કલા વિષયક અવનવા પ્રયોગો પણ હાથ ધરતા. જે સ્થળનો તે 'લેન્ડસ્કેપ' આલેખતા તે જ સ્થળને અનુલક્ષીને હું કાવ્ય રચતી. **ક્યારેક મારી કવિતા પરથી તે મૌલિક ચિત્રસર્જન કરતાં તો કોઈક નવરાશની પળોમાં હું એમના ચિત્ર પરથી કવિતા કંડારી લેતી.** જે મિત્રોને બતાવતા, તો તે ખરેખર દંગ રહી જતા. તેઓને એ સમજમાં ન આવતું કે ચિત્ર પરથી કાવ્ય બન્યું છે, કે કાવ્ય પરથી ચિત્ર!

આમ, અમારી કલાને અમે એકમેકને ટેકે નિખારતા. સંગીત-નૃત્યનો શોખ પણ એટલો જ. રાજકોટમાં યોજાતા કોઈ પણ કલાક્ષેત્રના કાર્યક્રમો અમે ભાગ્યે જ ચૂકતા. ટી.વી.ના પ્રોગ્રામો જોતાં જોતાં ચર્ચા પણ મોટેભાગે કલાને લગતી. રંગ - આકાર - રૂપ - રચના અને તાલમેલ અંગે જ થતી. એથી જ 'દૂરદર્શન'ના 'કલાકારની મુલાકાત' કાર્યક્રમનાં એક પ્રશ્નનો ઉત્તર આપતા મેં કહેલું... **'કવિતા એ શાબ્દિક ચિત્ર છે, જ્યારે ચિત્ર અશાબ્દિક કવિતા.** જેની આંખના રેટિનાને ગમે તેવા અગોચરમાંથી પણ કુદરતી સૌંદર્યના સાત્વિક તત્ત્વને ઝીલવાની આગવી સૂઝ હોય, એ જ સાચા અર્થમાં કલાકાર ગણાય, એમ હું માનું છું.'

આમ, ક્યારે કલાના તળાવમાં ડૂબકી લગાવતાં-લગાવતાં એક નવી કલા હાથમાં આવી ગઈ, કે ખુશી જાણે બેવડાઈ ગઈ. અને એ હતી 'ફોટોગ્રાફી'ની કલા. અને એ પણ માનવીય મોડેલિંગની તો નહીં જ, પરંતુ હંમેશાં નજર સામે તરોતાજા દેખાતી રહે, તેવી પ્રકૃતિની બેમિસાલ ખૂબસુરતીને કંડારતી ફોટોગ્રાફી. અત્રે એમ કહેવું સત્યને અસ્થાને તો નહીં જ ગણાય કે, **'સૃષ્ટિને રાખું તાજી, સદાય આંખો (કેમેરાથી) નાખું આંજી.'** એ રીતે અનેક ખાસ ન કહી શકાય તેવા પણ સ્થળોના ફોટોઝ આલ્બમ્સ તૈયાર કરી શકાયા.

અને હવે અમારી ફોટોગ્રાફી ખરેખર સૌંદર્યની આંતરિક ઉત્કૃષ્ટતા સાબિત કરી શકે છે કે કેમ? એ જાણવાની તક મળી. ૧૯૯૯માં **'લેપોન નેચર ક્લબ'** સંસ્થા દ્વારા 'પર્યાવરણ પ્રેમ' વિષયક ઓપન ફોટોગ્રાફી સ્પર્ધા યોજવામાં આવેલી. જે મોકો અમે ગુમાવીએ ખરા કે! નિયત કરેલ સાઈઝમાં અમે ઉપર્યુક્ત વિષયલક્ષી ફોટોગ્રાફી ઝડપવા આઉટ ઓફ સિટી નીકળી પડ્યા. અમારી કલાની સૂઝની ત્રીજી આંખ ઉઘાડી, પ્રાકૃતિક સૌંદર્ય કેમેરામાં કેદ થતું ગયું. તેમાંથી પસંદ કરી એક-એક અલગ-અલગ ફોટો કોપી તે સંસ્થાને મોકલી આપી.

એ વાતને એકાદ માસ પૂરો થવા આવ્યો હતો. અચાનક એક દિવસ તે સંસ્થા તરફથી પોસ્ટ દ્વારા કવર મળ્યું. **સ્મૃતિપટ ઢંઢોળતા જિજ્ઞાસાવશ તે ખોલવામાં આવ્યું.** ઉચ્ચક જીવે જેમ જેમ લખાણ વાંચતી ગઈ તેમ તેમ હૃદયના ધબકારા વધવા લાગ્યા. 'લેપોન નેચર ક્લબ' તરફથી ફોટોગ્રાફી સ્પર્ધાના ઈનામ વિતરણ સમારંભમાં રાજકોટની રાજકુમાર કોલેજમાં ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપવામાં આવેલ હતું. સ્થળ, સમય, તારીખ વગેરેની વિગતો વાંચતા સુધીમાં તો જાણે દોડની સ્પર્ધામાં ભાગ લીધો હોય તેવો હાંફ ચડી ગયો.

અને આમંત્રણ કાર્ડ પાછળ ફેરવતા જ સરસ મજાનું નયનરમ્ય, નજર ચોંટી જાય તેવું મોરનું આકર્ષક ચિત્ર જોવા મળ્યું (લેપોન - એટલે મોર) બરાબર તેની નીચે જ મોતીનાં દાણા જેવા સુવાચ્ય અક્ષરે લખાયેલ... **'બહેનશ્રી રક્ષાબહેન, અભિનંદન સાથે જણાવવાનું કે આ સ્પર્ધામાં આપનો ફોટોગ્રાફ "JOY OF HEAVEN"ને પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયેલ છે.** જે માટેનો પુરસ્કાર સ્વીકારવા આપને અમારું હાર્દિક આમંત્રણ છે. અવશ્ય પધારશો, એ જ અભ્યર્થના...' જે વાંચીને ગદ્‌ગદિત થતું મારું કોમળ હૃદય જાણે એકાદ-બે ધબકાર ચૂકી ગયું હોત; તેમ હું તો વિહવળ બની ગઈ અને આંખમાં તો જાણે હર્ષાશ્રુનું પૂર ઉમટ્યું. ઘરના સૌએ પૂછ્યું કે શું વાત છે? તો વાચા જાણે હણાઈ ગઈ હોય તેમ તેઓના હાથમાં કાર્ડ જ થમાવી દીધું.

હવે આપના મનોવિશ્વમાં પણ એવો લાગણીયુક્ત ભાવ જન્મી ચૂક્યો હશે! કે એવું તે શું હશે? એ તસ્વીરમાં કે જેનું નામ "JOY OF HEAVEN" આપવામાં આવેલું છે.

અને એવો જ પ્રશ્નાર્થ સમારંભમાં ઉપસ્થિત નિર્ણાયક ગણ સહિત સૌના ચક્ષુમાં મને તાકી રહ્યો હતો. જે મારા પુરસ્કાર સ્વીકારતી વખતે તેઓના ઓષ્ટ સુધી આવી જ ગયો. જે વિશે મારી પાસે સ્પષ્ટતા કરાવીને જ જંપ્યા.

ફોટોમાં હું જે દશ્ય ઝંકૃત કરી શકી છું, તેનું શાબ્દિક વર્ણન એટલું સમર્થ નથી, જેટલું તેનું આંતરિક સૌંદર્ય માણવું (ફોટોગ્રાફ

બતાવીને) આમાં દશ્યમાન થાય છે કે, એક કમરથી ઝુકેલી કાયાયુક્ત વયોવૃદ્ધ અત્યંત દારિદ્ર અવસ્થામાં પણ, મરઘી અને તેના સાવ જ નાનાં-નાનાં પીલાઓને દાણાનો ચારો નાખી રહેલા તેની લઘર-વઘર પડું પડું થઈ રહેલી, અધખુલ્લી ઝુંપડીનાં આંગણામાં નજરે પડે છે. છતાં તેના મુખારવિંદના ભાવ કેટલાં આનંદમય અને સંતોષપૂર્ણ ઉપસી આવે છે. જે વૃદ્ધ પોતાના સંતાનોને ખવડાવવા સક્ષમ નથી, **પણ તેનો પક્ષીપ્રેમ જાણે કે, સ્વર્ગનો આનંદ અભિભૂત કરાવતો હોય તેમ લાગે છે. પર્યાવરણ પ્રેમની ઝાંખી આનાથી વિશેષ તો શું હોય!** શું માણસને કદી પર્યાવરણથી વિખૂટો પાડી શકાય ખરો કે! પર્યાવરણ વિના માણસ જીવી શકે ભલા! અરે, **માનવો અને પર્યાવરણ એકબીજાના પર્યાય બનીને રહે એમાં જ સમગ્ર સૃષ્ટિની ભલાઈ સમાયેલ છે.**

વળી, મરઘી પણ તેના બચ્ચાને ચણતાં, શીખતાં જોઈને ખુશ જણાય છે. તો માના ખોળામાં બાળક રમતું કેવું વહાલું લાગે! તેમ મરઘીની સાથે - પાછળ પાછળ ઘૂમતા, અનુસરતા પીલાઓ પણ સ્વર્ગમાં વિહરી રહ્યા જેટલો આનંદ માણતા ભાસે છે!

આમ, એકમેકની હૂંફમાં જીવતા આ જીવો, બહારની દુનિયાને ભૂલીને કેવા ખુશખુશાલ થઇ મહાલે છે! શું "JOY OF HEAVEN" નું શીર્ષક સિધ્ધ થતું નથી લાગતું? કે જેણે પ્રથમ પ્રાઇઝ જીતાડીને મને પણ "JOY OF HEAVEN"ની અનુભૂતિ કરાવી દીધી.

*૪/અ, ગાંધીગ્રામ, "શાલીગ્રામ",*
*એસ.કે. ચોક પાસે, ૧૫૦' રિંગ રોડ,*
*રાજકોટ-૩૬૦ ૦૦૭. ● મો. ૯૭૩૭૩ ૦૭૦૫૨*

★

## પંખીડા રે ઉડી જાજો... (પક્ષી વિયોગ)

*– દિનકર વી. ભટ્ટ*

*(નોંધ : સુંદર 'લવબર્ડ'ની જોડીને ઘરે લાવી આત્મિય બની ગયેલા કુટુંબની બંધાયેલી માયા બાદ એક પક્ષીની કાયમી વિદાય થતાં, તે જોડી પૈકી અન્ય પક્ષીને આંસુ સાથે પરત કરીને અબોલ જીવની 'યાદગીરી'નું લાગણીસભર વર્ણન લેખકશ્રીએ તેમનાં લેખમાં અત્રે કર્યું છે.*

*– સંપાદક)*

દરિયાની વાત લખાય, ડુંગરો અને ગિરી શિખરોની વાત લખાય, ગમતા અને અણગમતા માણસો વિશે લખી શકાય તો પછી એક નાના મજાના પંખીડાની વાત કેમ ન લખાય? ખબર નહીં ક્યાંથી વાત નીકળી, પણ પંખીડાની વાત નીકળી અને અમારા ઘરમાં એક વાર ફેમિલી મેમ્બર બની ચૂકેલા લવ-બર્ડની જોડી યાદ આવી ગઈ.

બહુ મજાની અને નાજુકડી કાયાવાળી સુંદર જોડી હતી. લાલ પીળા અને આસમાની રંગ ભરેલી આ જોડી જાણે કુદરતે ફુરસદ લઇને બનાવી હોય તેવું લાગતું હતું. આ એક જ નહીં લવ-બર્ડની બધી જ જોડીઓ. જ્યારે હું લેવા ગયો હતો ત્યારે એકથી એક ચડે તેવા અલગ અલગ રંગોવાળી. મનને બધી જ ગમી જાય તેવી હતી. કઈ લેવી અને કઈ ન લેવી, હું એવી વિમાસણમાં મૂકાઈ ગયો હતો. દુકાનદાર છોકરો એક પછી એક મોટા પીંજરામાંથી બહાર કાઢી હાથમાં પકડી પકડીને મને બતાવતો હતો. "સાહેબ યે લેલો, યે બહુત સુંદર હૈ. લાલ રંગ પીલી પંખ. યે લેલો બ્લ્યુ ઓર હરા કા કોમ્બિનેશન." જે રીતે આ નાજુક પંખીઓને પકડીને તે મને બતાવતો હતો તે જોઈને મને તેના ઉપર ધૃણા થઇ આવતી હતી. બિચારા કેટલા ભોળા અને નાજુક પંખીડા લાગતા હતા અને આ છોકરો એકદમ દયાહીન થઇને તેને પકડતો હતો અને મારાથી તે સહન થતું ન હતું. મેં કહ્યું, 'યે એક દે દો.' છોકરો કહે, 'સાહબ, યે એક અકેલા નહીં રહેગા. યે જોડીમેં હી રહેતા હૈ. લો યે જોડી લેકે જાઓ.' એમ કહીને તેણે તેવા જ રંગનું બીજું પક્ષી કાઢી આપ્યું. 'લો સાબ, યે છોટાસા પીંજરા ફ્રી મેં આતા હૈ, યે બડા પીંજરા લેના હૈ તો ઉપર કા ૫૦ રૂપિયા દેદો. ઇસમેં ઝુલા, એક પાની કી વાટી રખને કા સ્ટેન્ડ ઔર પંછી કો બૈઠને કે લીયે એક આડા સલીયા આયેગા. ઔર સાબ, યે ઉસકે ખાને કા બીજ.' તેણે તલના ફોતરા જેવા બીજનું એક પડીકું બાંધી આપ્યું. મેં કહ્યું, 'યે ખતમ હો ગયા તો મુઝે કહાં મિલેગા? મૈં પનવેલ મેં રહતા હું. ક્રાફર્ડ માર્કેટ વી.ટી. તક આના પડેગા ક્યા?' તે બોલ્યો, 'સાબ, ચિંતા મત કરો. યે વહાં ભી મિલ જાયેગા. ઔર યે જો આપકો દે રહા હૂં, વો એક મહિના ચલેગા.'

આ છોકરો આટલી બધી માહિતી આપતો હતો ત્યારે પક્ષીઓ વિશે મારા અજ્ઞાનનું મને ભાન થયું. કોઈ બાપ છોકરીને વળાવતો હોય અને કેમ જાણે દાયજામાં તેના ખપની વસ્તુઓ યાદ કરી કરીને આપે તેમ તેણે આ નાજુકડી પંખીની જોડી માટે ઝુલાવાળું પીંજરુ, પીવાના પાણીની વ્યવસ્થા, ચણવાનો સામાન વગેરે આપ્યા. મને આ છોકરા ઉપર જે ચીડ હતી તે ઉતરી ગઈ.

મને પ્રાણીઓની આઝાદી વધારે પસંદ છે અને આવી જોડી ખરીદીને ઘરે લઇ જવાનો કોઇ પ્લાન પણ ન હતો. આ તો મારો એક મિત્ર છે પ્રવીણ અરોરા, આ ભાઇને આવો બધો શોખ. એકવાર તેણે મને કહ્યું, 'ચાલો મારી સાથે વી.ટી. ક્રાફર્ડ માર્કેટ, જ્યાં આવા પાલતુ પશુ પક્ષીઓનું બજાર છે. મારે એક સફેદ પોપટ લેવો છે. મારી બેબીને બહુ શોખ છે.' અને હું તેની સાથે ગયો હતો. આ લવ-બર્ડની જોડીએ મારું મન લોભાવી દીધું.

પહેલી વખત હું કોઈ પાલતુ પક્ષી લઈને ઘરે જતો હતો. ઘણું અજીબ જેવું લાગી રહ્યું હતું.

ઘરમાં બધા માટે સરપ્રાઈઝ હતું. બધા શું કહેશે તેનું મને પણ કુતુહલ હતું. મારી પત્નીનો પ્રતિભાવ, 'આ શું લાવ્યા? પાંજરું રોજ ધોવું, પીવાનું પાણી બદલવું, આ બધી પળોજણ કોણ કરશે?' પછી ધ્યાનથી તેણે સુંદર રંગીન લવ-બર્ડની જોડી જોઈ અને તેનો પ્રતિભાવ બદલાઈ ગયો. 'સરસ છે નહીં? કેટલા નાજુક અને ભોળા લાગે છે. રવિ જોશે એટલે ખુશ થઈ જશે.' અમે રોડ તરફની રૂમની ગેલેરીમાં તેનું પાંજરું લટકાવ્યું. રવિને સરપ્રાઈઝ આપીશું, એવું અમે નક્કી કર્યું (રવિ મારા દીકરાનું નામ છે.) રવિ બહારથી આવ્યો એટલે અમે જાણી જોઈને તે ગેલેરીમાં ન જાય તેવી તરકીબ કરતા રહ્યા. પણ દસેક મિનિટમાં તો તે ગેલેરી સુધી પહોંચી ગયો. 'વા.... પપ્પા શું લાવ્યા?' ખબર નહીં, આખું ઘર કોઈ અજીબ આનંદમાં આવી ગયું હતું.

પછી તો આ લવ-બર્ડ અમારા દિવસો સાથે એવું તો વણાઈ ગયું હતું કે અમારી રોજની દિનચર્યા તેને ધ્યાનમાં રાખીને જ થતી. હું સાંજે સર્વિસ પરથી આવું એટલે ઓફિસ બેગ મૂકીને સીધો ગેલેરીમાં જ જતો. એકવાર મારી પત્નીને બૂમ મારી, 'હર્ષા... જો તો ખરી, એક પંખીડું કેવું જોરજોરથી પોતાની મેળે હિંચકા ખાઈ રહ્યું છે!' હર્ષાએ કહ્યું, 'હું તો હાલતાને ચાલતા તેને કંઈ ને કંઈ નવા ખેલ કરતા જોઉં છું. એક બિચારું જરા ઠંડું છે, પણ આ તો બહુ જબરું છે. હું પીંજરું સાફ કરું ત્યારે છેક ઉપર ચડી જાય છે. બીજું છાનુમાનું ખૂણામાં બેસી રહે છે.' મેં કહ્યું, 'આપણને હજી આ પંખીડાઓ વિશે કંઈ સમજણ નથી પડતી, ખરું ને? કયું નર છે, કયું માદા છે? એક કેમ જબરું છે, બીજું કેમ ઢીલું છે? તેમની ઉંમર શું છે?'

રવિએ કહ્યું, 'પપ્પા, રાત્રે પીંજરાને કપડાથી કવર કરી દેવાનું. જેથી તેમને ઠંડી ન લાગે.' બીજા દિવસથી આ ક્રમ પણ શરૂ થઈ ગયો. આ પંખીડાનું જેટલું બને એટલું બધા ધ્યાન રાખવા માંડ્યા. એક દિવસ સવારે એકાએક રવિએ બૂમ પાડી, 'પપ્પા, પેલું ઢીલું ઢીલું લાગતું હતું એ પંખી મરી ગયું...!' ઘરના બધા ભેગા થઈ ગયા. વિચારમાં પડી ગયા, આમ કેમ થયું? બધા ઉદાસ થઈ ગયા. હવે શું કરવું? કંઈ સમજણ પડતી ન હતી. રવિએ કહ્યું, પપ્પા, સામેના ગાર્ડનમાં ખાડો કરીને તેને દફન કરી દઈએ. હું અને મારી પત્ની ગેલેરીમાં ઉભા ઉભા ઉદાસ મને આ પંખીડાની અંતિમ વિધિ જોતા રહ્યા.

હવે આ એકલું પડેલું પંખી ઉદાસ થઈ ગયું હતું. તેની બધી જ મસ્તી બંધ થઈ ગઈ હતી. અમારાથી આ જોયું જતું ન હતું. જ્યારે જોઈએ ત્યારે ગાર્ડન તરફ ઉદાસ થઈને જોયા કરતું. હર્ષાએ કહ્યું, 'આને પાછું આપી આવો. કેટલા દિવસ આને ઉદાસ જોયા કરીશું?' અને અમે નિર્ણય કરી લીધો. હું આ નાજુકડા પંખીને પાછું, જ્યાંથી લાવ્યો હતો ત્યાં મૂકવા ગયો. પેલા છોકરાને કહ્યું, 'આને પાછું લઈ લે. આ એકલું પડી ગયું છે. એક હતું તે મરી ગયું.' એ છોકરાએ તેને મોટા પીંજરામાં જ્યાં ઘણા બધા લવ-બર્ડ આમથી તેમ ઉડાઉડ કરી રહ્યા હતાં તેમાં મૂકી દીધું. તે એકદમ આનંદમાં આવી ગયું. તેને તેની દુનિયા પાછી મળી ગઈ હતી. તે પણ બીજા પક્ષીઓ જોડે ઉડાઉડ કરવા લાગ્યું. હું તેને લઈ ગયો હતો કે પાછું મૂકી ગયો હતો, તે બધું જ ભૂલી ગયું હતું. હું તેને ક્યાંય સુધી જોઈ રહ્યો. **આ વાત મેં ઘરે આવીને મારી પત્ની હર્ષાને કરી ત્યારે તેની આંખ ભીની થઈ ગઈ હતી. તેની આંખમાં હર્ષના અને વિયોગના મિશ્ર આંસુ હતા.** મારા માટે એક બગડેલા કામને સુધારી શક્યો તેનો સંતોષ હતો.

*૫, માધવ એપાર્ટમેન્ટ, પ્લોટ નં. ૧૭-૧૯, રોડ નં.-૧૫, સેક્ટર-૧૯, ન્યુ પનવેલ, નવી મુંબઈ-૪૧૦ ૨૦૬ (મહારાષ્ટ્ર)*

***<u>સંપાદકનું સરનામું</u> : ૧૨, ઘરઆંગણ ફ્લેટ્સ, પ્રોફેસર્સ કોલોની સામે, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯. મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬***

## પાનબાઈ – આધ્યાત્મિક ઘટના....

**(અનુસંધાન : પાના નં. – ૮૦ ઉપરથી ચાલુ)**

**જે વાણી કહેવાઇ એ આપણી ભજનવાણી! સંતવાણી!**

પાનબાઈને સદ્‌ગુરુ મળ્યાં અને ગંગાબાને સદ્ શિષ્યા મળ્યા.

બાવન દિવસ, રોજના એક ભજન ગંગાબા પાનબાઈને સંભળાવતા હતા.

બાવન દિવસ પછી ગંગાસતીએ દેહત્યાગ કર્યો. સ્વેચ્છાએ!

ત્રણ દિવસ પછી પાનબાઈએ દેહત્યાગ કરી, ગંગાબાનું અનુસરણ કર્યું.

પૂ. મોરારિબાપુ કહે છે –

ગંગા સતી ગંગાનો પ્રવાહ, તો પાનબાઈ પાંદડું પાંદડું ગંગા પ્રવાહમાં તરવા લાગ્યું કોઈ પ્રશ્ન પૂછ્યા વગર પ્રવાહને અનુસરે છે પાનબાઈ!

(સ્મરણના આધારે)

પાનબાઈ ગુજરાતના બીજા મીરાં ન કહેવાય!

*'બહુચરાશિષ', ૮, રઘુવીર નગર, ધ્રાંગધ્રા-૩૬૩ ૩૧૦. ● મો. ૯૯૨૫૫ ૬૬૨૯૮*

*સમયની સાથે બદલાઈ જાવ અથવા તો સમયને બદલતા શીખો.*

ચરિત્ર

# પાનબાઈ – આધ્યાત્મિક ઘટના...



ભૂપતરાય ઠાકર 'ઉપાસક'

સંત પરંપરામાં જાતિ-પ્રાંતિનો ભેદ નથી. સર્વગ્રાહી સત્સંગ છે. ભક્ત ભક્તિને આધીન છે, ભગવાન ભક્તને આધીન છે.

ગિરાસદાર / દરબારની દીકરી-પુત્રવધૂ, રાજરાણી પોતાની સાથે આવેલી નોકરાણી - સેવિકાને ગહન, ગૂઢ, રહસ્યમય આત્મજ્ઞાનની આત્મ ઉન્નતિની વાત – સરળ, ગામઠી, તળપદી અને વાતચીતની ભાષામાં સામાન્ય ઉદાહરણો સાથે, અપૂર્વ ઘટનાનો ઉદ્‌ઘાટ કરે એ અપૂર્વ ઘટના છે.

ગંગા સતી સ્વયં સ્ત્રી છે. સેવિકા પાનબાઈ સ્ત્રી છે.

એક સ્ત્રી, બીજી સ્ત્રીને, 'બાવનબાર'ની આધ્યાત્મિક વાત કરે અને સેવિકા પાનબાઈ હૈયા સોંસરવી ઉતારે. ગંગા સતીએ જે તત્ત્વ (આધ્યાત્મિક તત્ત્વ) અનુભવ્યું તેને પાનબાઈએ આત્મસાત્ - હૈયાવગું કર્યું.

ગંગા સતી ગુજરાતના મીરાં છે.

પાનબાઈને પ્રેમ લક્ષણા બક્તિની ઓળખ કરાવી તો પાનબાઈએ તેને પોતાનામાં સમાવી લીધી. ગંગાસતી કહે છેઃ

***પ્રેમલક્ષણા ભક્તિ તો***
***હરિની પદમણી... પાનબાઈ***

ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના રાજપરા નામનું નાનકડું ગામ. ગંગા સતી રાજપરા ગામમાં જનમ્યા.

ગંગાબા (ગંગા સતી)ના લગ્ન સમઢિયાળાના રાજપુત ગિરાસદાર કહળસંગ કલભા ગોહિલ સાથે થયા હતા. એ જમાનામાં રાજપુત પરંપરા પ્રમાણે ગંગાબા સાથે પાનબાઈ નામની ખવાસ સેવિકા મોકલવામાં આવી. (પાનબાઈ ગંગા સતીના પુત્રવધૂ નથી)

આ પાનબાઈ અલખપથની યાત્રી બન્યા. પાનબાઈની જે સખી હતી તે શિષ્યા બની.

***ભક્તિ બીજ પલટે નહીં,***
***જુગ જાય અનંત;***
***ઉચ્ચ નીચ ઘેર અવતરે,***
***હોય સંતના સંત.***

આમ, દાસી પાનબાઈ ગંગાસતીના સાનિધ્યમાં સતત રહેવાથી પારસમણિનો સતત સંપર્ક જાળવવાથી, જે બીજ પડ્યું હતું તે પાંગર્યું.

***પારસમણિનું પારખ્યું તે***
***લોઢાને કંચન કરે.***

લોઢામાંય કંચન થવાની ક્ષમતા હોવી જોઈએ.

ગંગામાં મળનાર બધી નદી ગંગા બની જાય!

પાનબાઈને ગંગાસતીનો ભક્તિ રંગ લાગ્યો.

એક સ્ત્રી, બીજી સ્ત્રીને સંબોધીને આધ્યાત્મ તત્ત્વનો ઉઘાડ કરે એ ભારતમાં બને.

હૈયાના કમાડ ઉઘડી ગયા પાનબાઈના!

***ભક્તિ પાતાલ નીપજે,***
***પહુંચે અનંત આકાશ;***
***દાબી દુબી ન રહે,***
***કસ્તુરી કી બાસ.***

પાનબાઈ મહેંકી ઉઠ્યા. આધ્યાત્મપથના યાત્રી ગંગાબાને અધાત્મપથનો સથવારો આપ્યો પાનબાઈએ. કહળસંગ બાપુ પણ આ પંથના યાત્રી. ત્રિપુટી મિલન થયું.

ત્રણેય જીવનમાં આધ્યાત્મિક્તા ઘનીભૂત થઈ.

પાનબાઈ જેવી સંન્નિષ્ઠ - આત્મપિપાસુ, મુમુક્ષ સેવિકા, સહિયર, શિષ્યા, સહયાત્રી મળ્યા, તે ગંગાસતીનો પુણ્ય પ્રભાવ!

ગંગાબા સંતસ્વ લઈને જનમ્યા હતા, તો

ગંગાબાના સહવાસે પાનબાઈને સંતત્વ પ્રગટ થયું.

પાનબાઈ ગંગા સતીના સંન્નિષ્ઠ - સમર્પિત શિષ્યા હતા.

***એક ઘડી, આધી ઘડી, આધીની પુનિ આધ,***
***તુલસી સંગત સાધુકી, મિટે કોટિ અપરાધ.***

જ્યારે પાનબાઈને તો આજીવન ગંગા સતી સંગ મળ્યો. જીવનની ધન્યતા પ્રાપ્ત કરી.

ગંગા સતીના બાવન ભજન પાનબાઈને સંબોધીને કહેવાયા. એવા પાનબાઈની યોગ્યતાનું પ્રમાણ છે. **પાનબાઈને**

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૭૯ ઉપર)**

નાટક

# ગંગા સ્નાન (એકાંકી)



ડૉ. ભરત કાનાબાર,
એસોસિએટ પ્રોફેસર

*<u>નોંધ</u> : કોઈ રંગમંચ કક્ષમાં સ્ટેજ પર આબેહૂબ કોઈ નાટક ભજવાઈ રહ્યું હોય અને પ્રેક્ષકગણ (વાચકવર્ગ) તેમાં રસ તરબોળ થઈ જાય તેવી અદ્‌ભુત અનુભૂતિ તજજ્ઞ લેખકશ્રી તેમની આ કૃતિમાં કરાવી રહ્યા છે....*

*– તંત્રી મંડળ*

## પાત્રો

**રામજી** : એક ગ્રામીણ શ્રદ્ધાળુ

**સવિતા** : રામજીની પત્ની

**જગો** : રામજી-સવિતાનો સાત વર્ષનો દીકરો

**પંડિત** : હરિદ્વારનો કર્મકાંડી બ્રાહ્મણ

**શેઠ** : એક વ્યાપારી

**યુવાન** : પચ્ચીસ વર્ષનો બેકાર યુવાન.

અજાણી સ્ત્રી અને એક પરિચિત વ્યક્તિ

## દૃશ્ય - ૧

(સ્ટેજના ડાબા ભાગમાં પ્રકાશ પથરાય અને જમણા ભાગમાં અંધકાર. કોઈ ગરીબ ખેડૂતનું હોય તેવું રામજીનું ઘર. ઘરમાં રામજી અને તેની પત્ની સવિતા છે. રામજી હરિદ્વાર જવાની તૈયારી કરી રહ્યો છે.)

રામજી : જગાની મા, ચ્યોં જઈ? હાંભળે છે કે નઈ?

સવિતા : શું સે? ચ્યામ આમ બોધાં પાડો સો?

રામજી : કાલે હરદ્વાર જાવું સે, તે મારા લૂગડાં ચ્યોં મેલ્યાં સે? જટ લાય અને હોંભળ! પેલું જાડું ધોતિયું વીહરતી નઈ.

સવિતા : બળ્યું તમારું ધોતિયું! જારે પરગોમ જાવું હોય તારે ઈ જાડું ધોતિયું, ધોતિયું બોલ્યાં કરો સો.

રામજી : અને હોંભળ! કંકુ, સોખાં, દિવટ... બધુંય બોંધી આલજે. તો ગંગામાની આરતી કરવી પડસે.

સવિતા : (ઘરના બીજા ઓરડામાંથી વસ્તુઓ લાવીને નીચે મૂકતા) લ્યો આ કંકુ, દિવટ... અને સોખાં ચ્યોંથી હોય? એક વરહ થ્યું સોખાં રોંધ્યાને! કોય દન સોખાં ઘરમાં લાયા સો તે હોય? પડોહમાં મંગલીના ઘરથી હેંડતા લેતી આઈસ.

રામજી : આપણા ગોમના મા'રાજ કે'તા તા કે ગંગામાની આરતી વખતે ટંકોરી લઈ જાજે.

સવિતા : આ ભોમણોય મારા પીટ્યા નત-નવાં ગતકડાં ઊભો કરે સે! ટંકોરી ના વગાડો તો ના સાલે? આજ લગી ચીંયો ભગવોન ટંકોરીથી જાગ્યો સે?

રામજી : જગલાની મા! તું હમજતી ચ્યમ નથ! ધરમના કોમમાં મા'રાજ કે ઈમ કરવું પડે.

સવિતા : તમારો લાડલો દીકરો જગો ટંકોરી લઈ રમવા જ્યોં સે, તે હમણાં આવસે.

રામજી : આપણા જગલાની બાધા પૂરી કરવા હારું તો ગંગા સ્નાન કરવા હરદ્વાર જાવું સે.

(રામજી ગંભીર બની સવિતાની નજીક આવી, ભૂતકાળને યાદ કરે છે)

જગલાની મા! એ દન હોંભરે છે ને પગ ભાંગી જાય સે. જે દા'ડે જગલો મરવા પડ્યો તો! કપાળમોં તેલ મેલ્યાં હોય તો સેંકઈ જાય એવું ગરમ લાય જેવું શરીર! મોઢામાં જીભ તો જણ હતી જ નઈ. ઘણીય દવાયું કરી'તી, પણ જગલો હાજો થતો જ ન'તો. આપણો એકનો એક દીકરો એકાદ દા'ડો માંડ કાઢશે એવું લાગતું'તું, તારે અમથા વેવઈએ કીધું કે ગંગામાની બાધા રાખો. હરદ્વાર જઈને જગલાને ગંગાસનાન કરાવાની બાધા લીધી તારથી વળમોં પોંણી થ્યો! આજ જગલો ઘોડા જેવો થઈને ફરસ!)

સવિતા : (સવિતાની આંખો ભીની થઈ. આંખના આંસુ લૂછતા) હોંવે જ સ્તો! ગંગામાની બાધાથી આપણો જગલો હાંજો થ્યોં. તે હવે બાધા તો કરવી જ પડ. હોંભળો! હરદ્વાર જઈને જગલાને ગંગામાં સનાન કરાવજો અને બે-ચાર ડૂબકી તમેય મારજો. તમારોંય પાપ ધોવઈ જાય!

રામજી : (સવિતાની નજીક જઈને) બે ડૂબકી તારું નોંમ લઈનેય મારીસ, તે તુંયે સોખ્ખી થઈ જાય!

સવિતા : (શરમાઈને સ્મિત કરતાં) હવે સોનામોના લૂંગડોં ભરો, ટીખડ કર્યા વગર! કાલ હરદ્વારની ગાડીમોં જાવાનું સે.

વે'લા ઊઠજો, નકર ગાડી તમારા હારું બેઠી નઈ રે!

## દૃશ્ય - ૨

(સ્ટેજના ડાબા ભાગમાં લાઇટ બંધ - જમણા ભાગમાં પ્રકાશ પથરાય. સ્થળ : હરિદ્વાર. ગંગાનદીનો દૂરનો ઘાટ. ગંગાનો પ્રવાહ વહી રહ્યો છે. પ્રભાતે સૂર્યના ઝાંખા, આછાં કિરણો હિલોળા લેતાં જળ પ્રવાહ સાથે નૃત્ય કરી રહ્યાં છે. પ્રકૃતિનું ઐશ્વર્ય અદ્‌ભુત છે. ગંગા નદીના ઘાટ કિનારે પંડિત, શેઠ અને યુવાન સ્નાન કરી રહ્યા છે. એ સમયે રામજી તેના દીકરા જગાને લઈને ગંગાસ્નાન માટે આ કિનારે આવે છે. — લાઇટ અને સાઉન્ડ સિસ્ટમથી આ દૃશ્ય નિર્માણ કરી શકાય.)

રામજી : મા'રાજ, પાય લાગું! અમારે ગંગામાં સનાન કરવું સે.

પંડિત : ક્યાંથી આવે છે, ભાઈ તું? તને એટલીય સમજણ નથી કે હરિદ્વારના મોટા પંડિત ગંગાસ્નાન કરાવતા હોય ત્યારે તેમની સાથે તું સ્નાન ન કરી શકે!

રામજી : મા'રાજ! હું તો ગામડાનો ગમાર સું. મારા દીકરાની બાધા સે, એટલે પે'લીવાર હરદ્વાર ગંગામાં ના'વા આયો સું.

પંડિત : **અહીં મારા જેવા ધાર્મિક ને પવિત્ર માણસોને પ્રથમ સ્નાન કરવાનો અધિકાર છે. અમારું સ્નાન પૂરું થયા પછી તું ને તારો દીકરો સ્નાન કરજો.** ત્યાં સુધી બેસ કિનારે!

(પંડિત ઊંચા અવાજે બોલ્યા કરે છે) હર હર ગંગે... હર હર ગંગે... હર હર ગંગે...

(રામજી તેના દીકરા સાથે કિનારે બેસી ગંગાસ્નાન કરતાં લોકોને જોયા કરે છે. તે સમયે ઠંડીને કારણે પાણીમાં ધ્રુજતાં ધ્રુજતાં શેઠ પંડિતની નજીક આવે છે.)

શેઠ : પંડિતજી! આજે તો ગંગાનું પાણી બહુ ઠંડું લાગે છે.

પંડિત : શેઠ, ઘણા દિવસો પછી ગંગાસ્નાન કરો છો ને એટલે પાણી ઠંડું લાગે છે. બાકી શિવગંગા તો ઠંડી જ હોય ને! પરંતુ શેઠ, કેમ આજે ગંગામૈયા અચાનક યાદ આવ્યા? કંઈ નવા જૂની?

શેઠ : પંડિતજી! નવા-જૂની છે એટલે તો ગંગા સ્નાન કરવા આવ્યો છું (શેઠ પાણીમાં ડૂબકી મારે છે પરંતુ ઠંડી લાગતાં ઝડપથી માથું પાણીમાંથી બહાર કાઢી લે છે.)

પંડિત : શેઠ, એવા તે શું પાપ કર્યા કે તરત જ ધોવા આવવું પડ્યું?

(પંડિત ફરીવાર મોટા અવાજે બોલ્યા કરે છે) ગંગા ચ, યમુના ચ, સરસ્વતી ચ, કાવેરી ચ...

શેઠ : હમણાં તો ગંગામાની કૃપા છે. આ વર્ષે તો શેરડીનો પાક નિષ્ફળ ગયો છે. તેથી ગોળ - ખાંડના ભાવ આભે પહોંચ્યા છે. લોકો ગોળ-ખાંડમાં હાથ નાખે તો દાઝી જાય એવા ભાવ છે. પંડિતજી! મારે તો ગોળ-ખાંડના પંદર મોટા ગોડાઉનો ભરેલાં છે. **આ આખાય જિલ્લામાં આપણી ઇચ્છા વગર કોયનુંય મોઢું મીઠું થાય તેમ નથી.**

પંડિત : એટલે તમે લોકોના જીવનમાંથી મીઠાશ છીનવી લઈને કડવાશ ફેલાવી છે. બિચારા ગરીબ લોકોને ગોળ વગર લુખ્ખો રોટલો ખાવો પડશે!

શેઠ : એ તો જાણે ઠીક છે પંડિતજી! પણ છેલ્લાં દસકામાં ન મળ્યાં હોય એટલાં ઢગલાબંધ રૂપિયા આ વર્ષે મળશે, એટલે જરા પાપ તો લાગ્યું હશે મનેય! હું માણસ તો છું ને પંડિતજી!

પંડિત : એમ બોલો ને, કે ગોળ-ખાંડને શુધ્ધ કરવા આવ્યા છો!

શેઠ : હા...હા...હા...હા... (ખડખડાટ અને ખંધુ હસે છે) પંડિતજી! જૂઠું નહીં બોલું હોં! એ પાપ ધોવા માટે તો ગંગાસ્નાન કરવા આવ્યો છું ને! જય ગંગા મૈયા... (શેઠ બે-ત્રણવાર પાણીમાં ડૂબકીઓ મારે છે ને બે હાથ જોડી ગંગાની પ્રાર્થના કરે છે.)

**હે ગંગા માતા! મારા પાપને દૂર કરજે. સંસારી જીવ હોવાથી પાપ તો કરવા પડે છે,** પણ તું તો બધું સમજે છે મા! મને આ લોક-પરલોકમાં સુખ અપાવજે... મોક્ષ અપાવજે... જય ગંગા મૈયા.

(શેઠ ફરીવાર ડૂબકી મારે છે. પરંતુ નાકમાં પાણી પેસી જવાથી 'ઠૂં..ઠૂં...ઠૂં...ઠૂં... કરે છે.)

પંડિત : શેઠ, હું તો ક્યારેય ધનને મહત્ત્વ આપતો જ નથી. દરરોજ સવારે ગંગાસ્નાન કરું છું. **અરે ભાઈ, જીવનમાં ધનનું કોઈ મહત્ત્વ નથી.** (એવા સમયે કિનારેથી કોઈ પરિચિત અવાજ આવે છે.)

પરિચિત વ્યક્તિ : પંડિતજી! જલ્દી બહાર આવો, જલ્દી! એક માણસ પોતાની હસ્તરેખા બતાવવા આવ્યો છે. જલ્દી બહાર આવો નહિંતર બીજા પંડિત પાસે પહોંચી જશે. બહુ પૈસાદાર લાગે છે.

પંડિત : (અવાજ સાંભળી પંડિતજી ગંગાસ્નાન પડતું મૂકી ઝડપથી બહાર નીકળવા પ્રયત્ન કરે છે.)

હું તરત જ બહાર આવું છું. ત્યાં સુધી પેલાને જવા ના દેતો, ઊભો રાખજે. તરત જ આવું છું, જવા ના દેતો!

પરિચિત વ્યક્તિ : પંડિતજી! હું પેલા ભાઈને રોકું છું, તમે ઝડપથી આવજો!

શેઠ : પંડિતજી! તમારે પૈસાની ક્યાં જરૂર છે? અરે, ગંગા સ્નાન તો પૂરું કરો!

પંડિત : (નદી બહાર નીકળતાં) અરે, પેલો માંડ હાથ આવ્યો છે, ન જાઉં તો બીજો પંડિત તેને પકડી લે! ગંગા તો અહીં જ રહેવાની છે ને! ગમે ત્યારે ડૂબકી લગાવી દઈશું! હર હર ગંગે... હર હર ગંગે...

શેઠ : વાહ પંડિતજી, તમારી ગંગા ભક્તિ!

(એવામાં એક યુવાન પાણીમાં તરતો તરતો શેઠજીની નજીક આવીને ડૂબકીઓ લગાવે છે. તેથી યુવાન પ્રત્યે શેઠ નારાજ થાય છે. તેને ધમકાવતાં હોય તેમ) અરે ભાઇ! કંઈ મર્યાદા જેવું છે કે નહીં? જ્યાં વડીલ માણસો સ્નાન કરતા હોય ત્યાં તું સીધો જ આવી જાય છે?

યુવાન : જુઓ, વડીલ! અહીં બધા સમાન છે. **ગંગા માતાને નાના-મોટાનો કોઈ ભેદ નથી** અને તમે ક્યાં સ્ત્રી છો કે મારાથી શરમ લાગે?

શેઠ : અરે ભાઇ! **ગંગાનો આ ઘાટ સમાજના પ્રતિષ્ઠિત લોકોને નહાવા માટેનો છે, સામાન્ય માણસ માટે નથી.** જો કિનારે પેલો ગામડિયો સ્નાનની રાહ જોઈ બેઠો છે, પણ અમે બહાર નીકળીએ ત્યારે એ સ્નાન કરે ને! તું આ વાતને જાણતો નથી?

યુવાન : હું બધું જ જાણું છું શેઠ! તમે કેટલા ઇમાનદાર અને પ્રતિષ્ઠિત છો, તેની મને ખબર છે. તમારી અને પેલા પંડિતની બધી જ વાતો મેં સાંભળી છે. હું ડૂબકી ત્યાં મારતો હતો, પણ મારું ધ્યાન તમારી વાતોમાં હતું, સમજ્યા શેઠજી!

શેઠ : (ભોંઠા પડતા) એ...મ...ને! વાંધો નથી, તું પણ અહીં જ સ્નાન કર, મને કંઈ વાંધો નથી હોં ભાઇ! આમેય ભેદભાવમાં તો હું પણ માનતો નથી, પણ જરા મર્યાદા... વાંધો નહીં ભાઈ, અહીં જ સ્નાન કર.

યુવાન : શેઠજી! મને લાગે છે કે ગંગા સ્નાન માટે હવે આપણા જેવા પાપીઓ જ આવતા લાગે છે. એમ આઈ રાઈટ?

(યુવાન ગંગાના પ્રવાહમાં સરળતાથી તરી શકે છે, વારંવાર ડૂબકીઓ લગાવે છે.)

શેઠ : અરે, હોય ભાઇ! પણ યુવાન! (ત્રાંસી નજર કરી, બાજુમાં આવીને ધીમેથી) આ ભર જવાનીમાં તારે ગંગા સ્નાનની શું જરૂર પડી?

યુવાન : (બેફિકરાઈથી) **પાપ માત્ર વૃદ્ધો જ કરે છે એવું થોડું છે? આજના યુવાનો પણ તમારા રસ્તે જ ચાલે છે.**

શેઠ : શિવ... શિવ... શિવ...!

યુવાન : શિવનું નામ માત્ર મુખમાં જ રહ્યું છે, બાકી કામ તો...

શેઠ : પણ, ભાઈ! તું અહીં...

યુવાન : મારું જાણવાની બહુ ઇચ્છા છે એમને? શેઠજી, હું પોતેય તમારા જેવો જ છું. તમારી વાતો સાંભળ્યા પછી મારી વાત કહેતા સંકોચ થતો નથી. હું બે દિવસ પહેલાં નોકરી માટે દિલ્હી ગયો હતો. નોકરી ના મળી. તેથી હતાશ-નિરાશ થયો. ફ્રેશ થવા માટે એક ડાન્સબારમાં ગયો, નશો કર્યો. નશામાં ને નશામાં ડાન્સરની મોહજાળમાં ફસાયો. શરાબ અને સબાબ! પછી તો...

શેઠ : (યુવાનને વચ્ચે જ બોલતો અટકાવીને) ભૂલ થાય જ ને, ભાઇ! અને તું તો યુવાન છે, ભૂલ કરી બેસે.

યુવાન : (પ્રાયશ્ચિત કરતાં) શેઠજી, પછી તો ઘણોય પસ્તાવો થયો. હું પોતે પણ ધર્મમાં માનવાવાળો છું. પાપનું પ્રાયશ્ચિત કરવા તો ગંગામાં ડૂબકી મારવા આવ્યો છું. **હે ગંગા મૈયા! મને પાપમાંથી મુક્તિ આપજે. મારી અશુદ્ધિ દૂર કરી મને શુધ્ધ કરજે.** (નાક બંધ કરી પાણીમાં ઊંડી ડૂબકી લગાવે છે. એવામાં અચાનક લઘર-વઘર કપડાં પહેરેલી એક ગ્રામીણ શ્રદ્ધાળુ યુવતી કિનારેથી પસાર થતી હતી. તેને કિનારા નજીક આવતી જોઈને...)

શેઠ : બહેન, તમારે સ્નાન કરવું હોય તો અહીં વાંધો નથી. બહેનો પણ અહીં જ - આ જ ઘાટમાં સ્નાન કરે છે. અહીં, આ બાજુ, નજીક...

(શેઠ હાથનો ઇશારો કરી પોતાની નજીકની જગ્યા યુવતીને બતાવે છે. પરંતુ પેલી યુવતી, જાણે શેઠના મનનો ભાવ પારખી ગઈ હોય તેમ, ત્યાંથી ઝડપથી દૂર નીકળી જાય છે.)

યુવાન : હા... હા... હા.. હા...! શેઠ, પહેલાં જૂના પાપ ધોઈ લો, પછી નવા પાપ કરજો!

(યુવાન હસે જાય છે.)

શેઠ : (ગ્લાનિ અનુભવતા) ભાઈ! મારો એવો કોઈ ઇરાદો ન હતો. મને એમ કે...

યુવાન : (શેઠને વચ્ચે અટકાવી) તમારો ઇરાદો માત્ર હું નહીં, પેલી યુવતી પણ સમજી ગઈ, એટલે તો બિચારી ઝડપથી અહીંથી નીકળી ગઈ. **વાહ! શેઠ, વાહ! તમે તો ખાવાનું ન મળે ત્યારે અગિયારસનો ઉપવાસ કરો, તેવા છો!**

(આ બધું જ નદી કિનારે બેઠેલો રામજી જોયા સાંભળ્યા કરતો હતો. રામજીએ પોતાના પુત્ર જગાનો હાથ પકડી કિનારેથી ચાલતી પકડી. તે ગંગા કિનારેથી દૂર દૂર જઈ રહ્યા હતા ત્યારે સામેથી પંડિત મળ્યા.)

પંડિત : અરે ભાઇ, કિનારે બેસીને થાકી ગયો? તેથી સ્નાન કર્યા વગર પાછો જાય છે? ચાલ ભાઈ મારી સાથે, તને ગંગા સ્નાન કરાવું. ચાલ, તારી બાધા પૂરી કર.

રામજી : (પહેલા ગંગા કિનારે નજર કરી, પછી પંડિત સામે એકીનજરે જોયા કર્યું) મા'રાજ! મેં ગંગા સનાન કરી લીધું.

પંડિત : સ્નાન કરી લીધું? અરે પણ, તારા શરીર પરથી તો એવું લાગતું નથી! અને આ બાળકને પણ ડૂબકી મરાવી નથી?

રામજી : મા'રાજ! અમે બેયે ગંગા સનાન કર્યું સે. હવે વધારે સનાનની જરૂર નથી. હેંડ, દીકરા જગા, હેંડ!

(રામજી તેના દીકરા જગાને લઈને ગંગાથી દૂર જઈ રહ્યો છે, પંડિત આશ્ચર્ય સાથે રામજી તરફ જોયા કરે છે. અચાનક દીકરાએ બાપનો હાથ પકડી ઊભા રાખ્યા.)

જગો : બાપુજી! આપણે ગંગામાં અમ ના'યા નંઈ? મારી બાધા?

રામજી : જગા, ઓમ જો! (દીકરાને ગંગાની વહેતી ધારા તરફ નજર કરાવે છે.) આ આખા જગતની મા સે, એની હોંમે અને આ સૂરજ દેવતાની સાક્સીએ પરતીગના (પ્રતિજ્ઞા) લઉં સું!

(રામજીએ પોતાનો જમણો હાથ અધ્ધર કરી હાથમાં ગંગાજળ લીધું હોય તેમ, ગંગાના પ્રવાહની સામે હાથ રાખ્યો.)

આજ દનથી જૂઠું બોલીશ નઈ, કોઇ મનેખને સેતરીસ નઈ અને કોંય પણ જાતનું પાપ કરીશ નઈ. જય ગંગા મા! મને મારા ધરમનું પાલન કરાવજે . (રામજીએ હાથ નીચે કર્યો.)

જગો : બાપુજી! હુંયે તમારી જેમ જ બાધા લઉં સું. જય ગંગા મા.

(બાપ ને દીકરો બંને ગંગા સામે હાથ જોડી, મસ્તક નમાવીને ઊભા છે. અચાનક ગંગાનો પ્રવાહ વેગીલો બને છે, મોજા આસમાનને સ્પર્શતા હોય તેમ ઊછાળાં મારે છે. **અરુણના હૂંફાળાં કિરણો તેમાંથી પસાર થઇ પ્રભાતને રંગીન બનાવી રહ્યાં છે.** મંદ મંદ વાતી પવનની લહેરીઓથી બાપ-દીકરાના હૃદય-મન રોમાંચિત થઈ ઊઠ્યાં. ધીમા પગલે, પણ મક્કમ નિર્ધારે ગંગાથી દૂર દૂર જતાં બાપ-દીકરાને પંડિત વિસ્મયથી જોઈ રહ્યો.)

(પડદો પડે છે)

*૧૧, ગાયત્રીનગર સોસાયટી,*
*ગાયત્રી મંદિર પાછળ, હાઈવે,*
*મુ. રાધનપુર-૩૮૫ ૩૪૦ (જિ. પાટણ)*
*મો. ૯૮૨૫૭ ૦૧૨૧૩*

## રાવલ ડેમ

(અનુસંધાન : પાના નં. – ૭૫ ઉપરથી ચાલુ)

પુલની બંને બાજુ પાણી છે. ચીખલકુબા ગામ તરફ ડેમના દરવાજામાંથી વધારાનું પાણી પડી રહ્યું છે. એનો એકધારો પછડાટ કોલાહલ મચાવે છે. તો બીજી તરફ શાંત જળ સમાધિસ્થ થયેલાં ભાસે છે. શાંતિ અને કોલાહલ રૂપે અહીં જળના સ્વરૂપનો વિરોધાભાસ રચાય છે. **પ્રકૃતિનાં જળ તત્ત્વનું આ દર્શન જીવતરના કોયડાના કમાડ ઉઘાડી નાખે છે.**

નીચેની તરફ સિમેન્ટના લાંબા પીલર પર એક વિશાળકાય મગર અશાંત પાણીની અડોઅડ શાંતિથી પડ્યો છે.

બીજી બાજુ જળની ચમકતી સપાટી પર પેલા પર્વતો અને ટેકરાના પ્રતિબિંબો કોઈ ચિત્રકારે દોરેલા રમણીય ચિત્રો જેવા લાગે છે. **શાંતિ અને સુંદરતાનો અદ્ભુત સમન્વય અહીં થયો છે.** આ ઋતુમાં રચાયેલા આ નાના નાના ટાપુઓ પર અનેક પ્રકારના જીવો વસતા હશે. જળકાંઠાનાં પંખીઓ માટે તો આ ઉત્તમ પ્રકારની વસાહત બની ગઈ છે. શાંત સુંદર વાતાવરણમાં ક્યાંય કોઈ માનવીય ખલેલ નથી. એટલે બધું સલામત લાગે છે.

ફળોનો મીઠો મધુરો રસ તો આપણે ચાખ્યો હોય છે, પીધો પણ હોય છે અને માણ્યો પણ હોય છે. **સુંદરતાનો રસ કેવો હોય એ ચાખવા માટે ચોમાસામાં રાવલ ડેમ સુધી આવવું જ પડે.** લીલા રંગના કુંડાનાં કુંડા કોઈએ અહીં ઢોળ્યા છે. લીલાશ પડતા ભાતભાતના રંગો અહીં ટોળે વળ્યા છે. કોઈએ એકબીજાના હાથ પકડ્યા છે. કોઈ ઊંચા થઈ થઈને ડોકાય છે. કોઈ યોધ્ધાની જેમ લડાઈમાં રમમાણ છે. આંખો અહીં થંભી જાય છે. કોઈ કશું બોલતું નથી. સુંદરતાની મજા જ જિંદગીનો રસ છે. ચક્ષુએ જાણે ધીરે રહીને આ શાંત જળ પર સવારી કરી લીધી છે. કોઈ હંસ શી પાંખોના હલેસા કોમળતાથી ધીરે ધીરે હંકારી રહ્યું છે. પીંછાની હોડી પર સવાર થઈને નજર પ્રાકૃતિક દૃશ્યોથી ભરપૂર હોલીવુડની કોઈ ફિલ્મ નિહાળી રહી છે. મંદ વાયુ એ સુકોમળ પીંછાને ફરફરાવતો'ક જળરાશિ પર રમવા લાગ્યો છે. પર્વતીય ટેકરાઓની ફરતે ફરી વળેલું પાણી સંતાકૂકડી રમી રહ્યું છે અને આ જળ પર સવાર અમે ખોવાઈ ગયા છીએ, પોતપોતાની દુનિયામાં. શું બોલવું?

કંઈ કેટલાય ઊર્મિકાવ્યો એકસામટાં લયબધ્ધ ઝુલી રહ્યાં છે. સુગમગીતો શો સિતારધ્વનિ વાતાવરણમાં ઓગળી રહ્યો છે. આ મધુર સંગીતની સાથે એકાંતે જાણે જુગલબંધી કરી છે. સામેના પર્વતોનું એકાંત, ઉપર ઝળુંબી રહેલાં આકાશનું એકાંત, લાંબા પટ્ટે પથરાયેલાં તળાવના ઊંચા પાળાનું એકાંત, ગાઢ વનરાજીનું એકાંત અને જળમાં પડતાં પ્રતિબિંબોનું એકાંત... અહીં ટોળે વળેલું એકાંત ભીંસે છે... ને ત્યારે ઉદ્ગાર સરી પડે છે... ખમ્મા ગીરને!

*'હરિવંશમ્', ૫૭૬૧/બી, પ્રમુખસ્વામી નગર,*
*વિદ્યાધીશ સ્કૂલ પાસે, કાળિયાબીડ, ભાવનગર-૩૬૪ ૦૦૨.*
*મો. ૯૯૭૯૦ ૩૩૩૯૩, ૯૭૭૩૨ ૦૦૪૨૩*

વિચાર મંચ

# ઘૂઘરો જીવનનો ભાર હળવો કરે છે...



ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ

આજકાલ જીવન બોઝિલ લાગે છે. પણ ત્યારે હળવુંફૂલ લાગતું હતું. આજે ઘૂઘરો શબ્દ ઓછો સાંભળવા મળે છે પણ પાંચ છ દાયકા પૂર્વે બાળકોનું ખાસ રમકડું જ ઘૂઘરો હતું. **ઘૂઘરે રમતું બાળક થાય એટલે સમજવાનું કે ચાલવાની તૈયારી કરી રહ્યું છે.** ઘૂઘરામાં એવો મધુર અવાજ કે બાળક રમવા લાગે! મૂળ તો અંદર કાંકરા ભરી ધાતુના પાત્રને બંધ કરી દેવું. પછી એને હલાવવું – એમાંથી જે અવાજ આવે એ ઘૂઘરાનો અવાજ. રણકાર કહીએ. એક વિશિષ્ટ પ્રકારનો લય એમાંથી જન્મે.

બાળકના ઘોડિયે બાંધ્યો હોય. હાલે એટલે રણકાર જન્મે. શ્રુતિ સંવેદનનું સૌંદર્ય પહેલવહેલું ઘૂઘરા પાસેથી મળે, પછી માના હાલરડામાંથી મળે. **પાલતુ પ્રાણીઓ ગાય, બળદને કોટે પણ ઘૂઘરો હોય. એનો પણ રણકાર થાય. એ રણકાર દ્વારા એની ઓળખાણ થાય. મારા બા ઘૂઘરાના રણકાર ઉપરથી આંગણે ખેતરમાંથી કઈ ગાય આવી, તે ઓળખી કાઢતા.** ઘણીવાર બળદ રણકાર દ્વારા માલિકનું ધ્યાન પણ દોરે. એ ઘૂઘરા પાછળનું રહસ્ય શું હશે? ઘૂઘરી અને ઘૂઘરા વચ્ચે પ્રમાણભેદનું અંતર છે.

બળદની કોટે બાંધેલી ઘુઘરમાળ પિત્તળની હોય. અંદર લોખંડની ગોળીઓ હોય. પિત્તળનો અવાજ રણકે. આ ઘૂઘરો બાંધવા પાછળનું કોઈ ખાસ પ્રયોજન હશે ખરું? **ઘૂઘરા બાંધેલો બાવો ગામમાં આવે...** મૂળ તો આકર્ષણ... અન્ય ધમાલમાં આપણે રોકાયેલા હોઈએ ત્યારે ધ્યાનાકર્ષક એક વિશિષ્ટ પ્રકારનો લયાત્મક ધ્વનિ લઇને બાવો કે બળદ આવે અને આપણે તેના આવકારની નોંધ લઈએ. બાવાને કે બળદને બોલવું ના પડે. ખખડાવનારની જરૂર નહીં. સજીવ પાત્રોને ગળે કે પગે બાંધી દેવાથી તેના હલનચલનમાં લયાત્મક્તા ઊભી થાય. અમીર ઘરનાં બાળકોને પગે પણ આવી ઘૂઘરીઓ બંધાય. ઊંચા ઘરના તોરણે પણ ઝીણી ઘૂઘરમાળ લટકે. શ્રુતિનો સ્વાદ એટલે ઘૂઘરાનો રણકાર. **ઘૂઘરીઓનું ઝુમખું હોય, ઘૂઘરો મોટો હોય.** ખેતરમાં સૂકાઈ ગયેલા કઠોળ મગ-મઠ-ગુવારની સીંગમાંથી જે દાણા ખખડે તેનો અવાજ પણ ઘૂઘરી જેવો.

ઘૂઘરિયાળો બાવો અમારા ગામમાં આવતો. આખે ડિલે રાખ ચોળેલી હોય અને કમરે ઘૂઘરો બાંધ્યો હોય. ચાલે એટલે અવાજ થાય. લંગોટીભેર આવે. એનો પ્રભાવ પડતો. લોટ લઈ લે... એક ક્ષણ પણ પગ સ્થિર ન રાખે. અવાજ ચાલુ ને ચાલુ. એ ઘૂઘરિયાળા બાવાજીનું ચિત્ર આજે એવું ને એવું યાદ છે. ચરોતરમાં આણંદ પાસે વલ્લભ વિદ્યાનગરી ઊભી થઈ ત્યારે **કવિ ફકીર મહમદ મન્સુરીએ લખ્યું :** 'ગૂર્જરીની કટિ ઉપર રણકતી ઘૂઘરી જેવી વિદ્યાનગરી.' ત્યારે પણ ઘૂઘરીનો રણકાર કવિતામાં પ્રવેશી ગયેલો.

**ઉત્તરાયણના દિવસે ગાયોને બાફેલી બાજરી ગોળ સાથે ખવડાવાય તેને પણ ઘૂઘરી કહેતા.** ઘૂઘરા ગામેગામ રણકે... સંભળાય. ગાયને કાંટે, બળદને ગળે ઘૂઘરા સંભળાતા. ઘૂઘરો ઓળખ બની જતો. એ ઘૂઘરી ઘોડિયે શોભે, રમકડામાં શોભે, ચાલણગાડીમાં શોભે, બાળકના ઝાંઝરમાં રણકે. ઘૂઘરાનો ચમકારો - રણકારો બાળકના વિસ્મયને ઉપકારક બને... ગાડામાંય ઘૂઘરો હોય.. પૈડાંના આરામાંય હોય. છોકરાં પૈડું ચલાવે ત્યારે ઘૂઘરો બાંધે. અવાજ આવે. 'ગુરુ ઘૂઘરે બાંધે' પગે ઘૂઘરુ બાંધી મીરા નાચી હતી. એ અમથી નહોતી નાચી. કીડીના પગમાંય ઝાંઝર. એ પણ ઘૂઘરુ જ કહેવાય. ગુરુ સાથે સંયોજાયેલું ઘૂઘરાનું કાવ્ય જુઓ :

ગુરુ ઘૂઘરા બાંધે
ઝણણ ઝણ ઝમકારે સકલજીવ સાંધે
ફટાક દૈને ફેંકી દેતા, ભાર ભર્યો જે કાંધે
ગુરુ ઘૂઘરા બાંધે...

ઘૂઘરો ભાર ઓછો કરે છે. જીવનને હળવાશભર્યું કરે છે.

**ઘૂઘરો એ નાદ સૌંદર્યનું સાધન છે.** ક્યારેક કોઈને પૂછીએ તબિયત કેવી છે? તો ખુશખુશાલ માણસો ઉત્તરમાં કહે છે : 'ઘૂઘરા જેવી...' નૃત્યની સાથે સંગીતની સાથે ઘૂઘરાને નાતો છે. બાળકને એ કલાઓથી અભિમુખ કરવાનો કેવો નિર્દોષ પ્રયત્ન એ પ્રવૃત્તિમાં છે? બહુ સુખી ઘરમાં જન્મેલા બાળકને માટે 'સોનાને ઘૂઘરે રમે છે' એવો રૂઢીપ્રયોગ પણ આપણે ત્યાં થાય છે. અને ક્યાંક પહોંચી જવાની ઉતાવળ હોય ત્યારે પણ 'પગે ઘૂઘરા બાંધ્યા' એવો પ્રયોગ કરાય છે. પવનની ગતિ કેવળ ફૂલની

(અનુસંધાન : જુઓ પાના નં. – ૮૭ ઉપર)

વિચાર મંચ

# ઉઠામણાંની ફેશન યાને ફેશનેબલ ઉઠામણાં



ડૉ. નવીન પારેખ
(Ph.D. Jainology)

આ એક સીઝનલ વિષય છે અને ઉઠામણાંની બહાર ખીલી છે ત્યારે આ ચર્ચા અત્યારે ખૂબ જ જરૂરી છે. આ દૂષણ કચ્છના તમામ જૈન સમાજમાં વ્યાપકપણે પ્રસરેલ છે. આ રોગની આડઅસરમાં કેટલાય પરિવારોના મકાનનાં સ્વપ્નો કાટમાળમાં ફેરવાયા, કેટલીય દીકરીઓના લગ્ન માટેની બચત ડૂબી જતાં તેના પિતાના અરમાનો પણ ડૂબ્યા અને કેટલાય પરિવારોની વૃદ્ધાવસ્થા માટેની બચતનું બાષ્પીભવન થયું. કેટલાક લોકોની જીવન-મૂડી સમાન પેન્શનની રકમ ઓળવી જવામાં શરમ પણ ન આવી. **નાના માણસોના કેટલાય અરમાનો લોહીના આંસુમાં વહી ગયા.** ચંબલના ડાકુને પણ જીવ જોખમમાં મૂકીને ધાડ પાડવી પડે છે પણ અહીં તો કોઈપણ ડર વગર એરકંડિશન્ડ ઓફિસમાં બેસીને ખુલ્લેઆમ લૂંટ કરી. એ જ ઓફિસમાં શ્રી પાર્શ્વનાથ પરમાત્માની પ્રતિમા સમક્ષ દીવો પ્રગટાવતાં એ હાથ જરા ધ્રુજ્યો પણ નહીં, જે હાથ લોકોને નિરાધાર અને કંગાળ બનાવવામાં સહાયક બન્યો. **દેર ચોક્કસ છે પરંતુ અંધેર તો નથી જ.** મોટા ફ્લેટ, મોટી ગાડી, મોટો ધંધો એ મંઝિલ નથી. અંતિમ મંઝિલ તો માત્ર ઘરથી સ્મશાન સુધીની જ છે. લૂંટેલા પૈસા યમરાજાને લાંચ દેવા પણ કામ આવતા નથી.

માણસ - માણસની ભાગીદારી માત્ર મૂડી અને વ્યાજની ન હતી પરંતુ આ ભાગીદારી લેનારની પ્રતિષ્ઠા અને દેનારના વિશ્વાસની હતી, જે બંને ધોવાઈ ગઈ. જે પરિવારોએ સરકારી બેંકોથી પણ વધારે વિશ્વાસ મૂકીને કોઈપણ સિક્યોરિટી વગર નાણાં આપ્યા, એમની જ પીઠમાં છરો માર્યો. નબળા લોકોના મકાનોને કાટમાળમાં ફેરવીને એમની જ ઇંટોથી રચેલ મહાલયો જેવા ફ્લેટની દીવાલો કોઈના નિસાસાના લોહીથી ખરડાયેલી છે. **સાધર્મિકોની જિંદગીમાં અંધારું ફેલાવીને સુખને સ્ક્વેર ફૂટમાં માપનાર પોતાના ઘરનો દીવો પ્રજ્વલિત રાખવાની લાલસા કરે એ સ્વીકારી શકાય નહીં.** શું આપણને કોઈનો પણ ડર નથી? શું આપણું ખાનદાની લોહી દૂષિત બન્યું છે? ઉંમર વધવા સાથે ડહાપણ વધે પણ મોટી ઉંમરે ડાકુ બનવું શોભાસ્પદ નથી.

સોયનું દાન કરીને સોનાની પાટ લૂંટવાનો ધંધો કરતા આવા લોકોની જમાત સામાજિક સંસ્થાઓમાં પણ વગદાર સ્થાન મેળવે છે અને લોકોને પ્રભાવિત કરીને ઇજ્જતથી લૂંટ ચલાવે છે. મધમાખીઓએ કેટલાય ફૂલો ઉપરથી એકઠું કરેલ મધ પારધી ક્ષણવારમાં લૂંટી લે છે. આવા પ્રતિષ્ઠિત લોકોનું ધાર્મિક જ્ઞાન પણ ખૂબ જ ઊંચું હશે તેવું માનીને તેમના ધ્યાને થોડા શાસ્ત્રોક્ત કથનો લાવીએ જેથી તેમના નવકારશી અને ચોવિહાર વચ્ચેના ગાળાના સમયમાં આધ્યાત્મિક આત્મચિંતન કરી શકે. આ સંદર્ભો સામાન્ય નથી, શાશ્વત છે. **યુગ ભલે બદલાય પણ વિભૂતિની વાણીને ક્યારેય કાટ લાગતો નથી.**

શ્રી હરિભદ્રસૂરિએ રચેલ ***"ધર્મબિંદુ"*** ગ્રંથના આધારે વાત કરીએ તો, न्यायोपात्तं हि वित्तमुभयलोकहिताय ॥४॥१॥ "ન્યાયપૂર્વક મેળવેલું ધન ઉભયલોકના હિત માટે થાય છે." અહીં ન્યાય એટલે શુદ્ધ વ્યવહાર અને अहितायैवान्यत् ॥६॥१॥ "અન્યાયથી મેળવેલ ધન અહિત કરે છે." ન્યાય અને શુદ્ધ વ્યવહારનો અર્થ આવા લોકો સારી રીતે સમજતા હોય છે. જેથી વિસ્તૃત વર્ણનની જરૂર નથી. अतोऽन्यथाऽपि प्रवृत्तौ पाक्षिकोऽर्थलाभो निःसंशयस्त्वनर्थ इति ॥११॥१॥ **"અનીતિથી પ્રવૃત્તિ કે વ્યવહાર કરવામાં ધનનો લાભ થાય કે ન થાય, પરંતુ ભવિષ્યમાં ધનહાનિ તો અવશ્ય થાય."** અહીં આપણે ગમે તેટલા ગુણાકાર કરીએ પરંતુ ચિત્રગુપ્તના ચોપડામાં તો બાદબાકી જ થાય છે. આપણી જિંદગીનો ચોપડો ચિત્રગુપ્ત લખે છે જેનું ઓડિટ પણ થતું નથી એટલા સચોટ હિસાબો હોય છે. કારણકે, अन्यायप्रवृत्तिवशोपात्तस्य अशुद्धकर्मणः नियमेन स्वफलमसंपाद्योपरमाभावात् । "અન્યાયથી મેળવેલ ધન અને તે થકી ઉપાર્જન કરેલ લાભાંતરાય રૂપ અશુભ કર્મો પોતાનું ફળ આપ્યા વિના નાશ પામતા જ નથી." (શ્રી મુનિચંદ્રસૂરિએ ધર્મબિંદુ ગ્રંથ ઉપર લખેલ ટીકા) યાદ રહે કે, कृतं कर्म अवश्यमेव भोक्तव्यं કરેલ કર્મ અવશ્ય ભોગવવું જ પડે છે. શેષ જિંદગીના ફાટેલા કાગળીયા જેવાં આપણાં વરસો પર ગમે તેટલું નામ ઘૂંટ્યા કરીએ, જ્યાં ને ત્યાં ફોટા લગાવીએ કે તક્તીઓમાં નામ કોતરાવીએ, પરંતુ કાળ જેવું કોઈ રબર નથી. **કોરોનાએ કેટલાય નામી-અનામી નામો ભૂંસી નાખ્યા, એ ન ભૂલવું જોઈએ.**

હવે આપણે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના ***"યોગશાસ્ત્ર"***ના આધારે વાત કરીએ.

**एकस्यैकं क्षणं दुःखं, मार्यमाणस्य जायते ।**
**सपुत्र-पौत्रस्य पुनः, यावज्जीव हृते धने ॥६८॥२॥**

"જેની પણ આપણે હિંસા કરીએ તેને તે જ ક્ષણનું દુઃખ કે પીડા થાય છે. પરંતુ જેના ધનનું હરણ કરવામાં આવે છે તેના પરિવારજનોને જિંદગી સુધી તે દુઃખ કે પીડાનો ઘા રૂઝાતો નથી." **પૈસાની પાંખો બનાવીને અહમના આકાશમાં ઉડનારે અંતે તો જમીન પર આવવું જ પડે છે** કારણકે કોઈના હરણ કરેલા ધનનો બોજો અસહ્ય હોય છે અને કોઈની પીડાના નિસાસા પણ એટલા જ ઘાતક હોય છે.

*"वसुनन्दि श्रावकाचार"* માંથી પણ થોડુંક જાણીએ.

परदव्वहरणसीलो इह-परलोक असाय बहुलाओ ।
पाउणए जायणाओ ण कयावि सुहं पलोएइ ॥१०१॥

"પારકું ધન હરણ કરવાનો - પચાવવાનો જેને સ્વભાવ છે તે આ લોક કે પરલોકમાં દુઃખોથી ભરેલ યાતનાઓ પામે છે, સુખને ક્યારેય પામતો નથી." ભાઈ, કર્મોની લીલા સમજો. ભગવાન શ્રીકૃષ્ણના પગ સુધી એક પારધીનું તીર પહોંચી શકે છે, ભગવાન મહાવીરના કાન સુધી પીડાનો હાથ લંબાઈ શકે છે, શ્રેણિક મહારાજાને પણ ચાબુકનો માર સહન કરવો પડે છે, તો આપણી શી વિસાત છે?

***શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર*** (પ્રબોધ ટીકા)માં વંદિતુ સૂત્ર ઉપરની ટીકામાં માયા–મૃષાવાદ ને "છેતરપિંડી" કહી છે. न्यासापहार "न्यास" એટલે થાપણ અને "અપહાર" એટલે તેને ઓળવી જવી, પચાવી જવી. આ બધા રોજબરોજના પ્રતિક્રમણના શબ્દો છે. આપ સર્વ જ્ઞાની છો અને ગુરૂ ભગવંત સમક્ષ આગલી હરોળમાં સ્થાન શોભાવો છો, છતાં વધારે સમજણ જ્ઞાની ગુરૂ ભગવંતો પાસેથી મેળવી શકાય.

***મન્નહ જિણાણં સજ્ઝાય*** માં પણ साहम्मिआणं वच्छल्लं (साधर्मिकानां वात्सल्यम्) સાધર્મિકો પ્રત્યે વાત્સલ્યભાવ અને ववहारस्स य सुद्धि (व्यवहारस्य च शुद्धिः) વ્યવહાર શુદ્ધિ અને લેવડ-દેવડમાં પ્રામાણિકપણું જાળવવું - એવા સંદર્ભ છે. ***સાધર્મિક વાત્સલ્યની ભાવનાનો અર્થ ઘણો વ્યાપક છે પરંતુ પરસ્પર ચાહીએ તેટલા ધર્મનો સ્ટોક આપણી પાસે નથી, એ આપણું કમભાગ્ય છે.*** આપણે તો ફટાફટ સૂત્રો બોલીને પ્રતિક્રમણ પૂરું કરવામાં જ રસ છે.

હવેના સમયમાં આપણે પણ સમજણ કેળવવી પડશે. લોકોને ઓળખવામાં ભૂલ કરી છે. આપણે જ ભ્રમિત થયા. કાગડો ઉપરથી પૂરી નાખે તેની રાહ જોઈને આપણે મોઢું ખુલ્લું રાખીને બેઠા છીએ, પરંતુ એ કાગડો છે. આપણે આપણું ભવિષ્ય ફુટપાથ પર પોપટ લઈને બેઠેલા ભવિષ્યવેત્તાને સોંપીને વ્યાજનું પરબિડીયું ખૂલે તેની રાહ જોઈએ છીએ. આપણે પણ વ્યાજની લાલચમાં આપણી મૂડીની સલામતીનો વિચાર ન કર્યો. ઘેટાના ટોળાની દિશા વાઘની બોડ સુધી હોય છે. એ જોયા વગર બસ ટોળામાં જોડાઈ ગયા. ***વ્યાજને એટલો લાડ-પ્યાર ન કરો કે મુદ્દલ જ સાફ થઈ જાય.*** ખાનદાનીના દુકાળમાં સરકારી બેંકો (અહીં કો-ઓપરેટિવ કે પ્રાઈવેટ બેંકોની વાત નથી) હજુ ખાનદાન છે. **વિજય માલ્યા કે નીરવ મોદીના ઉઠામણાં સહન કરીને પણ સલામત રહે છે.** પણ આ જ બ્લડ ગ્રુપના સજ્જનો પાસે આપણા પૈસાની સલામતી નથી. "જાગ્યા ત્યારથી સવાર." પણ એવા લોકો માટે સાર્થક નથી જેઓ પ્રગાઢ અંધકારમાં ધકેલાયા છે. આ મોહપાશનો કોઈ અંત નથી. **સમાજના સભા - સરઘસો કે સંમેલનમાં નિર્ધન માણસ માત્ર તાળીઓ પાડવા અને સંખ્યા વધારવા માટે જ આમંત્રિત હોય છે.** સામાન્ય માણસે કોઈના પણ ચળકાટથી અંજાઈને પૂંછ પટપટાવવાની જરૂર નથી. દરેક સમાજની વૈચારિક પ્રથા (Thinking Pattern) એવી આકાર લઈ રહી છે કે **પૈસાદારનો પરસેવો એ પરફ્યુમ અને ગરીબનો પરસેવો એ ગટરનું ગંધાતું પાણી ગણાય છે. આવી માનસિકતા જ માલ્યાઓને જન્મ આપે છે અને નાણાંકીય કૌભાંડોનાં સર્જન કરે છે.** અંતે તેનો ભોગ સામાન્ય માણસ બને છે.

सावधान रहिए - सतर्क रहिए ।

***૫૦૨, અજરામર એન્કલેવ, પ્લોટ નં.-૨૦૭,***
***રોડ નં.-૧૪, જવાહર નગર, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ.***
***મો. ૯૪૨૬૩૮૩૬૧૧***

## ઘૂઘરો જીવનનો ભાર હળવો કરે છે...

**(અનુસંધાન : પાના નં. – ૮૫ ઉપરથી ચાલુ)**

સુગંધનું જ વહન કરતી નથી, એમાં ઘૂઘરાનો રણકાર પણ એ જ ગતિએ વહ્યા કરે છે. આપણે ત્યાં લોકગીતોમાં પણ ઘૂઘરાના ઉલ્લેખો છે.


'એક સૂકા બાવળને હેઠર ઘૂઘરા ઘમકે છે' જેવા લોકગીતોએ ગરબાનું સ્થાન લીધું છે. સીમનાં વૃક્ષની સીંગો જ્યારે સૂકાઈ જાય ત્યારે એમાં રહેલા બી, જે ખખડે તે અને બાવળના પરડા સૂકાઈ જાય અને તેમાં રહેલા બી ખખડે તે બંનેનો અવાજ ઘૂઘરી જેવો સંભળાય છે.

**સંગીત, નૃત્ય જેવી કલાઓમાં ઘૂઘરીનો જે સહકાર હોય છે તેની કોઈએ નોંધ લીધી છે?** કલાઓ ચંદ્રની હોય તો ઘૂઘરમાળને તારલા જેવી અવશ્ય કહી શકાય. ઘૂઘરમાળ એ જીવનનો બોજ ઓછું કરવાનું કામ કરે છે. એમાંથી નીકળતું સંગીત જીવન સહ્ય બનાવે છે. દોડતી નદી, વહેતો પવન અને ખખડતાં વૃક્ષો નામફેરે પ્રકૃતિની ઘૂઘરીઓ છે... એ જ્યાં સુધી સંભળાશે ત્યાં સુધી જીવનનો થાક લાગવાનો જ નથી.

***એ-૦૩, યુનિવર્સિટી સ્ટાફ કોલોની,***
***સેન્ટ્રલ સ્કૂલની બાજુમાં, વલ્લભવિદ્યાનગર.***
***મો. ૯૮૭૯૫ ૨૩૨૭૬***

સ્વાસ્થ્ય

# ૧૨મી નવેમ્બર : "વિશ્વ ન્યુમોનિયા દિવસ"



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, કોરોના કહેર વચ્ચે આ એક દિવસ આવે છે, જે પણ એક ચિંતાનો વિષય છે. પણ આમ તો રસી અને દવા છે એટલે આનું નિદાન થાય છે. **આશા રાખીએ કે નવા વર્ષમાં કોરોનારૂપી મહામારીમાંથી પણ આપણે તરત રાહત મળે.** સમગ્ર વિશ્વમાં ૧૨મી નવેમ્બરને 'વિશ્વ ન્યુમોનિયા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ લેખ લખવાનો મારો હેતુ માત્ર જાણકારી આપવાનો જ છે અને એટલે જ મેં આ લેખને વિવિધ અખબારી અહેવાલો અને દાક્તરી સલાહ, સૂચનો અને વીકિપીડિયાની મદદથી લખ્યો છે. પણ મારી વિનંતી છે કે કોઈ પણ દવા કે સૂચન અને સલાહ, યોગ્ય દાક્તરી સલાહ, સૂચનોને આધારે જ લેવા. યુનિસેફે ન્યુમોનિયાને ભૂલાઈ ગયેલા બાળ હત્યારા તરીકે ઓળખાવ્યો છે. પરંતુ **અગત્યની વાત એ છે કે, ન્યુમોનિયાની હીબ અને ન્યુમોકોકલ નામની રસી શોધાઈ છે,** જે અંગે આજે પણ મોટાભાગના લોકો અજાણ છે. જેથી વધુમાં વધુ લોકો પોતાના બાળકોને રસી અપાવીને ન્યુમોનિયાથી બચાવી શકે છે. ન્યુમોનિયા રોગ અંગે જાગૃતિ લાવવા માટે ૧૨ નવેમ્બરે વિશ્વભરમાં ન્યુમોનિયા દિવસનું નિરીક્ષણ કરવામાં આવે છે. દિવસનું પાલન ન્યુમોનિયાની તીવ્રતાને પ્રકાશિત કરવા અને રોગની રોકથામ અને ઉપચારને પ્રોત્સાહન આપવા માટે વિશ્વભરના લોકોને એકસાથે લાવવાનો છે.

વિશ્વ ન્યુમોનિયા ડે પ્રથમ વખત ૨૦૦૯માં જોવામાં આવ્યું હતું. ત્યારબાદ ૧૦૦થી વધુ સંસ્થાઓએ સાથે મળીને ચાઈલ્ડ ન્યુમોનિયા સામે ગ્લોબલ કોએલિશન રચ્યું. **ન્યુમોનિયા એક અથવા બંને ફેફસાનાં સ્નાયુઓ પર થતો સોજો છે.** ફેફસાંની શ્વાસ નળીઓ કે જેને અલવેરી કહેવાય છે, તેની અસર કરનારની પરિસ્થિતિ છે. સામાન્ય રીતે ચોક્કસ દવાઓ, ચેપના વાઈરસો, બેક્ટેરીયા અને સૂક્ષ્મ જીવોના લીધે ચેપ લાગી શકે છે. ૨૦૧૦ના યુનિસેફના આંકડા અનુસાર ભારતમાં ૫ વર્ષથી ઓછી ઉંમરના આશરે ૩.૯૭ લાખ બાળકો ન્યુમોનિયાના કારણે મૃત્યુ પામ્યા હતા. ઘણા કિસ્સાઓમાં ન્યુમોનિયાને રસીકરણ સાથે અટકાવી શકાય છે. **ધૂમ્રપાનને છોડવાથી ચોક્કસપણે ન્યુમોનિયાનું જોખમ ઘટે છે. ન્યુમોનિયાના લક્ષણો જોઈએ તો ઉધરસ, કફ, તાવ અને ક્યારેક છાતીમાં દુઃખાવો** – સામાન્ય રીતે હોય છે. સામાન્ય રીતે લક્ષણોનો કેટલાક દિવસોમાં વિકાસ થાય છે અને ક્યારેક બળતરા સાથે સંકળાયેલ હોય છે. સામાન્ય લક્ષણો જોઈએ તો શ્વાસોચ્છવાસમાં મુશ્કેલી થવી જેમ કે શ્વાસ ઝડપી કે ધીમા હોઈ શકે છે, ધબકારા વધી જવા, ઝડપી ધબકારા, તાવ આવવો, પરસેવો થવો અને કંપારી છૂટવી, ભૂખ ઓછી થવી, છાતીમાં દુઃખાવો થવો – જે ન્યુમોનિયાના સામાન્ય લક્ષણ તરીકે જોડાયેલ છે. આ ઉપરાંત ઉધરસ વખતે લોહી નીકળવું, માથાનો દુઃખવો, થાક લાગવો, ઉબકા થવા, ઉલટી થવી, સસણી થવી – આ પણ લક્ષણો છે. એક અથવા બંને ફેફસાને ચેપ લાગે તેને ન્યુમોનિયાના લક્ષણો કહેવાય. **હવામાં ફરતા સૂક્ષ્મ જીવાણુ શ્વાસ મારફતે ફેફસામાં જાય ત્યારે તેનો ચેપ લાગે ત્યારે ન્યુમોનિયા થાય છે.** ન્યુમોનિયા મુખ્યત્વે બેક્ટેરીયા કે વાઈરસના ચેપને લીધે ફેલાય છે. ઘણાં કિસ્સામાં તે ફૂગ અને પરોપજીવી દ્વારા પ્રસરે છે. જેમાં નીચે પ્રમાણે પ્રકાર જોવા મળે છે. જેમ કે બેક્ટેરિયલ ન્યુમોનિયા : ૫૦%થી વધુ કેસોમાં ન્યુમોનિયા થવાનું સૌથી સામાન્ય કારણ બેક્ટેરિયા છે. જે સ્ટ્રેપ્ટોકોસ (CAP)ના લીધે થાય છે. અન્ય સમૂહજુથના બેક્ટેરિયામાં હેમોફિલીસ ઈન્ફલુએન્ઝા, ચાલમોડેફિયા, ન્યુમોનિયા અને પાઈકોપ્લાઝમા ન્યુમોનિયાનો સમાવેશ થાય છે.

*વાઈરલ ન્યુમોનિયા* : રહીનો વાઈરસ, કોરોના વાઈરસો, ઈન્ફલુએન્ઝા વાઈરસ અને પેરા ઈન્ફલુએન્ઝા વાઈરસનો સમાવે થાય છે.

*ફૂગનો ન્યુમોનિયા* : મોટાભાગે તે હિસ્ટોપ્લાઝમા, કેપ્સુલેટુમ, બ્લાસ્ટોમાઈસિસ, ન્યુઓફોરમન્સ, ન્યુમોસિષ્ટિસ, જીરોવેસી અને કોસીડાયોડેટ ઈમિટિસના કારણે થાય છે.

બેક્ટેરિયલ અને વાઈરલ ન્યુમોનિયા ચેપી ગણાય કારણ જે દર્દીને થયો હોય તેની ઉધરસ કે છીંકમાંથી હવામાં ઉડેલા જંતુ તમે દર્દીની નજીક હો અને તમારા શ્વાસમાં જાય અને તમારી રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોય તો તમને તરત ન્યુમોનિયા થાય. જ્યારે ફંગલ ન્યુમોનિયા મોટેભાગે ખેતરમાં ખુલ્લા પગે કામ કરનારા લોકોમાં થવાની શક્યતા વધારે હોય છે. આ ઉપરાંત જન્મથી ૨ વર્ષ સુધીના બાળકો અને ૬૫ વર્ષ કે તેથી

વધારે ઉંમરના વડીલોને થઈ શકે છે. સ્ટ્રોક હોય તેવા દર્દીઓને, જેઓ પથારીમાં હોય અને તેમને ખોરાક કે પાણી ગળેથી ઉતરતું ના હોય તેવા દર્દીને થાય છે. જેઓની રોગ પ્રતિકારક શક્તિ ઓછી થઈ ગઈ હોય તેવાને થાય છે. જેઓ સિગારેટ પીતા હોય, કેફી દ્રવ્યો લેતા હોય અને અતિશય દારૂ પીવાની ટેવ હોય તેઓને થાય છે. જેઓને દમ હોય અને સિસ્ટિક ફાઇબ્રોસિસ જેવા દરદ હોય તેઓને થાય છે. આથી આની સારવાર કરાવવી બહુ જરૂરી બને છે. ન્યુમોનિયાની બીમારી માટે વહેલી તકે નિદાન કરીને સારવાર કરાવવી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. જો રોગના લીધે મેન્જાઈટિસ કે લોહીના પ્રવાહમાં ચેપ જેવું હોય, શંકા હોય તો લોહી કે મગજના પ્રવાહીનો નમુનો લઈને તપાસ કરવા માટે પ્રયોગશાળામાં મોકલવામાં આવે છે. બીમારીની ગંભીરતા જાણીને તેના કારણોના આધારે સારવારમાં બદલાવ કરવામાં આવે છે. ન્યમોકોકેલની રોગોના કિસ્સામાં એન્ટીબાયોટિક દવાઓની મદદથી ગંભીર બિમારીઓમાં સારવાર મેળવી શકાય છે. ન્યુમોકોકલ બેક્ટેરિયા બીમારીમાં જોવા મળે છે. તેઓનો વિકાસ ઝડપથી થાય છે. ક્યારેક શારીરિક તપાસ દ્વારા લોહીનું નીચું દબાણ, હૃદયના ધબકારા વધી જવા કે ઓક્સિજન ઓછો મળવાની શક્યતા રહે છે. શ્વાસોચ્છ્વાસ સામાન્ય કરતાં વધુ ઝડપી બની શકે છે અને આ અન્ય લક્ષણોની પહેલાં એક કે બે દિવસ સુધી આવી શકે છે. ન્યુમોનિયાનું નિદાન જોઈએ તો ફેમિલી ડૉક્ટર દર્દી પાસેથી શું થાય છે તેની વિગત લઈને તેના ફેફસાની તપાસ સ્ટેથોસ્કોપથી કરાવો. રેડિયોલોજિસ્ટને ત્યાં દર્દીની છાતીનો એક્સ-રે પડાવો અને જરૂર લાગે તો છાતીની ખાસ તપાસ સી.ટી. સ્કેન કરાવવી. પેથોલોજી લેબોરેટરીમાં તપાસ કરાવવાથી સફેદ કણની સંખ્યા વધે એના પરથી એટલી ખબર પડે કે ચેપ લાગ્યો છે અને તેનું પ્રમાણ કેટલું છે. ગળફાની તપાસ કરાવવી પડે. જેનાથી કયા પ્રકારના સૂક્ષ્મ જીવાણુંનો ચેપ લાગ્યો છે તેની ખબર પડે. જો ફેફસાના એક્સ-રે માં પાણી ભરાયેલું લાગે તો તે કાઢીને તેની પણ તપાસ કરાવવી જોઈએ. વધારે તપાસ ફેફસાના ખાસ ડોક્ટર 'પલ્મોનોલોજિસ્ટ' પાસે 'બ્રોન્કોસ્કોપી' તપાસ કરીને ફેફસાના ચેપનું ચોક્કસ કારણ શોધવું પડે છે. સામાન્ય રીતે કઈ જાતના સૂક્ષ્મ જીવાણુંથી ફેફસાને ચેપ લાગ્યો છે તે ઉપર જણાવેલી બધી જ તપાસથી જાણીને તે પ્રમાણે ડોક્ટર દવાઓ આપે છે. આવી સારવાર મોટેભાગે ઘેર આપી શકાય છે. મોટેભાગે વધારે ફેફસાના ન્યુમોનિયાના કેસ 'બેક્ટેરિયલ ન્યુમોનિયા'ના હોય છે, જે યોગ્ય સારવારથી બે કે ત્રણ દિવસમાં મટી જાય છે. દુઃખાવા માટે અને ઉધરસ બહુ આવતી હોય તો તેની દવા ડૉક્ટર આપે છે. આ રોગ ભગાડવા માટે ડૉક્ટરે જણાવેલી દવાઓ નિયમિત ભૂલ્યા વગર લેવી જોઈએ. જેટલો બને તેટલો વધારે આરામ કરવો જોઈએ. પાણી અને બીજા પ્રવાહી વધારે લેવા જોઈએ. કસરત કે વધારે પડતો શ્રમ લેવા નો જોઈએ. પૂરતી ઊંઘ લેવી જોઈએ. આમ છતાં દર્દીને ન્યુમોનિયાના લક્ષણો જેવા કે શ્વાસ ચડવો, તાવ આવવો અને ખૂબ ઉધરસ આવવી વગેરે રહેતા હોય તો દર્દીને હોસ્પિટલમાં દાખલ કરીને સારવાર આપવી જોઈએ. સ્મોકિંગ કરતા હોય તેમને ન્યુમોનિયા થવાના ચાન્સ વધારે છે. આ ઉપરાંત સિગારેટ પીનારા લોકોના ધૂમાડામાં શ્વાસથી પણ ન્યુમોનિયા થવાના ચાન્સ છે. દારૂનું વ્યસન હોય, કેફીનવાળા પદાર્થો વધારે લેતા હો તો તદ્દન બંધ કરી દેવા જોઈએ. ટોઈલેટ જઈને, જમીને, બહારથી આવો ત્યારે સાબુથી હાથ ધોવાનું ભૂલશો નહીં. ઉધરસ કે શરદી થઈ હોય તેવા લોકો પાસે જશો નહીં અને જાઓ તો તમારા મોં પર રૂમાલ કે ટિસ્યુ પેપર રાખશો. જ્યારે હોસ્પિટલમાં કોઈની ખબર કાઢવા જાઓ ત્યારે આ વાતનું ખાસ ધ્યાન રાખશો. શક્ય હોય તો મોં ને માસ્કથી કવર કરશો. તમારી આજુબાજુના વાતાવરણમાં હવામાં પ્રદૂષણ વધારે હોય કે ધુમાડો કે વાહનના એક્ઝોસ્ટમાંથી નીકળતા ઝેરી ગેસ નીકળતા હોય ત્યારે પણ મોં ને માસ્કથી કવર કરવાનું ભૂલશો નહીં. તમારા ડૉક્ટરની સલાહ લઈને તમે અને તમારા કુટુંબીજનો ન્યુમોનિયાના વેક્સિનના ઇન્જેક્શન લો. **ખાસ અગત્યની વાત અને તે છે તમારી રોગ પ્રતિકારક શક્તિ વધારો – તાજો અને શુદ્ધ અને સાત્ત્વિક ઘરનો ગરમ ખોરાક ખાઇને.**

**છેલ્લે, બસ બે ગજ દૂરી અને શારીરિક દૂરી રાખો. નિયમિત માસ્ક પહેરો અને સ્વચ્છતા રાખો.** સરળ અને તાજો ખોરાક લો. યોગ, કસરત કરો અને પોઝિટિવ વિચાર કરો. કોઈ રોગ થશે નહીં. આવી મારી પરમ પિતા પરમેશ્વરને પ્રાર્થના છે.

છેલ્લે, સૌને મારા નવા વર્ષના દો ગજ દૂરી સાથેના સાલ મુબારક.

*સંદર્ભ : વિવિધ અખબારી અહેવાલો અને દાક્તરી સલાહ, વિવિધ દાક્તરો, લેખકોના બ્લોગના વિચારો, સૂચનો અને વીકિપીડિયા*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,***
***વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

*બુદ્ધિ એક એવું જંગલ છે કે જ્યાં પ્રસન્નતાનો પ્રકાશ નથી જ્યારે હૃદય એક એવું આકાશ છે કે જ્યાં ઉદ્વિગ્નતાનો અંધકાર નથી. વાસ્તવિકતા આ હોવા છતાં કોણ જાણે કેમ મનને બુદ્ધિનું જંગલ જેટલું જામે છે, હૃદયનું આકાશ એટલું નથી જામતું. એને ચાલાક બનવું છે, લાયક નથી બનવું. સફળ બનવું છે, સરળ નથી બનવું. મોટા બનવું છે, મહાન નથી બનવું. સ્વર્ગસ્થ બનવું છે, સર્વસ્થ નથી બનવું. કરુણતા જ છે ને?*

કારકિર્દી

# ડેપ્યુટી કલેક્ટર કે Dy.S.P.ની ડ્રીમ પોસ્ટ મેળવવા એપ્લાય કરો....



હીરેન દવે

જી.પી.એસ.સી. દ્વારા જાહેરાત ક્રમાંક ૩૦ અંતર્ગત વર્ગ-૧ અને ૨ ની ૧૮૩ જગ્યાઓ માટે અરજીઓ થોડા સમય અગાઉ મંગાવવામાં આવી છે. જે પૈકી વર્ગ-૧ માં નાયબ કલેક્ટર / નાયબ ડી.ડી.ઓ.ની ૧૫ જગ્યાઓ, પોલીસ વિભાગમાં Dy. S.P.ની ૮ જગ્યાઓ, જિલ્લા રજિસ્ટ્રાર ૧, સહાયક વેરા કમિશનર ૪૮, નાયબ નિયામક (અનુ. જાતિ કલ્યાણ)ની ૧ એમ ૭૩ જગ્યાઓ છે. જ્યારે વર્ગ-૨ માં મામલતદાર ૧૨, ટી.ડી.ઓ. ૧૦, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર ૧૦, સમાજ કલ્યાણ અધિકારી (અનુ. જાતિ કલ્યાણ) ૧, સરકારી શ્રમ અધિકારી ૦૨, રાજ્ય વેરા અધિકારીની ૭૫ એમ કુલ ૧૧૦ જગ્યાઓ છે. ૧૮૩માંથી ૧૨૩ સૌથી વધુ બેઠકો રાજ્ય વેરા વિભાગમાં છે. સેક્શન ઓફિસરની કોઈ જગ્યા નથી. ગત વર્ષે ૨૦૯ સામે આ વર્ષે ૧૮૩ બેઠકો છે. આમ, બેઠકો ઓછી અને પરીક્ષા સુધીનો સમયગાળો પણ ઓછો હોવાથી સ્પર્ધામાં વધારો થશે.

● **લાયકાત :** વય મર્યાદા ૨૦થી ૩૫ વર્ષ. જેમાં આરક્ષણ નીતિ અંતર્ગત છુટછાટ આપવામાં આવે છે. કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક સુધીનો અભ્યાસ કરેલ હોવો જોઈએ. ગ્રેજ્યુએશનના છેલ્લા વર્ષના ઉમેદવારો પણ અરજી કરી શકે છે.

● **અરજીની પ્રક્રિયા :** ઓનલાઈન એપ્લિકેશન gpsc.ojas.gujarat.gov.in પર કરવાની રહેશે. પણ છેલ્લા દિવસોમાં લાખો ઉમેદવારો અરજી કરતા હોઈ ક્યારેક સર્વર ડાઉન જેવી સમસ્યાઓ ન સર્જાય તે માટે શક્ય તેટલી વહેલી એપ્લિકેશન કરવી. આ અરજી એડિટેબલ પણ હોઈ જરૂર પડ્યે છેલ્લા દિવસ સુધી સુધારા-વધારા કરી શકાય છે.

● **પસંદગીની પ્રક્રિયા :** લાખો ઉમેદવારો પૈકી ૧૮૩ બેઠકોની પસંદગી માટે ફિલ્ટરિંગ પદ્ધતિથી ત્રણ તબક્કામાં ભરતી કસોટી યોજાય છે. પ્રથમ તબક્કો પ્રિલિમિનરી કસોટી ૧૨ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ યોજાશે. જે એક દિવસની કસોટી છે.

| વિષય | પ્રશ્નપત્રનો પ્રકાર | કુલ પ્રશ્નો | કુલ ગુણ | સમય |
|---|---|---|---|---|
| સામાન્ય અભ્યાસ-૧ | MCQ | ૨૦૦ | ૨૦૦ | ૩ કલાક |
| સામાન્ય અભ્યાસ-૨ | MCQ | ૨૦૦ | ૨૦૦ | ૩ કલાક |

આમ, કુલ ૪૦૦ માર્કની પ્રિલિમ કસોટી છે. તેનું પરિણામ જાન્યુઆરી ૨૦૨૨માં આપવામાં આવશે.

જેમાંથી કુલ બેઠકોના ૧૫ ગણા ઉમેદવારોને (અંદાજિત ૩૦૦૦) મુખ્ય પરીક્ષા માટે પસંદ કરવામાં આવશે. જે કુલ ૯૦૦ ગુણની કસોટી રહેશે.

| વિષય | ગુણ |
|---|---|
| ગુજરાતી | ૧૫૦ |
| અંગ્રેજી | ૧૫૦ |
| નિબંધ | ૧૫૦ |
| સામાન્ય અભ્યાસ-૧ | ૧૫૦ |
| સામાન્ય અભ્યાસ-૨ | ૧૫૦ |
| સામાન્ય અભ્યાસ-૩ | ૧૫૦ |

કુલ બેઠકોના ત્રણ ગણા એટલે અંદાજિત ૫૫૦-૬૦૦ ઉમેદવારોને વ્યક્તિત્વ કસોટી (ઇન્ટરવ્યૂ) માટે બોલાવવામાં આવશે. જે ૧૦૦ ગુણની રહેશે. કુલ ૧૦૦ ગુણમાંથી ઉમેદવારોની પસંદગી થશે.

● **પગાર ધોરણ :** વર્ગ-૧ માં પસંદગી પામનાર ઉમેદવારોને પે મેટ્રિક્સ લેવલ નંબર ૧૦ – રૂા. ૫૬,૧૦૦/-થી રૂા. ૧,૭૭,૫૦૦/- તથા અન્ય ભથ્થા, વર્ગ-૨ માં પે મેટ્રિક્સ લેવલ નંબર ૮ – રૂા. ૪૪,૯૦૦/-થી રૂા. ૧,૪૨,૪૦૦/- તથા અન્ય ભથ્થા.

આ જાહેરાત જોઈને લાખો ઉમેદવારો આ પસંદગી પ્રક્રિયામાં ભાગ લેશે. જેમાંના ઘણાખરા પ્રથમ વખત પરીક્ષા આપશે. જેમને લગભગ ૮૦ દિવસ જેટલો ટૂંકો સમય મળશે. આમ, લાખો ઉમેદવારો પૈકી ત્રણેક હજાર ઉમેદવારોની પસંદગી કરીને પ્રિલિમ કસોટીને ન્યાય આપવા દિવસ-રાત એક કરવા પડશે. આ પરીક્ષાનો અભ્યાસક્રમ જ ૬ પાનાનો છે. જેમાં ઇતિહાસ, કલા અને સંસ્કૃતિ, રાજ્ય વ્યવસ્થા, મેન્ટલ એબિલિટી, અર્થવ્યવસ્થા, ભૂગોળ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી અને સમસામાયિક ઘટનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. જોકે આ પરીક્ષામાં પાસ થવા માટે કટ-ઓફ માર્ક ગયા વર્ષે ૪૦૦ માર્કમાંથી ૧૧૮.૪૭ માર્ક રહ્યા હતા. વિવિધ કેટેગરીના આરક્ષણમાં કટ-ઓફ ૮૦.૫૪ જેટલું નીચું પણ ગયું હતું. જો કે કટ-ઓફ માર્ક દરેક વખતે અલગ અલગ હોય છે. કુલ બેઠકો, પેપરનું લેવલ વગેરે અનુસાર બદલાઈ શકે છે. પણ જો આ ૮૦ દિવસમાં ૧૫૦ માર્ક લાવવાના લક્ષ્ય સાથે રોજ ૨ માર્કની મહેનત કરવામાં આવે તો જ પરીક્ષામાં સફળતા મળે. ■

પરિવાર

# દીપોત્સવની પરિવારમાં ઉજવણી



મેહા સંઘવી

દિવાળી, એ હિંદુ ધર્મનો માનીતો તહેવાર છે. કહેવાય છે કે, શ્રીરામ જ્યારે અયોધ્યા પાછા ફર્યા ત્યારે અયોધ્યાવાસીઓએ આખી નગરીને દીપથી પ્રજ્વલિત કરી દીધી. આખી નગરી અમાસની રાત્રિમાં પણ પૂનમના ચાંદની જેમ ચમકવા લાગી. ઘરોઘરમાં એક આનંદની લહેર ફરી વળી. પોતાના ભગવાન શ્રીરામ પાછા ફર્યા, એ પણ રાવણ સાથે આટલું મોટું યુધ્ધ લડી, સીતાજીને પાછા લાવ્યા. માટે આ દિવસ તેમના માટે ઉત્સવ જેવો જ બની ગયો. આ રીતે હિંદુ ધર્મના લોકો શ્રીરામ અને સીતાજીને યાદ કરીને દિવાળી ઉજવે છે.

જૈન ધર્મમાં પણ દિવાળીનું આટલું જ મહત્ત્વ છે. ૨૪મા તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામી દિવાળીની રાત્રે એટલે કે આસો વદ અમાસના રોજ નિર્વાણ પામ્યા. પ્રભુ પોતાના પાર્થિવ દેહનો ત્યાગ કરી મોક્ષની સફર માટે નીકળી પડ્યા. માટે તેની યાદમાં દીવા કલ્પવાનો રિવાજ છે. ઘરોઘરમાં દુ:ખની લાગણી હતી કે પ્રભુવીર નિર્વાણ પામ્યા, પણ એક આનંદ પણ હતો કે પ્રભુવીરનો પંથ મળ્યો, તેને સાર્થક કરીશું અને આ રીતે દિવાળીની રાત્રે દીવા પ્રગટાવવાની સાથે પોતાના આત્મદીપકને ઉજાગર કરવાનું છે.

વડીલ વર્ગ પણ આ પર્વને ઉત્સવની જેમ ઉજવતા હોય છે કારણકે આ તહેવારોના બહાને ભાઈ-બહેન, સગા-સંબંધીઓ ઘરે આવતા હોય અથવા તેમને ત્યાં જવાનું થતું હોય. આ બહાને વડીલો રાજી રહેતા હતા. બધા જ હળીમળીને ઘરમાં એ તહેવારો રાજીખુશીથી ઉજવતા. જેથી એકબીજાનો, એકબીજા પ્રત્યેનો સુમેળ સચવાઈ રહેતો. લોકો એકબીજાના સાથની ઝંખના કરતા. આત્મીયતા કેળવાઈ રહેતી. માટે સ્વજનો આ બધા જ તહેવારોની આતુરતાથી રાહ જોતા હોય છે. ગુજરાતી વર્ષ ચાલુ થાય અને પૂરા થાય ત્યાં સુધીમાં તો કેટલાય તહેવારો આવીને જતા રહેતા. ક્યારે વિચાર્યું, આ બધા તહેવારો શા માટે આવે છે? **સમયે સમયે જેમ મોબાઇલ રીચાર્જ કરવો પડે છે, તેમ સંબંધને પણ સમયાંતરે રીચાર્જ કરવા પડે છે.** જેથી સંબંધોમાં નવી હૂંફ અને નવી ઉર્જા આવે એટલે થોડી તાજગી અનુભવાય તો આ જિંદગી જીવવાની થોડી વધારે મજા આવે, ખરું છે ને?

આજની યુવાપેઢી ઉત્સવની ઉજવણી - તેને લઇને તેમની માન્યતાને થોડી ઓછી સ્વીકારે છે અથવા તો તેનો સહજભાવે સ્વીકાર કરતા નથી. આપણું 'યુવાધન' - 'યંગ જનરેશન' જે પશ્ચિમી સંસ્કૃતિ અને તેના કલ્ચર અપનાવવા પાછળ પાગલ બન્યું છે. યુવાધનને જો ખરેખર પર્વ શું છે, તેની ઉજવણી કેવી રીતે કરાય, તેનું ઐતિહાસિક સ્વરૂપ, પૌરાણિક કથા કહેવામાં આવે તો કદાચ વડીલવર્ગ - યુવાધન વચ્ચે એક સાચો અને સારો સેતુ રચી શકાય તેમ છે. આજે આ બે જનરેશનને એક જ પ્રોબ્લેમ છે — 'મને કોઈ સમજી શકતું નથી.' વડીલગણ પોતાની ધારણા મુજબ જીવન જીવે છે, જ્યારે યુવાધન પોતાની પશ્ચિમી સંસ્કૃતિ, ડી.જે. ડાન્સ, ફ્રેન્ડ્સ, પાર્ટીમાં વ્યસ્ત છે. તેથી આ તહેવારોનું મહત્ત્વ એ છે કે, વડીલવર્ગ-યુવાવર્ગ એક જ માંચડે આવી, સહર્ષ, સાથે જ તહેવારોની ઉજવણી કરે તો? બંને જણા એકબીજા પ્રત્યે થોડા ફ્લેક્સિબલ થશે તો તેમના વચ્ચેનો સ્નેહ, પ્રેમ, બહુમાન ટકી શકશે. આજે બધાને મોડર્ન થવું ગમે છે, બહાર જવું, હરવું-ફરવું, હોટેલ-રિસોર્ટ-બીચ વગેરે વગેરે. આવું તો બધાયને પસંદ પડે, ખરું ને? આજનો યુવાધન તહેવારોની ઉજવણી ફ્રેન્ડ્સ, કલિગ કે સાસરીવાળા સાથે ઉજવવાનું વધારે પસંદ કરે છે. પર્વના દિવસોમાં સવારથી ઘર બહાર નીકળી જાય અથવા ચાર-પાંચ દિવસનું મિનિ વેકેશન માણવા નીકળી પડે. એટલે સરવાળે આવા પર્વના મોટા દિવસોમાં ઘરને તાળું રહે! આ તો કેવી વાત થઈ?

પહેલાના સમયમાં ૧૫-૨૦ દિવસ પહેલા જ પર્વોની જાજરમાન તૈયારી થતી. ગૃહિણીઓ જાતજાતના અને ભાતભાતના પકવાન બનાવતી. સાજ-સજીલું શણગાર કરતી, સફાઈકામ જાતે કરતી, નવા નવા કપડાં-દાગીનાઓની ખરીદી થતી. સગાવહાલાંઓના ઘરે મેવા-મીઠાઈની આપ-લે થતી અને સરવાળે બધા જ સંબંધમાં મીઠાશ રહેતી. પરસ્પર જૂનું ભૂલી જઈ સંબંધની નવી શરૂઆત કરતાં - કુછ મીઠા હો જાયે. **આ બધા પર્વ પણ સંબંધમાં આવી પડેલ મોળાશને મીઠાશમાં કન્વર્ટ કરી પ્રેમના ગાગરમાં વધારો કરે છે.** વધારામાં કહીશ કે થોડી સફાઈ જો આપણા 'મન-મંદિર'માં કરીએ તો એ બધા માટે સારું જ રહેશે. થોડું વિચારી જોજો.

**વડીલવર્ગ નવી જનરેશન પાસેથી માત્ર બે જ ચીજની માંગણી કરે છે : (૧) એક તો સમય — જેટલો તમે આપી શકો, (૨) બીજું પ્રેમ, હૂંફ અને આદર.**

(અનુસંધાન : જુઓ પાના નં. — ૯૩ ઉપર)

પરિવાર

# "હું અને મારો પરિવાર"



યોગેશ નટવરલાલ ભટ્ટ

*નોંધ : રાજકોટ ખાતેની 'સાહિત્ય સેતુ' સંસ્થા દ્વારા તાજેતરમાં આયોજિત એક સ્પર્ધામાં અત્રે પ્રસ્તુત નિબંધ - લેખનને તૃતીય સ્થાન પ્રાપ્ત થયું હતું.*

- **પૂર્વ ભૂમિકા :**

'જો પતિ સમજદાર હોય તો મકાન જલ્દી બને છે, પત્ની સમજદાર હોય તો ઘર. બંને સમજદાર હોય તો મંદિર અને બાળકો પણ સમજદાર હોય તો સ્વર્ગ!!' **પરિવાર, એ દરેક માણસનાં જીવનનું કેન્દ્રબિંદુ અને આધારસ્તંભ છે,** જીવનની પાઠશાળા છે. ઘર-પરિવારનું સુખ, એ સાચા સુખની પરાકાષ્ઠા છે. આવી સ્વ થી સર્વેનાં કલ્યાણભાવની જીવનયાત્રાની વાત કરું તો....

ઈશ્વરકૃપા અને પૂર્વજન્મના સંચિત કર્મોથી મારો જન્મ ૧૯૭૪માં બ્રાહ્મણ કુળમાં થયો. બાપદાદાના પૂર્વજોનાં વખતથી અમો પ્રણામી ધર્મ પાળીએ છીએ. તેથી ઘરે જ રાજ શ્યામાજીનું મંદિર છે. નિત્ય પૂજા પાઠ, ધર્મ ધ્યાનના વાતાવરણ અને વાઈબ્રેશનમાં આ પિંડ રચાયો! આમ ધર્મ અને અધ્યાત્મ ગળથૂથીમાં જ મળ્યા! ધર્મ માણસને અનેક અનિષ્ટોથી બચાવે છે. વળી અમારા જ પરદાદી પૂ. જમનાબાઈમા આજીવન કુંવારા રહી સતીરૂપે અમારા કુળદેવી તરીકે પૂજાય છે. કેટલી ધન્ય બાબત!! તેમની અમારા ઉપર કાયમ કૃપા રહે છે. પિતાજીના ફઈબા, દાદીમા, માતા-પિતા, બે કાકા-કાકી અને તેમના બધા મળીને અમે દસ સંતાનોનું વિશાળ - સંયુક્ત કુટુંબ. આમ, અમે મધ્યમ વર્ગના માણસો ગણાઈએ. આર્થિક સ્થિતિ પણ સાધારણ. પરંતુ ધર્મ અને અધ્યાત્મના રંગે રંગાયેલો બ્રાહ્મણ પરિવાર હોવાથી સમાજમાં ખૂબ માન-સન્માન મળે! **'સાદુ જીવન અને ઉચ્ચ વિચારો'ને વળગીને સૌ આગળ વધીએ.** પિતાજીના ફઈબા નાની ઉંમરે જ ગંગા સ્વરુપ થયેલા. તેથી તેણે ઘર-મંદિરની પૂજા સંભાળી. સફેદ વસ્ત્રોમાં ક્યારેય ડાઘ ન લાગે તેમ નેવું વર્ષનું પવિત્ર જીવન પ્રભુ ચરણે ભક્તિભાવથી વિતાવ્યું! જેની અમારા સમગ્ર પરિવાર ઉપર સદાય અમીટ છાપ રહી છે. મારા દાદીમા સાવ સીધા, સાદા, સરળ, ઘરરખ્ખું અને માયાળુ. **અમારા કુટુંબને તેણે એક જ તાંતણે કાયમ બાંધી રાખ્યું.** ક્યારેય ઘરમાં કાંઈ પણ ખૂટી ગયું છે, એવું વર્તાવા જ ન દીધું. તેણે અમને અગવડોમાં પણ આનંદ લેતાં, આરાધના કરતાં શીખવ્યું. જે અમારા માટે જીવનભરનું મોટું પાથેય બની રહ્યું.

મારા પિતાજીની પોતાની બાલ્યાવસ્થામાં જ મારા દાદાજીનું અવસાન થયેલું. તેથી બાળપણથી જ પિતાજીએ અનેક જવાબદારીઓ વહન કરેલી. આમ, નાની ઉંમરે જ પરિપક્વતા પ્રાપ્ત કરી લીધેલી. સમજણ, ધૈર્ય, વ્યવહાર કુશળતા, પરમાર્થ ભાવના અને કૃતિ ભક્તિનાં પંચામૃતના સથવારે **સાવ સાધારણ સ્થિતિમાં ઉછરેલ આ માણસ આજે ઘર, પરિવાર અને સમાજમાં એક દિવ્ય પુરુષ તરીકે રીતસર પૂજાય છે!** આ બાબતનાં સૌ કોઈ સાક્ષી છે, સહમત છે અને તેમની સામે સદાય નતમસ્તક છે. પિતાજીની હાજરી, સ્વભાવ, વિચારો, દૃષ્ટિકોણ અને વર્તણૂંક, એ અમારા અને સમાજ માટે કાયમ પથદર્શક બની રહે છે. તેઓ A.M.A. રાજ્યશ્રેષ્ઠ શિક્ષક ઍવોર્ડ વિજેતા નિવૃત્ત શિક્ષક છે. શિક્ષણની સાથે સાથે તેમણે ઘણી ઘણી અથાક, અવિરત સમાજસેવા કરી છે. આબાલવૃદ્ધ સૌ કોઈમાં અપાર લોકપ્રિયતા મેળવી છે. **તેમણે પોતાનાં વિદ્યાર્થીઓને પોતાના સંતાનોથી પણ વધારે ચાહ્યા છે.** જેનો તેમને સંપૂર્ણ આનંદ છે અને અમોને પરિવારજનોને ગર્વ છે.

અમને સંતાનોને તેમણે નાનપણથી જ સરકારી યોજનાઓ ઘર સુધી લાવીને મધ્યમવર્ગના લોકોમાં યુક્તાહાર શીરો, બ્રેડ, મમરીનું મફત વૈચાણ કાર્ય કરાવીને અમારી અંદર બાળપણથી જ અનેક સદ્ગુણો, સંસ્કારોનાં બીજ રોપ્યા છે, જે અમોને આજીવન આદર્શ વ્યક્તિત્વનાં ઘડતર માટેનું જીવન રસાયણ પૂરું પાડે છે. **નિયમિતતા, નીતિમત્તા, કર્તવ્યનિષ્ઠા, સમય સૂચકતા અને પારદર્શકતા, એ તેમના ટ્રેડમાર્ક છે.** તેમનાં તરફથી વારસામાં મળેલી સૌથી મોટી પૂંજી છે. સમાજસેવા દરમિયાન અંગત કોઈપણ લાભ ન લેવાનો તેમનો જીવનભરનો પ્રયાસ એ તેમની જાહેર જીવનની સંપૂર્ણ જીવનયાત્રાનું સોનેરી મોરપીચ્છ છે. જે કાયમ તેમને સર્વશ્રેષ્ઠ સાબિત કરે છે, ટોચનાં સ્થાને બેસાડે છે!

મારી માતા ઓછું ભણેલા છે, પણ તેમનો કર્મયોગ બેજોડ છે. આજે ૬૭ વર્ષની ઉંમરે પણ ૧૮ કલાક અથાક મહેનત કરીને ઘરનાં અને આર્થિક ઉપાર્જનના અનેક કાર્યો સંભાળે છે. પિતાજી

૭૩ વર્ષની ઉંમરે પણ દોડી શકે છે. સૌ પરિવારજનો એકબીજાનું માન-સન્માન જાળવીએ છીએ. અમે દરેક કાર્ય, વડીલોની સલાહ લઇને જ કરીએ છીએ. **માણસ છીએ એટલે પ્રશ્નો તો રહેવાના જ, પણ સૌ સાથે મળીને તેનો હલ શોધવા પ્રયત્ન કરીએ છીએ.** જેમાં પરિવારજનોનો સહયોગ મળી રહે છે.

હું મારી પોતાની વાત કરું તો....

"સૂરજ ન થઇ શક્યાનો અફસોસ નથી, કેમકે દીવો થવાથી જુદી જ દિવ્યતા મળી છે મને."

બાળપણમાં હું પિતાજીનાં પુસ્તકો, ડાયરીઓનું વાંચન કરતો. આમ, નાનપણથી જ સાહિત્ય વાંચન-લેખન પ્રત્યે રસ કેળવાતો થયો. શાળા અભ્યાસ દરમિયાન અનેક સહ-અભ્યાસીક પ્રવૃત્તિઓમાં ભાગ લેતો. વળી હાઈસ્કૂલ અભ્યાસ દરમિયાન હું મારા પિતાજીનો વિદ્યાર્થી પણ રહ્યો છું. આમ મને તેમનો બેવડો વારસો મળેલો છે. આજે ૪૭ વર્ષની ઉંમરે B.A., LL.B. સુધીનો અભ્યાસ પૂર્ણ કરી, કરવેરા સલાહકારશ્રીની કચેરીમાં પ્રાઈવેટ સર્વિસ કરું છું. સ્નેહાળ અને મહેનતુ પત્ની તથા ત્રણ આજ્ઞાંકિત બાળકો છે. મારા પિતાશ્રીની સાથે જ **"બ્રહ્મ ગૌરવ એવોર્ડ"થી સન્માનિત થયેલ છું.** છેલ્લા પંદર વર્ષથી હું સ્વયંભુ પ્રગટ પ્રખ્યાત મહાદેવના મંદિરે નિયમિત સુવિચાર લેખન કાર્ય કરી સમાજમાં સદ્વિચારો ફેલાવું છું. **છેલ્લા સાત વર્ષથી અખબારમાં "સમજણ એ જ નારાયણ"ના શીર્ષકથી સાપ્તાહિક કોલમ લખું છું.** આજે પણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સાહિત્ય - લેખન સ્પર્ધાઓમાં રસપૂર્વક ભાગ લઉં છું અને વિજેતા પણ થઈ ચૂક્યો છું. મધ્યમવર્ગમાંથી આવું છું, છતાં મારા પરિવાર તરફથી વારસામાં મળેલા દિવ્ય વિચારો - સંસ્કારો, એ મારી મહામૂલી મૂડી છે. આજે મારું સમાજમાં માન અને વિશેષ ઓળખ છે. અજાણ્યા લોકો પણ બેધડક વિશ્વાસ રાખે છે. **હું Work is Worshipમાં માનું છું.** દરેક કાર્યને યજ્ઞકાર્ય સમજીને કરું છું. વિશ્વ કલ્યાણ માટે છેલ્લા વીસ વર્ષથી માળા કરું છું.

*"પ્રભુને પણ હું એટલે જ ગમ્યો છું*
*એણે જેમ રમાડ્યો તેમ હું રમ્યો છું."*

*અંતમાં એટલું ચોક્કસ કહીશ કે...*

*"એમનાં થકી જ કાયમ છું ઉજળો,*
*અને આ જ ઘરે જન્મ માંગીશ ફરી ફરી ફરીવાર*
*બસ આ જ છીએ... હું અને મારો પરિવાર."*

*"મહાદેવ", પ્લોટ નં.-૧૬,*
*શિવલીલા રેસિડેન્સી, પાઠક સ્કૂલ સામે,*
*હનુમાન રોડ, અમરેલી - ૩૬૫ ૬૦૧.*
*મો. ૯૯૨૪૦ ૧૩૪૬૪*

## દીપોત્સવની પરિવારમાં ઉજવણી

**(અનુસંધાન : પાના નં. – ૯૧ ઉપરથી ચાલુ)**

બાકી તો કપડાં-રોટી-મકાન તો વૃદ્ધાશ્રમ અને અનાથાશ્રમમાં પણ મળી જ રહે છે! તેમને 'ડસ્ટબીન' સમજવાનું બંધ કરી દો. જ્યારે બીજી બાજું યુવાધન વડીલવર્ગ પાસેથી માત્ર બે જ ચીજની અપેક્ષા રાખે છે : (૧) એક છે વડીલોના અનુભવોનો રસથાળ — સમયે સમયે તેમના સૂચન, (૨) બીજું છે વડીલોનો વહાલસોયો પ્રેમ અને સાચા રસ્તે દોરી શકે તેવી ચાવી.

**યુવાવર્ગ - વડીલવર્ગ એકબીજાને બંધ બેસે તે રીતે જીવે તો કોઈપણ જાતની તકલીફ કોઈને પડે તેમ નથી.** બેશક, તેમાં ક્યાંક થોડી બાંધછોડ, જતું કરવું, એડજસ્ટ કરવું પડશે પણ એકંદરે બંને સંબંધમાં ઐક્યતા, નીકટતા અને આત્મીયતા સદેહે ટકી શકશે. યુવાવર્ગની ચપળતા અને હોંશિયારી સાથે વડીલોનો અનુભવ જો ભળી જાય તો ચાર ચાંદ લાગી જાય તેમ છે.

તહેવારો જો વડીલોની હાજરીમાં રીતિ-રિવાજ સાથે ઉજવાય, તો વડીલવર્ગ પણ આનંદમાં રહે. તેમનું મન ભર્યું ભર્યું રહે. તેમની આંતરડીને શાતા મળે. તો એકંદરે યુવાધન પણ રાજી રહે. આપણું જીવન અને આપણા સંબંધો એકબીજા ઉપર આધારીત છે. આજે વડીલવર્ગ એ જગ્યાએ છે, જેમણે આપણને નવી દુનિયા આપી ત્યારે આપણે પણ તેમને યોગ્ય અને શક્ય હોય તો આપણને આપેલો એમનો સમય એમને વ્યક્તિગત, પ્રેમસહિત ચૂકવીએ તો! દિવાળી જ્યારે સામે ચાલીને આપણા ઘર-આંગણે, મન મંદિરમાં આવી રહે છે તો આજથી આ પર્વની ઉજવણી વડીલવર્ગ, આત્મજન, માતા-પિતા અને સંબંધીઓ સાથે ઉજવીએ તો 'જનરેશન ગેપ' પણ ઓછો થશે અને સંબંધમાં આત્મિયતા - ઘનિષ્ટતા આવશે તો એ સંબંધ સાથે જીવવાનું થોડુંક વધારે ફાવશે.

**સંબંધના વાવેતરની લણણી કરતી વખતે તેમાં પ્રેમ, આદર - સ્નેહના દીપક જલાવીએ તો મધુરતા સદેહે કેળવાશે અને એ જ સાચી દિવાળી થશે.** સાથે સાથે આ દિવાળીએ આપણા થોડા મોજશોખ છોડી, કોઈ નાના માણસ - અનાથ બાળકોના જીવનમાં દિવાળી લાવીએ તો... તેમને નવા કપડાં, બાળકોને મીઠાઈ આપીએ તો... જેમ પુષ્પ પોતાની સુગંધ છોડી જાય, એમ આપણે આ દિવાળી ફટાકડા ત્યજી પક્ષીઓને બચાવીએ અને આપણે ધુમાડાના પ્રદૂષણથી બચીએ તો....

અને એમાંથી બચેલા પૈસાથી બાળક અને જરૂરિયાતમંદ વ્યક્તિઓના જીવનમાં સાચી દિવાળી લાવીએ...

***આ બધી જ બાબતોનો જરાક વિચાર કરજો. જેથી સાચી દિવાળી ઉજવાશે. જે આપણા અને બીજાના જીવનમાં પણ ખુશી પાથરશે.***

*સંઘવી એજન્સી, ૧૧, અંબિકા સોસાયટી,*
*હોસ્પિટલ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૪૨૮૨ ૨૦૩૮૬*

પરિવાર

# સંસ્કાર



સુનિતા એ. શાહ

રાજેશભાઈ અને રાજીવભાઇ બંને ખૂબ સારા મિત્રો હતા. રાજેશભાઈના સારા નસીબે એમણે જે મહેનત કરી હતી તે ઊગી નીકળી. એમનો ધંધો ખૂબ સારો ચાલ્યો અને એમની ગણના શ્રીમંતોમાં થવા લાગી. મહેનતુ તો રાજીવભાઈ પણ હતા પરંતુ એમના કમનસીબે તેઓ બહુ કમાણી કરી શક્યા નહીં. તેમના ઘરનું ગાડું જેમતેમ ગબડતું હતું. પરંતુ એમની દોસ્તી હજી ટકી રહી હતી. રાજીવભાઈ ઘણીવાર રાજેશભાઈના ઘેર આવતા જતા રહેતા. રાજેશભાઈ કામનું બહાનું કાઢીને રાજીવભાઈના ઘેર જતા ન હતા.

રાજેશભાઈને બે દીકરા હતા અજય અને સંજય. રાજીવભાઈને પણ બે દીકરા હતા વસંત અને વિનોદ. ચારેય જણાની ઉંમરમાં બહુ ઝાઝો તફાવત ન હતો. રાજેશભાઈએ એમના દીકરાઓને બહુ લાડકોડથી રાખ્યા હતા. તેઓ તેમની બધી જીદ પૂરી કરતા. પાણી માંગે ત્યાં દૂધ હાજર કરતા. એના કારણે તેઓ સ્વચ્છંદી થઈ ગયા હતા. તેમનામાં સંસ્કારનો એક છાંટો પણ ન હતો. કેવી રીતે વર્તવું, કોની સાથે કેવી રીતે વાત કરવી, કેવી રીતે બેસવું, કેવી રીતે કોઈ વાતનો જવાબ આપવો – કંઈ જ ભાન ન હતું અને રાજેશભાઈને એમાં કંઈ ખોટું દેખાતું ન હતું. એ તો જોઈને ખુશ થતા હતા કે એમના બંને દીકરાઓ કેટલા હોંશિયાર છે. રાજીવભાઈ જ્યારે રાજેશભાઈના ઘેર જતા અને તેમના દીકરાઓનું આવું વર્તન જોતાં ત્યારે તેમનો જીવ ખૂબ બળતો. પછી એક દિવસ તો તેમનાથી ના રહેવાયું અને તેમણે રાજેશભાઈને કહી જ દીધું, ‘રાજેશ, તારા દીકરાઓને થોડું ટોકતો જા. બહુ લાડકોડ સારા નહીં. પોતાના સંતાન તો બધાને વહાલા હોય પણ એનો મતલબ એ તો નહીં ને કે એમને મન ફાવે તેમ વર્તવા દેવા.’ તારા દીકરાઓને થોડી સભ્યતા શીખવાડ, થોડા સંસ્કાર આપ, તો એ આગળ જતાં એમના ભવિષ્ય માટે જ સારું છે. મને તારા દીકરાઓ, મારા દીકરાઓ જેટલા જ વહાલા છે. મને તેમની ચિંતા છે અને માટે જ હું તને સાચી સલાહ આપું છું.’ રાજીવભાઈને એમ હતું કે રાજેશ તો મારો દોસ્ત છે અને દોસ્તને તો કંઈ પણ કહી શકાય. જો દોસ્તને સાચી વાત ના કહીએ તો એ દોસ્ત જ કેવી રીતે કહેવાય? કહ્યું છે ને કે સાચો દોસ્ત એ જ હોય છે કે જે **તમારી ખામીઓ તમારા મોઢા પર કહે અને તમારા વખાણ તમારી પીઠ પાછળ કરે.** જે મોઢા પર ખોટી વાહવાહ ના કરે પણ સત્યનો આઇનો દેખાડે. પરંતુ તમારી ગેરહાજરીમાં બીજા કોઇને તમારી વિરુદ્ધ એક શબ્દ પણ બોલવા ના દે. રાજીવભાઈએ પણ આમ જ વિચારીને રાજેશભાઈને આ વાત કરી હતી. રાજીવભાઈની વાતને રાજેશભાઈએ સાચી અને સારી રીતે લેવાને બદલે ઉલટાના એ તો રાજીવભાઈ પર ભડકી ગયા. તેમનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો. તેમણે રાજીવભાઈને ગુસ્સે થઈને કીધું, ‘તારી હિંમત કેવી રીતે થઈ મારા દીકરાઓ વિશે આમ બોલવાની? તેં મારા દીકરાઓને અસંસ્કારી કીધા? આજે બોલ્યો એ બોલ્યો, પણ ફરીથી આવું બોલીશ તો મારાથી ખરાબ બીજો કોઈ નહીં થાય.’ રાજીવભાઈએ કીધું, ‘હું તને મારો પોતાનો ગણું છું માટે તને કહું છું. આમાં તારા જ દીકરાઓની ભલાઈ રહેલી છે માટે મેં કીધું.’ રાજેશભાઈ તો હજી પણ ગુસ્સામાં જ હતા. તેમણે રાજીવભાઈને કીધું, ‘મને બધી ખબર પડે છે. તું આ બધું ઈર્ષ્યામાં બોલે છે. તારી પાસે મારા જેટલો પૈસો નથી. તું તારા દીકરાઓને મારા દીકરાઓ જેટલી સુખ સગવડ આપી શકતો નથી. એટલે તારાથી અમારી ખુશીઓ જોવાતી નથી. એટલે જ તું આમ બોલે છે.’ હવે તો રાજીવભાઈનું મગજ તપી ગયું. એમને પણ ખૂબ ગુસ્સો આવી ગયો. ‘બસ, રાજેશ બહુ થયું. મેં મારા દીકરાઓને જે આપવાનું હતું તે આપ્યું જ છે. ભલે મેં તારા જેટલી સુખ સગવડ નથી આપી પરંતુ સંસ્કાર તો સારા જ આપ્યા છે. અને એ વાતનો મને ગર્વ છે. આ બધું તો સમય આવશે ત્યારે જ સમજાશે. આ તો તારી ચિંતા થતી હતી એટલે મેં તને કીધું. આમાં છેલ્લે પસ્તાવાનું તો તારે જ આવશે.’ આમ, સારી અને સાચી વાત કરવા જતાં વાત બગડી ગઈ. રાજેશભાઈ વધારે ગુસ્સા સાથે બોલ્યા, ‘તું શું મને સમજાવવાનો હતો? ચાલ્યો જા અહીંથી... અને ફરી કદી તારું મોઢું મને ના બતાવીશ. મારે તારી સાથે હવે કોઈ જાતનો સંબંધ રાખવો નથી.’ એમ કહીને રાજેશભાઈએ રાજીવભાઈને પોતાના ઘરમાંથી કાઢી મૂક્યા.

આ વાતને વર્ષો વીતી ગયા. આટલા વર્ષોમાં રાજેશભાઈ અને રાજીવભાઈએ એકબીજાનું મોઢું પણ જોયું નહીં. એકબીજા વિશેની કોઈ જ જાણકારી તેમને હતી જ નહીં. બે પારકા મિત્રો કાયમ માટે છૂટા પડી ગયા. રાજીવભાઈએ એમના દીકરાઓને

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૦૪ ઉપર)

પરિવાર

# કેસર કેરીના કલમી આંબા

**(સત્ય ઘટના પર આધારિત)**



એમ. ડી. સોલંકી

નખત્રાણાથી દેવસીભાઈએ *(સ્થળ અને પાત્રોના નામ બદલાવ્યા છે)* લખેલો પત્ર વાંચીને દિનકરભાઈ સાવ ઉદાસ થઈ ગયા. પત્રમાં લખાયેલી વિગતોએ જાણે કે એમને બેચેન બનાવી દીધા. સરિતાબહેન આજે સવારે એમના પીયર ગયા હતા. બંને બાળકો ટ્યુશનમાં હતા એટલે દિનકરભાઈ એકલા જ ઘેર હતા. પત્ર વાંચ્યા પછી સોફા પર બેઠા બેઠા એ છત સામે તાકી રહ્યા. થોડીવાર પછી છત પરથી નજર ખસેડીને એમણે પાસે પડેલા પત્ર તરફ જોયું અને પછી તો દિનકરભાઈની સમક્ષ અઢી દાયકાનો એ અતીત આળસ મરડીને સજીવન થઈ ગયો!

વરસો પહેલાં પી.ટી.સી. થયા પછી પ્રાથમિક શિક્ષક તરીકે દિનકરભાઈની નિમણૂંક કચ્છ જિલ્લામાં નખત્રાણા તાલુકાના ખાનકુવા ગામની પ્રાથમિક શાળામાં થયેલી. એમની સાથે જ ખાનકુવા પે-સેન્ટરની અમરાપુર શાળામાં દેવસીભાઈની પણ નિમણૂંક થયેલી. શાળાકીય કામકાજ બાબતે અવારનવાર પે સેન્ટર શાળામાં મળવાનું થતાં દિનકરભાઈ અને દેવસીભાઈના અંતરમાં લાગણીના છોડનું બીજ રોપાઈ ગયેલું.

દેવસીભાઈનું વતન નખત્રાણા હતું. જે એમની અમરાપુર શાળાથી સાતેક કિલોમીટર દૂર થતું હતું. દેવસીભાઈ અને એમના મોટાભાઈના મકાન નખત્રાણા ગામથી થોડે દૂર રમણીય એવા વાડી વિસ્તારમાં હતા. ઘરની આગળ મોટું આંગણું અને પછી સપ્રમાણ કમ્પાઉન્ડ વોલ ચણેલી હતી. એમના બા-બાપુ અને ભાઈ-ભાભી ખૂબ જ મળતાવડા સ્વભાવના હતા. એક જ આંગણે અલગ અલગ મકાનમાં રહેતા બંને ભાઈઓના પરિવારમાં ખૂબ જ સારો મનમેળ હતો. અજાણ્યા મુલકમાં દેવસીભાઈ જેવા મિત્રનો સાથ-સહકાર અને સથવારો મળી રહેતા દિનકરભાઈને કોઈ જ મુશ્કેલી પડી નહોતી.

ખાનકુવાની પ્રાથમિક શાળામાં છ એક મહિનાની નોકરી પછી દિનકરભાઈને એમના વતનના જિલ્લામાં નોકરી મળી જતા એમણે ખાનકુવાની શાળામાંથી રાજીનામું આપી દીધેલું. વતનમાં આવવાના એક દિવસ અગાઉ દેવસીભાઈએ દિનકરભાઈને એમના પોતાના ઘેર નખત્રાણા બોલાવીને પ્રેમપૂર્વક જમાડેલા. સવારે વિદાય આપતા પહેલા બંને ભાઈઓના મકાનના આંગણાની સહિયારી જમીનમાં કેસર કેરીનો કલમી આંબો દિનકરભાઈના હાથે રોપાવતા દેવસીભાઈએ કહેલું, 'દિનકરભાઈ, આપણા બંનેની મિત્રતાની યાદગીરીમાં આંબાની આ કલમ તમારી પાસે રોપાવી છે. જે હંમેશાં અમને તમારી યાદ આપતી રહેશે. અમે જતનપૂર્વક જાળવણી કરીને એનો ઉછેર કરીશું. કેસર કેરીના કલમી આંબાને પ્રથમ વખત કેરીઓ આવે ત્યારે તમે સૌ તમારા પરિવાર સાથે અમારા ઘેર આવજો. આપણે સૌ સાથે મળીને કેરીઓ ખાઈશું.'

વતનમાં આવ્યા પછી દિનકરભાઈ એમની નોકરીમાં ગોઠવાઈ ગયા. બંને મિત્રો વચ્ચે સેંકડો કિલોમીટરનું અંતર થઈ ગયું હતું. આજથી અઢી દાયકાના એ સમયે મોબાઈલ ફોનનું બિલકુલ ચલણ નહોતું. બંને અલગ અલગ જિલ્લામાં ફરજ બજાવતા હોવાથી એકબીજાને પત્ર લખીને ખબર-અંતર પૂછી લેતા હતા. આ સમયગાળા દરમિયાન બે વખત દેવસીભાઈ મહેમાન બનીને દિનકરભાઈના ઘેર આવી ગયેલા. એક વખત દિનકરભાઈ પણ નખત્રાણા જઈને દેવસીભાઈ તથા તેમના સંયુક્ત પરિવારને મળી આવેલા. આ સમયે દિનકરભાઈએ જોયેલું કે યોગ્ય માવજત, ખંતપૂર્વકની ખાંખત અને સમયની રફતારે કેસર કેરીનો કલમી આંબો ખાસ્સુ કાઠું કાઢી ગયો હતો.

એકાદ વર્ષ પછી એપ્રિલ મહિનાની શરૂઆતમાં દેવસીભાઈનો પત્ર આવ્યો હતો. 'દિનકરભાઈ, મે મહિનાની પંદર તારીખે તમે સપરિવાર અમારા મહેમાન બનીને નખત્રાણા આવજો. ભૂલતા નહીં.'

દેવસીભાઈના ભાવભર્યા આમંત્રણનો સ્વીકાર કરી દિનકરભાઈ અને બંને બાળકો અને સરિતાબહેન સાથે નખત્રાણા પહોંચ્યા. બંને પરિવારોએ પરસ્પરને અંતરના ઉમળકાથી આવકાર્યા. કેસર કેરીનો કલમી આંબો હવે નાનકડું વૃક્ષ બની ગયો હતો. એની ડાળીએ ડાળીએ કેસર કેરીના ઝુમખા લટકતા હતા. રાત્રે વાળુમાં દેવસીભાઈના સંયુક્ત પરિવાર સાથે સૌ રસ-પૂરીનું જમણ જમ્યા. સૌના હૈયા હરખથી હરખાઈ ગયા.

બે દિવસ નખત્રાણામાં રોકાયા પછી વતન આવવા નીકળેલા દિનકરભાઈને મોટી બેગ ભરીને સાખ પડેલી મીઠી મઘમઘતી સોડમવાળી કેસર કેરીઓ દેવસીભાઈએ આપી.

સમયનું ચક્ર એની નિરંતર ગતિથી ફરતું હતું. બંનેની મૈત્રી

૫૨ વરસોના થર ચઢતા જ રહ્યા. આમને આમ ચારેક દિવાળીના દીવા ટમટમી ગયા! આજે સવારે નખત્રાણાથી દેવસીભાઈનો આવેલ પત્ર વાંચીને દિનકરભાઈ સાવ હતપ્રભ બની ગયા. કોઈએ સ્વપ્નમાંય વિચાર્યું નહીં હોય એવી ઘટના બની ગઈ હતી. પત્રમાં દેવસીભાઈએ લખ્યું હતું :

'દિનકરભાઈ, તમે સપરિવાર કુશળ હશો.

આ પત્ર ખૂબ જ દુઃખી હૃદયે લખી રહ્યો છું. ૧૪મી જાન્યુઆરીના ઉત્તરાયણ પર્વનો આનંદ અમારા પરિવારમાં સૌના હૈયે હતો. એમાંય આ દિવસનો ઉત્સાહ અમારા બાળકોમાં સવિશેષ હતો. સવારથી જ એ બધા જાતજાતની પતંગો - ફીરકીઓ અને નાસ્તાના ડબ્બા લઈને ધાબે ચઢી ગયા હતા. આખુંય આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ ગયું હતું. ચારેય બાજુથી આનંદની કિકીયારીઓ વચ્ચે કા...પ્યો... કા...પ્યો... લ...પે...ટ, લ...પે...ટ ના અવાજો સંભળાતા હતા. ત્યાં જ અચાનક ન બનવાનું બની ગયું! પતંગ અને ફિરકી જેવી બાબતે અમારા બંને ભાઈઓના બાળકો સામસામે ઝઘડી પડ્યા. સંજોગવસાત આ સમયે હું તથા મોટાભાઈ હાજર નહોતા. નાના બાળકોએ એકબીજા સાથે મારામારી કરી અને પછી તો છોકરાઓને બાજુ પર મૂકી બંને દેરાણી-જેઠાણી બાખડી પડી. વિવેકભાન ગુમાવીને ગુસ્સાના આવેગમાં એકબીજાના મોંએ બોલાયેલા શબ્દો જાણે કે એની મર્યાદા ચૂકી ગયા. વાતમાંથી વતેસર થઈ ગયું! બા-બાપુએ એમની રીતે ઝઘડો શાંત કરવાના પ્રયત્નો કર્યા, પણ વ્યર્થ! એમનાય હાથ ટૂંકા પડ્યા! સાંજે મોટાભાઈ આવ્યા ત્યારે ભાભીએ મીઠું-મરચું ઉમેરીને એમની કાન ભંભેરણી કરી. એમણે ફરી ઝઘડો કર્યો. અમે સૌ ચૂપ થઈ ગયા. તે દિવસે અમારા ઘરમાં રાંધ્યા ધાન રઝળી પડ્યા!

સવારે મોટાભાઈ જાતે જ કુહાડી લઈને કેસર કેરીના આંબા પાસે આવીને ઊભા રહ્યા. અમારી અનેક આજીજીઓને અવગણીને એમણે જાતે જ લીલાછમ આંબાને થડમાં જ કાપી નાખ્યો! એટલું જ નહીં, બીજા દિવસે ચણતર કામના મજૂરો બોલાવીને અમારા સહિયારા આંગણાની મધ્યમાં ઊંચી દીવાલ ચણાવી દીધી. મોટાભાઈના આવા બેજવાબદારીભર્યા વર્તનથી અમારા બંને પરિવારો વચ્ચે અબોલા થઈ ગયા. મર્યાદાનો ભંગ થાય એવા વાણી-વિલાસનો કાળોતરો એરુ અમારા પરિવારને આભડી ગયો. હવે તો કુદરત કરે એ ખરું!'

દેવસીભાઈનો લખેલો પત્ર વાંચ્યા પછી દિનકરભાઈ મનોમન બોલ્યા : 'ખરું થયું હોં! સાવ ક્ષુલ્લક બાબતોને કારણે બંને પરિવારની શાંતિમાં પલીતો ચંપાઈ ગયો. સૌના મન ખાટા થઈ ગયા.'

એક પછી એક દિવસો પસાર થતા હતા. ઋતુઓ આવતી, જતી અને બદલાતી રહી. હવે સમયમાં પરિવર્તન આવી રહ્યું હતું. મોબાઈલ યુગ શરૂ થઈ ગયો હતો. આંગળીના ટેરવાથી સામેની વ્યક્તિનો અવાજ સાંભળી શકાતો હતો. આપણો અવાજ થોડી સેકંડોમાં જ સામેની વ્યક્તિ પાસે પહોંચી જતો હતો. હવે બંને મિત્રો વચ્ચે પત્ર વ્યવહાર લગભગ બંધ થઈ ગયો હતો. એકબીજાને ફોન કરીને ખબર-અંતર પૂછી લેતા હતા.

સમયના વહેતા વહેણમાં એક દિવસ દિનકરભાઈના ઘરમાં **કચ્છના ધોરડોમાં યોજાતા 'રણ મહોત્સવ'ની વાત નીકળી.** તેમના બંને બાળકોએ રણ મહોત્સવ જોવા જવાની ઈચ્છા વ્યક્ત કરી. સરિતાબહેને પણ બાળકોની વાતમાં સૂર પુરાવ્યો. બે દિવસ પછી દિનકરભાઈએ ફોન દ્વારા નખત્રાણામાં દેવસીભાઈને વાત કરી. 'રણ મહોત્સવ' જોવા જવાની તારીખ અને સમય નક્કી કર્યા.

નક્કી કરેલ તારીખે દિનકરભાઈ એમના પરિવાર સાથે સવારે સાત વાગે ભુજ પહોંચ્યા. ત્યાંથી દેવસીભાઈ તેમને પોતાની ગાડીમાં રૂદ્ર માતા, ખાવડા, કાળો ડુંગર, ઈન્ડિયા બ્રિજ અને બી.એસ.એફ. નિર્મિત વૉર મેમોરિયલ જોવા લઈ ગયા. બપોર પછી એ બધા 'રણ મહોત્સવ' જોવા ગયા. સફેદ રણનો કુદરતી નજારો જોઈને સૌ ખૂબ ખુશ થઈ ગયા. કચ્છની લોકકલા, લોક સંસ્કૃતિ અને લોક સાહિત્યને પેટ ભરીને જોયું, જાણ્યું અને અનુભવ્યું અને નજરોનજર નિહાળ્યું. રાતનું ભોજન ત્યાં જ પૂરું કરીને સૌ નખત્રાણા પહોંચ્યા ત્યારે રાત્રિના બાર વાગી ગયા હતા.

સવારે આઠ વાગે ચા-નાસ્તાથી પરવારીને દિનકરભાઈ આંગણામાં આવ્યા ત્યારે એમની નવાઈનો પાર ના રહ્યો. દેવસીભાઈએ એમના પત્રમાં લખ્યા મુજબની બંને ભાઈઓના સહિયારા આંગણામાં ઊંચી ચણેલી દીવાલ એમને જોવા જ ના મળી! એટલું જ નહીં, એ આંગણાની મધ્યમાં કેસર કેરીના બે કલમી આંબા એમની લીલીછમ ડાળીઓ આમતેમ લહેરાવતા ઊભા હતા. દિનકરભાઈની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. એમણે બાજુમાં જ ઉભેલા દેવસીભાઈ સામે નજર કરીને પૂછ્યું – 'આ બધું કેવી રીતે બની ગયું?'

'એ બધી વાત હું તમને શાંતિથી કહીશ. એ પહેલા તમે મોટાભાઈના ઘેર ચા-પાણી માટે જઈ આવો અને હા, બપોરનું ભોજન તમારે મોટાભાઈના ઘેર જ લેવાનું છે.' દેવસીભાઈએ કહ્યું.

મોટાભાઈના ઘેર જમ્યા પછી દેવસીભાઈ બાઈક પર બેસાડીને દિનકરભાઈને એમની વાડીએ લઈ ગયા. લીલાછમ વૃક્ષોની હારમાળાઓ વચ્ચે ઢાળેલા ખાટલા પર બેઠા પછી દેવસીભાઈએ વાત કરતા કહ્યું, 'તે દિવસે મોટાભાઈ અને ભાભી એમના કોઈ સગાની ખબર જોવા બહારગામ ગયા હતા. મારે

નખત્રાણામાં મીટિંગ હોવાથી હું નિશાળમાં ગયો નહોતો, ઘેર જ હતો. મીટિંગનો સમય થતાં હું બાઈક લઈને રોડ પર આવ્યો. મોટાભાઈના બંને બાળકો સ્કૂલમાંથી છૂટીને ઘર તરફ આવતા હતા, ત્યાં જ બેફામ ગતિથી દોડતા કોઈ ડમ્પરવાળાએ નાના અમિતને ટક્કર મારીને રોડ પર પાડી દીધો. આ ઘટના મેં નજરોનજર જોઈ! બાઇકને ત્યાં જ રહેવા દઇ હું અમિતને રીક્ષામાં હોસ્પિટલ લઇ ગયો. માથામાં વાગવાથી ઘણું લોહી વહી ગયું હતું. ઈમરજન્સી વોર્ડમાં ડૉક્ટરો ભેગા થઇ ગયા હતા. એમના અભિપ્રાય મુજબ અમિતનું તાત્કાલિક ઑપરેશન કરવું ખૂબ જ જરૂરી હતું. અમિતને લોહી ચડાવવું પડે તેમ હતું. તેના 'બી નેગેટિવ' ગ્રુપનું લોહી મેળવવાની કાર્યવાહી થઈ. પરંતુ હોસ્પિટલ કે અન્ય જગ્યાએથી આવું લોહી મળી શક્યું નહીં. સમય કટોકટીનો હતો. મારું લોહી પણ 'બી નેગેટિવ' ગ્રુપનું હતું. મેં મારું લોહી આપવાની તૈયારી બતાવી. લોહી મળી જતાં અમિતની સારવાર સરળ બની. એનું ઑપરેશન સફળ રહ્યું. મેં ફોનથી મોટાભાઈને વાત કરતાં તે હાંફળા-ફાંફળા થઇને હોસ્પિટલ દોડી આવ્યા. અમિત હવે ભાનમાં આવી ગયો હતો. હું તથા એના કાકી પલંગ પર બેઠા હતા. આ જોઇને એમના જીવમાં જીવ આવ્યો. મારા ખભા પર હાથ મૂકીને આંખમાં ઝળઝળિયા સાથે મોટાભાઈએ મને કહ્યું, 'નાનકા, આજે તેં જ અમિતને જીવતદાન આપ્યું છે. તારો કેવો અને કેટલો આભાર માનું, એ જ મને સમજાતું નથી. તું અમિતને સમયસર હોસ્પિટલ ન લાવ્યો હોત અને એના માટે તેં તારું લોહી આપ્યું ન હોત, તો ભગવાન જાણે મારા અમિતનું શું થયું હોત! ભાભીની આંખની પાંપણો પણ ભીની થઈ ગઈ.'

મેં કહ્યું, 'મોટાભાઈ, હું તો તમારો નાનો ભાઈ છું. એમ કાંઈ તમારે મારો આભાર માનવાનો હોય નહીં! મેં જે કંઈ કર્યું એ તો મારી ફરજ હતી. હું ખુશનસીબ છું કે મારું લોહી નાના અમિત માટે ઉપયોગી બન્યું અને આખરે અમિત પણ આપણો જ દીકરો છે ને? એમ કાંઇ ડાંગે માર્યા પાણી જુદા ના પડે! ખરું ને મોટાભાઈ?'

અને એ પછીના પાંચમા દિવસે મોટાભાઈએ મજૂરોને બોલાવીને અમારા સહિયારા આંગણામાં ચણેલી ઊંચી દીવાલ તોડી પડાવી. આંગણાની સાફ-સફાઈ કરાવીને એને ચોખ્ખું ચણાક બનાવી દીધું. એ જાતે જ નર્સરીમાં જઇને કેસર કેરીના કલમી આંબાની બે કલમો રીક્ષામાં લઇ આવ્યા. જાત મહેનતથી વ્યવસ્થિત ખાડા બનાવી બા-બાપુજી અને અમારા આખાય પરિવારની હાજરીમાં આંબાની બે કલમો રોપી, દેરાણી-જેઠાણીએ સાથે મળીને આનંદભેર કલમોને પાણી પીવડાવ્યું. મોટાભાઈએ જાતે જ ગોળ-ધાણા વહેંચ્યા. અમારા આખાય પરિવારમાં રાજીપો ફેલાઈ ગયો.

હીંચકા પર બેસેલા બા-બાપુજી પાસે જઇને મોટાભાઈએ ગળગળા સાદે કહ્યું, 'બાપુજી, આપણા પરિવારમાં જે કાંઈ બન્યું હતું તેમાં ભૂલ તો મારી જ હતી. મેં જ રજમાંથી ગજ કર્યું! મમતે ચઢીને કેસર કેરીના કલમી આંબાને કાપી નાંખવાની અને સહિયારા આંગણાની મધ્યમાં ઊંચી દીવાલ ચણાવાની ભૂલ કરીને મેં તમારા સૌના દિલ દુભવ્યા હતા. માનવી આવેશમાં આવી જઈને કોઈપણ કામ કરે એમાં આખરે તો એને પોતાને જ પસ્તાવાનો વારો આવે છે. બાકી જે કાંઈ બન્યું, એમાં નાનકાની તો જરાય ભૂલ જ નહોતી. તમે સૌ મને માફ કરજો.'

'મોટા, આપણા માનવ જીવનમાં ભૂલ થઈ જવી એ સ્વાભાવિક છે. **પણ થઈ ગયેલી ભૂલને સમય આવતા સુધારી લેવી એ જ અગત્યની વાત છે.** જે કંઈ બન્યું એમાં આપણા આખાય પરિવારની કસોટી થઈ ગઈ. હવે તમે સૌ સંપથી રહેજો અને આજે રોપેલા કલમી આંબાની જતનપૂર્વક જાળવણી કરી એને ઉછેરજો.' બાપુજીએ મોટાભાઈના હાથ એમના હાથમાં પકડીને કહ્યું.

દેવસીભાઈની વાત સાંભળ્યા પછી દિનકરભાઈના મનમાં ઉદ્‌ભવેલા પ્રશ્નનો ઉત્તર એમને મળી ગયો. સાવ હળવાફૂલ થઈને એમણે કહ્યું, 'ચાલો, ખૂબ જ સારું થયું. જેનો અંત સારો, એનું બધું જ સારું.'

સાંજે દેવસીભાઈના ઘેર સંયુક્ત પરિવાર સાથે ભોજન લઈને દિનકરભાઈએ વતનમાં આવવા વિદાય માંગી. એકબીજાથી છૂટા પડવાનો અવસર આવતા સૌનાં હૈયા ભાવવિભોર બની ગયા. દેવસીભાઈ એમના મિત્રના પરિવારને પોતાની ગાડીમાં બેસાડીને નખત્રાણા બસ સ્ટેસન સુધી મૂકવા આવ્યા. નખત્રાણાથી અમદાવાદ આવતી એક્સપ્રેસ બસમાં દિનકરભાઈનો પરિવાર ગોઠવાયો. વિદાયની એ પળે એકબીજાને આવજો કહેતાં બંને મિત્રોની આંખમાં આંસુ ઉભરાયા.

દિલના દિલેર અને જીગરજાન મિત્રના પરિવારમાં બગડી ગયેલી બાજીને કુદરતે સુધારી લીધી અને સંયુક્ત પરિવારમાં ફરીથી લીલીછમ લાગણી લહેરાઈ ગઈ એવા સંતોષભર્યા વિચાર કરતાં કરતાં દિનકરભાઈની આંખ ક્યારે મળી ગઈ એની તો ખુદ એમને પણ ખબર ન રહી!

અને ત્યારે એસ.ટી.ની એ એક્સપ્રેસ બસે એની નિયત ગતિ પકડી લીધી હતી.

*૩/૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, મુ. કલિકુંડ,*
*તા. ધોળકા, જિ. અમદાવાદ. • મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

*જે લોકો સમયની કિંમત જાણે છે,*
*તેને સમય અણમોલ બનાવી દે છે.*

પરિવાર

# મારી - તમારી વાત



ડૉ. અલ્કા એસ. શાહ

થોડા સમય પહેલા ક્યાંક વાંચેલું : 'જવાબદારીઓ અને જરૂરિયાતની વચ્ચે પોતાના સ્વપ્નો માટે ધબકતી મનગમતી ક્ષણોનો સરવાળો એ જ જિંદગી.'

સાચું કહું તો વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશેલા દરેક માતા-પિતા માટે આ વાત ખરેખર સાચી જ છે. સંતાનો મોટા થાય, પોતાની જવાબદારીઓ જાતે વહન કરવા સક્ષમ બને અને પોતાની દરેક જરૂરિયાતો પણ જાતે જ પૂરી કરવા સમર્થ બની જાય ત્યારે માતા-પિતા હાશ અનુભવે. એવું લાગે કે હાશ, હવે નિરાંતે મનગમતી રીતે જીવવાનો સમય આવી ગયો છે. અને એ નિરાંતની પળોમાં સંતાનો સાથે થોડી ક્ષણો વિતાવવા માટે મન ઝંખે તો શું એ ખોટું છે?

માતા-પિતાની એ ઝંખના, સૌ સાથે મળીને ગાળેલ પ્રાણપ્રિય ક્ષણો જેના માટે સતત દરેક વડીલો તલસે છે એ દરેક સંતાન એને આપી શકે છે. **મા-બાપનું ધ્યાન રાખવું એ માત્ર ફરજ જ નથી, એમાં અંતરની લાગણીની અનુભૂતિની જરૂર છે.** આ વાત એમને કોણ સમજાવશે?

બાળકો જ્યારે યુવાન બને ત્યારે માતા-પિતાની તેમના માટેની લાગણી, કાળજી અને એ માટે રાખવામાં આવતી નાની નાની બાબતોની ચીવટને યુવાન સંતાનો "વેવલાવેડા છે આ બધા, આજના જમાના પ્રમાણે ચાલો. પ્રેક્ટિકલ બનતા શીખો." આવું જ્યારે કહે ત્યારે વડીલોની આંખો છલકાય એ સ્વાભાવિક જ છે ને.

થોડા સમય પહેલાની જ વાત કરું તો બપોરના નવરાશની પળોમાં **મારું મનગમતું પુસ્તક "સાત પગલા આકાશમાં"** વાંચતી વેળાએ વસુધામાં હું મારી જાતને સાંકળી લેતી હતી અને એ સમયે જ અચાનક મને કંઈક ખાવાનું મન થયું. ડાઈનિંગ ટેબલ પર બેસી લેપટોપમાં કામ કરી રહેલ મારા અંશને મેં કહ્યું, 'અશુ દીકરા, જોને તારી પાસેની ફળોની બાસ્કેટ છે તેમાં જામફળ છે તે સમારીને લાવને. ચાલ, આપણે બંને સાથે બેસીને ખાઈએ, થોડીવાર વાતો કરીએ.' પણ મારી વાત તો એણે કાને ધરી જ નહીં. આખરે મેં જાતે જ ઉભા થઇ એ કાર્ય કર્યું ને એને પ્લેટ પકડાવી તો એણે નાનકડું એક સ્મિત પણ ન આપ્યું કે આભારનો એક શબ્દ પણ બોલ્યો નહીં અને યંત્રવત્ આખી પ્લેટ ખાલી કરી. મેં માન્યું, એ કામમાં વ્યસ્ત હશે. અને થોડી જ વારમાં તો એ, 'મમ્મા, આજે સાંજે જમવામાં મારી ગણતરી ન કરતી. હું માત્ર ફળો જ ખાઈશ.' કહી એ તો મિત્રો સાથે બહાર જતો રહ્યો.

સાંજની રસોઈનું કામકાજ પતાવી હું તેના માટે ફળો સમારવા બેઠી. એને ભૂખ લાગી હશે, થાક્યો હશે... એવા વિચારો કરતાં કરતાં એ જ્યારે બહારથી આવ્યો ત્યારે સરસ મજાની રીતે તૈયાર કરેલ પ્લેટ એની સામે હસતાં હસતાં ધરીને કહ્યું, 'અંશુ દીકરા, બપોરે તેં મારા માટે ન કર્યું, પણ આ જો તારા માટે મસ્ત મજાનું તારું ભાવતું વિવિધ ફળોનું રંગબેરંગી મસ્ત મજાનું ડીનર તૈયાર છે. ચાલ, ફટાફટ ફ્રેશ થઈને આવી જા.' બસ હજુ તો મારું વાક્ય પૂર્ણ પણ ન કરું ત્યાં એ મારા પર વરસી પડ્યો. 'મેં તને ક્યાં કહ્યું હતું, કે તેં આ બધું કર્યું?' હું જાતે કરી લઈશ. મારી તારી સરખામણી કેમ કરે છે? અને મને તો આ બધું ગમતું જ નથી.' અને પછી તો એના ગુસ્સાથી વાતનું વતેસર થઇ ગયું. જે વાત હું એને પ્રેમથી સમજાવવા માંગતી હતી એ આખી વાતનો એણે ઉલટો અર્થ તારવ્યો અને બધું એમને એમ મૂકીને જતો રહ્યો. નાની અમથી વાતનું આટલું મોટું સ્વરૂપ?

એક મા તરીકે પોતાના બાળકને પ્રેમથી કંઈ કહેવાનો, જ્યાં એની ભૂલ હોય ત્યાં આંગળી ચીંધવાનો પણ માને હક્ક નહીં? **આજના આ નવી પેઢીના સંતાનો પોતાની જાતને સર્વશ્રેષ્ઠ કેમ માને છે? બે ઘડી પાસે બેસાડી પ્રેમથી એમને સમજ આપી શકાય એ વાતજ હવે તો અશક્ય લાગવા લાગી છે.**

મા-બાપ તમારા મિત્ર છે, હિતેચ્છુ છે. સદાય તમારા માટે ચિંતન કરનાર, કાળજી રાખનાર છે. એ વાત એમને ક્યારે સમજાશે? જેટલો સમય પરિવારમાં સૌ સાથે હોય ત્યારે આનંદની છોળો ઉડે એવું વાતાવરણ સર્જાવાને બદલે નાની નાની બાબતોમાં મતભેદની ચિનગારી કેમ પ્રગટે છે? **મળેલા સમયને માણવાનું - એ સમય એક અણમોલ સંભારણું બની જાય એમ વિતાવવાનું કોઈ કેમ નથી સમજતું?**

એક તરફ વાર્ધક્ય તરફ જતા માતા-પિતા છે તો બીજી તરફ પોતાની જ દરેક વાત યોગ્ય છે અને સાચી છે એમ સમજતાં સંતાનો છે. આ બે વચ્ચે સેતુ બનવાનું કામ કોઈ બીજા થકી નહીં થાય. **એકબીજાએ જાતે જ સમજીને પગલાં ભરવા પડશે.** તો જ ઘર નંદનવન બનશે અને જીવાતી દરેક મનગમતી ક્ષણોને હૃદયમાં કંડારી લેવા મન તલસાટ અનુભવશે.

*એ-૫, પ્રિયા પાર્ક, બેંક ઓફ ઇન્ડિયાની પાછળ, ઇલોરા પાર્ક, વડોદરા-૩૯૦ ૦૨૩. ● મો. ૯૪૨૯૩ ૨૩૫૬૭*

નોલેજ બેંક

# ગુજરાતી સાહિત્ય નોલેજ બેંક – (૬)

**(વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી)**



રમેશ પટેલ

- કાકા કાલેલકરનું પૂરું નામ કયું? (દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર)
- ‘અંગ વિજ્ઞાન’ નવલકથાના લેખક કોણ? (જોસેફ મેકવાન)
- ‘જિગર અને અમી’ના લેખક કોણ? (ચુનીલાલ વર્ધમાન શાહ)
- ‘શબ્દસૃષ્ટિ’ કઇ સંસ્થાનું મુખપત્ર છે? (ગુજરાત સાહિત્ય અકાદમી)
- ‘તરણા ઓથે ડુંગર’ સાહિત્ય કૃતિના સર્જક કોણ? (ઇશ્વર પેટલીકર)
- ‘કેન્દ્ર અને પરિઘ’ નામક નિબંધ સંગ્રહ અને ‘ઉપલબ્ધિ’ નામક વિવેચન ગ્રંથના લેખક કોણ? (યશવંત શુક્લ)
- ‘દક્ષિણાયન’ કૃતિ કોની છે? (સુંદરમ્)
- ‘કાક’ અને ‘મંજરી’ એ કનૈયાલાલ મુનશીની કઈ નવલકથાના પાત્રો છે? (ગુજરાતનો નાથ)
- ‘લતા અને બીજી વાતો’ તથા ‘ઊભી વાટે’ વાર્તા સંગ્રહના લેખક કોણ? (ગુલાબદાસ બ્રોકર)
- ‘લીલેરો ઢાળ’ કાવ્ય સંગ્રહના કવિ કોણ? (પ્રિયકાંત મણિયાર)
- રાજેન્દ્ર શાહને કઇ કૃતિ માટે ‘જ્ઞાનપીઠ ઍવોર્ડ’ મળ્યો હતો? (ધ્વનિ)
- ‘સાત પગલાં આકાશમાં’ નવલકથાના સર્જક કોણ? (કુંદનિકા કાપડિયા)
- ‘રાઈ’ અને ‘પર્વતરાય’ એ બે પાત્રોના સર્જક કોણ? (રમણલાલ નીલકંઠ)
- ‘કેળવે તે કેળવણી’ના લેખક કોણ છે? (નરેન્દ્ર મોદી)
- ‘માણસાઈના દીવા’ પુસ્તકના સર્જક કોણ? (ઝવેરચંદ મેઘાણી)
- ‘ફૂટપાથ’ પ્રલંબ કાવ્યના કવિ કોણ? (રમેશ પટેલ)
- ત્રિભોવનદાસ લુહારનું ઉપનામ કયું? (‘સુંદરમ્’)
- કવિ કરસનદાસ લુહારનું તખલ્લુસ કયું છે? (નિરંકુશ)
- જાણીતા લેખક બળવંત આસમાનીનું તખલ્લુસ કયું છે? (‘અનુરાગ’)
- કવિ શ્રી ઉમાશંકર જોશી કયું ત્રિમાસિક પ્રગટ કરતા હતા? (સંસ્કૃતિ)
- ‘કરણઘેલો’ નવલકથાના લેખક કોણ? (નંદશંકર તુ. મહેતા)

## સામાન્ય જ્ઞાન

- એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજનું આખું નામ શું છે? (લાલભાઈ દલપતભાઈ કોલેજ ઓફ એન્જિનિયરીંગ)
- વિશ્વપ્રસિદ્ધ કાળિયાર પાર્ક ક્યાં આવેલું છે? (વેળાવદર)
- ગુજરાતનું સૌથી મોટું ‘કૃત્રિમ સરોવર’ કયું છે? (સરદાર સરોવર)
- હેમચંદ્રાચાર્યનો જન્મ ક્યાં થયો હતો? (ધંધુકા, જિ. અમદાવાદ)
- અમદાવાદમાં સૌપ્રથમ કન્યાશાળાની સ્થાપના કોણે કરી હતી? (હરકુંવર શેઠાણી - ઇ.સ. ૧૮૫૦)
- ગાંધીજીને રાજકારણમાં પ્રવેશતાં પહેલાં એક વર્ષ સુધી રાજકારણનો અભ્યાસ કરવાની ભલામણ કયા એક વિદેશી મહિલાએ કરી હતી? (એની બેસન્ટ)
- ઉભરાટના દરિયાકિનારે કયા વૃક્ષો વિશેષ પ્રમાણમાં જોવા મલે છે? (સરૂ અને તાડનાં વૃક્ષો)
- ભારતમાં સૌપ્રથમ મોડર્ન ડાયસ્ટફની કંપની કોણે સ્થાપી હતી? (કસ્તુરભાઈ લાલભાઈ – અતુલ લિમિટેડ, ઇ.સ. ૧૯૫૨)
- દ્વારકાધીશનું મંદિર કઇ નદીના કિનારે આવેલું છે? (ગોમતી નદી)
- અમદાવાદ - મુંબઇને જોડતી સૌપ્રથમ ટેલિફોન લાઇન કયા વર્ષમાં નાખવામાં આવી હતી? (ઇ.સ. ૧૮૫૦)
- ‘હરિનો મારગ છે શૂરાનો’ આ પદની રચના કોણે કરી હતી? (કવિ પ્રીતમદાસ)
- ગુજરાતમાં સૌપ્રથમ કઇ કોલેજ શરૂ થઈ હતી? (ગુજરાત કોલેજ, અમદાવાદ – ઇ.સ. ૧૮૮૭)
- સોલંકી વંશનો સૌથી વધુ પરાક્રમી, હિંમતવાન અને મુત્સદ્દી રાજા કોણ હતો? (સિદ્ધરાજ જયસિંહ)
- સિક્કા થર્મલ પાવર સ્ટેશન ક્યાં આવેલું છે? (જામનગર)
- ગુજરાતના કયા જિલ્લામાં સૌથી લાંબો દરિયાકિનારો છે? (જામનગર - ૩૫૪ કિ.મી.)
- ગુજરાત ક્રિકેટ એસોસિએશન (જી.સી.એ.)નું મુખ્ય મથક ક્યાં આવેલું છે? (અમદાવાદ)
- ‘શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી’ની સ્થાપના ક્યાં અને ક્યારે થઈ હતી? (વેરાવળ, ઇ.સ. ૨૦૦૮)
- **ગુજરાતનો કયો જિલ્લો વિસ્તારની દૃષ્ટિએ ભારતનો સૌથી મોટો છે?** (કચ્છ. ક્ષેત્રફળ : ૪૫૬૫૨ ચો.કિ.મી.)
- કયા શાસકના સમયમાં ગુજરાત માટે ‘ગૂર્જર દેશ’ શબ્દપ્રયોગ શરૂ થયો હતો? (મૂળરાજ સોલંકી)

- ગુજરાતમાં સૌપ્રથમ મહિલા સ્નાતક કોણ થયા હતા? (વિદ્યાગૌરી નીલકંઠ)
- ગુજરાતની પ્રથમ સરકારને બંધારણના શપણ કોણે લેવડાવ્યા હતા? (રવિશંકર મહારાજ)
- ઈ.સ. ૧૮૪૯માં ગુજરાતી ભાષાનું પ્રથમ સાપ્તાહિક કોણે પ્રકાશિત કર્યું હતું? (એલેકઝાન્ડર કિન્લોક ફોર્બ્સ)
- ગુજરાતના કયા જિલ્લામાં સૌથી વધુ ચેકડેમ આવેલા છે? (રાજકોટ)
- ગુજરાત રાજયની મુખ્ય ભાષા કઈ છે? (ગુજરાતી – ૮૯.૩૬%)
- અમદાવાદમાં આવેલા આંતરરાષ્ટ્રીય કક્ષાના ક્રિકેટ સ્ટેડિયમનું નામ શું છે? (મોટેરા સ્ટેડિયમ)
*(થોડા સમય અગાઉ તેનું નામ બદલાયેલ છે.)*
- કયા ગુજરાતી કવિની રચનામાં સંસ્કૃત અને અંગ્રેજી સંસ્કારવાળી ગદ્યશૈલી વિકસેલી જોવા મળે છે? (સુંદરમ્)
- ભરૂચ શહેરની સ્થાપના કયા ઋષિએ કરી હતી એમ માનવામાં આવે છે? (મહર્ષિ ભૃગુ)
- પ્રથમ ગુજરાતી ન્યાયમૂર્તિ કોણ હતા? (નાનાભાઈ હરિદાસ)
- ‘અમદાવાદ ટેક્સટાઈલ લેબર એસોસિએશન’ની સ્થાપના કોણે કરી હતી? (મહાત્મા ગાંધી)
- ગુજરાતી ભાષાની પ્રથમ હાસ્યનવલ કયા લેખકે લખી હતી? (રમણલાલ નીલકંઠ)
- કેળવણીકાર નાનાભાઈ ભટ્ટે ગ્રામલક્ષી અને સર્વોદયલક્ષી કેળવણી માટે કઈ સંસ્થાઓ સ્થાપી હતી? (ગ્રામ દક્ષિણામૂર્તિ, આંબલા અને લોકભારતી, સણોસરા)
- બજરંગદાસ બાપાની સમાધિ ક્યાં આવેલી છે? (બગદાણા)
- હિંદી ફિલ્મના જાણીતા ગુજરાતી અભિનેતા સંજીવ કુમારનું મૂળ નામ શું હતું? (હરિલાલ જરીવાલા)
- ગુજરાતનું સૌથી ઊંચું પર્વતશિખર કયું છે? (ગોરખનાથ, ગિરનાર પર્વત – ૧૧૧૭ મીટર)
- ખેતીવાડીનાં ઓજારો બનાવવા માટે કયું શહેર જાણીતું છે? (રાજકોટ)
- કવિ કાન્તનું મૂળ નામ શું હતું? (મણિશંકર રત્નજી ભટ્ટ)
- દૂરવર્તી શિક્ષણ માટેની ગુજરાતની પ્રસિદ્ધ યુનિવર્સિટી કઈ છે? (ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી)
- ગુજરાતના કઈ જાતિના ઘઉં સૌથી વધુ પ્રખ્યાત છે? (ભાલિયા)
- ગુજરાતમાં આવેલી એશિયાની સૌથી મોટી હોસ્પિટલ કઈ છે? (સિવિલ હોસ્પિટલ - અમદાવાદ)
- અમદાવાદમાં ‘પતંગ મ્યુઝિયમ’ ક્યાં આવેલું છે? (ટાગોર હોલ - પાલડી)
- ગુજરાતની કઈ સંસ્થા પૌરાણિક હસ્તપ્રતો અને શિલાલેખોની જાળવણી તથા સંશોધનનું કામ કરે છે? (લાલભાઇ દલપતભાઇ ઇન્ડોલોજી)
- અખો કવિ અમદાવાદમાં ક્યાં રહેતો હતો? (દેસાઇની પોળ - ખાડિયા)
- ‘ગુજરાત વિધાનસભા’નું નામ કયા મહાનુભાવ પરથી છે? (વિઠ્ઠલભાઈ પટેલ)
- રાષ્ટ્રકૂટ વંશના રાજાઓની રાજધાની કઈ હતી? (માન્યખેટ)
- ગુજરાતમાં ‘પ્રવાસ નિગમ’ની સ્થાપના ક્યારે થઈ હતી? (ઈ.સ. ૧૯૭૫)
- કોણે ગાંધીજીને સ્વાતંત્ર્ય ચળવળનું ચિહ્ન ‘ચક્ર’ રાખવાનું સૂચવ્યું હતું? (ગંગાબહેન મજમુદાર)
- પાલનપુર નજીક કયો રિસોર્ટ આવેલો છે?(બાલારામ રિસોર્ટ)
- કયા રાજાના સમયમાં મહમૂદ ગઝનવીએ સોમનાથ મંદિર લૂંટ્યું હતું? (ભીમદેવ પહેલો)
- ગુજરાતની કઈ નદી દર વર્ષે રેતીના ઢગમાં ફેરવાઈ જાય છે? (કોલક - દક્ષિણ ગુજરાત)
- આદિવાસીઓના વિકાસ માટે કોણે દક્ષિણ ગુજરાતમાં વેડછી ખાતે આશ્રમશાળા સ્થાપી હતી? (જુગતરામ દવે)
- મેશ્વો બંધ ક્યાં આવેલો છે? (શામળાજી)
- સરદાર પટેલ યુનિવર્સિટી ક્યાં આવેલી છે? (વલ્લભ વિદ્યાનગર)
- કયા સંતે બાંધેલી ઝૂંપડી ‘સત્તાધાર’ના નામથી વિખ્યાત બની છે? (સંતશ્રી આપા ગીગાબાપુ)
- એટોમિક શિક્ષણ માટે ગુજરાતમાં કઈ સંસ્થા છે? (ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર - બી.એ.આર.સી.)
- નર્મદા નદી પર સરદાર સરોવર કઇ જગ્યાએ આવેલું છે? (કેવડિયા કોલોની)
- ગુજરાતનું કયું શહેર ‘મક્કાનું પ્રવેશદ્વાર’ ગણાતું હતું? (સુરત)
- શાળામાં અભ્યાસ કરતાં બાળકોને વીમાકવચ પૂરું પાડતી ગુજરાત સરકારની કઈ યોજના છે? (વિદ્યાદીપ યોજના)
- સંત પુનિત મહારાજે શરૂ કરેલું કયું માસિક આજે પણ લોકપ્રિય છે? (જનકલ્યાણ)
- ગુજરાતમાં સૌપ્રથમ કઈ કોમર્સ કોલેજની સ્થાપના થઇ હતી? ક્યારે? (એચ.એલ. કોમર્સ કોલેજ, અમદાવાદ – ઈ.સ. ૧૯૩૭માં)
- અમદાવાદના એલિસબ્રિજના સ્થપતિ (શિલ્પી) કોણ હતા? (રાવ બહાદુર હિંમતલાલ ધીરજરામ)
- ગુજરાતની સૌથી મોટી બહુહેતુક યોજના કઈ છે? (સરદાર સરોવર નર્મદા યોજના)

***‘પ્રાંજલ’, ૩૦, આનંદ વાટિકા સોસાયટી, સરદાર પુલ પાસે, અડાજણ રોડ, સુરત-૩૯૫ ૦૦૯. • મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫***

સંસ્થા / વ્યક્તિ વિશેષ

# સાધુ ટી.એલ. વાસવાણી : એક સામાજિક સંસ્થા



ભરત'કુમાર' પ્રા. ઠાકર

સિંધ પ્રદેશે અનેક સંતો-કવિઓ-ભક્તો અને અધ્યાત્મ પુરુષો આપ્યા છે. તેમાં એક સાધુ ટી.એલ. વાસવાણી પણ છે. તેઓ એક સંત, સાધુ, આર્ષદૃષ્ટા, તત્ત્વજ્ઞાની, સમાજ સુધારક, માનવતાવાદી, કેળવણીકાર, કવિ-લેખક, પત્રકાર, વિચારક, સ્વાતંત્ર્ય સેનાની, ગરીબોના બેલી, નારી શિક્ષણના પ્રણેતા, ધર્મપ્રસારક, ઉપદેશક... એમ બહુવિધ પ્રતિભાવાન હતા.

'દાદાજી'ના લોકલાડીલા નામથી ઓળખાતા અને ભક્ત કવયિત્રી મીરાબાઈને પોતાનું શ્રદ્ધાસ્થાન માનતા શ્રી વાસવાણી ભારતીય સંસ્કૃતિના ઉત્તમ જ્ઞાતા, નાનક-તુકારામ-વિવેકાનંદના પ્રશંસક અને ગાંધીજીના નજીકના સાથી હતા. અનેકવિધ સંસ્થાઓ શરૂ કરનાર વાસવાણીજી પોતે એક સામાજિક સંસ્થા જેવું વ્યક્તિત્વ ધરાવતા હતા. દેશપ્રેમ, સાદગી, સેવા, સત્સંગ, સમર્પણ, ત્યાગ અને અહિંસાની ભાવનાના પુરસ્કર્તા હતા.

● **તેજસ્વી વિદ્યાર્થી અને વક્તા :**

ભારતના આધ્યાત્મિક વ્યક્તિ વિશેષ અને પ્રખર વિદ્વાન તરીકે વિશ્વભરમાં પ્રતિષ્ઠિત એવા સાધુ થાવરદાસ લીલારામ વાસવાણીનો જન્મ ૨૫મી નવેમ્બર, ૧૮૭૯ના રોજ હૈદ્રાબાદ (સિંધ)માં થયો હતો. તેમને ભક્તિ અને માનવસેવાના માર્ગે દોરનાર સાધુ હીરાનંદ અડવાણી (૧૮૬૩-૧૮૯૩) તેમના વિદ્યાગુરુ હતા. એક વિદ્યાર્થી તરીકે તેઓ ખૂબ તેજસ્વી અને સારા વક્તા હતા. હીરાનંદજીની નવલરાય અકાદમી (હૈદ્રાબાદ)માંથી તેઓ મેટ્રિકની પરીક્ષામાં સમગ્ર સિંધમાંથી પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થયેલા. સાથે મુંબઇ યુનિવર્સિટી (કરાંચી કેન્દ્ર)માંથી તેઓ સ્નાતક (૧૮૯૯) થયા ત્યારે અંગ્રેજીમાં 'યુનિવર્સિટી ફર્સ્ટ' રહ્યા હતા!

તત્ત્વજ્ઞાન - અંગ્રેજી સાથે અનુસ્નાતક થયા બાદ ૧૯૦૩માં તેઓ કલકત્તાની મેટ્રોપોલિટન (હવે વિદ્યાસાગર) કોલેજમાં તત્ત્વજ્ઞાન - ઇતિહાસના અધ્યાપક તરીકે જોડાયા. ત્યાં એમને રાજા રામમોહન રાય (૧૭૭૨-૧૮૩૩)ના બ્રહ્મોસમાજમાં પણ પ્રવચનો માટે નિમંત્રવામાં આવતા. બંગાળના ભાગલા વિરુદ્ધની ચળવળ (૧૯૦૫) સાથે જોડાયેલ સ્વદેશી અભિયાનમાં પણ ભાગ લીધેલો.

તે પછી સમયાંતરે એમણે ૧૯૦૬માં ડી.જે. સિંધ કૉલેજ (કરાંચી, સિંધ), આચાર્ય તરીકે ૧૯૧૨માં દયાલસિંહ કોલેજ (લાહોર, પંજાબ), વિક્ટોરિયા કોલેજ (કૂચબિહાર, બંગાળ) અને મહીન્દ્ર કોલેજ (પટિયાલા, પંજાબ)માં કામ કર્યું. અંતે મૈસુર વિદ્યાપીઠનું કુલગુરુપદ પણ શોભાવ્યું. આ રીતે શિક્ષણ સાથે એમનો ગાઢ સંબંધ રહ્યો હતો.

કુટુંબમાંથી અખંડ ઇશ્વરશ્રદ્ધા અને ધાર્મિકતાના સંસ્કારો મળ્યા હોવાથી યુવા થાવર શરૂથી જ ભગવદ્ ભક્ત અને અધ્યાત્મલક્ષી પુરુષ હતા અને આત્મચિંતનમાં લીન રહેતા. પ્રભુકાર્ય માટે પોતાને સ્વતંત્ર રાખવા તેઓ આજીવન બ્રહ્મચર્યનિષ્ઠ રહ્યા હતા. ભણતર સાથે એમણે વિવિધ ધર્મગ્રંથોનો અભ્યાસ પણ ચાલુ રાખ્યો હતો.

માત્ર ત્રીસ વર્ષની યુવાન વયે પ્રા. થાવરદાસે ભારતના ચાર પ્રતિનિધિઓ પૈકી એક તરીકે બર્લિન (પૂર્વ જર્મની)ની વિશ્વ ધર્મ પરિષદ (૧૯૧૦)માં ભાગ લીધો અને ભારતની અસરકારક છાપ ઉપસાવી. તે પછી છ મહિના યુરોપનો પ્રવાસ ખેડી ત્યાં પ્રવચનો આપી ભારતીય સંસ્કૃતિનો પ્રસાર કર્યો. સ્વામી વિવેકાનંદ (૧૮૬૩-૧૯૦૨)ની જેમ એમણે પણ ધર્મ સંમેલનમાં ભાગ લીધો અને યુરોપની ધર્મયાત્રા કરી. તેથી તેઓ 'સિંધના વિવેકાનંદ' તરીકે જાણીતા થયેલા.

● **ગરીબસેવા એ જ પ્રભુપૂજા :**

નોકરી છોડી થોડા સમય માટે **અંગ્રેજી દૈનિક 'ન્યુ ટાઇમ્સ' (હૈદ્રાબાદ)માં તંત્રીપદે પણ કામ કર્યું.** ૧૯૧૯માં તેમાંથી પણ રાજીનામું આપી રાષ્ટ્રસેવામાં જોડાયા. ૧૯૧૮થી જ એમણે ખાદી ધારણ કરી લીધી હતી. ગાંધીજીએ સત્યાગ્રહ ચળવળ શરૂ કરી ત્યારે શ્રી વાસવાણી એમના નિકટના સહયોગી હતા. અસહકાર આંદોલન (૧૯૨૧)માં ભાગ લઇ જેલવાસ પણ ભોગવ્યો હતો. ગાંધીજીના 'યંગ ઇન્ડિયા'માં કટારલેખન પણ કરેલું.

મહર્ષિ અરવિંદ (૧૮૭૨-૧૯૫૦)ની જેમ હવે પોતાનું ધ્યાન માત્ર અધ્યાત્મ, શિક્ષણ અને સમાજસેવા તરફ કેન્દ્રિત કર્યું. તે અર્થે સખી આશ્રમ (રાયપુર), ઉપાસના મંડળી (સક્કર), સખી સત્સંગ (હૈદ્રાબાદ) અને સુધાર સભા (લાડકાણા)ની સ્થાપના કરી.

અધ્યાપન ક્ષેત્રે પોતાના બહોળા અનુભવ પરથી ૧૯૩૩માં 'મીરા શિક્ષણ ચળવળ' આરંભી અને હૈદ્રાબાદમાં સંત મીરાબાઈ (૧૪૯૮-૧૫૪૭)ના નામે શાળાઓ - આશ્રમોની સ્થાપના કરી. તેની પાછળનો ઉદ્દેશ બહેનોના જીવનમાં ઉચ્ચ આદર્શોનું સિંચન

કરવાનો હતો. શિક્ષિત બાળકી સમાજમાં ઘણો સુધારો લાવી શકે. તેથી કન્યા શિક્ષણને ખાસ મહત્ત્વ અપાયું. હવે એમના જીવનમાં જાણે 'સેવા અને ત્યાગ'નું નવું પર્વ શરૂ થયું.

શિક્ષણ સાથે ચારિત્ર્ય ઘડતર, આધ્યાત્મિક મૂલ્યો, ભક્તિ-સત્સંગ અને માનવસેવા પર ખાસ ભાર મૂક્યો. **સમાજમાં સેવા, સાદગી, સમર્પણની ભાવના અને સંત સંદેશના પ્રસારાર્થે દેશભરમાં તેઓ ફરતા રહ્યા. 'ગરીબસેવા એ જ ઇશ્વરસેવા' એમનો ધ્યેયમંત્ર બની ગયો હતો.** મીરાબાઈનાં જીવન કવનના આદર્શો પર રચિત આ સંસ્થાએ પછી વ્યાપક સ્વરૂપ પકડ્યું. ૧૯૪૬માં ગીતા મંદિરની પણ સ્થાપના કરેલી.

- **પૂનામાં પ્રવૃત્તિઓનો પ્રારંભ :**

દેશના ભાગલા બાદ ૧૯૪૮ની આખરમાં તેઓ ભારત (પૂના) આવ્યા. પ્રથમ તો અહીં નિર્વાસિત સિંધીજનોને મદદ કરવા એક કેન્દ્ર ચાલુ કર્યું. શિષ્યોના સહકારથી જાન્યુઆરી ૧૯૫૦માં કોરેગાંવ પાર્કમાં 'રાધાકૃષ્ણ ધર્માદા દવાખાનું' શરૂ થયું અને આખરે જૂન ૧૯૫૦થી આ જ સંકુલમાં શિક્ષણ સંસ્થાઓ આરંભાઈ.

ક્રમશઃ તેમાં સંત મીરાને નામે કૉલેજ, માધ્યમિક શાળા, અંગ્રેજી શાળા, છાત્રાલય, ગીતાભવન, દવાખાનું આવી વિવિધ પ્રવૃત્તિઓ ચાલુ રખાઈ. તેઓ માત્ર સ્ત્રીશિક્ષણ નહીં, પરંતુ સ્ત્રી સ્વનિર્ભર બને તે માટે પ્રયત્નશીલ રહેતા. કેન્દ્રોની નારીશાળામાં વિવિધ હુન્નરોની તાલીમ મેળવી સ્ત્રી પગભર બને એવું ઇચ્છતા. તેઓ ઔપચારિક શિક્ષણ સાથે સાંસ્કૃતિક મૂલ્યો સહિતની જીવનલક્ષી કેળવણી આપવા માંગતા હતા.

અહીંથી તેમણે અંગ્રેજીમાં 'ઇસ્ટ એન્ડ વેસ્ટ', 'મીરા' અને સિંધીમાં 'શ્યામ' નામે પત્રિકાઓ શરૂ કરી. તેઓ ઊંચનીચના ભેદ મિટાવવા, દરિદ્રોને મદદરૂપ થવા, જીવદયા કેળવી શાકાહારી બની રહેવા અને નિરર્થક રૂઢિઓ નાબૂદ કરવાનો ઉપદેશ આપતા. **એમના ધાર્મિક લેખો, પ્રવચનો, જાહેર કીર્તનો-સત્સંગો, સેવાકીય પ્રવૃત્તિઓ વગેરેને લીધે તેઓ આધ્યાત્મિક વિભૂતિ તરીકે અને 'સાધુ વાસવાણી'ના આદરભર્યા નામે પ્રસિદ્ધ થતા ગયા.**

વાસવાણીજી એક સફળ લેખક પણ હતા. એમણે ચાલીસેક અંગ્રેજી અને ત્રણસો ઉપરાંત સિંધીમાં પુસ્તકો લખ્યા છે. એમનું અધિકાંશ આધ્યાત્મિક પદ્ય સાહિત્ય 'નૂરી' ઉપનામથી પ્રસિદ્ધ થયું હતું. સિંધી કાવ્યસંગ્રહ 'નૂરી ગ્રંથ'માં એમણે વેદાંત અને ઉપનિષદોનો સરળ વાણીમાં સાર આપ્યો છે. તો, 'ક્વેસ્ટ'માં હૃદયંગમ ભજનો સંગ્રહાયા છે.

સ્વામી દયાનંદ સરસ્વતી (૧૮૨૪-૮૩)ના શતાબ્દી પ્રસંગે 'વોઇસ ઓફ આર્યાવર્ત' અને 'ધ ટોર્ચ બેરર' નામે બે ગ્રંથો (૧૯૨૫) લખેલા. અન્ય પુસ્તકોમાં સિંધ એન્ડ ધ સિંધીઝ, ઇન્ડિયા એરાઇઝન, ઇન્ડિયા ઇન ચેઇન્સ, અવેક યંગ ઇન્ડિયા, માય મધરલેન્ડ, ધ સિક્રેટ ઑફ એશિયા, બિલ્ડર્સ ઑફ ટુમોરો, રિલિજિયન એન્ડ કલ્ચર, ધ વિઝન ઑફ ઇન્ડિયા, સ્પિરીટ ઑફ ઇન્ડિયન કલ્ચર, યુથ એન્ડ ધ નેશન, ધ ભગવદ્ ગીતા વગેરે ખૂબ જાણીતા છે.

- **વારસો - સ્મૃતિ - સંસ્મરણ :**

સાદગીપૂર્ણ, ભક્તિમય અને પરમાર્થી જીવન જીવતાં સાધુ ટી. એલ. વાસવાણીનું ૧૬મી જાન્યુઆરી, ૧૯૬૬ના પૂના ખાતે અવસાન થયું. એમની વિદાય પછી એમના ભત્રીજા - શિષ્ય દાદા જશન પહેલાજરાય ઉર્ફે જે.પી. વાસવાણી (૧૯૧૮-૨૦૧૮)એ પૂના કેન્દ્રનો 'સાધુ વાસવાણી મિશન' નામે વિસ્તાર કર્યો છે. મિશનનાં વિવિધ પારમાર્થિક સેવાકાર્યોને એમણે પ્રેમથી અને જોમથી દેશવિદેશમાં પ્રસાર્યા છે.

ટી.એલ. વાસવાણીના માનવીય કાર્યોનો ખૂબ વિકાસ થયો. ભારત અને વિદેશનાં અનેક શહેરોમાં વાસવાણી કેન્દ્રો સ્થપાયા છે. તેના દ્વારા શાળા - કોલેજો, દવાખાના, નારીવિકાસ, ગ્રામ્યવિકાસ જેવી સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરાય છે. પૂના ખાતે સંસ્થાના છ વિદ્યાલયો અને હોસ્પિટલો કાર્યરત છે. ગરીબોને દરરોજ ભોજન કરાવવા દાદા ભંડારા ચલાવવામાં આવે છે. આ બધાં એમનાં લોકહિતકારી જીવંત સ્મારકો છે.

મિશન દ્વારા મહારાષ્ટ્ર - ગુજરાતનાં ઘણાં ગામોને દત્તક લઈ તેનો વિકાસ કરાય છે. **પ્રાણીમાત્ર પ્રત્યે અનુકંપા દાખવી લોકોને શાકાહારી બની રહેવા મિશન તરફથી વિશ્વભરમાં ઘનિષ્ઠ પ્રયાસો થાય છે.** આમ, વાસવાણીજીએ સિંધમાં પ્રજાહિતના કાર્યો શરૂ કરેલાં તેનાથી વધુ કાર્યો કરવાની સગવડ અને વ્યાપ ઇશ્વરે તેમને પૂનામાં કરી આપ્યા. તેના થકી આજે એમના વિચારો અને કાર્યોની સુગંધ ચોમેર પ્રસરી રહી છે.

સાધુ વાસવાણીની ૯૦મી જન્મજયંતી પર ટપાલ ખાતા દ્વારા ૨૫મી નવેમ્બર, ૧૯૬૯ના વીસ પૈસા મૂલ્યની એક ખાસ સ્મારક ટપાલ ટિકિટ પણ બહાર પાડવામાં આવી હતી. ઘેરા રાખોડી રંગમાં મુદ્રિત અને ઊભા આકારની આ ટિકિટ પર એમની પૂર્ણ કદની તસવીર આપવામાં આવી છે. તો, મિશનના અનુરોધને માન આપીને **યુનોએ ૧૯૮૬માં એમની જન્મજયંતી ૨૫મી નવેમ્બરને 'નિરામિષ (શાકાહારી) દિન' તરીકે જાહેર કર્યો છે.** મહાન શિક્ષણ વિદ્ અને માનવતાવાદી વાસવાણીજીનું પૂનામાં સુંદર સ્મારક રચવામાં આવ્યું છે, જ્યાં એમની પરોપકારિતા અને કાર્યશીલતાની મશાલ સદાય ચમકતી રહે છે.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

સંસ્થા / વ્યક્તિ વિશેષ

# ગરીબ દર્દીઓને દવા પહોંચાડતી ડ્રગ બેંક



ડૉ. નાનક ભટ્ટ

કો-ઓપરેટિવ લૉ ના સિનિયર ઍડવોકેટ શ્રી હર્ષદભાઈ આચાર્યને વર્ષ ૨૦૦૪માં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા. ડૉક્ટરો અને દવાની સાંઠગાંઠ, તે દવાખાનાનાં રોકાણ દરમિયાન ડૉક્ટરોએ બ્લડ સુગર તથા કોલેસ્ટેરોલ પ્રકારે ૩૮ ટેસ્ટ અને રિપીટ ટેસ્ટ કરાવડાવ્યા. અલગ અલગ ૧૩ પ્રિસ્ક્રીપ્શન થકી રૂા. ૨૭,૦૦૦/-ની દવાઓ મંગાવી લીધી. છાતીમાં દુઃખાવાની નજીવી ફરિયાદમાં ડૉક્ટરોની જાળમાં ફસાયેલા આચાર્ય અંતે કંટાળ્યા ને ૧૮મા દિવસે હોસ્પિટલનું બાકી બીલ ચૂકવી સ્ટેટ ટ્રાન્સપોર્ટની સાદી બસમાં બેસી ભાવનગર આવતા રહ્યા.

શારીરિક માંદગીમાં ગરીબ વ્યક્તિની લાચારી, માનવ શરીરની સેવાના નામે વ્યવસાય કરતા ડૉક્ટરો, હોસ્પિટલ જેવા મહાકાય એકમોના નિભાવ માટેની મથામણ નજરે જોતાં શ્રી હર્ષદભાઈનું મન વ્યથિત હતું. તેવા સમયે પ્રમુખ સ્વામી મહારાજને મળતા બાપાએ કહ્યું, ગરીબ માણસો માટે દવાની વ્યવસ્થા ગોઠવો, એ દર્દી નારાયણનું કામ છે!!!

**વિનાયક કેળવણી મંડળ નામે સ્વૈચ્છિક સંસ્થા બનાવી મોટા અક્ષરે 'ગરીબો માટે દવાઓ મફત' તેવું પાટિયું ચિતરાવ્યું** અને મિત્રોના સહકારથી ભાવનગર શહેરનાં મધ્યભાગે દુકાન લીધી. ભગવાનનું કામ હતું તે હિતેશ પંડ્યા નામે અનુભવી ફાર્માસિસ્ટ સાથી મળ્યો. આથી સરકારી નિયમો અનુસાર ડ્રગ લાઈસન્સ મળ્યું અને **વર્ષ ૨૦૦૫માં ડ્રગબેંક કાર્યાન્વિત થઈ.**

સફેદ લેંઘો, સદરો, પગમાં ગાંધી ચંપલની મર્યાદિત જરૂરિયાતોથી અલગારી જીવન જીવતા વકીલ શ્રી હર્ષદભાઈની સેવાવૃત્તિથી ભાવનગર પરિચિત! આથી ડૉક્ટરો, મેડિકલ સ્ટોરનાં માલિકો અને આમ નાગરિકો પાસે પડી રહેલ દવાઓ મળતી થઈ. મંદિરો, મસ્જિદો અને જૈન દેરાસર પાસે મૂકેલા ડબ્બામાં પણ લોકો બિનઉપયોગી દવાઓ નાખી જતા. રવિવાર સિવાય આખું વર્ષ સાંજના ૫.૩૦થી ૮.૩૦ સુધી ડ્રગ બેંક ખુલ્લી રહે. **દરમિયાન જરૂરિયાતમંદ દર્દીઓ ડોક્ટરનું પ્રિસ્ક્રિપ્શન લઇ આવે અને વિનામૂલ્યે દવાઓ મેળવી શકે છે.**

ભાવનગર જેવા ૧૩ લાખની વસ્તીના શહેરમાં મહિને અંદાજિત રૂા. ૭ લાખની દવાઓ દર્દીઓ પાસે પડી રહે છે. તે વિગત મેડિકલ સ્ટોરનાં માલિકો પાસેથી જાણ્યા પછી તો ડ્રગબેંકના ૮૬ વર્ષનાં કર્મઠ સેવક કરશનભાઈ, કમલેશભાઈ પંડ્યા અને વિપુલભાઈ બારૈયા જેવા વીસેક સેવાભાવી યુવાનો ગરીબ માણસની સેવા કાજે ડૉક્ટરો પાસે, મેડિકલ રિપ્રેઝન્ટેટિવ, દવાની દુકાનો અને આમ નાગરિકો પાસે ફરી... ફરી... દવાઓ એકત્ર કરવા લાગ્યા. તો અન્ય સેવકો, મળેલ દવાઓ પૈકી એક્સપાયરી ડેટની દવાઓ છૂટી પાડવા લાગ્યા. તો કોઈ ગરીબ દર્દીઓના પ્રિસ્ક્રિપ્શન વાંચી નાના-મોટા રોગોની રૂા. ૫૦-૧૦૦થી માંડી **બ્લડ કેન્સર જેવા રાજ-રોગ માટેની ૧ માસ માટેની ૬૦ ગોળીના રૂા. ૧,૬૫,૦૦૦ની દવા પણ સેવાર્થે આપતા થયા.**

માનવ શરીરની મોંઘી સારવાર અને મોંઘી દવાઓના કાળમાં **દરરોજ સવાસોથી દોઢસો દર્દીઓને રૂા. ૨૫થી ૩૦ હજારની દવા વિનામૂલ્યે આપવામાં આવે છે.** દુકાન પાસે પાટિયામાં માત્ર બે સૂચના છે : (૧) સેવા બદલ દર્દી નારાયણ પાસેથી કોઈ શુલ્ક કે દાન લેવામાં આવતું નથી. (૨) આપેલ દવાઓ ડૉક્ટરને બતાવી, ખાત્રી કરી લેવી.

સંસ્થાના પાયાનાં કાર્યકરો શ્રી અચ્યુતભાઈ મહેતા (મો. ૯૮૨૫૨ ૦૫૭૬૩) ઓળખાણ - પીછાણ ધરાવતા વેપારીઓ, ઉદ્યોગપતિઓને મળી રોજની રૂા. ૫,૦૦૦/-ની દવાઓ દાનમાં મેળવવા પ્રયત્નશીલ રહે છે. તો શ્રી પુનિત આચાર્ય (મો. ૯૪૨૬૪ ૬૩૫૪૮) જેવા યુવા કાર્યકરો ઈન્ટરનેટ અને વૉટ્સએપ ઉપર ગરીબ દર્દીઓ માટે જરૂરી દવાઓની અપીલ કરતા રહે છે.

સેવાભાવી નાગરિકો થકી ચાલતી ડ્રગબેંકનો સમય સાંજનો છે પણ સમયથી પહેલા કે પછી કોઈ દાતાઓની તરફથી મળતી દવાઓ આસપાસના દુકાનદારો સ્વીકારીને ડ્રગબેંકને સોંપી, સેવાની જ્યોત પ્રજ્વલિત રાખે છે. **પ્રતિવર્ષ રૂા. ૧.૫ કરોડની દવાઓનું વિનામૂલ્યે વિતરણ કરતી ડ્રગબેંક દ્વારા ગરીબોનું હિત તો થાય જ છે** પણ બિનજરૂરી રીતે વ્યય થતું બહુમૂલ્ય દ્રવ્ય (મેડિસિન) પણ કચરે જતું અને હવામાં પ્રદૂષણ કરતું અટકે છે. આમ છતાં બેંકનાં સેવકોને મનમાં રંજ રહે છે કે બાળકોનાં રોગની, ચામડીનાં રોગોની કે આજકાલ વધતા જતાં મનનાં

રોગોની દવાઓ પૂરતા પ્રમાણમાં ન મળતા મહિને રૂા. ૩૦,૦૦૦ ની દવાઓની ઘટ રહી જાય છે.

૩ થી ૫ હજાર પ્રકારની દવાઓનાં એકત્રીકરણ અને જાળવણી માટે સંસ્થા પાસે વ્યવસ્થા છે પણ ભાવનગર શહેરમાંથી દવાઓ એકત્ર કરનાર સ્વયંસેવકોની ઘટ છે. ભાવનગર યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય વિષયનો અભ્યાસ કરાવતી કૉલેજો છે પણ પુણ્યનું કામ કરતાં વિદ્યાર્થીઓ બહાર આવતા નથી. **આથી દેનાર છે, લેનાર છે પણ બંને વચ્ચેની કડી નબળી રહી જાય છે! જો કે મુંબઈથી કુલીનભાઇ લુઠિયા જેવા દાતાઓ** સમયાંતરે પોતાના ખર્ચથી પાર્સલ કરી દવાઓ મોકલી, દર્દીઓની જરૂરિયાતોને સમજે છે. આથી ડ્રગબેંકની 'માનવ જ્યોત' ઝળહળે છે.

ડ્રગબેંકમાં દવા લેવા આવતા દર્દીઓને જૂનાં પ્રિસ્ક્રીપ્શન મુજબની દવાઓ અપાતી નથી પરંતુ ભગવાનનું કામ પૂજાભાવથી થાય છે તે ૧૭ વર્ષમાં એકપણ દર્દીને દવાનું રીએક્સન આવ્યાનું જાણમાં નથી. કોઈ દર્દીને દવા જોઈતી હોય ત્યારે જ કોઈ દાતા દવાઓ લઇ જ આવે તેવા ચમત્કારિક સત્ત્વનું દર્શન અહીં વારંવાર થાય છે. ડ્રગબેંક એટલે સ્વાસ્થ્યનો અન્નકૂટ!!

રાજ-રજવાડાઓ ઓગળી ગયા છે પણ સરકારી બાબુઓ અને મંત્રીના એશોઆરામથી વધતાં ખર્ચાઓને પહોંચી વળવા સરકાર ટેક્સનાં માળખાને ભારેખમ બનાવી રહી છે અને આથી જ તો પેટ્રોલના મૂળ ભાવ કરતાં સરકારી ટેક્સની રકમ વધુ છે. તેમ મેડિસિન ઉપરનાં ટેક્સને પણ આવકનું સાધન માનતી સરકારોનાં કારણે આજે ૫૫૦૦/-ની પડતર કિંમત ઉપરની દવાની MRP રૂા. ૨૫૫૦૦/- છપાય છે અને બીમાર માણસનાં ખિસ્સાનો ૪૦% હિસ્સો સરકારી વહીવટનાં નિભાવ માટે કાયદાના નામે ખેંચાઈ જાય છે!!!

આવી બેધારી કલ્યાણ નીતિ સામે ભાવનગરની સેવાભાવી સંસ્થા શરીરનાં રોગીઓને ઈશ્વર ભક્તિનાં ભાવથી મદદરૂપ થાય છે, સાથે પર્યાવરણ જાળવણીનું કામ પણ કરે છે. ડ્રગબેંકના સેવા કર્મીઓની ભાવના છે કે એક પેથોલોજી લેબોરેટરી દ્વારા દર્દીઓને પ્રામાણિક અને વ્યાજબી સેવા મળે.

ધમ્મપદમાં ભગવાન બુદ્ધે કહ્યું છે, **"માનવ શરીરને બે જ દુઃખ પહોંચે છે એક શરીરનું અને બીજું ભૂખનું. બાકી દુઃખ મનના હોય છે."** આ સત્ય - તત્ત્વને સમજી શ્રી હર્ષદભાઈના સ્વર્ગવાસ પછી સેવાભાવી સાથીઓ યજ્ઞ થકી ઈશ્વરના પ્રસાદ સમા માનવ શરીરની કાળજી લેવાનું કામ કરે છે, જે બીજા શહેરમાં પણ થવું ઘટે.

*૫૦૭, શિશુવિહાર, ભાવનગર.*
*મો. ૯૮૯૮૪ ૬૩૪૮૯*

## સંસ્કાર

**(અનુસંધાન : પાના નં. – ૯૪ ઉપરથી ચાલુ)**


ખૂબ સારા સંસ્કાર આપ્યા હતા. તેઓ ધીમે ધીમે મહેનત કરીને આગળ વધવા લાગ્યા અને સમાજમાં પોતાનું નામ અને દામ બંને કમાઈ લીધા. હવે રાજીવભાઈ અને તેમની પત્ની ખૂબ જ આરામથી પોતાની જિંદગી ગુજારતા હતા. બંને દીકરાઓ પણ તેમનું ખૂબ જ માન રાખતા હતા અને તેમની બધી જ સગવડો સાચવતા હતા. આ બાજુ રાજેશભાઈના દીકરાઓએ બાપના પૈસે લીલા લહેર કરી હતી. એટલે તેમને કામકાજ કરવું ગમતું જ ન હતું. તેઓ હરામ હાડકાનાં થઈ ગયા હતા. રાજેશભાઈની પત્ની પણ ટૂંકી માંદગીમાં સ્વર્ગે સિધાવી ગઈ હતી. રાજેશભાઈ વૃધ્ધ થયા એટલે તેમના છોકરાઓએ તેમને ઘરમાંથી ધક્કા મારીને કાઢી મૂક્યા. તેઓ એક અનાથાશ્રમમાં જિંદગી વિતાવવા લાગ્યા અને પોતાના નસીબને કોસવા લાગ્યા. આ બાજુ રાજીવભાઈની સ્થિતિ હવે ખૂબ સારી થઈ ગઈ હતી. તેઓ એક દિવસ તેમના દીકરાઓને લઈને અનાથાશ્રમમાં દાન કરવા ગયા. ત્યાં તેમને રાજેશભાઈ મળી ગયા. રાજેશભાઈ રાજીવભાઈને જોઈને તેમને વળગી પડ્યા અને ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યા અને બોલ્યા, 'મારા દોસ્ત, તારી વાત સાચી હતી. **મેં મારા દીકરાઓને ધન તો આપ્યું પણ સંસ્કાર ના આપ્યા અને એનું ફળ મારે હવે ભોગવવું પડી રહ્યું છે.** મને માફ કરી દેજે. તારી સાચી વાત હું તે સમયે સમજી ના શક્યો અને મારે આ દિવસ જોવાનો વારો આવ્યો.' રાજીવભાઈના દીકરા ખૂબ સંસ્કારી હતા. તેઓ બોલ્યા, 'કાકા, તમે ચિંતા ના કરો. અમે છીએ ને... અમે તમારા દીકરા જેવા જ છીએ. તમે અમારી સાથે જ ચાલો. આજથી તમારે અમારી સાથે અમારા ઘેર જ રહેવાનું છે.' આમ કહીને તેઓ રાજેશભાઈને પોતાની સાથે પોતાના ઘેર લઈ ગયા.

આનું તાત્પર્ય એ છે કે સંતાનોને વારસામાં ધન નહીં આપો તો ચાલશે પરંતુ આપવું જ હોય તો સારા સંસ્કાર આપો. સંસ્કારી માણસ ક્યારે પણ કોઈનું બૂરું કરતો નથી અને એક અસંસ્કારી વ્યક્તિ આખા પરિવારનું પતન કરે છે. **સંસ્કાર જ માણસની સાચી સમૃદ્ધિ છે.** પૈસા કમાવા માટે બુદ્ધિની જરૂર પડે છે પણ એના સદુપયોગ માટે સંસ્કારોની... જે લોકો કોઈ પણ વસ્તુમાંથી સુંદર અર્થ શોધી કાઢે અને સુંદર વિચારો કરે એ સાચા સંસ્કારી છે... અને માતા-પિતા જ સંસ્કારોના સાચા દાતા છે.

*(મારા પ્રત્યેક લેખમાં રજૂ કરેલા વિચારો અને વિધાનો મારા મૌલિક હોવાનો દાવો નથી. વાંચન, અનુભવ, સત્ય ઘટનાઓ વગેરેમાંથી સંકલિત કરીને એમાં મારા વિચારો ઉમેરીને પ્રત્યેક લેખ દ્વારા રજૂ કરવામાં આવે છે. આશા છે કે તમને જરૂર ગમશે.)*

*૪૦૧, મૌર્યગ્રેસ, કિનારીવાલા કોમ્પ્લેક્સની બાજુમાં,*
*ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*
*મો. ૯૮૨૫૧ ૫૧૫૧૩*

## લઘુ કથા



*પ્રેમજી પટેલ*

### મૂર્તિ

'કેમ ડોહા, મૂર્તિ થઈ જ્યા છો, પ્હાણાની જેમ ચૂપ બેઠા છો?' કહેતા તેણે વિધવા જીતા વહુને પાણી પી ને ખાલી ગ્લાસ પાછો આપ્યો.

ભઈ, બધી ખબર છે તે જીતાનો છોકરોય નિશાળમાં ભણવા મૂક્યો પણ તોય એવીયા ના સુધરે તો સ્યું કરવું! કશું કહેવું એટલે... ભરેલી બંદુક જેવી જીતાની જીભ યાદ આવી ગઈ. તરત સળવળાટ બંધ થઈ ગયો. જયમલ ડોહાના વેણ તો જીતા લગી પહોંચાડવાનાં શક્ય નથી. ડાહ્યા ડોહા, જાપરા બાજુથી જોયું તો તમારી કડબ સારી વધી છે. વાડેય જબરી કોટ જેવી છે... ઊફરાટું ખૂણા પર એક છીંડું પડેલું જોયું. સગડીનું બટન ફેરવી ગેસ ધીમો કરે એમ અવાજ એકદમ ઝીણો કરી ક્યે, તમારી વહુને ક્યેજો તે એકાદ છીંડું પડે ત્યાં સુધી વાંધો નથી પણ પછી બીજા બેચાર છીંડાં પડ્યાં તો રોઝડાં લોઈ પી જશે! લીલીછમ જારમાં આળોટશે ને પાથરા કરશે હાં...! કહી તો દેવાય પણ જીતા સ્વભાવ પર જાય અને કાઢી મેલે તો? જુદા જાંવ ક્યે'તો? ખાવાપીવાનો, કપડાંલત્તાનો ને... રાન રાન થઈ જવાય આ ઉમ્મરે, એના કરતાં તો મરી જવું સારું!

મારા પહેલા જયમલ ડોસાએ પડઘો પાડ્યો. સબસે બડી ચૂપ. સહદેવની જેમ પૂછ્યા વના ઉત્તોર દેવો નહીં, ભલે એ મરતી. તમે ધાન વગર રઝળશો, એવો ધંધો કરતા નહીં... વિચારોમાં સ્થિર થઈ ગયેલો... ફરી પૂછ્યું તે હળવેથી ધીરી બાપુડિયાં, ડોસા થાવ પછી કહેજો તે પ્હાણો થઈ જવું સારું કે ખોટું? મારાથી બોલી જવાયું.

### ખૂણો

'જોર ઠંડી છે નહીં?'

'હં... ઊંઘ જ નથી આવતી' પત્નીએ પડઘો પાડ્યો પણ બોલ અધૂરો છોડ્યો...

'કેમ, તે કંઈ તકલીફ?'

...એણે કોઠલાવાળા ખૂણે જોયું પછી બોલી : 'બા નો ખાટલો અહીં ને નસકોરા...'

હું ખૂણા તરફ જોતો રહ્યો. ગયા શિયાળે ટાઢ જબરી.

તે બા, તમે ને ઉષા ઘરમાં પાથરો તો...

બા તરત બોલેલા : 'અમે તો વગડાની ટાઢ્યે વેઠેલી, તમતમારે બે જણાં પાથરાં, ઓંય બહાર મને તો ઝટકાય નથી પડવાના... આટલું ગરમ ઓઢ્યું છે તે – છેવટે ખૂબ સમજાવ્યા ત્યારે બાનો ખાટલો કોઠલાવાળા ખૂણામાં અને તેમના માથા પાછળના ભાગમાં અમારા અડોઅડ પાથરી દેતા.

બા ગાઢ નિદ્રાના પ્રદેશમાં પહોંચે એ વાત સહેલાઈથી પરખાતી કારણ તેમનાં નસકોરાં લયબદ્ધ સૂર રેલાવી ચાડી કરતાં... પછી તો અમેય નિરાંતે... એકદમ યાદ આવ્યું...

'સંગીત બંધ છે માટે?'

'હં... બા તો હાજરાહજૂર હોય એમ...' કોઠલાવાળા ખૂણે જોતાં એ બોલી. મારી નજર પણ એ ખૂણે રમવા માંડી. કોઈ વિશાળ વૃક્ષ નીકળી ગયું હોય એમ બા વગરનો ખૂણો વધારે વિસ્તર્યો હોય એમ લાગ્યું અને ખાલીપો પણ...

ઘડીભર હિમ પડ્યું હોય એમ મૂક થઈ ગયા.

ત્યાં બાના શબ્દો કાને અને આંખે સળવળ્યા!

*મહાદેવ વાસ, મુ.પો. ખેરોલ,*
*તા. તલોદ - ૩૮૩ ૨૧૫. (જિ. સાબરકાંઠા)*
*મો. ૯૪૨૬૩ ૬૫૮૦૨*

## લઘુ કથા



*હરિવદન જોશી*

### ભેટ

શેઠે દુકાન વધાવી વકરો કાપડની નાની કોથળીમાં મૂક્યો. તાળું લઈ ઊઠવા જતા હતા ત્યાં એક યુવાન અને યુવતી પ્રવેશ્યા. સોહામણો નવયુવાન એની પત્ની સાથે આવ્યો હતો.

'શેઠ કાકા, કેમ છો?'

શેઠે યુવાન તરફ જોઈ યાદદાસ્ત તાજી કરી. કંઈ યાદ આવ્યું નહીં. એમણે પૂછ્યું, 'કોણ ભાઈ?' યુવાને કહ્યું, 'હું મનોર. મારી મા તમારે ત્યાં કામ કરતી હતી. બહુ વરસ થયા. પછી તો હું સાત ચોપડી ભણી શહેરમાં જતો રહ્યો. કારખાનામાં નોકરી કરું છું. મારી પત્ની હારુ સાડી લેવા આવ્યો છું.'

શેઠની નજર આગળથી વીસ વર્ષ દૂર થઈ ગયા. એમને મંદા યાદ આવી ગઈ. નાજુક, નમણી, સહેજ ભીનેવાન પણ જોતાં જ ગમી ગયેલી અને ઘરકામ માટે રાખી લીધેલી. થોડા સમય પછી શેઠાણીની માંદગી, એમનો પિયરવાસ અને મંદાનો સહવાસ, એકાંતવાસ. તે દિવસે ધોધમાર વરસાદ પડેલો અને પોતે પણ વરસી પડેલા!

શેઠે કહ્યું, 'મનોર, બહુ મોટો થઈ ગયો. મંદા મારે ત્યાં આવતી ત્યારે તો તારો જન્મ પણ નહીં. તારા બાપુ કાયમના માંદા. તમે કેટલા ભાઈ-બહેન? મંદા ક્યાં છે?'

મનોરે કહ્યું, 'બાપુજી ટી.બી. રોગમાં મરી ગયા. મા પણ બે વરસ પહેલાં મરી ગઈ. હું એકલો જ છું. ઓણ વૈશાખમાં લગ્ન કર્યાં.'

'મારે સાડી જોઈએ છે.'

શેઠે સીફોનની સાડી અને ગ્વાલિયરના શર્ટ-પેન્ટનું કાપડ પેક કરી આપતાં કહ્યું, 'લે, આ શેઠ કાકા તરફથી ભેટ. પૈસા નથી લેવાના.'

*'સંવેદના', ગાંધીચોક, નિકોરા,*
*જિ. ભરૂચ-૩૯૨૦ ૩૧. મો. ૯૮૯૮૩ ૨૯૦૬૪*

## લઘુ કથા



*હરીશ મહુવાકર*

### રસથાળ

એક વરસ પછી સ્વરા આવી હતી. સરલાએ ભાખરી અને ચા ટેબલ પર મૂક્યા. મા-દીકરી નાસ્તો કરવા બેઠા.

સ્વરા પરણીને ગઈ ત્યાં સુધી એને કોઈ કામનો ખાસ અનુભવ નહીં. ચાલી જાય તેટલું શીખી હતી એ પણ કટકે કટકે. એણે સાયન્સ રાખેલું એટલે ભણવા સિવાય બીજું કશું કરવાને સમય હતો જ નહીં. એ પછી સ્નાતક કરવા એ બહારગામ ગઈ. વેકેશનમાં આવે ત્યારે મૂડ હોય તો શીખે નહિતર કહી દે : મા, મને મોજ કરવા દે. હું કાંઈ શીખવા નથી આવી. તારી ખોટ સાલે જમવાની નહીં.'

સરલા કહે, 'થોડું શીખીશ તો એ તને કામમાં આવશે.'

'પણ મા, તું છો ને?'

'તારી સાથે કાયમ થોડી રહેવાની? પરણીશ ત્યારે શું થશે?'

'એવો છોકરો ગોતજે, જેને બધું આવડતું હોય.'

'મારી વ્હાલુડી, એમ ન ચાલે.'

અને એ ભણતી રહી. ઘરકામ અને રસોઈ, મહેમાનો, વ્યવહાર અને ઘણી બધી વસ્તુઓથી એ દૂર રહી ગઈ હતી.

અને હવે લગભગ એકાદ વરસ પછી સ્વરા આવી હતી. જરૂર પડતી ત્યારે ફોન કરીને પૂછી લેતી. સરલાના મનમાં એને શીખવવા સારું અને કૈંક નવું ભોજન મળે એટલે એણે ચા પીતા પીતા કહ્યું, 'આજે રસથાળ બનાવું હોં તારા માટે. તું મારી બાજુમાં ઉભી રહીને જોજે.'

'રસથાળ એટલે?'

'એવી વસ્તુઓનો થાળ જેને જોતા જ મોઢામાંથી રસ ઝરે.'

'એ લે... એવું?' એ ઊભી થઈ અને માને ગળે વળગી પડી. કહે, 'મારી માવડી, તારા હાથની ચા - ભાખરી જ બહુ છે. તને મિસ કરું છું મા... તું જ મારો રસથાળ છો.'

*"અમે", ૩/એ, ૧૯૨૯, નંદાલય હવેલી પાસે,*
*સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨. ● મો. ૯૪૨૬૨ ૨૩૫૨૨*

## લઘુ કથા



*જસ્મીન દેસાઇ 'દર્પણ'*

### દીકરી તો... હંમેશાં દિવાળી...

વિભાકરભાઇ અને નિરંજનાબહેને આ દિવાળી ઉપર વેવાઇને ભોજન કરવા નિમંત્રિત કરવાનું નક્કી કર્યું. જો કે વેવાઇ નિખિલભાઈ અને વાસંતીબહેન કે જે વિભાકરભાઇ અને નિરંજનાબહેનના પુત્ર મનોજની ધર્મપત્ની સુલોચનાના માતા-પિતા હતા. તેઓ દીકરીના ઘરનું પાણી પણ ન પીએ એમ માને છે છતાં વિભાકરભાઈએ તેઓને આગ્રહ કરીને - સમજાવીને - જમાનો બદલાયો છે એવું ગલે ઉતરાવીને વેવાઇને આ શુભ દિવાળીના દિવસે ભોજન માટે મનાવી લેવાનું નક્કી કર્યું. પરંતુ ઓહ! તેઓને વેવાઇ વિશે આવું કંઈ જ કરવાની જરૂર ન પડી! વેવાઇ નિખિલભાઈ અને વાસંતીબહેન ભોજન કરવા પધાર્યા... ઓહ! એમ કેમ હતું? એ એમ હતું કે 'દીકરી તો હંમેશ દિવાળી!'

આમ કરતાં, આ દિવાળીના આગલા દિવસે વિભાકરભાઇ અને નિરંજનાબહેન વેવાઇ એટલે કે પોતાની પુત્રવધૂ સુલોચનાનાં માતા-પિતા નિખિલભાઈ અને વાસંતીબહેનના ઘરે તેઓને દિવાળીના શુભ દિને પોતાના ગૃહે ભોજન કરવા આમંત્રણ આપવા અર્થે આવ્યા અને તેઓના ઘરની ડોરબેલ વગાડી. બારણું વેવાઇ નિખિલભાઈએ ખોલ્યું અને અચંબા સાથે તેઓને આવકાર આપ્યો... અચંબો એટલા માટે, કે નિખિલભાઈને થયું કે કોઈ દિ' નહીં ને આજે પોતાની દીકરીનાં આ સાસુ-સસરા ઘરે કેમ આવ્યા હશે! સુલોચનાની કોઈ ફરિયાદ કરવા - ધોખો કરવા આવ્યા હશે? ... ત્યાં તો આવી શંકાના વાદળો હટી ગયા.

સોફા ઉપર ગોઠવાયા... ને વિભાકરભાઈએ શરૂ કર્યું... નિખિલભાઈ, આપ સર્વે આવતીકાલના શુભ દિને અમારે ઘેર ભોજન કરવા આવો એ વિશે આમંત્રણ આપવા અમે આવ્યા છીએ. આ સાંભળીને નિખિલભાઈ અને વાસંતીબહેનને શાંતિ થઇ. જો કે દીકરી સુલોચના સાસરામાં બહુ સારી રીતે રહેતી હતી, છતાં મા-બાપને ક્યારેક ચિંતા થઇ જાય! અને નિખિલભાઈએ આ આમંત્રણ સામે પ્રત્યુત્તર વાળ્યો, 'અરે વિભાકરભાઈ, તમે ત્યાં ભોજન કરવા આવવાનું ક્યાં કહો છો? દીકરીના ઘરનું પાણી પણ ન પીવાય એ તમો જાણો તો છો અને હા, રહી વાત દિવાળીની... અરે! અમે આપ સહુનો અને અમારા જમાઇ મનોજકુમારનો ખૂબ આભાર માનીએ છીએ કે **તમો અમારી દીકરી સુલોચનાને ખૂબ જ સારી રીતે રાખો છો, આનંદથી રાખો છો, માન-સન્માનથી રાખો છો એટલે આ દીકરી તો અમારે મન હંમેશ દિવાળી જ છે...** બસ, તમારા આમંત્રણ બદલ આભાર... ત્યાં તો વિભાકરભાઈ ઉમળકાભેર ટહુકી ઉઠ્યા, 'અરે, સુલોચના વહુ જેવી પુત્રવધૂ તો ભાગ્યે જ કોઈ અમારા જેવા ભાગશાળી ઘરમાં હશે... તેમણે તો અમારા સર્વેનાં મન જીતી લીધા છે. ઘરનું - બહારનું સઘળું કામ પોતાની ઉપર લઇને હોંશે હોંશે કરે છે, અમને સહુને માન સન્માન આપે છે અને અમ સાસુ-સસરાને તો પોતાના માતા-પિતા જ ગણે છે. એટલે સુલોચના તો અમારી દીકરી જ છે. અમારે મન પણ આ દીકરી હંમેશ દિવાળી છે અને જુઓ, **નિખિલભાઈ, સુલોચના તમારી સાથે અમારી પણ દીકરી છે એટલે આપણે હવે વેવાઇ મટીને 'મિત્રો' જ થયા.** આથી અમારે ત્યાં ભોજન કરવા પધારો જ... અને નિખિલભાઈ અને વાસંતીબહેનના નયનો સુખે, આનંદે, સંતોષે ભીના થયા!... ને ભોજનનું આ આમંત્રણ સ્વીકારી લીધું... બસ, દીકરી તો હંમેશ દિવાળી!!

*'નિલયમ', એસ.બી.એસ. સોસાયટી,*
*સહકાર નગર મેઇન રોડ, મહિલા કોલેજ પાછળ,*
*રાજકોટ - ૩૬૦ ૦૦૭. મો. ૯૪૨૮૩ ૪૯૮૧૨*

બાળ વિભાગ

# દીવા દોડ્યા દડબડ... દડબડ...



ભારતીબેન ગોહિલ

દિવાળીની રાત.

ચારેબાજુ ફટાકડા ફૂટી રહ્યા હતા.

ધડામ... ધડામ... એવા અવાજો આવી રહ્યા હતા. નાનકડો પવન પણ પોતાના દાદીમા સાથે ફટાકડા ફોડી રહ્યો હતો. તેના ઘરની બરાબર સામે આવેલી દીવાલ પાસે એક છછુંદર અને તેનું બચ્ચું આંટા મારી રહ્યા હતા. છછુંદરનું બચ્ચું ભારે બીકણ! ફટાકડા ફૂટે ને બીએ. બીએ તો બીએ પાછું ભાગે! ભાગી ભાગીને અહીં જાય ને ત્યાં જાય.

છછુંદર કહે, 'પણ તું આમ ભાગ્યા કેમ કરે છે?'

બચ્ચુ કહે, 'મા... મને ફટાકડાની બહુ બીક લાગે.'

મા : પણ ભાગવાથી શું વળે? એનાથી થોડી આફત ટળે?

બચ્ચુ : તો પણ હું શું કરું? ને ત્યાં પાછો મોટો બોમ્બ ફૂટવાનો અવાજ આવ્યો. જેવો અવાજ આવ્યો કે બચ્ચું પાછું બીકનું માર્યું ભાગ્યું. ભાગતાં ભાગતાં પડ્યું એક ખુલ્લા ટાંકામાં! ટાંકામાં તો ઘણું પાણી! બચ્ચાની મા મુંઝાણી! બચ્ચું તો મા... મા... કરે. ચારેબાજુ અંધારું. છછુંદરને અવાજ સંભળાય ખરો પણ બચ્ચું દેખાય નહીં.

તેણે તો આડાઅવળા ઘણા ચક્કર માર્યા પણ કાંઈ વળ્યું નહીં. અજવાળું હોય તો કાંઈક દેખાય ને બચ્ચાને બહાર કઢાય. પણ અજવાળું કાઢવું ક્યાંથી?

ઓચિંતું તેનું ધ્યાન પવનના ઘર બાજુ ગયું. જોયું તો દીવાની આખી લાઈન. તે તો દોડી દીવા પાસે.

**જઇને પહેલા દીવાને કહે, 'દીવા દીવા સાથે આવ, થોડું તારું અજવાળું લાવ.'**

સાંભળીને દીવો કહે : 'ના... હોં... હું નહીં આવું.'

છછુંદર તો બીજા દીવા પાસે ગઈ. જઇને કહે, 'દીવા... દીવા... સાથે આવ, થોડું તારું અજવાળું લાવ.'

બીજો દીવો પણ કહે : 'ના... હોં... હું નહીં આવું.'

આમ છછુંદર તો ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા એમ બધા દીવા પાસે ગઈ પણ બધાએ ના પાડી. છછુંદર તો નિરાશ થઈ ગઈ.

ત્યાં પવનના દાદીમાનું ધ્યાન ગયું. કહે, 'અલી ઓ છછુંદર... આમ કેમ આંટા મારે છે? છછુંદરે તો પોતાનું બચ્ચું ટાંકામાં પડી ગયાની વાત કરી ને પછી કહ્યું, 'ત્યાં બહુ જ અંધારું છે ને કોઈ દીવા સાથે આવતા નથી.'

દાદીમાએ તો પોતાની લાકડી હાથમાં લીધી ને પહોંચ્યા દીવા પાસે. જઇને પૂછ્યું : 'અલ્યા દીવડાઓ, શું કહે છે આ છછુંદર? તમે બચ્ચાને બચાવવા જવાની ના પાડો છો?'

તો દીવડા કહે, 'હા દાદીમા... અમે નહીં જઈએ. અમને તો આજે દિવાળીની રાત્રીએ રોશની માટે ગોઠવ્યા છે. અમે અહીંથી હલીએ તો આડાઅવળા થઇ જઇએ... ને વળી તમારો ઠપકો મળે તે વધારામાં...'

દાદીમા કહે, 'ખરા છો તમે બધા! પણ, **રોશની તો બરાબર પણ એના કરતાં કોઈનો જીવ બચાવવો વધારે અગત્યનું કામ છે.** હવે સમય ન બગાડો ને ચાલો જલ્દી... બચ્ચાને બચાવીએ...' આટલું બોલી દાદીમાએ પોતાની લાકડી પછાડી ને પછી તો –

પહેલો દીવો દોડ્યો, દડબડ... દડબડ...

બીજો દીવો દોડ્યો, દડબડ... દડબડ...

ત્રીજો દીવો દોડ્યો, દડબડ... દડબડ...

ચોથો દીવો દોડ્યો, દડબડ... દડબડ...

આમ કરતાં કરતાં આઠ દીવા દોડ્યા. આગળ જાય છછુંદર પાછળ પાછળ દીવા ને એની પાછળ દાદીમા. બધા પહોંચ્યા ટાંકા પાસે. ટાંકાની ચારેય બાજુ બે-બે દીવડા ગોઠવાઈ ગયા. અજવાળું અજવાળું થઈ ગયું. છછુંદરને બચ્ચું દેખાઈ ગયું. દાદીમાએ પોતાની લાકડી ટાંકામાં લંબાવી. બચ્ચુ લાકડી પર ચડ્યું ને પછી ધીમે ધીમે બહાર નીકળી ગયું. તે તો પોતાની મા ને ભેટી પડ્યું.

દાદીમા ખુશ થયા ને દીવડાનો આભાર માન્યો. પછી કહે, 'હવે જાવ અને તમારી જગ્યાએ પાછા ગોઠવાઈ જાવ.'

દીવડા તો વળી દડબડ... દડબડ... દોડ્યા. પોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા... રોશની કરવા!!

*"શિવમ્", બટારવાડી, પટેલ ડીઝલ્સની પાછળ,*
*અમરેલી-૩૬૫ ૬૦૧. મો. ૯૪૨૮૩ ૪૧૦૪૩*

## SOME GOLDEN THOUGHTS....

*Presentation : Dinesh R. Mehta*

*If you want to give a real gift*
*to anyone,*
*Give them your Time, Attention*
*& Importance.*
*A loving Heart doesn't expect*
*anything more than that.*

*Hard Times are like a Washing Machine*
*They twist, turn & knock us ROUND,*
*But in the End*
*We come out Cleaner, Brighter &*
*Better than before.*

*Sweet answer by a child in Nursery School Admission interview :*
*Teacher : What is your mother's name?*
*Kid : 'અભી નામ નહીં રખા હૈ,*
*બસ પ્યાર સે 'માં' કહતા હું!'*

*"To know"*
*who am I and who I am not*
*is called Absolute Knowledge (Gnan).*
*– Dadashri*

*If you want to feel Rich,*
*Just count all of the things you have*
*that money can not buy.*

*The Man who is deluded*
*by the conviction*
*'I am the body'*
*thinks that God's world is*
*outside himself and far away.*
*Really God's world is inside the Heart.*

*Reality of life :*
*"People do not change*
*when you tell them better option,*
*They change only*
*when they realise*
*there is No other option."*

*Don't mix the words with your mood...*
*Because you'll have many options*
*to change your mood,*
*But you'll never get any option*
*to replace your spoken words!!*

*You will receive*
*everything you need*
*when you stop asking*
*for what you do not need.*
*– Nisargdatta Maharaj*

*Always try to spend few minutes*
*for your soul, even you are busy*
*Because one you can get free time*
*but not your soul back...*

*Awesome line :*
*"Trust a person to that*
*he/she feels guilty to cheat you."*

*Invest a few moments in thinking...*
*It will pay good interest.*

*If you Trust GOD,*
*Then Trust his timing too.*

# આંજો કાગર

## 'મંગલ મંદિર' : દરેકના વાંચનરસને સમૃદ્ધ બનાવતું સાહિત્યિક સામયિક

મુખપત્ર 'મંગલ મંદિર' માસ સપ્ટેમ્બર-૨૦૨૧નો અંક મને મળ્યો. વાંચી ખૂબ જ આનંદ થયો. સામાયિક દરેક વય કક્ષાને ગમે તેવું છે. આ સામયિકનું વાંચન દરેકને કંઈક તાજગી અને વૈવિધ્યસભર નવીનતા અર્પે છે. 'નારી તું ન હારી', 'મારી વહાલી દીકરીઓને પાપાનો પત્ર', 'મજિયારી મા' તથા અન્ય ચિંતનલેખો, નિબંધ, નવલિકા — એ બધા ખૂબ જ સારા છે. 'દિલની જબાન' કોલમના **લેખક ચંદ્રકાંત પટેલ** કવિજનોની રજૂઆત ખૂબ જ રસપ્રદ અને વિશિષ્ટ રીતે કરે છે. આ કોલમ બધાને ખૂબ ગમી રહી છે. તેમને ધન્યવાદ.

**હવે રામાયણ, મહાભારત તેમજ અન્ય પૌરાણિક ધર્મગ્રંથોમાં ઓછા પ્રસિદ્ધ રહેલા વિવિધ વ્યક્તિ વિશેષોના નામ અને પરિચય આપતી એક કોલમ શરૂ કરવાની જરૂર છે.** જેથી એ અપરીચિત નામોનો ખ્યાલ આવે, તેમના જીવનની ઝાંખી મળે. તંત્રી અને પ્રકાશન ટીમે આ માટે જરૂર વિચારણા કરવી જોઈએ. આવી કોલમ પણ બધાને ગમશે.

**પ્રકાશન ટીમ ઉત્તમ પ્રકારે દરેક પ્રકારનું વાંચન સાહિત્ય પસંદ કરી રજૂ કરે છે, તે માટે બધાને ખૂબ ખૂબ ધન્યવાદ. 'મંગલ મંદિર'ની ગુણવત્તા, લોકપ્રિયતા તથા અર્પણશીલતા ખૂબ ખૂબ વંદનીય છે.**

'મંગલ મંદિર'ના સૌ વાચકો અને સર્જકોને દિવાળી - નૂતન વર્ષની શુભેચ્છા સહ ધન્યવાદ.

*નવીન વી. વાછાણી - રાજકોટ*
*મો. ૯૯૭૯૪ ૬૯૯૧૭*

★

## 'મંગલ મંદિર' ખૂબ સરસ રીતે પ્રકાશિત થાય છે

મુખપત્ર 'મંગલ મંદિર'ના છેલ્લા કેટલાક અંકો ખૂબ સરસ છે. આકર્ષક મુખપૃષ્ઠ, સુંદર ટાઈપિંગ વર્ક, વાર્તા, લેખો, તંત્રીલેખ, નવી જાણકારી આપતા લેખો, દિલની જબાન, કાવ્યો, ગેમ્સ ગેલેરી સહિત દરેક વિભાગો સુંદર હોતા ભાવકો - વાચકો પણ ખુશ જ થયા હશે. આ માટે ધન્યવાદ.

*બાલેન્દુશેખર જાની*
*મો. ૯૭૧૨૧૭ ૭૯૯૯૯*
*('જયહિંદ' વગેરે અખબારના કોલમિસ્ટ)*

# વાંચવા જેવી સ્ટોરી

એક છોકરીના લગ્ન થયા. છોકરીની સાસુએ નવી આવેલી વહુને નાકમાં પહેરવાનો સાચા હીરાનો એક કિંમતી દાણો ભેટમાં આપ્યો. દાણો ખૂબ સરસ હતો અને હીરાની ચમક અદ્ભુત હતી એટલે વહુ તો ખુશ થઈ ગઈ. સાસુમાનો આવી સુંદર ભેટ બદલ આભાર વ્યક્ત કર્યો. સાસુએ કહ્યું, 'બેટા, મારી અંગત બચતમાંથી આ દાણો લીધો છે. એટલે એને નિયમિત પહેરજે અને બરોબર સાચવજે.'

સાસુમા તરફથી મળેલી આ ભેટને વહુ જીવની જેમ સાચવતી હતી. એક વખત બહેનપણીઓ સાથે ફરવા ગયેલી અને ત્યાં નાકનો દાણો ખોવાઈ ગયો. હવે શું કરવું એની ચિંતા વહુને હતી. ઘરમાં સાસુને મો ના બતાવે અને સાસુથી દૂર દૂર જ રહે. જો ભૂલથી સાસુ સામે આવી જાય તો ચુંદડીઢી મોઢું ઢાંકી દે. વહુ બહુ મુંઝાતી હતી અને આ વાત સાસુને કેમ કરવી તેની તેને સમજ નહોતી પડતી. પતિ પણ કોઈ કામ સબબ અમુક દિવસો માટે બહારગામ ગયો હતો. એટલે બીજા કોને આ પીડા કહે?

એક દિવસ સવારમાં સાસુએ વહુને બોલાવી. વહુ માથે ચુંદડી ઓઢીને આવી. સાસુએ એક નાની ડબલી વહુના હાથમાં મૂકતા કહ્યું, 'આમાં બીજો એક દાણો છે એ પહેરી લેજો. દાણા વગરનું નાક સારું નથી લાગતું.'

વહુ રડી પડી અને સાસુને ભેટી પડી. એણે પૂછ્યું, 'બા, તમે જાણતા હતા કે મારો નાકનો દાણો નથી?' સાસુએ કહ્યું, 'હા બેટા, એ કંઈ થોડું છૂપું રહે? અને એમાં પણ સાસુથી તો છૂપું ક્યાંથી રહે?' આટલું કહીને સાસુ હસી પડ્યા. વહુનું બધું જ ટેન્શન જતું રહ્યું. એમણે સાસુને કહ્યું, 'તમને ખબર હતી તો પછી મને કંઈ બોલ્યા કેમ નહીં? મેં સામાન્ય દાણો નહીં, બહુ મૂલ્યવાન હીરો ખોઈ નાખ્યો છે છતાં તમે મૌન કેમ છો?'

સાસુએ વહુના માથા પર હાથ ફેરવતા કહ્યું, 'બેટા, તને બોલવાથી કે ખિજાવાથી દાણો પાછો થોડો આવી જવાનો હતો? તારાથી જે થયું, એ મારાથી પણ થઈ શકે છે. જે ખોવાયો છે, એ દાણો તો ભવિષ્યમાં પાછા ખરીદી શકીશું પણ મારી વહુનો પ્રેમ ખોવાઈ જાય તો એ કોઈ બજારમાં મને ફરીથી વેચાતો ના મળે!'

મિત્રો, લાગણી અને પ્રેમની સામે નાણાંનું મૂલ્ય નહિંવત્ છે. સંપત્તિ અને સંબંધની લડાઈમાં સંબંધની હાર ના થાય એનું ધ્યાન રાખવું કારણકે પછી ગમે તેટલી સંપત્તિ આપીને પણ સંબંધ ખરીદી નહીં શકાય. ■

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ગ્લોબલ કચ્છ
## વિવિધ સંસ્થાઓ આ અભિયાનમાં સામેલ થાય....

જળ સંચય, સંસ્કાર સિંચન, વ્યસન મુક્તિ – આ ત્રણ અતિ ઉપયોગી કાર્યો, ગ્લોબલ વિકાસ ટ્રસ્ટની ધરોહર એવા ભાઈ **શ્રી મયંકભાઇ ગાંધી** દ્વારા મરાઠાવાડાના અતિ જટિલ અને પછાત એવા પરલી બીડ તાલુકામાં પોતાનું મુંબઈનું ઘર વેચીને આરંભી અને વિકાસની ચિનગારી પ્રજ્વલિત કરી.

આગળ જતાં આ ચિનગારી મરાઠાવાડાના અન્ય આઠ તાલુકામાં પહોંચાડી. આ વિકાસનો મીઠો સ્વાદ ખેડૂતોને ખૂબ જ માફક આવ્યો અને આ વિકાસની ચિનગારી વાયા પાલગર, મધ્ય પ્રદેશ અને હવે ક્રીડા એટલે **કૃષિ ઇનોવેશન ડેવલપમેન્ટ એસોસિએશન**ના સથવારે કચ્છ તરફ આગળ વધી રહી છે.

ક્રીડાના પ્રમુખ **શ્રી ધીરજભાઈ રાંભિયા** અને ભાઈ શ્રી મયંકભાઈ ગાંધીની મિત્રતા ગુજરાતના સૌથી મોટા જિલ્લા કચ્છમાં આવતાં જ થઈ. પહેલી મુલાકાતમાં ભાઈ શ્રી મયંકભાઈ ગાંધી કચ્છ અને કચ્છીઓના પ્રેમમાં પડી ગયા.

વિવેકાનંદ રિસર્ચ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટના ભાઈ શ્રી **દીપેશભાઈ શ્રોફ** જેવા ખમતીધર વ્યક્તિત્વને મળ્યા ત્યારે કચ્છના કાકા એવા સૌના હૃદયમાં બિરાજમાન કાંતિસેન શ્રોફ દ્વારા વિકાસનો જે ઈતિહાસ રચાયો તેની વાતો સાંભળી અને ભાઈ શ્રી દીપેશભાઈ શ્રોફનો નિર્ણય કે ગ્લોબલ કચ્છ ચળવળને 'વિવેકાનંદ ટ્રસ્ટના દરેક સંસાધનો, દરેક ડેટા, દરેક પ્લાન અને માનવ સંસાધનો, દરેક રીસોર્સિસ વહેલી તકે ઉપલબ્ધ કરાવવાની સદ્‌ભાવનાએ સૌના આત્મવિશ્વાસમાં અને દ્રઢતામાં ખૂબ જ વધારો કર્યો.

શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટના મશાલચીભાઈ શ્રી મનોજભાઈ સોલંકીના અનુભવો, પ્રયોગો, જ્ઞાન અને વિચારોની ભવ્યતાએ સૌના દિલ જીતી લીધા.

અહિંસાધામ એટલે માનવતાનો સાક્ષાત્કાર જેવા અપ્રતિમ, અજોડ યજ્ઞના આગેવાન ભાઈ શ્રી મહેન્દ્રભાઈ સંગોઈને 'ગમતાનો કરીએ ગુલાલ' – આવા ભાવોથી સૌ ખૂબ પ્રેરિત થયા. શ્રી ધીરેનભાઈ નંદુની રાહબરીમાં બાડા ગામનો વિકાસ, પ્રેમ અને વિપશ્યનાની ભવ્યતા સૌને સ્પર્શી ગઈ, તો દાદાવાડીના ભાઈ શ્રી મણિભાઈ પટેલની હૃદયની વિશાળતા અને વિચારોની ભવ્યતા અદ્‌ભુત હતી. કનકપુર જેવા અતિ આદર્શ ગામ, જેમને કળિયુગ સ્પર્શી શક્યો નથી તેના શ્રી વાડીલાલભાઈની સાથે આગેવાનો, ખેડૂતો, ગ્રામવાસીઓએ જે નિષ્ઠાથી ખેતીનું, ઓર્ગેનિક ખેતીનું અને ગૌસેવા અને ગોચરનું કાર્ય કર્યું છે તે બેનમૂન છે. તો ખારૂઆમાં ભાઈ શ્રી મહેન્દ્રભાઈ અને વિશાલભાઈએ જે યજ્ઞ આરંભ્યો છે, તેણે આખા ભારતનું ધ્યાન કચ્છ તરફ વાળ્યું છે.

કચ્છીઓની કર્તવ્યનિષ્ઠા, વતનપ્રેમ અને માનવતાએ ભાઈ શ્રી મયંકભાઈ ગાંધી અને યોગીક ખેતીમાં સંશોધન અને પ્રયોગો માટે પોતાની ખેતી વેચીને ખેડૂતોને મદદ કરતા ભાઈ શ્રી બાળાસાહેબ ઉગેને ખૂબ પ્રભાવિત કરી ગઈ અને આ સૌ કચ્છ અને કચ્છીઓના પ્રેમમાં પડી ગયા.

કચ્છ નવનિર્માણ અભિયાનની છત્રછાયામાં વિવિધ સંસ્થાઓ જે કાર્યો કરી રહી છે તે અપ્રતિમ અને અજોડ છે.

ભાઈ શ્રી મયંકભાઈ ગાંધી આ યજ્ઞિય કાર્યમાં ઝડપ અને Scalabilityની ધીંગી આહૂતિ આપવા માટે તત્પર છે.

ભાઈ શ્રી મયંકભાઈ ગાંધીની કાર્ય પદ્ધતિ અને ઝડપના લીધે ખૂબ જ સીમિત સમયમાં સરકારી અને સહકારી સંસ્થાઓની ભાગીદારી, નિષ્ણાતોનું માર્ગદર્શન, કાર્યકરોની જહેમતથી અનેક રાજ્યોમાં ખૂબ સરસ પરિણામ આવી રહ્યા છે, ત્યારે આપણે ૨૦૨૨ની શરૂઆતથી વરસાદ પડે તે પહેલાં જન આંદોલન દ્વારા જળ ઉત્સવની આ ઉજવણીમાં બધી સંસ્થાઓ, મંડળો અને આગેવાનો જોડાઈ જાય.

કચ્છની વિવિધ સંસ્થાઓના પદાધિકારીઓ, શ્રેષ્ઠીઓ, ખેડૂતો, નિષ્ણાતો સાથેની મીટિંગમાં આ ઝીંદાબાદ ચળવળને અપ્રતિમ પ્રતિસાદ મળ્યો છે.

તો સાજન મહાજન, આગેવાન કાર્યકરો, શ્રેષ્ઠીઓ અને નિષ્ણાતો – ચાલો, આપણે સૌ નાચતા-ગાતા, મોજ મનાવતાં આ ચળવળમાં જોડાઈ જઈએ.

અનેક સંસ્થાઓ આ કાર્યમાં જોડાય અને આ યજ્ઞિય કાર્યમાં પોતાની તન, મનથી આહૂતિ આપવા ઈચ્છતા હોય તો શ્રી ધીરજભાઈ રાંભિયા (મો. ૯૮૬૯૧ ૨૬૯૬૯)નો સંપર્ક કરશો.

ઓર્ગેનિક ખેતી દ્વારા અહિંસાનું ખૂબ મોટું કામ થઈ શકે તે માટે અહિંસાના દરેક પૂજારીઓ આ કાર્યમાં જોડાય એવી નમ્ર વિનંતી ક્રીડાના પ્રમુખ શ્રી ધીરજભાઈ રાંભિયા સૌને કરે છે. કેમિકલના અતિરેક દ્વારા ખેતીમાં અનેક જીવોનું અસ્તિત્વ નાબૂદ થયું છે અને અનેક દેશવાસીઓ વિવિધ બીમારીઓનો ભોગ બન્યા છે.

આવો, આપણે સૌ સાથે મળી કચ્છને નંદનવન બનાવીએ.

## પુષ્પાંજલિ



**સદ્‌ગત શ્રી કલ્યાણજી હીરજી સાવલા "ઊર્મિલ"**

કચ્છ ડોણ / લાયજાના ખ્યાતનામ સાહિત્યકાર - કવિ અને સામાજિક કાર્યકર એવા કલ્યાણજી હીરજી સાવલા "ઊર્મિલ" (ઉ.વ. ૬૯)નું તા. ૧૬-૧૦-૨૦૨૧ના રોજ દુઃખદ અવસાન થયું છે. આ આઘાતની વેળાએ કચ્છ, ગુજરાત અને મુંબઈના સાહિત્ય જગતના પ્રતિષ્ઠિત લેખક - કવિશ્રીઓએ તથા અનેક સામાજિક સંસ્થાઓના હોદ્દેદારો અને અગ્રણીઓએ દુઃખની લાગણી અનુભવીને સદ્‌ગતશ્રીને પુષ્પાંજલિ અર્પિત કરી હતી.

પરમ કૃપાળુ પરમાત્મા એમના દિવ્ય આત્માને પરમ શાંતિ પ્રદાન કરે એવી પ્રાર્થના.

## ઇન્સ્ટિટ્યૂટ ઑફ યુથ ડેવલપમેન્ટ દ્વારા ભુજ ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૨મું જ્ઞાનસત્ર

ગુજરાતી સાહિત્ય પરિષદનું જ્ઞાનસત્ર ગુજરાતમાં વિવિધ સ્થળે યોજાય છે. આ જ્ઞાનસત્ર સાહિત્યિક અને સાંસ્કૃતિક વાતાવરણ સર્જે છે અને જે તે વિસ્તારના સાહિત્ય પ્રેમીઓ અને સર્જકોને પ્રેરણા આપે છે.

૨૦૧૫ના ડિસેમ્બરમાં આ પરિષદનું અધિવેશન ભુજમાં સફળતાપૂર્વક યોજાયું હતું. કોરોનાના કઠિન સમય પછી આ વર્ષે પરિષદે જ્ઞાનસત્ર કચ્છમાં યોજાય એવી મનસા રાખી. આગામી તા. ૨૪-૨૫-૨૬ ડિસેમ્બર, ૨૦૨૧ના પરિષદનું ૩૨મું જ્ઞાનસત્ર કચ્છમાં સૂર્યા વરસાણી એકેડેમિ - સેડાતા (ભુજ) મધ્યે યોજવાનું નિરધાર્યું છે.

જ્ઞાનસત્રમાં આશરે ૫૦૦થી ૬૦૦ સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ કચ્છ તથા ગુજરાતમાંથી હાજર રહેશે તેવી ધારણા છે. ત્રણ દિવસમાં વિવિધ વિષયોની આઠ બેઠકોમાં ૩૬ જેટલા વક્તાઓ સાહિત્ય ગોષ્ઠિ કરશે. ઉપસ્થિત પ્રતિભાગીઓની નિવાસ - ભોજન વગેરેની વ્યવસ્થા અને આયોજનને લગતા ખર્ચને પહોંચી વળવા આપના સહયોગની શ્રદ્ધા છે. આપનો ઉષ્માભેર સહયોગ મળશે જ. આ માટે નીચે મુજબ સહયોગ સ્વીકારવાનું નક્કી કર્યું છે.

| | | |
|---|---|---|
| ★ | ૧ દિવસના ભોજનના દાતા | રૂા. ૧,૫૦,૦૦૦/- |
| ★ | ૩ દિવસના ભોજનના દાતા | રૂા. ૪,૫૦,૦૦૦/- |
| ★ | નિવાસ વ્યવસ્થા સહયોગ | |
| | ૧ દિવસના | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| | ૩ દિવસના | રૂા. ૩,૦૦,૦૦૦/- |
| ★ | ભાગ લેનાર પ્રતિભાગીઓ માટે | |
| | કીટ સહયોગ | રૂા. ૧,૫૦,૦૦૦/- |

આ પ્રસંગે સુવેનિયરનું પ્રકાશન પણ નિરધાર્યું છે. સુવેનિયરમાં જાહેરાત અને સૌજન્ય સ્વરૂપે સહયોગ આપી શકાશે. જેની વિગત સંસ્થાના મંત્રીશ્રી પાસેથી (મો. ૯૩૭૫૨ ૨૩૩૭૦) મળી શકશે.

ઉપરોક્ત કોઈપણ વિભાગમાં આપનો આર્થિક સહયોગ આવકાર્ય રહેશે, જે ૮૦જી હેઠળ કરમુક્ત રહેશે. સહયોગની રકમ એટપારના ચેકથી કે NEFT દ્વારા જમા કરાવી શકાશે.

*બેંક ડીટેઈલ આ મુજબ છે :*

**ઈન્સ્ટિટ્યૂટ ઑફ યુથ ડેવલપમેન્ટ**
PAN No. : AAATI2922B
યુનિયન બેંક ઓફ ઇન્ડિયા, જ્યુબિલી સર્કલ બ્રાંચ - ભુજ
એકાઉન્ટ નંબર : 350602010804843
IFS Code : UBIN0535061

સૌજન્ય જાહેરાતની મેટર dholakiahc@gmail.com પર મોકલવી. ઈ-મેઈલની કોપી iyd.bhuj@gmail.com પર મોકલવી.

સહયોગની રકમ ૨૫મી નવેમ્બર, ૨૦૨૧ સુધી મોકલી આપવા નમ્ર વિનંતી, એમ સંસ્થાની આયોજન સમિતિની એક યાદીમાં જણાવાયું છે.

## કચ્છ યુનિ. ખાતે કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા 'કચ્છડો ખેલે ખલકમેં'

કચ્છ - ભુજની કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા સાહિત્ય અને સંગીત અને સન્માનના ત્રિવેણી સંગમ સમાન 'કચ્છડો ખેલે ખલકમેં' શીર્ષક હેઠળ શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક સન્માન સમારોહ, ભારતીય ભાષા કવિ સંમેલન તેમજ સંગીત કાર્યક્રમનું આયોજન તાજેતરમાં ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન જયંતી જોશી 'શબાબ' દ્વારા કરવામાં આવ્યું હતું.

## 'કાવ્ય યજ્ઞ' વેબિનારમાં ૩૫ જુદી જુદી ભાષાના ૪૭ કવિઓએ પોતાની રચનાઓની પ્રસ્તુતિ કરી

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહે કચ્છી ભાષાના એકાંક્ષરી શબ્દોનો પ્રયોગ કરી પોતાનું કાવ્યપઠન કર્યું**

અમદાવાદ ખાતેની એલ.ડી. આર્ટસ કોલેજ દ્વારા સાત દિવસનો 'કાવ્ય યજ્ઞ' પર્વ વેબિનારનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સ્પેનિશ, ગુજરાતી, સંસ્કૃત સહિત ૩૫ જુદી જુદી ભાષાના ૪૭ કવિઓએ ઓનલાઈન પ્લેટફોર્મના માધ્યમથી હાજરી આપી હતી. વિદ્યાર્થીઓને સાહિત્ય પ્રત્યેની સમજ વિકસે તે માટે આ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રિન્સિપાલે કહ્યું કે, કવિતા દ્વારા સમાજ એકબીજા સાથે જોડાય છે જેથી કવિતા, એ સમાજનું દર્પણ છે. વેબિનારમાં ભારતીય ભાષા અને ઇન્ટરનેશનલ ભાષાઓ પણ સમાવિષ્ટ હતી. જેમાં સંસ્કૃત, ગુજરાતી, તેલુગુ, કન્નડ, પાલી, ઉર્દુ, બંગાળી, નેપાળી, મૈથિલી, કચ્છી, બોડો અને પર્શિયન સહિતની ભાષાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.


કવિતા, એ લાગણીની ઋજુતાને અભિવાદન કરતું એક મજબૂત માધ્યમ છે. પણ એને સમજવા માટે એમાં ઘૂંટાયેલ સંવેદનને ઝીલવા માટે, કવિતા જે ભાષામાં લખાયેલ હોય, એ ભાષા આવડતી હોય એ અત્યંત જરૂરી છે.

કાર્યક્રમના અંતિમ દિવસે ૧૧ કવયિત્રીઓએ કાવ્ય પઠન કર્યું હતું. જેમાં કચ્છ, કચ્છી બોલી અને કચ્છીયત વિશે પૂર્વભૂમિકા બાંધી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહે કચ્છી ભાષા (બોલી)માં પોતાની કૃતિની રજૂઆત કરી હતી. એમણે કચ્છી ભાષાની વિશેષતા એવા એકાંક્ષરી શબ્દોનો ઉપયોગ કરીને પોતાના કાવ્યનું અદ્‌ભુત સર્જન કર્યું હતું. કચ્છી કાવ્ય ઉપરાંત શ્રીમતી ફાલ્ગુની શાહે ગુજરાતી અને હિંદી ભાષાની રચનાઓની પણ રજૂઆત કરી હતી, જે કાબિલેદાદ હતી અને તેને સારી પ્રશંસા પ્રાપ્ત થઈ હતી.

## ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટના ચેરમેન શ્રી બચુભાઈ રાંભિયાનું સન્માન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ખાતે શ્રી માનવ જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટના ઉપક્રમે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી કે.સી. લુઠિયા તથા માનનીય પી.કે. લહેરીના વરદ્ હસ્તે – જીવદયા ક્ષેત્રે સમર્પિત ગૌરક્ષક બચુભાઈ રાંભિયાનું ગાંધી જયંતીના દિવસે એક કાર્યક્રમ દરમિયાન સન્માન કરવામાં આવ્યું હતું.

## 'કચ્છશ્રુતિ'ના પૂર્વ મુખ્યતંત્રી હંસરાજભાઈ કંસારા દ્વારા લેખિત પુસ્તક 'કોરી આંખનું કલ્પાંત'નું વર્ચ્યુઅલ (ઝૂમ મીટિંગ)ના માધ્યમથી વિમોચન થયું



શ્રી હંસરાજભાઈ કંસારા

વર્ષ ૨૦૦૪માં હંસરાજભાઈ કંસારાએ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મુખપત્ર "કચ્છશ્રુતિ"નું મુખ્ય તંત્રીપદ સંભાળ્યું હતું. વાચકોની રસરૂચિ સંતોષે તેવી સાહિત્યિક લેખન સામગ્રીઓ સામયિકમાં પ્રકાશિત કરીને "કચ્છશ્રુતિ"ની એક આગવી ઓળખ ઊભી કરી હતી. તે પ્રમાણે સામયિકોના વિશેષાંકો પણ નવીનતાસભર બહાર પાડ્યા. જેની સર્વત્ર પ્રશંસા થઇ હતી. તે ઉપરાંત, હંસરાજભાઈ કંસારા એમના જ્ઞાતિના સામયિક "જ્ઞાતિસેતુ"ના સ્થાપક તંત્રી છે અને હજુ સુધી તેની સાથે સંકળાયેલ છે. વધુમાં, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના ઉપક્રમે, કચ્છના ત્રીસથી વધારે ઇતિહાસ તજજ્ઞોના સાથ-સહકારથી "કચ્છના સર્વાંગી ઇતિહાસ"ના ગ્રંથનું (ભે ભાગોમાં) આલેખન કરાયું છે. તેમાં તેમનો વિશેષ સહયોગ રહ્યો છે. એમના જીવનના લગભગ ચાલીસ વર્ષ તેઓશ્રી દિલ્હી ખાતે ભારત સરકારના સ્વાસ્થ્ય મહા નિદેશાલયમાં પ્રચાર અધિકારી વગેરે હોદ્દા પર રહ્યા હતા અને તે દરમિયાન આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા હતા. આ રીતે ઘણાં વર્ષોનો લેખન અનુભવ તેઓશ્રી ધરાવે છે. આવા એક અનુભવી લેખકશ્રીના વાર્તા સંગ્રહ "કોરી આંખનું કલ્પાંત" નામના પુસ્તકનું તા. ૨૪-૧૦-૨૦૨૧ના રોજ વર્ચ્યુઅલ ઝૂમ મીટિંગના માધ્યમથી સિનિયર જર્નાલિસ્ટ શ્રી કુંદન વ્યાસના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. ઝૂમ મીટિંગમાં અનેક પ્રતિષ્ઠિત સાહિત્ય રત્નો ઉપસ્થિત હતા અને તે પૈકી કેટલાક મહાનુભાવોએ પોતાના પ્રતિભાવો વર્ણવીને લેખકશ્રી હંસરાજભાઈ કંસારાને તેમના સરસ મજાના પુસ્તક માટે અભિનંદન આપ્યા હતા.

## કચ્છી સાહિત્ય મંડળ - ભુજ

**કચ્છી ભાષાના પ્રચાર - પ્રસાર અને ભાષાને માન્યતા મળે તે માટેના પ્રયત્નો થઇ રહ્યા છે...**

કચ્છી સાહિત્ય મંડળ દ્વારા કચ્છી ભાષાના પ્રચાર - પ્રસાર અને ભાષાને માન્યતા મળે તે હેતુ અથાગ પ્રયત્નો થઈ રહ્યા છે. એ રીતે મંડળે હવે કચ્છી સાહિત્યના પ્રકાશન માટે કાર્યવાહી

શરૂ કરી છે.

કચ્છી સાહિત્ય મંડળ અંતર્ગત જાણીતા વાર્તાકાર ગૌતમ જોશીની 'કચ્છમિત્ર' અખબારમાં ચાલતી કોલમ 'પાંજી આંખાણી' માંથી પસંદ કરેલી ૩૧ વાર્તાઓનું પ્રકાશિત પુસ્તકનું અગ્રણીઓની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરાયું હતું.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કચ્છમિત્રના તંત્રી દીપકભાઈ માંકડ રહ્યા હતા. અતિથિ વિશેષ જયંતી જોશી 'શબાબ', ડૉ. કાંતિભાઈ ગોર 'કારણ', વાર્તા લેખક રમીલા મહેતા વગેરે મંચસ્થ રહ્યા હતા. કાર્યક્રમના આરંભે કચ્છ કલ્યાણ ફાઉન્ડેશનના સ્થાપક પ્રમુખ કલ્યાણજી સાવલા 'ઊર્મિલ'ના નિધન બદલ ઊંડા શોકની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## શ્રી આઠ કોટિ નાની પક્ષ - કચ્છ પૂ.શ્રી લીલાધર સ્વામી વડાલા મુકામે કાળધર્મ પામ્યા

શ્રી આઠ કોટિ નાની પક્ષ - કચ્છ સંપ્રદાયના સાધુ મહારાજ પૂ.શ્રી લીલાધર સ્વામી તા. ૧૮-૧૦-૨૦૨૧ના રોજ કચ્છ - વડાલા ગામે કાળધર્મ પામ્યા છે. એમની પાલખી યાત્રા તે જ દિવસે વડાલા ગામથી નીકળી હતી. જેમાં કચ્છ, ગુજરાત અને ગુજરાત બહાર સ્થિત સંઘના હોદ્દેદારશ્રીઓ, અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં શ્રાવકજનોની નોંધનીય ઉપસ્થિતિ હતી.

### ભુજના એરપોર્ટ પર ઇતિહાસ રચાયો

## બે મહાસાગર પાર કરનારી વિશ્વની પ્રથમ મહિલા પાઇલોટે ભુજથી જુહુની ઉડાન ભરી

તાજેતરમાં ભુજના એરપોર્ટ પર ઇતિહાસ રચાયો હતો. ૮૯ વર્ષ પૂર્વે ૧૯૩૨માં ભારતમાં પ્રથમ વખત કરાંચીથી જુહુની પબ્લિક એર સર્વિસની શરૂઆત કરનારા જહાંગીર રતનજી દાદાભોય ટાટાને આજના દિવસે યાદ કરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પિત કરવાના ઉદ્દેશ્ય સાથે કરાંચીના બદલે ભુજથી જુહુ એરટ્રીટ બે મહાસાગર પાર કરનારી વિશ્વની પ્રથમ મહિલા આરોહી પંડિતે એર ક્રાફ્ટ ઉડાવી જુહુ તરફ પ્રયાણ કર્યું હતું.

બે વર્ષ પૂર્વે જ એર ક્રાફ્ટ દ્વારા પેસિફિક અને એટલાન્ટિક મહાસાગર પાર કરનારી વિશ્વની પ્રથમ મહિલાનું બિરૂદ આરોહી પંડિતે મેળવ્યું હતું. એ જ એર ક્રાફ્ટ દ્વારા આજે ભારતની પ્રથમ નાગરિક ઉડ્ડયન સર્વિસ શરૂ થઇ હતી. તેની યાદમાં સવારે ૧૦ વાગે જુહુ માટે ટેક ઓફ કર્યું હતું.

આ એરક્રાફ્ટ ઓટો પાઇલોટ મોડ વગર મેન્યુઅલી ઑપરેટ કરવામાં આવશે. ભુજથી અમદાવાદ અને ત્યાંથી જુહુ તરફ પ્રયાણ કરવામાં આવશે.

દશેરાના પાવન દિવસે આ ઐતિહાસિક ઘટનાના સાક્ષી રૂપ માધાપર ગામની વીરાંગનાઓ, જેમણે ૧૯૭૧ના પાક. સાથેના યુધ્ધમાં એર સ્ટ્રીપ તૈયાર કરી હતી તે પૈકી ૧૩ મહિલાઓએ પણ સન્માન આપી કાર્યક્રમમાં જોડાયા હતા.

## થિયેટર, ફિલ્મો અને ટી.વી.ના લોકપ્રિય અભિનેતા અને સાંસદ અરવિંદ ત્રિવેદીની ચિરવિદાય

૧૯૮૬ની લોકપ્રિય પૌરાણિક સિરિઅલ ''રામાયણ''માં રાવણનું પાત્ર ભજવી અત્યંત લોકપ્રિય બનેલ પીઢ અભિનેતા અરવિંદ ત્રિવેદીનું તાજેતરમાં હૃદયરોગનો હુમલો થવાથી નિધન થયું હતું. તેઓ ૮૨ વર્ષના હતા. તેઓ અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદીના નાના ભાઈ હતા. વડાપ્રધાન અને ગૃહમંત્રીએ તેમને સ્મરણાંજલિ આપી હતી.

અભિનય કારકિર્દી ઉપરાંત ૧૯૯૧માં અરવિંદ ત્રિવેદી સાબરકાંઠાની સંસદીય બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટાઈ આવ્યા હતા અને તેમણે સાંસદ તરીકે ૧૯૯૬ સુધી સેવા આપી હતી. અરવિંદ ત્રિવેદીએ ૩૦૦ જેટલી હિંદી અને ગુજરાતી ફિલ્મોમાં કામ કર્યું છે અને રામાયણ સિરિઅલમાં કામ કરી જબરદસ્ત લોકપ્રિયતા મેળવી હતી. આ ઉપરાંત તેમણે 'વિક્રમ ઔર બૈતાલ' (૧૯૮૫) અને 'દેશ રે જોયા પરદેશ જોયા' નામની ગુજરાતી ફિલ્મ કરી હતી.

## આધુનિક ટ્રીટમેન્ટથી ચમત્કાર સર્જાયો ● IVFની કમાલ કચ્છમાં ૭૦ વર્ષીય મહિલાએ પુત્રને જન્મ આપ્યો

કચ્છ - રાપર તાલુકાના મોરા ગામના ૭૦ વર્ષના જીવુબેન રબારી અને ૭૫ વર્ષના પતિ વાલભાઈ રબારીના લગ્નને ૪૫ વર્ષથી વધુ સમય વિતી ગયા છતા બાળક ન થતાં નિરાશા વ્યાપી હતી. આમ છતાં પતિ-પત્નીને એક દિવસ ભગવાન જરૂર આશા પૂરી કરશે તેવી શ્રદ્ધા હતી. અંતે આ વૃધ્ધ દંપતીએ ભુજની એક ખાનગી હોસ્પિટલની ગાયનેકનો સંપર્ક કર્યો હતો. પરંતુ મોટી ઉંમર થઇ જતા આ દંપતીને બાળક રહેવું શક્ય ના હોવાનું તબીબે કહ્યું હતું. પરંતુ અશિક્ષિત દંપતીએ ભગવાન પર ભરોસો રાખીને તબીબને પ્રયાસ કરવા જણાવ્યું હતું. જેના પગલે કોરોના મહામારી વચ્ચે જીવુબેનની ટેસ્ટ ટ્યુબ બેબીની ટ્રીટમેન્ટ ચાલુ કરાઈ હતી. આ ટ્રીટમેન્ટના અંતે જીવુબેન રબારીએ પુત્રને જન્મ આપતાં રબારી પરિવારમાં ખુશી વ્યાપી ગઈ હતી. આ અંગે ડોક્ટરે જણાવ્યું હતું કે, ૪૫ વર્ષના લગ્નજીવન બાદ અને આ ઉંમરે આધુનિક ટેકનોલોજીથી બાળક કરવું અઘરું પડે. પરંતુ આ કેસમાં પહેલી ટ્રાયથી બાળક રહી ગયું હતું અને આ વૃદ્ધ મહિલાએ સિઝેરિયનથી બાળકને જન્મ આપ્યો હતો.

ગેમ્સ ગેલેરી

# ક્રોસ વર્ડ... યોગ્ય વિકલ્પ... શબ્દ ચોકડી



સંકલન : કિરણબેન પી. ઠક્કર

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ધ | ર | ■ | | | દા | ગી | નો |
| ર | ■ | મ | ■ | મા | (ર | ફ) | ત | ■ | ટે |
| ક | | | ય | ■ | ગુ | ■ | ણ | ■ | શ |
| સ | મ | ■ | તિ | લાં | જ | લિ | ■ | | |
| ર | | | ■ | ■ | | | ણ | ■ | ■ |
| ■ | ■ | ય | | | ■ | મ | ■ | પ | ■ |
| મ | દ્દે | ન | | | ■ | સ | રે | | |
| ગ | ■ | ખં | ■ | મ | સ | ■ | | | ર |
| મા | ર્ત | ડ | ■ | દિ | મા | ગ | ■ | ર્ત | ■ |
| ળા | ■ | ■ | હ | લ | ન | | | ન | ■ |

*અહીં આપેલ ક્રોસવર્ડમાંથી કેટલીક અક્ષર જોડીઓ ગાયબ છે. બાજુમાં આપેલ કોષ્ટકમાંથી એ જોડીઓ શોધી, યોગ્ય જગ્યાએ ગોઠવી ક્રોસવર્ડ પૂર્ણ કરો.*

| | |
|---|---|
| તાશ | ચલ |
| લીવ | ૨ટ |
| ઘેન | કળા |
| દર | જન |
| જર | રાશ |
| મની | ૨ફ |

## યોગ્ય વિકલ્પ પસંદ કરો

૧. સૌર મંડળનો સૌથી મોટો ગ્રહ કયો છે?
(અ) માર્સ, (બ) જ્યુપીટર, (ક) સેટર્ન, (ડ) યુરેનસ

૨. પવનાર આશ્રમનો સંબંધ કોની સાથે છે?
(અ) રવિન્દ્રનાથ ટાગોર, (બ) મહાત્મા ગાંધી, (ક) વિનોબા ભાવે, (ડ) જયપ્રકાશ નારાયણ.

૩. અકબરનો મકબરો ક્યાં આવેલ છે?
(અ) આગ્રા, (બ) દિલ્હી, (ક) ફતેહપુર સીકરી, (ડ) લાહોર.

૪. ભારતના પ્રથમ ઉપગ્રહનું નામ શું હતું?
(અ) આર્યભટ્ટ, (બ) એપ્પલ, (ક) ભાસ્કર, (ડ) રોહિણી.

૫. 'મસલ્સ' કયા ખેલાડીનું સૂચન કરે છે?
(અ) વેંકટપતિ રાજુ, (બ) વિનોદ કાંબલી, (ક) રોબિનસિંહ, (ડ) નિખિલ ચોપરા.

## શબ્દ ચોકડી

| | | | | |
|---|---|---|---|---|
| | | આ | | |
| | | ર્ય | | |
| (જ) | લ | સ | મા | ધિ |
| | | (મા) | | |
| | | જ | | |

નીચે આપેલ ક્લુ પરથી શબ્દ ચોકડીમાંથી શબ્દ શોધીને સાચો જવાબ લખો...


★ માનસિક પીડા
★ એક જાતિ
★ ન્યાયાધીશ
★ સામાન
★ માનો ભાઈ
★ સંચયિત ✓
★ મહિનો
★ ચાલુ દિવસ

ગેમ્સ ગેલેરી

# કીટી પાર્ટીની જાન



ભાવના એ. ઝવેરી







આ ગેમ વારાફરતી રમાશે. ચિત્ર મુજબ ટેબલ ઉપર તૈયારી કરવી.

ત્રણેય બાઉલમાં ૧-૨-૫ નાં દસ-દસ સિક્કા રાખવાના. રમવા માટે એક ડાઈસ.

***સ્ટાર્ટ આપતા જ રમનારે :*** ડાઈસ નાખવી. જે અંક પડે તે મુજબ તે નંબરના બાઉલમાંથી એક સિક્કો લઈ બાજુ પર રાખવો અને જે નામ લખેલ છે તે બોલવું.

૧. હું હોંશિયાર છું.

૨. હું સ્માર્ટ છું.

૩-૪ માં કશું જ નથી કરવાનું.

૫. હું પરફેક્ટ છું.

૬. જે સિક્કા બાજુ પર કાઢેલ છે તે બધા જ ૬ નંબરના બાઉલમાં નાખી દેવાના અને તેમાં લખેલ વાક્ય બોલવાનું.

- **કેવી રીતે કાઉન્ટ કરવાના :**

જે સિક્કા બાજુ પર કાઢેલ છે તેનો સરવાળો કરી ટોટલ કરો. ૧ + ૨ + ૨ + ૫ + ૫ + ૫ = ૨૧. જે સિક્કા છ નંબરના બાઉલમાં છે તેનું નંગ પ્રમાણે ટોટલ કરો. ૨ - ૨ - ૫ - ૫ - ૧ - ૧ - ૧ = ૭ સિક્કા.

એટલે કે.... ૨૧ + ૭ = ૨૮ ટોટલ થાય.

આ રીતે બધા જ રમશે. અંતમાં જેના પોઈન્ટ સૌથી વધારે તે વિનર થશે.

*રસ્તા પર ધૂળ ઊડતી હોય છે, હું આંખો બંધ કરી દઉં છું.*
*ગટરની દુર્ગંધ ફેલાતી હોય છે, હું નાક આડે રૂમાલ લગાવી દઉં છું.*
*વાતાવરણમાં ધુમાડો ઊડતો હોય છે, હું મોઢું બંધ કરી દઉં છું.*
*પણ, કોકની હલકી વાતો સાંભળવાનો મોકો મળે છે, હું મારા બંને કાન ખુલ્લા મૂકી દઉં છું.*
*કરુણતા જ છે ને?*

## આપણું ગુજરાત

આપણું ગુજરાત, આગવું ગુજરાત, અનોખું ગુજરાત
જ્યાં ભાષાઓ વિવિધ બોલાય છે, જ્યાં પોશાકો વિવિધ પે'રાય છે
આવું છે મિત્રો! આપણું રૂડું ને રંગીલુ ગુજરાત.

સાસણના સિંહોની ત્રાડોમાં હુંકારા કરતું ગુજરાત,
પાવાગઢ અને સાપુતારાના ડુંગરોમાં મહેકતું ગુજરાત,
આવું છે મિત્રો! આપણું રૂડું ને રંગીલુ ગુજરાત.

જ્યાં થયા ગાંધી અને સરદાર એ ભોમ છે ગુજરાત,
જ્યાં થયા નર્મદ અને મેઘાણી એ ભોમ છે ગુજરાત,
આવું છે મિત્રો! આપણું રૂડું ને રંગીલુ ગુજરાત.

પોરબંદરમાં સુદામાની દરિદ્રતાનાં દર્શન કરાવતું ગુજરાત,
દ્વારિકામાં કૃષ્ણની કહાનીઓ સંભળાવતું ગુજરાત,
આવું છે મિત્રો! આપણું રૂડું ને રંગીલુ ગુજરાત.

ઊભી છે જ્યાં કૃષ્ણ તણી દ્વારિકા ને વળી હમીરજી તણું સોમનાથ,
ઊભી છે વળી પાટણની રાણી સમી રાણકી વાવ જ્યાં,
આવું છે મિત્રો! આપણું રૂડું ને રંગીલુ ગુજરાત.

નિત સવારે હરિયાળી સુગંધ સાથે ઊગતું ગુજરાત,
પતંગિયાઓના રંગમાં રંગબેરંગી રમતું ગુજરાત,
આવું છે મિત્રો! આપણું રૂડું ને રંગીલુ ગુજરાત.

સાગરના તરંગોમાં અને વળી કુદરતના મધુર રંગોમાં,
પ્રભુજીના પ્યારાં દર્શન કરાવતું આપણું ગુજરાત,
આવું છે મિત્રો! આપણું રૂડું ને રંગીલુ ગુજરાત.

*જયસુખ કુછડિયા ('ત્રિવેદી') - રાણાવાવ (પોરબંદર)*
*મો. ૯૪૨૭૫ ૫૮૦૫૩*

## અધૂરા પ્યાલા

ચાલો, અધૂરા પ્યાલા છલકતા કરી દઈએ,
ખાલી તે ઉપવનમાં પુષ્પોને ભરી દઈએ...

બંધ રાખે આંખ - હાથથી કશું વળશે નહીં,
ચાલો, આકાશને મજબૂત મુઠ્ઠીમાં કરી લઈએ...

એક એક કડી સંબંધો કેરી સાંકળ કરીને,
ચાલો, મદમસ્ત ગજને 'જેર' કરી લઈએ...

ધસમસતા પૂરને હિંમત થકી ખાળીએં ખરે!
શ્રદ્ધા કેરા સહારે, કિનારા સર કરી લઈએ...

વા, વંટોળ - સૂસવાટાથી ડરવાનું નથી
ચાલો, રહી ઊભા પગ અડગ કરી દઈએ.

*જસ્મીન દેસાઇ 'દર્પણ' - રાજકોટ ● મો. ૯૪૨૮૩ ૪૯૮૧૨*

## દોસ્તો

આવ્યો લઈને કેટલા અરમાન દોસ્તો,
કહેવીય થોડી દિલ તણી દાસ્તાન દોસ્તો.

શું રાખવું નકામું અભિમાન દોસ્તો,
ને છોડવું શું કામ નિજ સ્વમાન દોસ્તો.

છે પ્રેમથી કરેલ પરિશ્રમનો પસીનો,
ના અવળા ઉધામા તણી થકાન દોસ્તો.

માહિતી હોય એટલું જ બસ નથી થતું,
જીવનમાં જરૂરી છે ખરું જ્ઞાન દોસ્તો.

થપ્પડ લગાવી ગાલ લાલ આ નથી કર્યો,
ઊભરી રહી છે શર્મિલી મુસ્કાન દોસ્તો.

ને આ ધરા તો શું? ટૂંકું આકાશ પણ પડે,
ભરવી વિશાળ એવડી ઉડાન દોસ્તો.

સોંપી સમગ્ર બંગલાની માલિકી પછી–
રહેવાનું શાને થઈને મહેમાન દોસ્તો?

*ડૉ. નટુભાઇ પ્ર. પંડ્યા - ભાવનગર*
*મો. ૯૪૨૭૫ ૫૮૦૫૩*

## નવ વર્ષે

વીતેલી વાતો વિસારીને ચાલો
કે વીતેલી વાતોનો સરવાળો શૂન
છે સ્નેહની એક ક્ષણની ઝંખના અમોને
એ પળની આ હૈયાને યુગયુગથી ધૂન!

આ આથમતા વર્ષની આ આથમતી સાંજે
દિલ ઝાંખી-ઝળુંબી કૈં યાદોમાં ગૂમ
ખૂલે નવલા પ્રભાતની નવરંગી પાંખડી
ને આંખોમાં ઝુલે છે ઝાકળની લૂમ!

આઘાં નથી ને તોય પાસે નથી
કે અંતરનાં અંતરથી હૈયું ગુમસુમ
ને તોય અંતર આ પ્રાર્થે છે મૌને
હો મંગળમય વર્ષ આ નવલું પ્રસૂન!

★

મણકા ફેરવ્યા વગર
મારી ચોતરફ તો મારું
બ્રહ્માંડ સ્વયં ફરે છે!!

*સુધા ઝવેરી - અમદાવાદ*

## કાવ્ય

અરે ભાઈ ગજબ છે, આ દુનિયાનો રંગ
ગોવાળીયા ઘા કરે ગોફણનો અને આવે માથામાં

અરે ભાઈ ગજબ છે, આ દુનિયાનો રંગ
ગાજે છે પણ વરસતો નથી, ભાવે છે પણ પીરસતો નથી.

અરે ભાઈ ગજબ છે, આ દુનિયાનો રંગ
સમજ્યો છું હું શાનમાં ઝાડું મારવું છે મારે

મારા વિચારે મારી ક્યાં છે આ દુનિયા
કોણે જોયું, મેં શું કર્યું - મેં શું કર્યું

અરે ભાઈ ગજબ છે, આ દુનિયાનો રંગ
જેણે જોયું એણે કીધું,
અરે ભાઈ, ગજબ છે આ દુનિયાનો રંગ.


**રણજિતસિંહ રાણા, ઇન્દ્રોડા પાર્ક - ગાંધીનગર**
**(સ્પીપા - અમદાવાદ)**

## લઘુ કાવ્યો

*દોલતમંદોને*
*જગતમાં*
*આદરમાન*
*એમનું જ*
*સન્માન!*
*એકાંતમાં*
*આત્મા પૂછે છે,*
*એમના તરફ*
*છે,*
*જરાય માન?*

*ક્યાં અહીં*
*દિલની કદર થાય છે!*
*ખોટા ફૂલોથી*
*ઘર સજાવાય છે!*
*ખુશ્બુ માટે*
*શ્વાસ કોણ લે છે?*
*તોય ફૂલો*
*ઊંચી કિંમતે*
*વેચાય છે!*

*આગમન*
*એ આગંતુકનું*
*બની જશે*
*કાલે ગમન*
*આ-ગમ*
*એનો જ*
*દીધેલો છે,*
*ખબર નથી*
*ક્યાં સુધી*
*ચાલશે*
*તડપાવશે*
*એમનું આ આવાગમન!*



**અરુણા અરુણ ઠક્કર**
**'માધવી'**
**– ભુજ, કચ્છ**
**મો. ૯૮૭૯૫ ૩૯૧૭૮**

## હાઈકુ

પંછી લઇને
ચિત્ર દોરે પંખીઓ
પુષ્ઠ ગગન.

ઉષાનો રંગ
ઝળહળતો સૂર્ય
થૈ પતંગિયું.

વેરાયો ચાંદ
તૂટેલ ઝુંપડીમાં
થઇ દિવાળી.

ઊમટી આવ્યું
આભલું, સૂર્ય ઓઢે
રેઇનકોટ.

બંધ બારણે
વરુ બેફામ ઘૂમે
પંખી ફફડે.

મેઘલી રાતે
ઝબૂકે આગિયાઓ –
જાણે તારલાં!



ઊમટી આવ્યું
આભલું, સૂર્ય ઓઢે
રેઇનકોટ.

**કિશોર આર. ટંડેલ,**
**પૂર્વ શિક્ષક - નવસારી**
**મો. ૯૫૩૭૯ ૭૫૬૬૬**




# કલાકારોના અસલી નામ અને ફિલ્મી નામ

| મૂળ નામ | ફિલ્મી નામ |
|---|---|
| રાજીવ ભાટિયા | અક્ષય કુમાર |
| જયકિશન કીકુભાઈ | જેકી શ્રોફ |
| દેવદત્ત પિશોરિમલ | દેવ આનંદ |
| અજય દેઓલ | સન્ની દેઓલ |
| બલરાજ | સુનીલ દત્ત |
| પ્રાણ કિશન | પ્રાણ |
| સુરેશ મોહન | સુરેશ ઓબેરોય |
| ચંદ્રમૌલી ચોપડા | રામાનંદ સાગર |
| જુલ્ફીકાર અલી | ફિરોઝ ખાન |
| નયન તારા | કિમી કાટકર |
| મુમતાઝ | મધુબાલા |
| સીમરીતા | સીમી ગરેવાલ |
| તબસ્સુમ ફાતિમા હાશ્મી | તબ્બુ |
| યાસ્મીન જોસેફ | મંદાકિની |
| લલિતા | જયા પ્રદા |
| રીતુ ચૌધરી | મહિમા ચૌધરી |
| શીતલ દાસ | પ્રદીપ કુમાર |
| શ્રીરામ બાલક્રિષ્ણ | ડૉ. શ્રીરામ લાગુ |
| સરબજીત | ગુફી પેન્ટલ |
| દીપક કુમાર | કિરણ કુમાર |
| જોન રોવ | જોની લીવર |
| બખ્તાવર | સોનમ |
| મહમ્મદ બ્લોચ | મેહુલ કુમાર |
| નંદિતા | નગમા |
| નિવૃત્તિ | ટીના મુનીમ |
| ફરહત | નાદિરા |
| પદ્માવતી | મમતા કુલકર્ણી |
| વિજય લક્ષ્મી | માધવી |
| પ્રબોદચંદ્ર ડે | મન્ના ડે |
| મહમ્મદ ઝહુર ખય્યામ હાશ્મી | ખય્યામ |
| ઓમ પ્રકાશ ભંડારી | કમર જલાલાબાદી |
| અર્જુન ચાંદ્રાણી | સી. અર્જુન |
| ઓમપ્રકાશ ધર | જીવન |
| અવતાર ક્રિષ્ન હંગલ | એ.કે. હંગલ |
| ઝેબુન્નિસા | કુમકુમ |
| શ્રીનાથ ત્રિપાઠી | એસ.એમ. ત્રિપાઠી |
| શ્યામ આનંદ રોય | ઈન્દીવર |
| વાસુદેવ ભાટકર | સ્નેહલ ભાટકર |
| મંજરી ગડકર | સ્નેહલતા |
| નિર્મળા નાગપાલ | સરોજ ખાન |
| કુમુદલાલ ગાંગુલી | અશોક કુમાર |
| હમીદ ખાન | અજીત |
| અસરાર હસન ખાન | મજરૂહ સુલતાનપુરી |
| શંકરસિંહ રામસિંહ | શંકર (સંગીતકાર) |
| સૈયદ ઈશ્તીઆક અહમદ જાફરી | જગદીપ |
| રાજન ધવન | ડેવિડ ધવન |
| સોનિયા સહાની | ઉષા |
| લક્ષ્મીકાંત કુડાલકર | એલ.પી. / પ્યારેલાલ |
| કુંદનલાલ સહગલ | કે.એલ. સાયગલ |
| કૃષ્ણચંદ્ર ડે | કે.સી. ડે |
| ગુરુશરણ કોહલી | જી.એસ. કોહલી |
| અબ્દુલ રહેમાન કુરેશી | એ.આર. કુરેશી |
| ઓમ પ્રકાશ નૈય્યર | ઓ.પી. નૈય્યર |
| અલારખા રહેમાન | એ.આર. રહેમાન |
| સચીન દેવ બર્મન | એસ.ડી. બર્મન |
| રાહુલ દેવ બર્મન | આર.ડી. બર્મન |
| રાજસ-ઉલ-દુહા-બિહારી | એસ. એચ. બિહારી |
| યુનુસ ખાન / યુસુફ ખાન | દિલીપ કુમાર |
| રવિશંકર શર્મા | સંગીતકાર રવિ |
| ભાનુમતી | રેખા |
| હરિહર જરીવાલા | સંજીવકુમાર |
| ઉમા કશ્યપ | કામિની કૌશલ |
| ફાતિમા-એ-રશીદ | નરગીસ |
| હરકિશન ગોસ્વામી | મનોજ કુમાર |
| બદરૂદીન કમાલુદીન કાઝી | જહોની વોકર |
| હરમીત કૌર | નીતુસિંઘ |
| અજય સહાની | પરીક્ષિત સહાની |
| રૂબી માયર્સ | સુલોચના |
| શમશીર રાજકપૂર | શમ્મી કપૂર |
| અબ્દુલ વહીબ | સાહિર લુધિયાનવી |

## NanoNine® શબ્દ રમત-૧૭૬

*સંકલન : રજનીકાંત પારેખ*



શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૧૧-૨૦૨૧ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. છોરું કછોરું થાય,
માવતર _____ ન થાય (૫)
૪. લાજ, શરમ, મર્યાદા (૧)
૫. મમતા, સ્નેહ, ધનદોલત (૨)
૭. વેર, દ્વેષ (૨)
૮. કેડ, સજ્જ (૨)
૯. તેજ જુઓ, તેલની _____ જુઓ (૨)
૧૧. હેતનો ઉભરો (૪)
૧૨. કૃપા, મહેરબાની (૩)
૧૫. દૈવી, ઈશ્વરી (૩)
૧૮. વહેમ (૩)
૧૯. પૈસો, નાણું, સોનું, કસબ (૨)
૨૦. રોગનું ફેલાવવું તે, ભાર, સમાચાર (૩)
૨૨. સમાવેશ (૩)
૨૩. પંચ મહાભૂતોમાંનું એક તત્ત્વ (૨)
૨૪. વહીવટ, કારોબાર (૪)
૨૬. અભિપ્રાય (૨)
૨૭. આકાશ (૨)
૨૯. ચરણ (૨)
૩૦. ડાહ્યું, સમજદાર (૨)
૩૨. તોફાન (૨)
૩૩. અસ્તિત્વ, હયાતી (૨)
૩૫. ચાતુરી, ખાસ ગુણ (૨)
૩૬. સોબતી, જોડીદાર (૪)
૩૭. શોક, દુઃખ (૨)
૩૯. સહાય (૩)
૪૧. જે અણધારી આવે તે (૩)
૪૩. અવતારી પુરુષ, ઉધ્ધારક (૩)
૪૪. રત્ન, (૩)
૪૫. _____ થી નખ વેગળા (૩)

### ઊભી ચાવીઓ

૧. આભાસી, જોડી કાઢેલું (૩)
૨. પ્રશંસા (૩)
૩. તૃપ્ત, દહીં દૂધ પરની મલાઈની પોપડી (૨)
૬. ત્રણ કલાક, પહોર, પ્રહર (૨)
૮. લેખકોનું હથિયાર (૩)
૯. તીર્થ સ્થાન (૨)
૧૦. કમાવું (૩)
૧૧. ગુજરાતના એક સુપ્રસિધ્ધ સાહિત્યકાર (૫)
૧૩. નીચે (૨)
૧૪. સદાય જોડીમાં ફરતું એક પક્ષી (૩)
૧૬. દાવાનળ (૩)
૧૭. આદમની જોડીદાર (૨)
૧૯. સમૂહ, સમુદાય (૩)
૨૧. સારાપણું, સજ્જનતા (૩)
૨૨. સ્વપ્નું (૩)
૨૩. વેદ અને શાસ્ત્ર (૬)
૨૫. ભાગ્યમાં કોઈનો _____ નહીં (૨)
૨૮. મોટામાં મોટું (૪)
૩૧. (તંદુરસ્તી બાબતની)
શરીરની હાલત (૪)
૩૪. અણસમજુ, મૂર્ખ (૩)
૩૬. સાદાપણું, સાદાઈ (૩)
૩૮. કાજળ, મેશ (૨)
૪૦. દિવસ (૨)
૪૧. અગ્નિ (૨)
૪૨. ફળિયું (૨)

*મહાભારતના યુદ્ધમાં પાંડવોને મળેલ વિજય કોને આભારી હતો? કૃષ્ણને? ના. યુદ્ધ દરમિયાન એમણે તો એક પણ શસ્ત્ર હાથમાં ઉઠાવ્યું નથી. તો પછી કોને? અર્જુનને? ના. એની પાસે તો યુદ્ધવ્યૂહની કોઈ સમજ જ નહોતી.*

*જાણકારી કૃષ્ણની અને સક્રિયતા અર્જુનની. – આ બે પરિબળોએ પાંડવોને વિજય અપાવ્યો છે. કર્મસત્તા સામેના સંગ્રામમાં વિજય મેળવવો છે? જ્ઞાનરૂપી કૃષ્ણ અને ક્રિયારૂપી અર્જુનને મેદાનમાં ઉતારી દો. પરાજયની કોઈ જ સંભાવના નથી.*

## NanoNine® શબ્દ રમત-૧૭૫નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | થ | ડ | કા | ર | ■ | ભો | ર | ■ | ક | ર્ણ | ■ |
| અ | ■ | ર | ■ | સ | મા | જ | ■ | મ | મ | ■ | ક |
| ના | ક | ■ | સ | ક | લ | ■ | લ | ગ | ન | સ | રા |
| જ | ઠ | ર | ર | સ | ■ | હ | વ | ન | ■ | લિ | ■ |
| ■ | ણ | ■ | બ | ■ | જ | જ | ■ | ■ | ની | લ | ■ |
| ઓ | ■ | મ | સ | કો | ■ | ■ | નો | ક | ર | ■ | ઉ |
| મ | ઝ | ધા | ર | ■ | તા | રો | ■ | ■ | ■ | ક | લા |
| કા | ટ | ■ | ■ | ના | ગ | ■ | ■ | શા | ખા | ■ | ળ |
| રે | કો | ર્ડ | ■ | ■ | ■ | વ | ટ | હુ | ક | મ | ■ |
| શ્વ | ■ | ■ | ■ | ચ | ક્ષુ | ■ | કા | કા | ■ | હા | ર |
| ર | ફુ | ચ | ક્ક | ર | ■ | ■ | ઉ | ર | ■ | કા | જ |
| ■ | દી | પ | ■ | બી | મા | રી | ■ | ■ | ■ | લ | ત |

## 'ગેમ્સ ગેલેરી'માં આપેલ પઝલ/ક્વિઝના જવાબો

### ક્રોસવર્ડ

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | ળા | ધ | ર | | ■ | ર | દા | ગી | નો | |
| ર | | ■ | | ■ | ર | ફ | ત | | ■ | |
| ક | મ | ની | ય | | ■ | | ■ | | ■ | |
| સ | મ | | ■ | લાં | જ | લિ | | ■ | ન | |
| ર | તા | શ | | ■ | ■ | ટ | ણ | | ■ | ■ |
| | ■ | ■ | જ | ન | | ■ | | ■ | | ■ |
| મ | દ્દ | ન | જ | ર | | ■ | રે | રા | શ | |
| ગ | | ■ | | ■ | સ | | ■ | વ | ર | |
| મા | તં | ડ | | ■ | મા | ગ | | ■ | | ■ |
| ળા | | ■ | ■ | લ | ન | ચ | લ | ન | | ■ |

### યોગ્ય વિકલ્પ પસંદ કરો

(૧) જ્યુપીટર, (૨) વિનોબા ભાવે, (૩) આગ્રા, (૪) આર્ય ભટ્ટ, (૫) વેંકટપતિ રાજુ.

### શબ્દ ચોકડી

(૧) આધિ, (૨) આર્ય, (૩) જજ, (૪) માલ, (૫) મામા, (૬) જમા, (૭) માસ, (૮) આજ.

## વંદાને ભગાડવાના હાથવગા ઉપાયો

(અનુસંધાન : પાના નં. – ૬૬ ઉપરથી ચાલુ)

લઈ જઈને છોડી દો. આ તરકીબ દોડી રહેલા વંદા માટે ફળીભૂત નહીં થાય. એ માટે આપણે આગળ જોઈએ.

દોડતા વંદાને સાવરણીથી હડસેલીને દરવાજા બહાર કાઢવાની યુક્તિ સૌથી શ્રેષ્ઠ પુરવાર થઈ છે. આમ છતાં ખૂણેખાંચરે ઘુસી ગયેલા કે આવી શક્યતાઓ ધરાવતા સ્થળે વંદાને હસડેલી કાઢવાની આ પ્રયુક્તિ સફળ ન થઈ શકે. આવા સંજોગોમાં સમજુબેન તો અગરબત્તી સળગાવીને વંદાને ડામ દઈ દેતા. કપડાના પોટલા પાછળ સંતાવા જઈ રહેલા કે ગેસના સિલિન્ડર પરના રેગ્યુલેટર પર ફરતા વંદા પર આ પ્રયોગ ક્યારેય કરવા જેવો નથી. આ બાબતે સ્વાતિબેનનો પ્રયોગ અજમાવવા જેવો ખરો. એમના કહેવા મુજબ હું વંદાને જોઈને જ ગભરાઈ જઉં છું છતાં ક્યારેય વંદો નીકળે, તો હોય એટલી હિંમત ભેગી કરીને એના પર હેન્ડલુમની શાલ ઢાંકી દઉં છું. પછી હું અને વંદો બંને હસમુખલાલ કારખાનેથી આવે એની રાહ જોઈએ છીએ. જયશ્રીબેનને તો વંદો જોઈને જ ચિતરી ચડે છે. એમણે વંદાના કલરના કપડાય કદી ઘરમાં લાવવા દીધા નથી. વિદ્યાર્થી અવસ્થામાં સ્કૂલ બેગમાંથી છેક રબર શોધતા શોધતા વંદો હાથમાં પકડાઈ જતા ચીસ પાડીને મૂર્છિત થઈ ગયેલા. ત્યારબાદ એમને વંદા જેવા કલર પર પણ એલર્જી થઈ ગઈ છે. મંગલાબેન માટે તો એકવાર વંદાએ બરાબરની આફત ઊભી કરેલી. નાહીને બાથરૂમમાંથી બહાર નીકળવા ગયા એ વખતે સ્ટોપર પર ચોંટી રહેલા ને મૂછ ફરફરાવતા વંદાને જોઈ એમને ધ્રાસકો પડેલો. **વંદાને ક્યાંય જવાની કશીયે ઉતાવળ નહોતી એટલે એ સ્ટોપર પર જ રહીને જ વારાફરતી છએક પગની કસરત કરતો રહ્યો ને ઇન્ટરનેટના એન્ટેના જેવી મૂછો ઘુમાવતો રહ્યો.** છોકરાવ ઘરમાં બૂમો પાડતા રહ્યા તે છેક સાંજે ચાર વાગે ઘરમાં બપોરની પંગત પડી.

વંદાનું આકસ્મિક અને અનુચિત સ્થળે એકાએક પ્રગટવું વીરપુરુષ માટે પણ મુસીબત ઊભી કરનારું બને છે. વિજયાબેનના હસબન્ડ ધનસુખલાલનો ઠરડાયેલો જમણો હાથ એની ગવાહી પૂરે છે. બન્યું એવું કે એ એક્ટિવા લઈને રોડ પર જતા હતા ને સ્ટિયરિંગના લોથામાંથી દોડતોક નીકળેલો વંદો એના શર્ટની બાંયમાં ચડી ગયો. આ ક્ષણે ગભરાયેલા ધનસુખલાલ બાઈક પરથી ફંગોળાઈ ગયેલા. પછી તો ઓર્થોપેડિકની સારવાર બાદ દોઢ મહિને એનો ભાંગેલો હાથ સાજો થયો પરંતુ એમાં રહી ગયેલી થોડીક ઠેરમાં આજે પણ ઘરના સૌ સભ્યોને વંદાનું સ્મરણ થયા કરે છે.

*'પ્રેમસદન', શિવપાર્ક,*
*કેનાલ પાસે, રવાપર રોડ, મોરબી.*
*મો. ૯૮૭૯૮ ૭૯૯૦૦*

## કર્યું કોઈનું જતું નથી

નવી પેઢીના જુવાનોને કોઈ પણ કાર્ય કરે તેનું ફળ તરત જોઈએ છે. ઘણા લોકો તો નજર સામે ફળ ન દેખાય તો કંઈ કામ જ ન કરે. કેટલાકને સફળતાની ગેરંટી ન હોય તો કામ હાથમાં ન લે. પણ આ લોકોએ નોંધી લેવું જોઈએ કે ઈશ્વરના દરબારમાં દરેક નાનામોટા કાર્યની નોંધ લેવાય છે. તમે વિચારો છો ત્યારે જ તમે એક મોટી જબ્બર જગ્યાને ભરી દો છો. તમે કરેલો વિચાર પણ વ્યર્થ જતો નથી તો પછી કરેલું કાર્ય કેમ વ્યર્થ જાય? વળી પુરુષાર્થ કરવામાં ભૂલ થાય તો તેની પણ કિંમત છે. તમારા દરેક કર્તૃત્વની એક ઈમારત ચણાય છે. એટલે ફળ મળવાની આશા વગર જ કામ કરો. કશું જ નિષ્ફળ જતું નથી. કોઈ મિત્રને મદદ કરી હોય તો તેનો બદલો આપોઆપ મળી જ રહે છે. તમે જે કાંઈ સારું નરસું કરો છો તેનાથી તમારાં પુણ્યકાર્યોનું મંદિર બંધાય છે. નરસા થયા પછી તમે વધુ સારા થાઓ છો એ ન ભૂલશો.

– કાન્તિ ભટ્ટ

(સૌજન્ય : "પ્રેરણાની પળોમાં")

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૧૩૪અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૧૧-૨૦૨૧ સુધીમાં મોકલી આપવા વિનંતી.

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૩૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 6 | | | 1 | | | 5 |
| | 1 | | 5 | 9 | | | | 4 |
| 2 | 9 | | | | 4 | 6 | | 3 |
| | | | 8 | 7 | | 5 | 4 | |
| 9 | 8 | | | | | | 2 | 1 |
| | 3 | 4 | | 1 | 9 | | | |
| | | 9 | | | | | 6 | 2 |
| 3 | | | | 6 | 2 | | 5 | |
| 1 | | 2 | 4 | | 7 | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | 6 | 9 | 8 | | | | |
| | | 1 | 5 | | | | 4 | 8 |
| 5 | | | | | 1 | 6 | 2 | |
| 3 | | | | | 8 | | 6 | |
| | 8 | | 3 | | 5 | | 1 | |
| | 6 | 5 | 4 | | | 3 | | 9 |
| | 1 | 2 | 8 | | | | | 6 |
| 6 | 4 | | | | 9 | 8 | | |
| | | | | 1 | 7 | 4 | | 2 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | 2 | | | 8 | | 5 | |
| | | 1 | | | 2 | | 6 | 8 |
| | | 9 | 6 | 7 | | | | 2 |
| | 3 | 5 | | | 7 | | | 6 |
| | 1 | | | 6 | | | 7 | |
| 7 | | | 3 | | | 2 | 9 | |
| | | | | 3 | 4 | 6 | | |
| 4 | 2 | | 7 | | | 8 | | |
| | 5 | | 8 | | | 7 | | 4 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | | | 3 | 1 | 9 | | |
| | | 1 | 8 | | 4 | | | |
| 9 | | 8 | | | | | 1 | 6 |
| | | | | 6 | | | 4 | 5 |
| | | 6 | 5 | | 9 | 7 | | |
| 4 | 8 | | | 2 | | | 6 | |
| 8 | 5 | | | | | 6 | | 3 |
| | | | 4 | | 5 | 8 | | |
| | | 9 | 3 | 8 | | | | 1 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૩૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 7 | 3 | 2 | 9 | 8 | 5 | 4 | 6 |
| 8 | 4 | 5 | 1 | 6 | 3 | 7 | 9 | 2 |
| 6 | 9 | 2 | 4 | 7 | 5 | 3 | 8 | 1 |
| 3 | 2 | 4 | 8 | 1 | 9 | 6 | 7 | 5 |
| 9 | 8 | 7 | 5 | 3 | 6 | 2 | 1 | 4 |
| 5 | 1 | 6 | 7 | 4 | 2 | 9 | 3 | 8 |
| 7 | 3 | 8 | 6 | 5 | 4 | 1 | 2 | 9 |
| 2 | 5 | 1 | 9 | 8 | 7 | 4 | 6 | 3 |
| 4 | 6 | 9 | 3 | 2 | 1 | 8 | 5 | 7 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 6 | 5 | 7 | 3 | 1 | 2 | 8 | 9 |
| 9 | 1 | 2 | 6 | 8 | 4 | 5 | 7 | 3 |
| 7 | 3 | 8 | 9 | 2 | 5 | 6 | 1 | 4 |
| 1 | 8 | 9 | 4 | 6 | 7 | 3 | 5 | 2 |
| 3 | 2 | 6 | 1 | 5 | 8 | 9 | 4 | 7 |
| 5 | 7 | 4 | 3 | 9 | 2 | 1 | 6 | 8 |
| 2 | 5 | 1 | 8 | 7 | 9 | 4 | 3 | 6 |
| 8 | 4 | 3 | 2 | 1 | 6 | 7 | 9 | 5 |
| 6 | 9 | 7 | 5 | 4 | 3 | 8 | 2 | 1 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 1 | 9 | 6 | 3 | 2 | 7 | 4 | 8 |
| 7 | 2 | 4 | 5 | 9 | 8 | 6 | 1 | 3 |
| 6 | 8 | 3 | 4 | 7 | 1 | 2 | 9 | 5 |
| 1 | 5 | 6 | 8 | 4 | 9 | 3 | 7 | 2 |
| 9 | 3 | 2 | 1 | 6 | 7 | 8 | 5 | 4 |
| 4 | 7 | 8 | 2 | 5 | 3 | 9 | 6 | 1 |
| 3 | 4 | 1 | 9 | 8 | 6 | 5 | 2 | 7 |
| 2 | 9 | 7 | 3 | 1 | 5 | 4 | 8 | 6 |
| 8 | 6 | 5 | 7 | 2 | 4 | 1 | 3 | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 4 | 6 | 8 | 5 | 7 | 2 | 1 | 3 |
| 7 | 3 | 8 | 1 | 4 | 2 | 5 | 9 | 6 |
| 1 | 2 | 5 | 6 | 3 | 9 | 4 | 7 | 8 |
| 8 | 5 | 9 | 2 | 6 | 4 | 7 | 3 | 1 |
| 3 | 1 | 2 | 5 | 7 | 8 | 9 | 6 | 4 |
| 4 | 6 | 7 | 9 | 1 | 3 | 8 | 5 | 2 |
| 5 | 9 | 3 | 4 | 2 | 1 | 6 | 8 | 7 |
| 2 | 8 | 1 | 7 | 9 | 6 | 3 | 4 | 5 |
| 6 | 7 | 4 | 3 | 8 | 5 | 1 | 2 | 9 |

Nano 9 kitchenware in new avatar

NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!

Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in

AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736



# બાલુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે બાજુજે ફ્લેટમેં મેડિકલ સ્ટુડન્ટ રેંતા સે ફિલ્મજા ગીત ગાય ગાય ને રોગજો નાં કુરો આય સે હકડે – બે કે પૂછેતા. પણ મુંકે કીં ખબર પે નતી... સે જરા તપાસ કે ને ચો...

બચુડો : ગીતમેં રોગજા લક્ષણ અચેંતા અન મથાથી રોગજો નાં ખબર પે.

*સુહાની રાત ઢલ ગઈ ના જાને તુમ કબ આઓગે* : *કબજિયાત*

*તુજ મેં રબ દિખતા હૈ, યારા મૈં ક્યા કરું* : *મોતિયો*

*મન ડોલે, મેરા તન ડોલે...* : *વર્ટીગો*

*ટીપ ટીપ બરસા પાની, પાની મેં આગ લગાઈ* : *યુરીન ઈન્ફેક્શન*

*આજકલ પાંવ જમીન પર નહીં પડતે મેરે* : *પગમાં કણા*

*હાય રે હાય, નિંદ નહીં આયે* : *અનિંદ્રા*

*બતાના ભી નહીં આતા, છૂપાના ભી નહીં આતા* : *હરસ, મસા*

*લગી આજ સાવન કી ફીર વો ઝડી હૈ...* : *લુઝ મોશન*

*જીયા જલે, જાન જલે... રાતભર ધુંઆ ચલે* : *ફીવર - તાવ*

*તડપ તડપ કે દિલસે આહ નિકલતી હૈ* : *હાર્ટ એટેક*

*ધક ધક કરને લગા..* : *હાઈપર ટેન્શન*

*બીડી જલાઈ લે, જીગર સે પીયા,*
*જીગરમેં પડી આગ હૈ* : *એસિડિટી*

## ખિલજા મ ભલા

જાનુ : બે પીપળાના ઝાડને દોરીથી જોડી દેવામાં આવે તેને શું કહેવાય?

માનુ : કનેક્ટિંગ પિપલ.

☺ ☺ ☺ ☺ ☺

મોહન : આ માણસોની અમુક વાતો મને સમજાતી નથી.

સોહન : કઈ વાત?

મોહન : માણસ પાસે કશું ન હોય તો અભાવ નડે છે
થોડું હોય તો 'ભાવ' નડે છે
અને બધું જ હોય તો સ્વભાવ નડે છે!!

☺ ☺ ☺ ☺ ☺

રોહિત : બ્રુસ લી જોરદાર માણસ હતો. કરાટેમાં ભલભલાને પાડી દેતો, પણ પછી તકલીફ થઈ.

મોહિત : શું?

રોહિત : એની બહેનને ત્યાં બાબો આવ્યો તો તે બની ગયો 'મામુ-લી.'

☺ ☺ ☺ ☺ ☺

જોની : જો હું કોફી પીઉં તો મને ઊંઘ જ ન આવે.

મોની : મારે તારાથી ઊંધું છે. જો હું ઊંઘી જાઉં તો મારાથી કોફી જ ન પીવાય.

☺ ☺ ☺ ☺ ☺

ભિખારી : સાહેબ, એક-બે રોટલી આપો ને...?

સાહેબ : કેમ અલ્યા, તારા ઘરમાં કોઈ રાંધનાર નથી?

ભિખારી : સાહેબ, વાત ન બદલો. મારે રોટલી જોઈએ છે, છોકરી નહીં.

☺ ☺ ☺ ☺ ☺

દર્દી : ઑપરેશન બાદ લાંબા સમય પછી આંખો ખોલી અને આજુબાજુ જોઈ પૂછવા લાગ્યો, 'સાહેબ, હવે હું બચી તો જઈશ ને?'

ચિત્રગુપ્ત : ભઈલા, ડૉક્ટર તો નીચે રહી ગયા. હું તો ચિત્રગુપ્ત છું!

☺ ☺ ☺ ☺ ☺

જગત : કયા મોબાઈલની બેટરી સૌથી વધુ ચાલે છે?

ભગત : મને તો ખબર નથી પણ જે મહેબુબાની યાદમાં આખી રાત જાગતા રહીને વાતો કરતા હોય તે જ કહી શકે, કઈ બેટરી વધુ ચાલે છે!

☺ ☺ ☺ ☺ ☺

પોલીસ : બહેન, દરવાજો ખોલો. તમારા પતિ રોડરોલર નીચે આવીને પાપડ થઇ ગયા છે.

પત્ની : અચ્છા? તો દરવાજો ખોલવાની જરૂર નથી. બારણા નીચેથી સરકાવી દો!

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*તમારા ઘરમાં વીજળીની બત્તી છે. ઉપર જે વાયરિંગ છે એમાં તાર છે અને એ તારમાં વીજળીનો પ્રવાહ વહે છે. વીજળીનો પ્રવાહ એટલે શક્તિ! આ શક્તિ જુદી જુદી રીતે પ્રગટ થાય છે, પણ તારમાં જે પ્રવાહ વહે છે એની સાથે તમે બીજો તાર જોડશો તો એ તારમાં પણ શક્તિ વહેવા લાગશે. સર્વશક્તિમાન પરમાત્મા સાથે પણ આવી રીતે મન જોડી દેવાથી પરમાત્માની શક્તિનો ખ્યાલ આવે છે અને આપણને એમાંથી ઘણું જાણવાનું મળે છે.*

## અભિનંદન



**કેવલ મોરબિઆ**

ધ ભુજ મર્કેન્ટાઇલ કો.ઓ. બેંક લિ.ના ફાઉન્ડર ચેરમેન સી.એ. મહેન્દ્ર મોરબિઆના સુપુત્ર કેવલ એ B.I.T.S. પિલ્લાની - હૈદ્રાબાદથી B.E. (Computer Science)ની ડિગ્રી યુનિવર્સિટી રેન્ક સાથે ઉત્તીર્ણ કરી છે. ત્યારબાદ વિશ્વની ટોપ-૫ નામાંકિત યુનિવર્સિટી ઓફ ઇલિનોય એટ અર્બના શેમ્પેઇન યુ.એસ.એ.માંથી M.S. Computer (A.I.)ની ઉચ્ચ ડિગ્રી હાંસલ કરીને ભવ્ય સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

કેવલ એ અમેરિકામાં ત્રણ વર્ષ સુધી વિવિધ પ્રકારનો અનુભવ મેળવીને રોજગારી ક્ષેત્રે નૂતન તકો સર્જવા માટે ભારતમાં સ્ટાર્ટ-અપની શરૂઆત કરવા પોતાની અંગત મહેચ્છા પ્રદર્શિત કરી છે. જે માટે તેમના પ્રયત્નો ચાલુ છે. તે ઉપરાંત, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કોઈપણ વિદ્યાર્થીને તેમના સંબંધિત ક્ષેત્રમાં જરૂરી માર્ગદર્શન આપવા તત્પરતા બતાવી છે. આ માટે તેમના M. 84859 23995 (Whats App) પર સંપર્ક કરવા જણાવ્યું છે.

*કેવલ મોરબિઆને ખૂબ ખૂબ અભિનંદન સાથે સર્વે શુભેચ્છા.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

અવિરતપણે સેવાના યજ્ઞમાં જોડાયેલા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, પોતાની સેવાનું વધુ એક સોપાન સર કરવા જઈ રહ્યું છે.

શ્રી નવનીત મેડિકલ સેન્ટર - બોપલની નીચેના ભાગમાં **શ્રી નવનીત ડાયાલિસિસ સેન્ટર - બોપલ**ની સ્થાપના **રવિવાર, તારીખ ૧૪-૧૧-૨૦૨૧**ના રોજ કરવા જઇ રહેલ છે. આ અંગેનો વિગતવાર કાર્યક્રમ વોટ્સએપ દ્વારા સભ્યોને જણાવવામાં આવશે.

***રજનીકાંત પારેખ***

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*ડાયાલિસિસ સેન્ટરની ઉદ્‌ઘાટનની તારીખમાં સંજોગોવશાત જો કોઈ ફેરફાર કરવામાં આવશે તો વોટ્સએપ દ્વારા સભ્યોને તેની જાણ કરવામાં આવશે.*

## અભિનંદન

**C.A. ફાઇનલ રેન્કર**



**કેયુરી મોરબિઆ**

ધ ભુજ મર્કેન્ટાઇલ કો.ઓ. બેંક લિ.ના ફાઉન્ડર ચેરમેન સી.એ. મહેન્દ્ર મોરબિઆની સુપુત્રી કેયુરીએ C.A.ના ત્રણેય લેવલ ફર્સ્ટ ટ્રાયલમાં ફર્સ્ટ ક્લાસ સાથે પાસ કરીને ચાર્ટર્ડ એકાઉન્ટન્સીની ફાઇનલ પરીક્ષામાં ઓલ ઇન્ડિયા ટોપ-૧૦૦ રેન્કમાં સ્થાન મેળવીને ઝળહળતી સફળતા મેળવી છે.

હાલે તેઓ જે.પી. મોર્ગન ચેઝ એન્ડ કું. - બેંગ્લોર MNCમાં પોતાની ફરજ બજાવી રહ્યા છે. તેઓ કેવલ મોરબિઆના ટ્વિન સિસ્ટર છે.

***કેયુરી મોરબિઆને ખૂબ ખૂબ અભિનંદન સાથે સર્વે શુભેચ્છાઓ.***

ઉલ્લેખનીય છે કે સી.એ. મહેન્દ્ર મોરબિઆ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારના સભ્ય છે.

## અભિનંદન



**પરીન નીતિન શાહ**

મૂળ વતન અંજાર કચ્છ અને હાલે અમદાવાદ સ્થિત શ્રીમતી અમીબેન અને નીતિન ભોગીલાલ શાહના સુપુત્ર ચિ. પરીન વર્ષ ૨૦૨૧-૨૨ની લેવાયેલ C.A.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ છે.

આ સિધ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ...

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ — અમદાવાદ

## ટ્રસ્ટ મંડળના સભ્યોની યાદી : વર્ષ ૨૦૨૧-૨૦૨૨

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ | ૨૬૪૦ ૫૦૪૭ | — | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| ૨. | શ્રી જગશી જેઠાભાઈ છેડા | લાયજા - મુંબઈ | કાયમી ટ્રસ્ટી | ૨૪૧૬ ૭૨૭૧<br>૨૪૧૪ ૧૮૭૯ | ૨૪૧૮ ૧૦૯૬<br>૨૪૧૪ ૨૦૩૧ | ૯૮૨૦૮ ૦૦૪૫૬ |
| ૩. | શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન | નાની ખાખર-મુંબઈ | કાયમી ટ્રસ્ટી | ૨૨૬૨ ૪૭૨૧<br>૨૩૬૧ ૧૦૬૬ | ૨૨૦૧ ૭૪૭૬ | ૯૮૯૨૨ ૮૮૦૦૧ |
| ૪. | શ્રી રૂપેશ કાંતિલાલ સાવલા | તુંબડી | કાયમી ટ્રસ્ટી | ૨૬૫૬ ૩૩૩૩<br>૨૬૪૪ ૯૯૪૪ | ૨૬૮૬ ૨૦૭૬<br>૨૬૮૬ ૨૦૭૮ | ૯૮૨૫૦ ૩૩૨૧૧ |
| ૫. | શ્રી શાંતિલાલ મૂળજી સાવલા | તુંબડી | ટ્રસ્ટી | ૦૨૭૧૭-૨૩૪૪૫૫ | ૨૭૫૦ ૨૪૬૧ | ૯૮૨૫૦ ૪૮૬૪૫ |
| ૬. | શ્રી હીરેન કુંવરજી શાહ | નલિયા | ટ્રસ્ટી | ૨૬૭૪ ૭૯૨૫ | ૨૬૪૨ ૨૪૫૫ | ૯૮૨૫૦ ૧૩૭૧૫ |
| ૭. | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ફતેહગઢ | ટ્રસ્ટી | ૪૮૪૮ ૯૬૯૬ | ૨૨૧૪ ૪૬૬૩ | ૯૮૨૫૦ ૩૧૫૨૮ |
| ૮. | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | અંજાર | ટ્રસ્ટી | ૨૬૬૩ ૪૩૮૮ | — | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ૯. | શ્રી કે.ડી. શાહ | ડુમરા | ટ્રસ્ટી | ૨૬૬૦ ૫૨૨૫ | — | ૯૪૨૭૩ ૯૦૦૦૭ |
| ૧૦. | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ગોધરા | ટ્રસ્ટી | ૨૬૬૫ ૦૨૯૯ | — | ૯૪૨૮૩ ૫૧૩૭૦ |
| ૧૧. | શ્રી રાજુભાઈ હરખચંદ ગાલા | રાયણ મોટી | ટ્રસ્ટી | ૦૨૭૧૭-૨૩૫૮૫૮ | | ૯૮૭૯૧ ૫૦૦૦૦ |
| ૧૨. | શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા | ફતેહગઢ | ટ્રસ્ટી | ૨૬૪૬ ૨૫૩૬ | ૨૬૪૨ ૭૦૦૧ | ૯૮૨૫૦ ૧૫૩૭૨ |
| ૧૩. | શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા) | અંજાર | ટ્રસ્ટી | ૨૬૬૦ ૩૪૫૮ | ૨૬૬૦ ૫૪૫૩<br>૨૬૬૦ ૮૯૮૮ | ૯૮૨૫૦ ૪૦૬૬૬ |
| ૧૪. | શ્રી અશ્વિન હીરજી સાવલા | દેશલપુર | ટ્રસ્ટી | ૨૭૯૧ ૧૭૯૧ | ૨૬૪૦ ૨૯૫૦ | ૯૮૨૫૯ ૩૮૭૭૧ |
| ૧૫. | શ્રી મૂકેશ મૂળજી સાવલા | નાની તુંબડી | ટ્રસ્ટી | ૨૬૯૨ ૪૩૨૩ | ૦૨૬૯૪-૨૨૪૫૪૩ | ૯૮૨૫૦ ૩૪૫૬૯ |
| ૧૬. | શ્રી ગિરીશ હીરજી દેઢિયા (શાહ) | શેરડી | ટ્રસ્ટી | ૨૬૬૦ ૪૪૭૦ | — | ૯૪૨૯૨ ૦૯૭૨૩<br>૯૮૨૪૩ ૧૬૮૬૮ |
| ૧૭. | શ્રી વિશાલ મહેન્દ્ર શાહ | ભુજ | ટ્રસ્ટી | ૨૬૭૬ ૩૬૪૮ | ૨૬૩૧ ૪૬૦૫ | ૯૪૨૮૩ ૫૦૦૩૮ |
| ૧૮. | શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ | નલિયા | ટ્રસ્ટી | ૨૬૭૪ ૭૯૨૫ | — | ૯૮૨૫૦ ૧૬૬૭૭ |
| ૧૯. | શ્રી આશિષ ધીરુભાઈ શાહ | ગાંધીધામ | ટ્રસ્ટી | ૨૬૬૫ ૦૦૫૯ | — | ૯૮૨૫૦ ૨૧૧૪૩ |
| ૨૦. | શ્રી ચંદ્રેશ વીરેન્દ્ર રાઘવજી લોડાયા | બાંઢિયા | ટ્રસ્ટી | ૨૬૬૦ ૦૨૧૪ | — | ૯૮૨૪૦ ૧૪૯૪૭ |
| ૨૧. | ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ | અંજાર | ટ્રસ્ટી | — | ૨૬૬૦ ૯૧૪૬ | ૯૮૯૮૧ ૯૮૬૧૬ |
| ૨૨. | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | નાની ખાખર | કાયમી આમંત્રિત | ૨૬૮૫ ૯૭૦૭ | — | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| ૨૩. | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ભુજપુર | કાયમી આમંત્રિત | ૪૦૦૦ ૮૨૧૦ | — | ૯૮૨૫૩ ૨૨૬૮૯<br>૯૮૭૯૦ ૬૩૧૦૦ |
| ૨૪. | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | મુંદ્રા | કાયમી આમંત્રિત | ૨૬૮૭ ૧૯૨૫ | ૨૫૬૨ ૦૦૫૧ | — |
| ૨૫. | શ્રી દેવેન મેઘજી છેડા | લાયજા | કો-ઓપ્ટ ટ્રસ્ટી | ૨૬૬૬ ૧૭૧૭ | — | ૯૮૨૪૦ ૦૮૪૭૪ |
| ૨૬. | શ્રી મનિષ મણિલાલ કુંવરજી ગોસર | ગોધરા | કો-ઓપ્ટ ટ્રસ્ટી | — | — | ૯૯૧૩૮ ૯૯૦૦૦<br>૯૪૦૯૪ ૯૯૦૦૦ |
| ૨૭. | શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા | ફરાદી | આમંત્રિત | ૨૬૭૬ ૬૨૯૦ | — | ૯૩૨૮૯ ૨૫૬૯૮ |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ

## કારોબારી સમિતિના સભ્યોની યાદી : વર્ષ ૨૦૨૧-૨૦૨૨

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ | ૨૬૪૦ ૫૦૪૭ | — | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| ૨. | શ્રી શાંતિલાલ મૂળજી સાવલા | તુંબડી | પ્રથમ ઉપપ્રમુખ | ૦૨૭૧૭-૨૩૪૪૫૫ | ૨૭૫૦ ૨૪૬૧ | ૯૮૨૫૦ ૪૮૬૪૫ |
| ૩. | શ્રી હીરેન કુંવરજી શાહ | નલિયા | દ્વિતીય ઉપપ્રમુખ | ૨૬૭૪ ૭૯૨૫ | ૨૬૪૨ ૨૪૫૫ | ૯૮૨૫૦ ૧૩૭૧૫ |
| ૪. | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | અંજાર | માનદ્ મંત્રી | ૨૬૬૩ ૪૩૮૮ | — | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ૫. | શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી (હોદ્દાની રૂએ) | પલાંસવા | સહમંત્રી | ૨૬૫૮ ૪૦૦૪ | — | ૯૯૨૪૬ ૩૩૯૪૫ |
| ૬. | શ્રી કે.ડી. શાહ | ડુમરા | ખજાનચી | ૨૬૬૦ ૫૨૨૫ | — | ૯૪૨૭૩ ૯૦૦૦૭ |
| ૭. | શ્રી વિમેશ ગુલાબચંદ શાહ (હોદ્દાની રૂએ) | નાની ખાવડી | સહ ખજાનચી | ૨૭૫૪ ૪૬૪૬ | — | ૯૮૭૯૧ ૧૦૪૬૭ |
| ૮. | શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા | ફતેહગઢ | સભ્ય | ૨૬૪૬ ૨૫૩૬ | ૨૬૪૨ ૭૦૦૧ | ૯૮૨૫૦ ૧૫૩૭૨ |
| ૯. | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ફતેહગઢ | સભ્ય | ૪૮૪૮ ૯૬૯૬ | ૨૨૧૪ ૪૬૬૩ | ૯૮૨૫ ૩૧૫૨૮ |
| ૧૦. | શ્રી નીતિન ધનજી ગાલા | કોટડા રોહા | સભ્ય | ૨૨૮૬ ૫૪૩૧<br>૨૨૮૬ ૭૦૬૪ | ૨૨૧૨ ૩૨૧૦<br>૨૨૧૨ ૪૪૭૪ | ૯૩૭૬૧ ૧૪૦૨૪<br>૯૩૭૭૨ ૦૯૫૩૦ |
| ૧૧. | શ્રી દિનેશ રતિલાલ મહેતા | ભુજ | સભ્ય | ૨૬૬૭ ૦૨૪૬ | — | ૯૯૨૪૩ ૪૨૬૨૮ |
| ૧૨. | શ્રીમતી સુલુબહેન જલદીપ શાહ | નલિયા | સભ્ય | ૨૬૬૦ ૭૯૯૦ | — | ૯૭૧૨૯ ૯૮૫૩૫ |
| ૧૩. | શ્રીમતી શિલ્પીબેન પ્રકાશ શાહ | ફતેહગઢ | સભ્ય | ૨૬૬૨ ૦૧૯૯ | — | ૯૩૨૭૦ ૧૪૬૨૫ |
| ૧૪. | શ્રી પીયૂષ હીરજી સાવલા | ભોજાય | સભ્ય | — | — | ૯૨૭૬૮ ૭૫૩૫૦<br>૯૮૭૯૪ ૯૬૧૩૯ |
| ૧૫. | શ્રી ચૈતન્ય બચુભાઈ રાંભિયા | રામાણિયા | સભ્ય | ૨૨૧૪ ૧૧૯૭<br>૨૨૧૪ ૯૫૫૦ | ૩૨૯૩ ૫૭૭૨ | ૭૭૭૮૮ ૨૫૯૦૦ |
| ૧૬. | શ્રી હીરેન અમૃતલાલ શાહ | તલવાણા | સભ્ય | — | — | ૯૮૨૫૪ ૦૩૬૦૦ |
| ૧૭. | શ્રી દેવેશ દિલીપ કુંવરજી દંડ | વરાડિયા | સભ્ય | ૨૭૪૭ ૩૬૭૪ | ૩૨૯૫ ૬૨૯૧ | ૯૩૨૭૯ ૧૮૫૭૭ |
| ૧૮. | શ્રી મનીષ આણંદજી વેલજી શાહ (વીરા) | મેરાઉ | સભ્ય | ૨૬૫૭ ૫૩૪૨ | ૨૬૫૭ ૫૩૮૪ | ૯૪૨૬૮ ૬૧૧૩૬ |
| ૧૯. | શ્રી રાજેશ ખીમચંદ ધરમશી | જસાપર | સભ્ય | ૨૭૬૬ ૨૬૦૪ | ૨૨૧૭ ૪૧૭૮ | ૯૯૨૫૦ ૩૮૮૯૬ |
| ૨૦. | શ્રી ધનરાજ રામજી દેઢિયા | ગઢશીશા | સભ્ય | — | ૪૦૩૨ ૪૫૭૧ | ૯૮૭૯૮ ૮૩૧૩૪ |
| ૨૧. | શ્રી સંજય કીર્તિલાલ સંઘવી | સાંતલપુર | સભ્ય | — | — | ૯૮૨૪૭ ૮૫૯૨૯<br>૮૭૩૪૦ ૭૫૫૮૯ |
| ૨૨. | કુ. કવિતા નવીનચંદ્ર સતરા | ડોણ | સભ્ય | — | — | ૯૩૭૭૭ ૩૦૮૩૭ |
| ૨૩. | શ્રી કીર્તિભાઈ મોરારજી અદેસંગ વોરા | ભરૂડિયા | સભ્ય | — | ૨૬૮૨ ૩૭૮૭ | ૯૮૨૫૩ ૮૯૬૮૮ |
| ૨૪. | શ્રી રસિકલાલ ખીમજી પ્રેમજી મહેતા | રાપર | સભ્ય | ૨૫૩૩ ૦૪૧૨ | — | ૯૩૨૮૨ ૪૯૦૬૯ |
| ૨૫. | શ્રી કમલેશ મનુભાઈ ભવાનજી શેઠ (શાહ) | કાંડાગરા | સભ્ય | ૨૬૬૦ ૪૯૧૨ | ૨૬૪૦ ૭૪૧૩ | ૯૮૨૫૦ ૧૮૧૮૦ |
| ૨૬. | શ્રી નિરંજન પૂનમચંદ મૈશેરી | લાલા | સભ્ય | ૨૭૬૮ ૦૭૬૧ | — | ૯૮૨૫૩ ૮૨૯૪૧ |
| ૨૭. | શ્રી ચેતન દામજી વીરજી ધરોડ | પત્રી | સભ્ય | ૨૫૭૩ ૧૪૭૦ | ૨૫૭૩ ૪૫૬૧ | ૯૪૨૬૫ ૨૯૩૪૧ |
| ૨૮. | શ્રી પંકજ મેઘજી ગોગરી | ડોણ | કો-ઓપ્ટ સભ્ય | ૨૬૬૪ ૧૬૯૦ | — | ૮૧૬૦૧ ૮૫૫૩૦ |
| ૨૯. | શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી | પલાંસવા | કો-ઓપ્ટ સભ્ય | ૨૬૬૩ ૩૩૨૪ | ૨૬૪૬ ૦૨૩૬ | ૯૮૨૫૧ ૪૨૩૯૭ |
| ૩૦. | શ્રી દામજી (બચુભાઈ) હીરજી રાંભિયા | રામાણિયા | આમંત્રિત સભ્ય | ૨૨૧૪ ૧૧૯૭<br>૨૨૧૪ ૯૫૫૦ | ૩૨૯૩ ૫૭૭૨ | ૯૨૨૭૨ ૧૩૩૫૧<br>૯૪૨૮૧ ૧૩૧૯૧ |
| ૩૧. | શ્રી નવીન જેઠાભાઈ લાલકા | બાંઢિયા | આમંત્રિત સભ્ય | — | ૨૨૧૨ ૦૪૦૪ | ૯૩૭૭૭ ૪૨૪૨૧ |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## કારોબારી હેઠળની સમિતિઓ : વર્ષ ૨૦૨૧-૨૨

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ફોન (R) | ફોન (O) | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | **ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ** | | | | | |
| | શ્રી વિમેશ ગુલાબચંદ શાહ (લોડાયા) | નાની ખાવડી | કન્વીનર | ૨૭૫૪ ૪૬૪૬ | – | ૯૮૭૯૧ ૧૦૪૬૭ |
| ૨. | **સરસ્વતી સન્માન (પુરસ્કાર) સમિતિ** | | | | | |
| | શ્રી પંકજ મેઘજી ગોગરી | ડોણ | કન્વીનર | ૨૬૬૪ ૧૬૯૦ | – | ૮૧૬૦૧ ૮૫૫૩૦ |
| ૩. | **યુવા વિકાસ સમિતિ** | | | | | |
| | શ્રી ચૈતન્ય બચુભાઈ રાંભિયા | રામાણિયા | કન્વીનર | ૨૨૧૪ ૧૧૯૭<br>૨૨૧૪ ૯૫૫૦ | ૨૨૧૧ ૪૦૫૦<br>૨૨૧૧ ૧૪૬૭ | ૭૭૭૮૮ ૨૫૯૦૦ |
| ૪. | **મહિલા ઉત્કર્ષ સમિતિ** | | | | | |
| | શ્રીમતી સુલુબેન જલદીપ શાહ | નલિયા | કન્વીનર | ૨૬૬૦ ૭૯૯૦<br>૬૫૨૧ ૮૫૩૫ | – | ૯૭૧૨૯ ૯૮૫૩૫ |
| ૫. | **અંગદાન સમિતિ** | | | | | |
| | શ્રી કમલેશ બાબુભાઈ શાહ | કપાયા | કન્વીનર | ૨૫૪૬ ૨૩૩૭ | ૨૫૪૬ ૭૪૩૭ | ૯૮૯૮૭ ૪૨૬૨૪ |
| ૬. | **મેરેજ બ્યુરો સમિતિ** | | | | | |
| | શ્રી ગિરીશ હીરજીભાઈ દેઢિયા | શેરડી | કન્વીનર | ૨૬૬૦ ૪૪૭૦ | – | ૯૪૨૯૨ ૦૯૭૨૩ |
| ૭. | **તબીબી સેવા સમિતિ - પાલડી** | | | | | |
| | શ્રી અશ્વિન હીરજી સાવલા | દેશલપુર | કન્વીનર | ૨૭૯૧ ૧૭૯૧ | ૨૬૪૦ ૨૯૫૦ | ૯૮૨૫૯ ૩૮૭૭૧ |
| ૮. | **વૈયાવચ્ચ સમિતિ** | | | | | |
| | શ્રી પદમશી ચત્રભુજ ડાઘા | વરાડિયા | કન્વીનર | ૨૬૬૦ ૮૩૨૨ | – | ૯૪૨૭૪ ૧૭૬૮૩<br>૯૫૩૭૦ ૦૮૩૨૨ |
| ૯. | **સભ્યપદ તથા મેડિકલ કાર્ડ સમિતિ** | | | | | |
| | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ગોધરા | કન્વીનર | ૨૬૬૫ ૦૨૯૯ | – | ૯૪૨૮૩ ૫૧૩૭૦ |
| ૧૦. | **ભવન સમિતિ - પાલડી** | | | | | |
| | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | કન્વીનર | ૨૬૪૦ ૫૦૪૭ | – | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| ૧૧. | **ભવન સમિતિ - શાહીબાગ** | | | | | |
| | શ્રી નીતિન ધનજી ગાલા | કોટડા રોહા | કન્વીનર | ૨૨૮૬ ૫૪૩૧<br>૨૨૮૬ ૭૦૬૪ | ૨૨૧૨ ૩૨૧૦<br>૨૨૧૨ ૪૪૭૪ | ૯૩૭૬૧ ૧૪૦૨૪ |
| ૧૩. | **તબીબી સહાય સમિતિ તથા સમાજ સુરક્ષા અને બાલ કલ્યાણ સમિતિ** | | | | | |
| | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | અંજાર | કન્વીનર | ૨૬૬૩ ૪૩૮૮ | – | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **૧૪.** | **શૈક્ષણિક લોન (સહાય) સમિતિ** | | | | | |
| | શ્રી વિશાલ મહેન્દ્ર શાહ | ભુજ | કન્વીનર | ૨૬૭૬ ૩૬૪૮ | ૨૬૩૧ ૪૬૦૫ | ૯૪૨૮૩ ૫૦૦૩૮ |
| **૧૫.** | **સાધર્મિક સહાય સમિતિ** | | | | | |
| | શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી | પલાંસવા | કન્વીનર | ૨૬૬૩ ૩૩૨૪ | ૨૬૪૬ ૦૨૩૬ | ૯૮૨૫૧ ૪૨૩૯૭ |
| **૧૬.** | **કચ્છ આર્ટ ગેલેરી સમિતિ** | | | | | |
| | શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ | નલિયા | કન્વીનર | ૨૬૭૪ ૭૯૨૫ | – | ૯૮૨૫૦ ૧૬૬૭૭ |
| **૧૭.** | **વયસ્ક સમિતિ** | | | | | |
| | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | અંજાર | કન્વીનર | ૨૬૬૩ ૪૩૮૮ | – | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| **૧૮.** | **કોમ્પ્યુટર અને વેબસાઇટ સમિતિ** | | | | | |
| | શ્રી દર્શન નરેન્દ્રકુમાર કોઠારી | પલાંસવા | કન્વીનર | ૨૬૫૮ ૪૦૦૪ | – | ૯૪૨૯૬ ૨૦૦૩૯ |
| **૧૯.** | **લાઇબ્રેરી સમિતિ** | | | | | |
| | શ્રી નરેન્દ્રકુમાર જયંતીલાલ કોઠારી | પલાંસવા | કન્વીનર | ૨૬૫૮ ૪૦૦૪ | – | ૯૯૨૪૬ ૩૩૯૪૫ |
| **૨૦.** | **રિનોવેશન સમિતિ** | | | | | |
| | શ્રી હીરેન કુંવરજી શાહ | નલિયા | કન્વીનર | ૨૬૭૪ ૭૯૨૫ | ૨૬૪૨ ૨૪૫૫ | ૯૮૨૫૦ ૧૩૭૧૫ |
| **૨૧.** | **સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ** | | | | | |
| | શ્રીમતી નેહા મનીષ પ્રફુલ્લ શાહ (ખોના) | અબડાસા | કન્વીનર | ૨૬૬૭ ૨૨૬૪ | – | ૯૪૨૮૧ ૦૪૮૪૪ |
| **૨૨.** | **ગૃહ ઉદ્યોગ સમિતિ** | | | | | |
| | કુ. કવિતા નવીનચંદ્ર સતરા | ડોણ | કન્વીનર | – | – | ૯૩૭૭૭ ૩૦૮૩૭ |
| **૨૩.** | **'મંગલ મંદિર' તંત્રી મંડળ સમિતિ** | | | | | |
| | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | કન્વીનર | ૨૬૪૦ ૫૦૪૭ | – | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| **૨૪.** | **બોપલ મેડિકલ સેન્ટર સમિતિ** | | | | | |
| | ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ | અંજાર | કન્વીનર | – | ૨૬૬૦ ૯૧૪૬ | ૯૮૯૮૧ ૯૮૬૧૬ |
| **૨૫.** | **નવા આવાસ યોજના સમિતિ** | | | | | |
| | શ્રી વિમેશ ગુલાબચંદ શાહ (લોડાયા) | નાની ખાવડી | કન્વીનર | ૨૭૫૪ ૪૬૪૬ | – | ૯૮૭૯૧ ૧૦૪૬૭ |
| **૨૬.** | **ખરીદ સમિતિ** | | | | | |
| | શ્રી રાજેન્દ્ર ભાઈલાલ દોશી | ભુજ | કન્વીનર | – | – | ૯૬૮૯૪ ૯૪૬૫૪ |
| **૨૭.** | **સાંસ્કૃતિક હોલ સમિતિ** | | | | | |
| | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | અંજાર | કન્વીનર | ૨૬૬૩ ૪૩૮૮ | – | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |

*ઉપરોક્ત સમિતિઓમાં જે કોઈ સભ્યોએ સેવા આપવાની ઈચ્છા હોય તેમણે જે-તે સમિતિના કન્વીનરને પત્રથી જાણ કરવી. એક વ્યક્તિ વધારેમાં વધારે ત્રણ જ સમિતિઓમાં રહે તે ઈચ્છનીય છે.*

***રજનીકાંત ધરમશી પારેખ, માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## કચ્છના વિકાસ કાર્યો અંગેની ચિંતન શિબિર

રવિવાર, તા. ૧૭-૧૦-૨૦૨૧ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ''કચ્છના વિકાસ કાર્યો'' અંગેની એક ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. KRIDA - મુંબઈ અને કર્મયોગી શ્રી મયંક ગાંધીની કચ્છી મહાનુભાવો સાથે આ સંવાદ શિબિર હતી.

આ ચિંતન શિબિરમાં સર્વશ્રી મયંકભાઈ ગાંધી, સુભાષ પાટીલ, બી.કે. ચંદ્રેશભાઈ, ધીરજ રાંભિયા, બીરેન વોરા, બી.કે. જાનકી દેવી, ગોવિંદભાઈ માંગે, અમૃતભાઈ શાહ, વિશાલ ગડા તથા શ્રીમતી મીરાંબેન સતરા જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.




શરૂઆતમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ હીરેન શાહે આ મહાનુભાવોનો પરિચય આપ્યો હતો અને તેમને આવકાર્યા હતા. આ ઉપરાંત આ ચિંતન શિબિરમાં KRIDA ના કાર્યકરો, જેમણે કેમિકલ ફ્રી અનાજ લોકોને પહોંચાડી, કેન્સર જેવા રોગોમાંથી મુક્ત કરાવવાનું અભિયાન શરૂ કરાવ્યું છે અને આ કાર્યમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પણ જોડાયેલ છે, તેની માહિતી આપી હતી.

પધારેલા મહાનુભાવોએ કચ્છમાં કરવા જઈ રહેલા કામોની માહિતી આપી હતી.

- **મયંકભાઈ ગાંધી**

  ઈન્ટરનેશનલ અર્બન પ્લાનર તરીકે દુનિયાના ઘણા બધા શહેરોમાં સેવા આપેલ છે. ઈન્ડિયા અગેઈન્સ્ટ કરપ્શન RTIની ચળવળ શરૂ કરનાર (કે જેમાંથી AAP પાર્ટીનો જન્મ થયો) તેમણે રાજનીતિને તિલાંજલી આપી અને મહારાષ્ટ્રના મરાઠાવાડા પ્રદેશમાં વારંવાર દુકાળ પડે છે જેના પરિણામે હજારો ખેડૂતો આત્મહત્યા કરે છે. તે ૧૦૬ ગામમાં ખૂબ મહેનત કરીને નંદનવન બનાવ્યું. ખેડૂતોની વાર્ષિક આવક રૂા. ૩૦૦૦થી વધારીને રૂપિયા એકથી દોઢ લાખ સુધી લઈ ગયા. આવા શ્રી મયંકભાઈએ કચ્છના ર૬૫ ગામમાંથી શરૂઆતમાં પ્રથમ તબક્કામાં અબડાસા અને માંડવી તાલુકામાં ૧૫૫ ગામોના વિકાસ માટેનો ૪૫ દિવસનો કાર્યક્રમ યોજીને દરેક ગામ વર્ષ દરમિયાન ર૦૦ કરોડ લિટર પાણી બચાવે તેવું અભિયાન શરૂ કરાયું છે. તેમના NGO ગ્લોબલ પરલી અને KRIDA હવે સાથે રહીને Global Kutch નામે NGO માં કામ કરશે.

- **સુભાષ પાટીલ**

  જેઓ NCP ના Ex MLA છે. તેઓ પોલિટિક્સ છોડી મયંક ગાંધી સાથે પાણી બચાવો, ઓર્ગેનિક ખેતી અને ગોચર જમીન ઉપર વાવેતર અંગે કાર્ય કરે છે. કચ્છને આ અભિયાન માટે સલાહ-સૂચન કરવા પધારેલ છે.

- **BK ચંદ્રેશભાઇ અને BK જાનકી દેવી**

  તેઓ બંને બ્રહ્મકુમારી સાથે જોડાયેલ છે. તેઓ રાજઋષિ વિલેજના હિમાયતી છે. ભારતના દરેક ગામમાં ખેડૂતો આર્થિક રીતે તો સક્ષમ થાય, સાથે-સાથે સંસ્કારોથી પણ સમૃદ્ધ થાય. શાશ્વત યોગીના રૂપમાં ખેતી કરી તેમની સમગ્ર રીતે પ્રગતિ થાય તે અંગે કાર્ય કરે છે.







- **ધીરજ રાંભિયા**

  મુંબઇ ખાતે ૧૭ વર્ષની ઉંમરે તરુણ મિત્ર મંડળની સ્થાપના કરી ચાલીસ વર્ષ સુધી પ્રમુખપદે રહી બે લાખ શીશી રક્ત - રક્તદાન મેળવ્યું અને સોળ હજાર પ્રજ્ઞાચક્ષુને નેત્રદાન દ્વારા દૃષ્ટિ આપી. હાલમાં તેઓ KRIDA ના પ્રમુખ છે અને કચ્છ કોર્પોરેટ ફોરમના પણ પ્રમુખ તરીકે છે. તેઓ કચ્છના વિકાસ માટે પોતાની સેવા આપે છે.

- **બીરેન વોરા**

  આઈ.આઈ.ટી. મદ્રાસથી કેમિકલ એન્જિનિયરીંગમાં M.Tech. કરેલ છે. સિંગાપુરથી MBA ની ડિગ્રી મેળવી ભારતની IPCL, GE, Idea Cellular, આદિત્ય બીરલા, રિલાયન્સ જેવી કંપનીઓમાં ઘણી મોટી પદવીઓ ઉપર સેવા આપી હવે ગ્લોબલ કચ્છના સી.ઈ.ઓ. બન્યા છે. તેઓ ગ્લોબલ કચ્છનાં નેજા હેઠળ કચ્છને નંદનવન બનાવવા જઈ રહ્યા છે.

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ પ્રતાપ નારાણજી દંડે સમાજની પ્રવૃત્તિઓ કે બહારગામથી આવતા લોકોને રહેવાની સગવડ પૂરી પાડતા ત્રણ ભવનો, બે મેડિકલ સેન્ટરો, ડાયાલિસિસ સેન્ટર વગેરેની માહિતી પૂરી પાડી હતી.

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાએ સમગ્ર કચ્છના બધા જ જ્ઞાતિને આવરી લેતા અને પાંચ હજાર કુટુંબોની સંસ્થાની વિવિધ પ્રવૃત્તિ વિશે માહિતી આપી હતી. સૌથી અગત્યનું કામ નર્મદા કેનાલના પાણી કચ્છને સમયસર મળે તે અંગેના અભિયાનની માહિતી આપી હતી અને નર્મદા માટેના અભિયાન તેમજ વિવિધ સામયિકો, સમાચાર પત્ર વગેરેમાં લેખો લખી સમાજ, નેતાગણ, ધારાસભ્યો અને સંસદસભ્યોને જાગૃત કરી નર્મદાના વહેણ જલ્દીથી કચ્છમાં વહે તેની કરેલ કામગીરીની માહિતી આપી હતી.

ગ્લોબલ કચ્છ સાથે બ્રહ્મકુમારી, દાદા-દાદીની વાડી, શ્રી ખરુવા જૈન મહાજન, એન્કરવાલા અહિંસાધામ, અદાણી ગ્રુપ, ઓરપેટ ગ્રુપ, કનકપુર ફાર્મર્સ એસોસિએશન વગેરે જોડાયા છે તેવી માહિતી શ્રી હીરેન શાહે આપી હતી.

પ્રશ્નોત્તરી દરમિયાન કચ્છી ઈન્ડસ્ટ્રિયાલિસ્ટને આ અભિયાનમાં જોડવાનું શ્રી કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટી હસમુખ ગઢેચાએ સૂચન કરેલ તેમજ કચ્છી વાગડ લોહાણા મહાજન કર્મયોગમાં યોગદાન આપશે તેમ હિમાંશુ ઠક્કરે જણાવ્યું

હતું. અમૃતભાઈએ વાગડમાં પોતે બધી જ રીતે યોગદાન આપવાની ઑફર કરી હતી. ચિંતન વ્યાસે કહ્યું હતું કે શ્રી શ્રી રવિશંકરે બાવીસ નદીઓને જીવિત કરેલ છે તેમજ ભારત સરકારના સલાહકાર તરીકે કાર્ય કરે છે. તેમણે ખેડૂતોને ખેત પેદાશને વેલ્યુ એડિશન માટે ટ્રેઈન કરવા જણાવ્યું હતું. તેઓ પણ આ યજ્ઞમાં સહકાર આપશે.

આખાયે કાર્યક્રમનું સંચાલન હીરેન શાહે કર્યું હતું. શ્રીમતી ફાલ્ગુની હીરેને દૂરદર્શન અમદાવાદની કેમેરા અને પત્રકારની ટીમ લાવીને બહુ જ સુંદર કવરેજ કર્યું હતું. જેનું તે જ દિવસે સાંજના સમાચારમાં પ્રસારણ પણ થયું હતું.

અંતમાં રાષ્ટ્રગીત બાદ સૌ ભોજન લઈ છૂટા પડ્યા હતા.

*મંત્રીશ્રી,*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## સાભાર સ્વીકાર

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત પાલડી ખાતેના મેડિકલ સેન્ટરના આયુર્વેદિક વિભાગ માટે **માતુશ્રી મેઘબાઈ પાસુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ** તરફથી રૂા. ૩,૫૧,૦૦૦/-નું માતબર દાન પ્રાપ્ત થયેલ છે.

**હા. માતુશ્રી જયાબેન હીરજી પાસુ પરિવાર (કચ્છ - શેરડી, મુંબઈ / અમદાવાદ)**

★ **ડૉ. રાગેશ ફડિયા (ENT) - અમદાવાદ** દ્વારા રૂા. ૫,૦૦૦/- તબીબી સહાય ખાતે તથા રૂા. ૫,૦૦૦/- વૈયાવચ્ચ ખાતે પ્રાપ્ત થયેલ છે.

*ઉપરોક્ત દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર....*

## "મંગલ મંદિર"

### 'સમાજ દર્પણ' વિભાગમાં નોંધ - વિગત પ્રસારિત કરવા અંગે

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારોમાં કોઈપણ પ્રકારના આવતા સારા-નરસા પ્રસંગોની પ્રકાશિત કરવા યોગ્ય નોંધની વિગત મુખપત્ર 'મંગલ મંદિર'ના 'સમાજ દર્પણ' વિભાગમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ પ્રકારની વિગત લેખિતમાં હોવી જોઈએ. તે ઉપરાંત નામ, સરનામા, મોબાઈલ નંબર સાથે સ્પષ્ટ રીતે તેમજ ટૂંકમાં લખાયેલી હોવી આવશ્યક છે. અન્યથા તેવી કોઈ વિગત પ્રકાશિત કરવાનું શક્ય થશે નહીં, જેની નોંધ લેવા અનુરોધ છે.*

*— તંત્રી મંડળ*

**એલ.ડી. આર્ટસ કોલેજ - અમદાવાદ દ્વારા યોજાયેલ 'કાવ્ય યજ્ઞ'ના કાર્યક્રમમાં શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહે કચ્છી ભાષાના એકાક્ષરી શબ્દોનો ઉપયોગ કરીને પોતાની અદ્‌ભુત કૃતિની રજૂઆત કરી હતી.**

*મીં ન પ્યો*
*ત્રી મો વ્યા*
*નો સો ને ડો ડીં થ્યા.*

*મા - પે ને ધી વ્યા*
*નૈ નો ને ભા ર્યા*
*ગોં ને મે રુએ પ્યા.*

*હી ઘા, ને બ્યો ધ્રા*
*જો કો એં, ઉ રોંધા કીં?*

*જીં ઠા વો*
*હીં વા ન ર્યો.*
*ઠાં ને બાં બીં જોરી પ્યા*
*હાંણે બૉરો થ્યો*
*ભો, ફૉ ને ડો જો*
*ધ્રો થૈ વ્યો.*

*તો જા સોં*
*જ થ્યો બ્યો ખૉ*
*ડીસધો ન મોં ત્ર્યો.*

*બૈ ધાં, પાંકે ન ખપે*
*મા, બસ*
*મીં ડે, રાં ડે, ને ડે...*

*(ફાલ્ગુનીબેને કચ્છીયતને ઉજાગર કરતી કચ્છી, ગુજરાતી અને હિંદીમાં જે રજૂઆતો કરી હતી, તેને સારી પ્રશંસા પ્રાપ્ત થઈ હતી.)*

## 'મંગલ મંદિર'ના પ્રકાશન વિભાગમાં કામગીરી કરી શકે તેવા સમાજ પરિવારજનોને આહ્વાન

*માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ના નિયમિત પ્રકાશન અન્વયે તેના દરેક વિભાગોમાં ખંત, ચીવટ અને એકાગ્રતાપૂર્વક સેવાકીય ધોરણે કામગીરી કરી શકે તેવા સમાજજનોને સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાં સંપર્ક કરવા અનુરોધ છે.*



વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
Jammu Kashmir
Himachal Pradesh
Punjab
Uttara khand
Delhi
Rajasthan
Uttar Pradesh
Assam
Bihar
Ahmedabad
Gujarat
Madhya Pradesh
Jharkhand
West Bengal
Kolkata
Chhattisgarh
Maharashtra
Odisha
Mumbai
Pune
Telangana
Hyderabad
Goa
Karnataka
Andhra Pradesh
Bangalore
Chennai
Kerala
Tamil Nadu
V-TRANS
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
VT/VX ની ૬૫૦+ શાખાઓ
ISO 9001:2015 પ્રમાણિત કંપની
Robust Systems & Processes પર કાર્યરત
Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ નેટવર્ક
બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
Safe and Reliable - For Your Peace of Mind
V-Logis
Warehousing & Inventory Management
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month


# દીપોત્સવ અને નૂતનવર્ષ પ્રસંગે

## મેઘધનુષના સાત રંગ જેવાં સાત પુસ્તકો

વિવિધ ક્ષેત્રની વિરલ વિભૂતિઓ સાથેના સંવાદો

**સેલિબ્રિટિ સાથે સંવાદ**

આનંદ ઠાકર | રૂ. 150




અભિનેતા, નેતા, વકીલ, ઉદ્યોગપતિ, સાહિત્યકાર, ડૉક્ટર જેવાં વિવિધ ક્ષેત્રની વિરલ વિભૂતિઓને રૂબરૂ મળવાનો રોમાંચ માણવો હોય તો આ પુસ્તક વાંચો –

અનોખી શૈલીના વ્યંગ્યવિનોદનો સાક્ષાત્કાર કરાવતા હાસ્યલેખો

**સાત, અંગ, આઠ નંગ અને...**

રમણ સોની | રૂ. 140



શબ્દે-શબ્દે સજાગતા અને શબ્દે-શબ્દે વિશેષતા રજૂ કરતા ચિંતન-મનના લેખો હળવીશૈલીને કારણે દરેક વાચકને ગમશે. નોખા વિષયની અનોખી અભિવ્યક્તિનું નમૂનેદાર પુસ્તક.

સંવેદનાનાં સુગંધિત-સમર્પિત ઝરણાં જેવી નવલિકાઓ

**અંતિમગાન**

અનિલ દલાલ

રૂ. 170




સમય બદલાય, પણ સંવેદના થોડી બદલાય ? પારિવારિક સ્નેહ જીવનની વૈવિધ્યપૂર્ણ જટિલતાઓ સામે કેવી રીતે ટક્કર ઝીલે છે, તેની કથાઓ, જનેરેશન ગૅપના કારણે બદલાતાં મૂલ્યો વચ્ચેની ટકરામણની કથાઓ – વારંવાર વાંચવી ગમે તેવી રસ-છલોછલ વાર્તાઓ.

ગ્રામ્યસંસ્કૃતિમાં પાંગરેલી વિશુદ્ધ સ્નેહની વિરલ કથા

**વડમામી**

અમૃત કે. બારોટ | રૂ. 225




હવે આવી કથાઓ ઝાઝી લખાતી જ નથી.... પણ તમે વાંચો તો વંચાતી રહેશે ખરી....

અંગ્રેજી નાટકોનું વાર્તારૂપે રૂપાંતર ગુજરાતી ભાષામાં

**શેક્સપિયરનાં કથાનકો**

રમણલાલ ના. શાહ | રૂ. 110




શેક્સપિયરનાં નાટકો વિશ્વભરમાં જાણીતાં છે. એ નાટકો સ્ટેજ પર ભજવાતાં જોવાની મજા આવી... પણ નાટકો વાંચવાની મજા આવે? આ પુસ્તકમાં શેક્સપિયરનાં કેટલાંક બેમિસાલ નાટકોના કથાતત્ત્વને વાર્તારૂપે આલેખવામાં આવ્યું છે.

દરેક મમ્મી, દરેક મહિલાએ વસાવવા જેવું પુસ્તક

**હેતે હાલા ગાઉં**

સંપા. શ્રદ્ધા ત્રિવેદી | રૂ. 250




અત્યારે કેટલી મમ્મીઓને હાલરડાં આવડતાં હશે ?બાળકને ઊંઘાડવા માટે હાલરડું સદીઓથી ચમત્કાર કરતું રહ્યું છે. મમ્મી જ્યારે હાલરડું ગાઈને એના બાળકને સુવાડતી હોય ત્યારે એનો બેસૂર-કર્કશ અવાજ પણ મધુરો-મીઠો લાગે છે. પ્રત્યેક હાલરડા સાથે તમારા બાળકને સાંસ્કૃતિક સંદર્ભ પુરવાર કરતું પુસ્તક

જો તમારા બાળકને તમે આ પુસ્તક ન આપો તો તમે એની સાથે અન્યાય કર્યો કહેવાશે!

**લોકજીભે રમતાં જોડકણાં**

લે. સુમન અજમેરી | રૂ. 90




તમે ભલે અંગ્રેજી મિડિયમમાં ભણેલાં હો અને તમારા સંતાનને પણ ભલે તમે અંગ્રેજી મિડિયમમાં જ ભણાવજો! પરંતુ એને ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કૃતિનો સ્વાદ જરૂર ચખાડજો! તમારાં બાળકોને આ જોડકણાં ગાઈને જરૂર સંભળાવજો... એ તમને વળગીને બેસી જશે!

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન**

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660, 09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ
સિટીસેન્ટર પાસે, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-380 015
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com
વેબસાઇટ : www.gspbooksmall.com


*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧

**To,**